पञ्चशतप्रकरणप्रासाद-सूत्रणसूत्रधार-पूर्वधरमहर्षि-वाचकप्रवर-
श्री उमास्वाति-भगवत्-प्रणीतं स्वोपज्ञकारिका-भाष्ययोरुपरि चतुश्चत्वारिंशदधिक-
चतुर्दशशत-प्रकरणकर्तृ श्रीमद्-हरिभद्रसूरि-विरचितवृत्तिसमलङ्कृतम्

# श्री तत्त्वार्थाधिगम सूत्रम्

## અધ્યાય-૭

(ગુજરાતી અનુવાદ)




❊ ભાવાનુવાદકાર ❊

પૂ. આચાર્ય શ્રી વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજા

## ...ખરસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન



# વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજ



(બે ભાગ)









(બે ભાગ)






(બે ભાગ)



(બે ભાગ)









(બે ભાગ)






॥ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥
॥ श्रीमद् विजय-दान-प्रेम-रामचंद्र-हीरसूरि सद्गुरुभ्यो नमः ॥
॥ ऐं नमः ॥

શ્રી વિજય રામસૂરિ-જ્ઞાનશાળા શાસન સમ્રાટ ભવન ક્રમાંક: ...ની વાડી અમદાવાદ.

पञ्चशतप्रकरणप्रासाद-सूत्रणसूत्रधार-पूर्वधरमहर्षि-वाचकप्रवर
श्री उमास्वाति भगवत् प्रणीतं स्वोपज्ञकारिका-भाष्ययोरुपरि चतुश्चत्वारिंशदधिक
चतुर्दशशत प्रकरणकर्तृ श्रीमद् हरिभद्रसूरि विरचितवृत्तिसमलङ्कृतम्

# ॥ श्री तत्त्वार्थाधिगम सूत्रम् ॥

## અધ્યાય-૭

(ગુજરાતી અનુવાદ)

* ભાવાનુવાદકાર *
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન**
અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **રાજશેખરસૂરીશ્વરજી મહારાજા**

* સંપાદક *
**પૂ. મુનિરાજ શ્રી ધર્મશેખરવિજયજી ગણી**

* સહયોગી *
**પૂ. મુનિરાજ શ્રી દિવ્યશેખરવિજયજી**

**પ્રથમ આવૃત્તિ : વિ.સં. ૨૦૭૦, વી.સં. ૨૫૪૦, નકલ : ૧૦૦૦**

* પ્રકાશક *
**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**
**પૂજ્ય આચાર્યશ્રી રાજશેખરસૂરિ ભાવાનુવાદ ભવન**
૪૯/૩૬, સીલ્વર લીફની સામે, કામતઘર રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.

* પ્રાપ્તિ સ્થાન *
**હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ**
૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝની સામે, આગ્રા રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.
ફોન : (૦૨૫૨૨) ૨૩૨૨૬૬, મો. ૯૩૨૧૨ ૩૨૨૬૬

**મૂલ્ય : રૂા. ૧,૫૦૦/- (ભાગ : ૧ થી ૧૦)**

# સુકૃતમ્

સુવિશાલગચ્છાધિપતિ, વ્યાખ્યાનવાચસ્પતિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન અધ્યાત્મયોગી પરમ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રીમદ્ વિજયભદ્રંકરવિજયજી મહારાજાના શિષ્યરત્ન હાલારદેશ સદ્ધર્મસંરક્ષક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કુંદકુંદસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન (૧૦૦+૮૦) વર્ધમાનતપ આયંબિલ ઓળીના આરાધક પરમ પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી નયભદ્રવિજયજી મહારાજ સાહેબની પાવન પ્રેરણાથી **'શ્રી નવા ડીસા શ્વે. મૂ. જૈન સંઘ'** તરફથી શ્રી સંઘના જ્ઞાનનિધિમાંથી આ 'શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર' પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ લાભ લેવામાં આવેલ છે.

શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ તેની ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

*** સૂચના ***

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના આ પુસ્તકની માલિકી કરવી નહીં. વાંચવા માટે આ પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાનભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.



અગ્નિ સંસ્કાર ભૂમિ પર નવનિર્મિત

પ.પૂ.આ.ભ.શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજાનું ગુરુમંદિર

નિલમ વિહાર - પાલીતાણા

## ભૂમિકા

પ્રસ્તુત શાસ્ત્રનું (સૂત્રનું) મુખ્ય નામ તત્ત્વાર્થાધિગમ છે. આ શબ્દનો અર્થ સંબંધકારિકાની ૨૨મી કારિકાની ટીકામાં જણાવ્યો છે. પણ વર્તમાનમાં તેને તત્ત્વાર્થસૂત્ર એવા સંક્ષિપ્ત નામથી ઓળખવામાં આવે છે. આ ગ્રંથના કર્તા પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજા છે. આ સૂત્રો ઉપર ભાષ્ય પણ તેમણે જ રચેલું છે. દિગંબરો "જ્યાં વસ્ત્ર ત્યાં મુક્તિ નહિ" એવી એમની માન્યતાને બાધ આવતો હોવાથી ભાષ્યને ઉમાસ્વાતિ મહારાજા કૃત માનતા નથી. તેઓ ભલે ન માને પણ કેટલીક દલીલો વગેરેના આધારે ભાષ્ય ઉમાસ્વાતિ મહારાજાનું જ છે એમ સિદ્ધ થાય છે. જિજ્ઞાસુએ એ દલીલો પ.પૂ. આચાર્ય શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજી મહારાજાએ લખેલા ઉપક્રમમાંથી જાણી લેવી. એ ઉપક્રમ આ ગ્રંથના પહેલા ભાગના અંતે મુદ્રિત કરવામાં આવ્યો છે.

### ગ્રંથનો પરિચય

આ ગ્રંથ મુખ્યતયા દ્રવ્યાનુયોગનો વિષય છે. જૈનશાસનમાં દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ એમ ચાર અનુયોગ પ્રસિદ્ધ છે. અનુયોગ એટલે વ્યાખ્યાન કે વર્ણન. જેમાં જીવાદિ દ્રવ્યોના(=તત્ત્વોના) વ્યાખ્યાનની પ્રધાનતા હોય તે દ્રવ્યાનુયોગ. જેમાં આચારોનું વિશેષથી વર્ણન હોય તે ચરણકરણાનુયોગ. જેમાં ગણિત આવતું હોય તે ગણિતાનુયોગ. જેમાં ધર્મકથાનું વર્ણન આવતું હોય તે ધર્મકથાનુયોગ. આ ચાર અનુયોગોમાં દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગ એ બે અનુયોગો મુખ્ય છે. તે બેમાં પણ અપેક્ષાએ દ્રવ્યાનુયોગનું મહત્ત્વ વધારે છે. પ્રસ્તુત તત્ત્વાર્થસૂત્ર દ્રવ્યાનુયોગની પ્રધાનતાવાળું છે. કારણ કે તેમાં જીવ વગેરે સાત દ્રવ્યોનું(=તત્ત્વોનું) વર્ણન છે. આથી આ ગ્રંથનું મહત્ત્વ ઘણું છે.

આ ગ્રંથને બરાબર સમજવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે અને પ્રગટ થયેલું સમ્યગ્દર્શન દૃઢ અને નિર્મળ થાય છે. જેમકે પાંચમા અધ્યાયમાં

સૂત્ર ૩૨ "स्निग्धरूक्षत्वात् बन्धः" વગેરે સૂત્રોમાં કરેલું પુદ્ગલોના બંધનું વર્ણન આપણને સ્પષ્ટ સમજાવે છે કે સર્વજ્ઞ વિના બીજો કોઈ આવી બાબતો કહી શકે નહિ. આ તો માત્ર એક દૃષ્ટાંત રૂપે જણાવ્યું. બીજી ઘણી બાબતો એવી છે કે જે સર્વજ્ઞ વિના બીજો કોઈ કહી શકે નહિ.

**પ્રશ્ન–** ઉમાસ્વાતિ મહારાજા ક્યાં સર્વજ્ઞ હતા ? એ તો છદ્મસ્થ હતા એથી એમનું કહેલું સર્વજ્ઞોએ કહ્યું છે એમ કેમ કહી શકાય ?

**ઉત્તર–** પૂ. ઉમાસ્વાતિ મહારાજાએ આ બધું પોતાની મતિકલ્પનાથી નથી કહ્યું. કિંતુ તેમની પૂર્વે થયેલા વિદ્વાન અને મહાન આચાર્યોએ જે કહ્યું તેના આધારે કહ્યું છે. તેમની પૂર્વે થયેલા આચાર્યોએ પણ પોતાની પૂર્વે થયેલા મહાન જ્ઞાની આચાર્યોના કથન મુજબ કહ્યું છે એમ આગળ વધતાં વધતાં પૂર્વકાલીન આચાર્યોએ ગણધરોના ઉપદેશ મુજબ કહ્યું છે અને ગણધરોએ સર્વજ્ઞ ભગવંતે કહેલા ઉપદેશના આધારે કહ્યું છે. તેથી આ શાસ્ત્રના મૂળમાં સર્વજ્ઞ ભગવંત છે. જેના મૂળમાં સર્વજ્ઞ ભગવંત ન હોય તેવા અન્ય દર્શનકારોનું કથન સાચું ન ગણાય.

અહીં કહેવાનો આશય આ પ્રમાણે છે- જન્મથી અંધ હોય તેવા એક પુરુષે હાથીને સ્પર્શીને હાથી કેવો હોય તેનો નિર્ણય કર્યો. તેણે બીજા જન્મથી અંધ પુરુષને હાથી કેવા પ્રકારનો હોય તે કહ્યું. તેણે(=બીજાએ) ત્રીજાને કહ્યું. આમ જન્માંધ પુરુષોની ગમે તેટલી લાંબી પરંપરા સુધી હાથીના આકારનું વર્ણન થતું રહે તો પણ કોઈનેય હાથીના સાચા આકારનું જ્ઞાન ન થાય. કારણ કે પ્રથમ જન્માંધ પુરુષને હાથીના આકારનો સાચો નિર્ણય થયો નથી. આંખોથી દેખતો પુરુષ હાથીના આકારનો જેવો નિર્ણય કરી શકે તેવો નિર્ણય જન્માંધ પુરુષ ગમે તેટલો બુદ્ધિશાળી હોય તો પણ ન કરી શકે. (અહીં "જન્મથી અંધપુરુષની પરંપરા" કહેવાનું કારણ એ છે કે આ પરંપરામાં કોઈ પુરુષ દેખતો હોય તો તેને હાથીના સાચા આકારનું જ્ઞાન થવાનો સંભવ રહે પણ પરંપરામાં બધા જ જન્માંધ હોય એટલે કોઈનેય હાથીના સાચા સ્વરૂપનું(=આકારનું) જ્ઞાન ન થાય.)

તેવી રીતે પ્રસ્તુત જૈનદર્શન સિવાયના બધા જ દર્શનકારો છદ્મસ્થ હોવાથી તેમની ચાલેલી પરંપરામાં આવનારા બધા જ છદ્મસ્થ પુરુષોને આત્મા આદિ પદાર્થોના સાચા સ્વરૂપનું જ્ઞાન થતું નથી એટલે તેઓ "અમારી આટલી લાંબી પરંપરાથી આ જ્ઞાન અમને મળતું આવ્યું છે" એમ કહે તો પણ એમનું જ્ઞાન સત્ય નથી. (યોગબિંદુ ગા.૪૨૯ વગેરે)

જૈનદર્શનમાં તો આત્મા આદિને સાક્ષાત્ જાણનારા સર્વજ્ઞપુરુષથી પરંપરા ચાલી છે, એટલે જૈનદર્શનની સાચી પરંપરામાં આવેલું જ્ઞાન યથાર્થ છે, માટે આ તત્ત્વાર્થ સૂત્રને જાણવા માટે ખાસ પ્રયત્ન કરવો જોઈએ. આ ગ્રંથ માત્ર ૨૦૦ શ્લોકથી ઓછા પ્રમાણવાળો હોવા છતાં તેમાં સંપૂર્ણ જૈનશાસનનો સાર સમાવી દીધો છે. જાણે કે ગાગરમાં સાગરને સમાવી દીધો છે. તેથી જ કલિકાલસર્વજ્ઞ આ.શ્રીહેમચંદ્રસૂરિ મહારાજ સ્વરચિત સિદ્ધહેમ શબ્દાનુશાસનમાં અ.૨ પા.૨ સૂ.૩૯ માં उपोमास्वातिं संग्रहीतारः=ઘણા વિષયનો થોડામાં સંક્ષેપ કરવાના વિષયમાં ઉમાસ્વાતિ મહારાજા જેવા બીજા કોઈ શ્રેષ્ઠ નથી. એમ જણાવ્યું છે.

## ગ્રંથકારનો પરિચય

ગ્રંથકારની માહિતી ગ્રંથકારે પોતે ગ્રંથના અંતે પ્રશસ્તિમાં સંક્ષેપથી જણાવી છે. તે આ પ્રમાણે–

"જેમનો યશ જગતમાં પ્રગટ છે તે શિવશ્રી નામના વાચકમુખ્યના પ્રશિષ્ય અગ્યાર અંગોના જ્ઞાતા ઘોષનંદી ક્ષમાશ્રમણના શિષ્ય, વાચનાથી (ભણાવનારની અપેક્ષાએ) મહાવાચક શ્રમણ મુંડપાદના શિષ્ય, વિસ્તૃત કીર્તિવાળા મૂલ નામના વાચકાચાર્યના શિષ્ય કૌભીષણ ગોત્રવાળા સ્વાતિ નામના પિતા અને વાત્સી ગોત્રવાળી ઉમા નામની માતાના પુત્ર ન્યગ્રોધિકા ગામમાં જન્મેલા, કુસુમપુર (પાટલીપુત્ર) નામના શ્રેષ્ઠ નગરમાં વિચરતા, ઉચ્ચ નાગર શાખાના વાચક શ્રી ઉમાસ્વાતિજીએ ગુરુપરંપરાથી મળેલા ઉત્તમ અરિહંત વચનોને સારી રીતે સમજીને (શરીર-મનના) દુઃખોથી પીડિત તથા અસત્યઆગમથી

નષ્ટબુદ્ધિવાળા જગતને જોઇને જીવોની અનુકંપાથી સ્પષ્ટ અર્થવાળા આ તત્ત્વાર્થાધિગમ નામના શાસ્ત્રની રચના કરી."

આ વિશે હું વિશેષ વિવેચન લખતો નથી. કારણ કે બહુ વિસ્તારથી લખવું પડે. બહુ વિસ્તારથી લખાયેલા લખાણને વાંચવાનો રસ બહુ અલ્પજીવોને હોય છે તથા હું આંખની તકલીફના કારણે વિસ્તારથી લખવા માટે સમર્થ પણ નથી. આથી જિજ્ઞાસુઓએ આ વિશે વિશેષ માહિતી માટે "ઉમાસ્વાતિ મહારાજા ક્યારે થયા ? કયા વંશમાં થયા" ઈત્યાદિ વિગતો જૈનપરંપરાનો ઈતિહાસ ભાગ-૧ માંથી તથા પંડિત શ્રી સુખલાલજી કૃત તત્ત્વાર્થ વિવેચનવાળા પુસ્તકમાંથી તથા પૂ.આ. ભગવંત શ્રીકેસરસૂરિજી મહારાજાના સમુદાયનાં આ. શ્રીહેમપ્રભ-સૂરિજીના શિષ્ય વિદ્વાન મુનિ શ્રીઉદયપ્રભવિજયજીગણિવરે લખેલ સિદ્ધસેનગણિકૃત ટીકાના પ્રથમ અધ્યાયના ટીકાનુવાદમાં લખેલી ભૂમિકામાંથી તથા પ.પૂ. આગમોદ્ધારક શ્રીઆનંદસાગરસૂરિ મહારાજાએ લખેલ तत्त्वार्थकतृतन्मतनिर्णयः નામના પુસ્તકમાંથી જોઇ લેવું.

## ટીકાકાર મહર્ષિનો પરિચય

તત્ત્વાર્થકારિકા અને ભાષ્યની ટીકા કરનારા શ્રીહરિભદ્રસૂરિ મહારાજા જૈનશાસનમાં યાકિનીમહત્તરા ધર્મપુત્ર તરીકે પ્રસિદ્ધિને પામેલા અને ચૌદશો ગ્રંથના પ્રણેતા હરિભદ્રસૂરિ મહારાજા સમજવા. એમણે ડુપડુપિકા નામની ટીકા રચી છે. શબ્દકોષમાં ડુપડુપિકા શબ્દનો અર્થ જોવામાં આવ્યો નથી. પણ ડુપડુપિકા એટલે નાવડી એવો અર્થ મને જણાય છે. આ ટીકા પૂર્વે વિ.સં. ૧૯૯૨માં રતલામ નિવાસી શ્રેષ્ઠી ઋષભદેવજી કેસરીમલ જૈન શ્વેતાંબર સંસ્થા દ્વારા મુદ્રિત થઇ હતી. તેમાં લખાયેલા ઉપક્રમ પ્રમાણે આ ટીકા સૌથી પ્રાચીન છે. અર્થાત્ સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકાથી પણ પ્રાચીન છે, તેના કારણો [1]ઉપક્રમમાંથી જાણી લેવા તથા તત્ત્વાર્થસૂત્રના ભાષ્યના કર્તા પણ ઉમાસ્વાતિ મહારાજા હતા.

૧. ઉપક્રમ આ પુસ્તકને અંતે આપેલો છે.

તેના કારણો પણ ઉપક્રમમાંથી જાણી લેવા. ભવિષ્યમાં વિદ્વાનોને ઉપયોગી બને તે માટે આ ઉપક્રમ આ ગ્રંથના પ્રથમ ભાગના અંતમાં મુદ્રિત કરવામાં આવ્યો છે. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ છઠ્ઠા અધ્યાયના ત્રેવીસમાં સૂત્રના "વિનયસંપન્નતા" પદ સુધીની ટીકા કરી છે. ત્યાર પછી એમની ટીકા જોવામાં આવતી નથી. કદાચ એ દરમિયાન એ મહાપુરુષ બિમાર પડ્યા હોય અને કાળધર્મ પામ્યા હોય એ બનવા જોગ છે. બાકી રહેલી એ ટીકાને આચાર્યશ્રી યશોભદ્રસૂરિએ ઉદ્ધાર કરવાનો પ્રારંભ કર્યો. તેમણે ત્યાંથી(=વિનયસંપન્નતા પછીથી) દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્ર સુધીની ટીકા ઉદ્ધરી[૧] છે. બાકીની ટીકા તેમના શિષ્યે ઉદ્ધૃત કરી છે. આ વિગત દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની ટીકાના અંતે લખાયેલા પાઠથી સ્પષ્ટ થાય છે. આના ઉપરથી એ પણ નિશ્ચિત થાય છે કે સિદ્ધસેન ગણિની મોટી ટીકાથી આ ટીકા પ્રાચીન[૨] છે.

## અનુવાદ અંગેની માહિતી

વિ.સં. ૨૦૫૩માં મારું ચાતુર્માસ પાલીતાણામાં થયું. તે વખતે સાધુ-સાધ્વીજીઓએ મારી પાસે ચાતુર્માસમાં વાંચના આપવાની માંગણી કરી. આથી તત્ત્વાર્થસૂત્ર ઉપર વાચના આપવાનું નિશ્ચિત થયું. તત્ત્વાર્થસૂત્ર ઉપર વર્તમાનમાં સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા અને શ્રીહરિભદ્રસૂરિકૃત નાની ટીકા એ બે ટીકાઓ પ્રસિદ્ધ છે. આ બે ટીકાઓને જોતાં મને લાગ્યું કે સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા ઘણી કઠિન છે. આથી હરિભદ્રસૂરિકૃત

૧. અહીં ઉદ્ધૃત=ઉદ્ધાર કર્યો એ શબ્દથી શું સમજવું ? દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની વૃત્તિના અંતે લખેલા પાઠના આધારે મને એમ સમજાય છે કે સિદ્ધસેન ગણિકૃત ટીકામાંથી ઉદ્ધાર કર્યો છે. અહીં શબ્દશઃ ઉદ્ધાર કર્યો છે એમ ન સમજવું. કિંતુ જ્યાં સિદ્ધસેન ગણિકૃત ટીકામાં પાઠ લાંબા હોય તેને ટૂંકાવી દીધા, જ્યાં શબ્દની કઠિનતા હોય ત્યાં સરળ શબ્દો મૂક્યા અને ક્યાંક પોતાને યોગ્ય લાગ્યા તેવા શબ્દો મૂક્યા. આ રીતે તેમણે ઉદ્ધાર કર્યો એમ મને જણાય છે.

૨. શ્રીહરિભદ્રસૂરિએ અપૂર્ણ ટીકા લખી એ દરમ્યાન સિદ્ધસેન ગણિએ એ ટીકાને પૂર્ણ કરવાને બદલે સ્વતંત્ર પોતાની મોટી ટીકા લખી. પછી યશોભદ્રસૂરિએ એ ટીકાના આધારે હરિભદ્રસૂરિની બાકીનો ટીકાનો ઉદ્ધાર કર્યો.

નાની ટીકા ઉપર વાચના આપવાનો નિર્ણય કર્યો. શાશ્વતી ઓળી આદિના દિવસો સિવાય ચાર માસ સુધી નિયમિત વાચના ચાલી.

આ સમયે મેં શ્રી તત્ત્વાર્થસૂત્રની શ્રીહરિભદ્રસૂરિકૃત ટીકાનો અનુવાદ કરવાનો સંકલ્પ કર્યો પણ અન્ય ગ્રંથોના અનુવાદના કારણોસર આ અનુવાદ થઇ શક્યો નહિ. વિ.સં. ૨૦૬૪માં દહાણુ સ્ટેશનના ઈરાની રોડ ઉપર આવેલા ઉપાશ્રયમાં આનો અનુવાદ શરૂ કર્યો પણ તેમાં શારીરિક બિમારી આદિ ઘણા વિઘ્નો આવ્યા. આમ છતાં વિઘ્નો રૂપ ખડકો સાથે અથડાતી કુટાતી પણ આ અનુવાદ નૌકા ઘણા વિલંબથી પણ પૂર્ણતાના કિનારે આવેલી જોઇને મારું મન હર્ષવિભોર બની જાય એ સહજ છે.

આ અનુવાદમાં વિદ્વાનોને ઘણી ક્ષતિઓ દેખાશે, ક્યાંક વિસ્તારથી લખવાનું હોવા છતાં વિસ્તારથી ન લખ્યું હોય, ક્યાંક સંસ્કૃત શબ્દને અનુરૂપ ગુજરાતી શબ્દ લખવામાં ભૂલ કરી હોય, ક્યાંક ભાવાર્થ સમજવામાં નિષ્ફળ બન્યો હોઉં, ક્યાંક સૂત્ર-ટીકાનો અર્થ ખોટો થયો હોય ઈત્યાદિ ઘણી ક્ષતિઓ દેખાશે. આમ છતાં વિદ્વાનોને હું પૂ. ઉમાસ્વાતિ મહારાજાના શબ્દોમાં વિનંતી કરું છું કે—

पुत्रापराधवन्मम मर्षयितव्यं बुधैः सर्वम् । (પ્રશમરતિ ગા.૩૧૨)

પિતા પુત્રના અપરાધને માફ કરે તેમ વિદ્વાનોએ માફ કરવું.

હું એક તરફ મારી બુદ્ધિની મંદતાને જોઉં છું બીજી તરફ આ અનુવાદને જોઉં છું તો મારી સામે ‘હું આ કેવી રીતે કરી શક્યો ?’ એવો પ્રશ્નાર્થચિહ્ન ખડો થાય છે પણ મારા ઉપકારી સિદ્ધાંત મહોદધિ પ.પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા અને નિઃસ્પૃહતામૂર્તિ પરમ ગુરુદેવ શ્રીહીરસૂરીશ્વરજી મહારાજાની દિવ્ય કૃપાદૃષ્ટિનું સ્મરણ થતાં જ એ પ્રશ્નાર્થચિહ્ન અદશ્ય થઇ જાય છે. આથી આ પ્રસંગે એ બે મહાપુરુષોને હર્ષ ભરેલા હૃદયથી વંદન કરું છું તથા વર્ધમાનતપોનિધિ (વર્ધમાનતપ આયંબિલની ૧૦૦ + ૮૮ ઓળીના આરાધક) પૂ. ગુરુદેવ શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ.ને પણ ભાવભર્યું નમન કરું છું.

## સહાયકોનું સંસ્મરણ

અનુવાદ પૂર્ણ કરી દેવા માત્રથી કાર્ય પૂર્ણ થઇ જતું નથી. અનુવાદ તૈયાર થયા પછી જ્યાં સુધી પુસ્તક રૂપે પ્રકાશિત ન થાય ત્યાં સુધી ઘણી જવાબદારી વહન કરવાની હોય છે. મુનિ શ્રીધર્મશેખરવિજયજીએ આ બધી જવાબદારી પોતાના શિરે લઇને મને એ જવાબદારીમાંથી મુક્ત કર્યો. આમ કરીને તેમણે મારા પ્રત્યે રહેલા હાર્દિક ભાવની અભિવ્યક્તિ કરી છે. અર્થની કે શબ્દની અશુદ્ધિ ન રહે એ માટે એમણે પ્રથમ અધ્યાયથી આરંભી દશમા અધ્યાય સુધીનું મેટર શાંતિથી અને એકાગ્રતાથી વાંચ્યું. પછી પ્રુફ સંશોધનમાં પણ ઘણી મહેનત કરી રહ્યા છે. પ્રુફ સંશોધનમાં મુનિ દિવ્યશેખરવિજયજી પણ ઘણો સહયોગ આપી રહ્યા છે.

મને આંખની તકલીફ થયા પછી બધો અનુવાદ લખવામાં (હું બોલું અને તે લખે એ રીતે) તેમણે જ લખી આપ્યો છે. ટીકાના પ્રારંભના ચાર અધ્યાયના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીહિતશેખરવિજયજીએ કરી છે. બાકીના સંપૂર્ણ ભાષ્યસહિત ટીકાના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીસુમતિશેખરવિજયજીએ સુવાચ્ય અક્ષરોમાં તૈયાર કરી છે તથા કોઇ કોઇ સ્થળે અનુવાદ લખવાનો રહી ગયો હોય તે અનુવાદ પણ તેમણે લખી આપ્યો છે.

આ પ્રસંગે મને સાધુસેવા કરવાનો ગુણ જેના સ્વભાવમાં રહેલો છે તેવા મુનિ શ્રીકૈવલ્યદર્શનવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વિ.સં. ૨૦૬૪નાં વાપીનાં ચાતુર્માસમાં મને આવેલી બિમારીમાં તેમણે લગભગ બે મહિનાથી પણ અધિક સમય સુધી નિઃસ્વાર્થપણે મારી હાર્દિક સેવા કરી. મુનિ શ્રીદિવ્યશેખરવિજયજી માટે હું શું લખું ? અને કેટલું લખું ? એ પ્રશ્ન મને મૂંઝવી રહ્યો છે. એમના માટે ટૂંકમાં એટલું જ લખું છું કે શરીર અનેક તકલીફોથી ઘેરાતું જાય છે અને અત્યંત કૃશ બનતું જાય છે એવી અવસ્થામાં મારા માટે એ જ સર્વસ્વ છે. દરરોજ સવાર-બપોર-સાંજે એ ત્રણે સમયે માતા જેમ બાળકને ખવડાવે તેમ મને આહાર

વપરાવે છે અને એક પછી એક દવાઓ આપે છે. મને ક્યારેક આ દૃશ્યની સ્મૃતિ થાય છે ત્યારે મારી આંખો આંસુઓથી ભીની થઇ જાય છે.

મને જ્યારે ભૂતકાળની સ્મૃતિ થાય છે ત્યારે મુનિશ્રી (હમણા પંન્યાસ) રવિશેખરવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વર્ષો સુધી મારી સેવા કરીને મારી સંયમયાત્રામાં અને સાહિત્યયાત્રામાં સાથ આપ્યો છે.

વિ.સં. ૨૦૫૦માં શેષકાળમાં મને પૂના - ટીંબર માર્કેટમાં ગાઢ બિમારી આવી ત્યારે મેં જીવવાની આશા છોડી દીધી હતી તેવી અવસ્થામાં એકલા[૧] હાથે મારી સેવા કરનારા મુનિ શ્રીહર્ષશેખરવિજયજીને પણ હું કેમ ભૂલી શકું ?

સહવર્તી સર્વમહાત્માઓ મારી સેવા કરવામાં સદા ઉત્સુક રહે છે આમ છતાં મારું શારીરિક આરોગ્યનું પુણ્ય અત્યંત નબળું હોવાના કારણે જેમાં સમાધિ રાખવી કઠિન બની જાય તેવી નવી નવી તકલીફો ઉત્પન્ન થયા કરે છે. આમ છતાં આવા સેવાભાવી મહાત્માઓના પ્રભાવથી મારું સંપૂર્ણ જીવન સમાધિમય બની રહે એ જ અભ્યર્થના.

આ અનુવાદમાં ગ્રંથકારના આશયથી, ભાષ્યકારના આશયથી, ટીકાકારના આશયથી અને જિનાજ્ઞાથી વિરુદ્ધ કંઇ પણ લખાયું હોય તેનું મિચ્છા મિ દુક્કડં આપવાપૂર્વક મારી લેખિનીને અહીં થોભાવી દઉં છું.

**- આચાર્ય રાજશેખરસૂરિ**

**વિ.સં. ૨૦૬૬, આસો વદ-૧૨**

**કલ્પનગરી, મુંબઇ-મુલુંડ**

---

૧. આ સમયે મુનિ શ્રીધર્મશેખરવિજયજી પણ પૂના હતા, તેઓ કેમ્પમાં ગાઢ બિમારીના કારણે પથારીવશ થયેલા મુનિ શ્રીકર્મજિતવિજયજી મ.સા.ની સેવામાં રોકાયેલા હતા.

## ✻ સંપાદકની સંવેદના ✻

સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના ગુરુકુલવાસમાં વસીને સિદ્ધહસ્ત ભાવાનુવાદકાર પરમ સંવેગી પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર સૂરીશ્વરજી મહારાજાએ ૫૫ વર્ષના નિર્મળ સંયમની ક્ષણોને સંયમ, સ્વાધ્યાય અને ગુરુસમર્પણભાવની પવિત્ર ગંગોત્રીમાં અવગાહન કરતાં લગભગ આઠ વર્ષના અલ્પ ચારિત્ર પર્યાયે તો અત્યંત કઠીન ગણાતા 'પએસબંધો' નામના કર્મગ્રંથ વિષયક ગ્રંથરત્નની ટીકા રચી. ત્યારથી પ્રારંભાયેલી પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા અવિરત ચાલતી રહી. અત્યંત નાજુક નાદુરસ્તી વચ્ચે પણ આંતરિક મજબૂત લોખંડી મનોબળના કારણે આત્માને તંદુરસ્ત બનાવે તેવા કેટલાય ગ્રંથરત્નોના ભાવાનુવાદ, લેખન, સંપાદન, સંકલન કર્યા. સાહિત્યયાત્રાનું અંતિમ માઈલસ્ટોન કહીએ તો પ્રસ્તુત 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' આ ગ્રંથ સાથે અનેક ઘટનાઓ સંકળાયેલી છે. 'श्रेयांसि बहुविघ्नानि महतामपि जायते' આ ઉક્તિ આ સર્જનમાં સાર્થક નીવડી છે.

પ્રેસર (ઉંચું લોહીનું દબાણ)ની તકલીફ વધતાં તેની અસર પૂજ્યશ્રીની ચક્ષુ ઉપર થઈ. તાત્કાલિક ઉપાયો કરાવવા છતાં એક આંખે લગભગ દૃષ્ટિ જતી રહી. એક આંખથી પણ કામ ચાલું રહ્યું. તેમાં ભીવંડીના ચાતુર્માસ દરમિયાન બીજી આંખમાં મોતીયો ઉતરાવ્યો. લેન્સ જે નંબરનો હોવો જોઈએ તેના કરતાં જૂદો બેસાડ્યો. પરિણામે બીજી આંખે પણ લગભગ દેખાવાનું બંધ જેવું થયું. આ દરમિયાન તત્ત્વાર્થાધિગમ સૂત્રનો ભાવાનુવાદ ચાલું હતો. મુંબઈમાં ડૉ. સુજલ શાહ કે જેઓ પ્રભુશાસનના તત્ત્વજ્ઞાનના પરમ પિપાસુ, સાધુ વેયાવચ્ચના રસિયા હતા. તેમના સતત સતત પ્રયાસથી લગભગ ૧૫ ટકા જેટલી દૃષ્ટિનો ઉઘાડ થયો. જે અનુવાદનું કાર્ય બાકી હતું તેના વિશાળ કદના અક્ષરોવાળી ઝેરોક્ષ નકલો કરાવી. પૂજ્યશ્રીની આંખે ચોવીશ નંબરના ચશ્મા પહેરાવ્યા. બિલકુલ નિકટમાં લાવીને અક્ષરો વંચાય તેના આધારે પૂજ્યશ્રી તેઓશ્રીના વિનયી શિષ્ય મુ.શ્રી દિવ્યશેખર વિ.ને કહેતા જાય અને ગ્રંથનું કાર્ય આગળ વધતું જાય. આ રીતે દશ અધ્યાયનું કાર્ય પૂર્ણ થતાં ખ્યાલ આવ્યો કે પ્રારંભના પાંચ અધ્યાયના 'ભાષ્ય'નો અનુવાદ તો બાકી રહી ગયો છે.

તે પણ આવી આંખે પૂજ્યશ્રીએ પૂર્ણ કરાવ્યો. સવાર થતાં જ ગુરુ-શિષ્યની જોડી આ કાર્યમાં જોડાઇ જાય એ સુખદ દશ્ય તો જેણે જોયું તે ધન્ય બન્યા ! જૈનશાસનના રાજા જેવું તૃતીયપદ મળ્યું હોવા છતાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાની પેલી પંક્તિ 'बाह्यदृष्टि प्रचारेषु मुद्रितेषु महात्मनः, अन्तरेवावभासन्ते स्फुटाः सर्वा समृद्धयः ॥ - જ્ઞાનસાર' ને પૂજ્યશ્રીએ સ્વજીવનની પ્રત્યેક ક્ષણોમાં સાર્થક કરી હતી.

અથાક પ્રયત્ને પૂર્ણ કરેલા અનુવાદ પછીની જે કાર્ય સિદ્ધિની સુખદ ક્ષણો હતી તેના સાક્ષી જે બન્યા હોય તે કહી શકે કે પૂજ્યશ્રી કેટલા પ્રસન્ન હતા !

સિદ્ધિની અનુભૂતિઓને અક્ષર દેહ આપીને પ્રસ્તાવના રૂપે લખવાનો જ્યારે અવસર આવ્યો તે ક્ષણે હું (મુનિ ધર્મ શે.વિ.) તથા મુ.શ્રી દિવ્ય શે.વિ. સામે બેઠા હતા. પૂજ્યશ્રી જેમ જેમ લખતા જતા હતા તેમ તેમ નેત્રો પણ સજળ બનતા જતા હતા. અત્યંત સંવેદનશીલતાપૂર્વક લખાયેલી પ્રસ્તાવનામાં નાનામાં નાના સાધુએ કે કોઇ શ્રાવકે કંઇક મદદ કરી હોય તો તે બધાને સ્મૃતિપથમાં લીધા હતા.

અનુવાદનું કાર્ય પૂજ્ય ગુરુદેવશ્રીએ પૂર્ણ કર્યું તે વખતે એક પુણ્યાત્માને પત્ર દ્વારા જણાવ્યું હતું કે 'તત્ત્વાર્થાધિગમ સૂત્રનું અનુવાદનું કાર્ય પૂર્ણ થયું છે. પ્રેસમાં પણ મોકલી આપ્યું છે. છપાવવા વગેરેનું કાર્ય મારા શિષ્યાદિ સંભાળી લેશે. તેથી હવે ઉંમરના કારણે કે શારીરિક અસ્વસ્થતાને કારણે મારી ગેરહાજરી હોય તો પણ પુસ્તક છપાઇ જશે !' જાણે પૂજ્યશ્રીને પોતાના જીવનસમાપ્તિનો સંકેત મળી ગયો હશે !

અનુવાદ કરતી વખતે અનેક પ્રતોનો સહારો લેવાયો હતો. જે મુદ્રિત પ્રતના આધારે અનુવાદ શરૂ કર્યો હતો તેમાં ઘણી અશુદ્ધિઓ હતી, ક્યાંક ક્યાંક અનુસંધાન પણ મળતું નહોતું. વરસોથી અનુવાદની સિદ્ધહસ્તતાને કારણે પૂજ્યશ્રીએ પોતાના અનુભવથી તે તે પાઠોનું અન્ય અન્ય પ્રતોના આધારે અનુસંધાન ગોઠવી દીધું હતું. ખાસ કરીને 'શ્રી સિદ્ધસેન ગણિ' કૃત તત્ત્વાર્થની ટીકાના આધારે ઘણા સુધારા કર્યા હતા. શ્રુતોપાસિકા સાધ્વીજી શ્રી ચંદનબાળાશ્રીજી મહારાજે પણ હસ્તલિખિત પ્રત મેળવી આપવામાં ઘણી સહાય કરી હતી. આ રીતે અનુવાદ કરી શેષ કાર્ય છપાવવા વગેરેની

જવાબદારી મને સોંપી પૂજ્ય ગુરુદેવશ્રી પાલિતાણા મુકામે વિ.સં. ૨૦૬૮ ના ચૈત્ર વદ ૪ ના સ્મૃતિશેષ થયા.

ગુરુદેવશ્રીની હાજરીમાં તો ક્યાંક ક્ષતિ રહી હોય તો પ્રમાર્જના કરાવવા માટે તુરંત તેમની પાસે દોડીને પહોંચી જતો હતો. હવે તેઓશ્રીની ગેરહાજરીમાં આ કાર્ય કોની પાસે કરવું ? તેમાં પૂ. બાપજી મહારાજાના સમુદાયના વિદ્વદ્વર્ય પૂ. આચાર્યદેવ શ્રી મુનિચન્દ્ર સૂ.મહારાજાને આ પ્રુફ સંશોધન માટે વિનંતિ કરતાં વરસોથી સાહિત્ય સંશોધનાદિ કારણે જેઓ પૂજ્યશ્રી સાથે આત્મીય ભાવે જોડાયેલા હતા તેથી આ અંગે હૃદયોદ્ગાર જણાવતાં એઓશ્રીએ જણાવ્યું કે 'ઋણ ચૂકવવાની સુંદર તક આપી.' પૂ. પંન્યાસશ્રી નયભદ્ર વિ.મહારાજે પણ પ્રુફ સંશોધન કર્યું. મુ.શ્રી દિવ્યશેખર વિજયજી તો સદા ઉપયોગી બન્યા રહે છે. મુ.શ્રી પદ્મશ્રમણ વિ.મહારાજે પણ પ્રુફો મેળવવામાં સહકાર આપ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીએ કેટલાક સ્થળો જોવા માટે પ્રેમ-ભુવનભાનુ સૂ.મ.ના સમુદાયના વિદ્વાન પંન્યાસપ્રવર શ્રી યશોવિજયજી મહારાજને મેટર મોકલી આપ્યું હતું. તેમણે પણ કાર્ય ખંતથી કરી અનુવાદ મોકલ્યો તે પણ આ ગ્રંથમાં સમાવિષ્ટ છે.

મેટર પ્રેસમાં આપ્યા પછી ત્રણ ત્રણ વર્ષ પસાર થઇ ગયા. તેજસ પ્રિન્ટર્સના તેજસભાઇએ પણ ખૂબ ધીરજથી ચીવટપૂર્વક કાર્ય પૂર્ણ કર્યું છે. એક ગ્રંથરત્નનું સર્જન જ્યારે અનેક આરાધકોની સહાયથી પૂર્ણ થઇ રહ્યું છે ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીની હાજરીમાં ન થયાની અધુરાશ છે. છતાં પરમગુરુદેવ ગચ્છસ્થવિર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર સૂ.મહારાજાનું વાત્સલ્ય, પ્રેરણા, અવસરે કાર્યભારને વહેલી તકે પૂર્ણ કરવાની મળતી ટકોરે આ કાર્ય પૂર્ણ થઇ રહ્યાનો સંતોષ અનુભવું છું. આ સર્જનમાં જેનો જેનો સહકાર મળ્યો તે સહુનો હું ઋણી છું.

**વિ.સં. ૨૦૭૦, પોષ સુદ ૬, સોમવાર,** **- મુનિ ધર્મશેખર વિજયજી ગણિ**
**તા. ૦૯-૦૧-૨૦૧૪, વર્ધમાનનગર, રાજકોટ**

## * વિષયાનુક્રમ *


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| ✦ મૂળસૂત્ર | 17 |
| ✦ સાતમો અધ્યાય | ૧ |
| ✦ વ્રતની વ્યાખ્યા | ૨ |
| ✦ **સૂત્ર-૧ :** हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् | ૨ |
| ✦ વ્રતના ૧૪૭ ભાંગા | ૬ |
| ✦ ઉક્ત પાંચ વ્રતના બે ભેદ | ૭ |
| ✦ **સૂત્ર-૨ :** देशसर्वतोऽणुमहती | ૭ |
| ✦ મહાવ્રતોને સ્વીકાર્યા બાદ નિરતિચારપણે પાલન કરવા માટે ભાવનાઓ | ૧૨ |
| ✦ **સૂત્ર-૩ :** तत्स्थैर्यार्थं भावनाः पञ्च पञ्च | ૧૨ |
| ✦ મહાવ્રતોને સ્થિર કરવા સર્વવ્રતો માટે સર્વસામાન્ય પ્રથમ ભાવના | ૨૭ |
| ✦ **સૂત્ર-૪ :** हिंसादिष्विहामुत्र चापायावद्यदर्शनम् | ૨૭ |
| ✦ મહાવ્રતોને સ્થિર કરવા માટે સર્વવ્રતો માટે સર્વસામાન્ય બીજી ભાવના | ૪૦ |
| ✦ **સૂત્ર-૫ :** दुःखमेव वा | ૪૦ |
| ✦ મહાવ્રતોની સ્થિરતા માટે ચાર ભાવનાઓ | ૪૯ |
| ✦ **સૂત્ર-૬ :** मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यानि | ૪૯ |
| ✦ મૈત્રી ભાવના | ૫૩ |
| ✦ પ્રમોદ ભાવના | ૫૪ |
| ✦ કરુણા ભાવના | ૫૫ |
| ✦ માધ્યસ્થ્ય ભાવના | ૫૬ |
| ✦ મહાવ્રતોની સ્થિરતા માટે બીજી રીતે વિચારણા | ૫૮ |
| ✦ **સૂત્ર-૭ :** जगत्कायस्वभावौ च संवेगवैराग्यार्थम् | ૫૮ |
| ✦ હિંસાની વ્યાખ્યા | ૬૮ |
| ✦ **સૂત્ર-૮ :** प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा | ૬૮ |
| ✦ અસત્યની વ્યાખ્યા | ૧૦૩ |
| ✦ **સૂત્ર-૯ :** असदभिधानमनृतम् | ૧૦૩ |
| ✦ ચોરીની વ્યાખ્યા | ૧૧૫ |
| ✦ **સૂત્ર-૧૦ :** अदत्तादानं स्तेयम् | ૧૧૫ |
| ✦ અબ્રહ્મની વ્યાખ્યા | ૧૨૨ |

- **સૂત્ર-૧૧ : मैथुनमब्रह्म** ........ ૧૨૨
- પરિગ્રહની વ્યાખ્યા ........ ૧૨૯
- **સૂત્ર-૧૨ : मूर्च्छा परिग्रहः** ........ ૧૨૯
- વ્રતીની વ્યાખ્યા ........ ૧૩૮
- **સૂત્ર-૧૩ : निःशल्यो व्रती** ........ ૧૩૮
- વ્રતીના બે ભેદ ........ ૧૪૫
- **સૂત્ર-૧૪ : अगार्यनगारश्च** ........ ૧૪૫
- અગારી વ્રતીની વ્યાખ્યા ........ ૧૫૧
- **સૂત્ર-૧૫ : अणुव्रतोऽगारी** ........ ૧૫૧
- અણુવ્રત-શિક્ષાવ્રતોનો નિર્દેશ ........ ૧૫૭
- **સૂત્ર-૧૬ : दिग्देशानर्थदण्डविरतिसामायिकपौषधो** ........ ૧૫૭
- દિગ્વ્રત ........ ૧૬૬
- દશદિશા (આકૃતિ) ........ ૧૬૬
- દેશાવગાશિકવ્રત ........ ૧૬૮
- અનર્થદંડ ........ ૧૬૯
- સામાયિક ........ ૧૭૦
- પૌષધોપવાસ ........ ૧૭૦
- ઉપભોગ-પરિભોગ પરિમાણ ........ ૧૭૨
- અતિથિસંવિભાગ ........ ૧૭૩
- સંલેખનાનું વિધાન ........ ૧૭૫
- **સૂત્ર-૧૭ : मारणान्तिकीं संलेखनां जोषिता** ........ ૧૭૫
- સમ્યગ્દર્શનના અતિચારો ........ ૧૮૦
- **સૂત્ર-૧૮ : शङ्काकाङ्क्षाविचिकित्साऽन्यदृष्टिप्रशंसासंस्तवाः** ........ ૧૮૦
- શંકા ........ ૧૮૮
- કાંક્ષા ........ ૧૮૯
- વિચિકિત્સા ........ ૧૯૦
- અન્યદષ્ટિપ્રશંસા-સંસ્તવ ........ ૧૯૧
- ક્રિયાવાદી ........ ૧૯૨
- અક્રિયાવાદી ........ ૧૯૩
- અજ્ઞાનિક ........ ૧૯૪
- વૈનયિક ........ ૧૯૫
- બાર વ્રતોમાં પ્રત્યેક વ્રતના અતિચારોની સંખ્યા ........ ૧૯૮

- सूत्र-१९ : व्रतशीलेषु पञ्च पञ्च यथाक्रमम् ........................ १९८
- પ્રથમ વ્રતના અતિચારો ........................................ ૧૯૯
- सूत्र-२० : बन्धवधच्छविच्छेदातिभारारोपणान्नपाननिरोधाः ............ १९९
- બીજા વ્રતના અતિચારો ........................................ ૨૦૩
- सूत्र-२१ : मिथ्योपदेशरहस्याभ्याख्यानकूटलेखक्रियान्यासा............ २०३
- ત્રીજા વ્રતના અતિચારો ........................................ ૨૧૦
- सूत्र-२२ : स्तेनप्रयोगतदाहृतादानविरुद्धराज्यातिक्रम ................ २१०
- ચોથા વ્રતના અતિચારો ........................................ ૨૧૫
- सूत्र-२३ : परविवाहकरणेत्वरपरिगृहीताऽपरिगृहीतागमनानङ्ग ......... २१५
- પાંચમા વ્રતના અતિચારો ........................................ ૨૧૯
- सूत्र-२४ : क्षेत्रवास्तुहिरण्यसुवर्णधनधान्यदासीदासकुप्य .............. २१९
- છઠ્ઠા વ્રતના અતિચારો ........................................ ૨૨૨
- सूत्र-२५ : ऊर्ध्वाधस्तिर्यग्व्यतिक्रमक्षेत्रवृद्धिस्मृत्यन्तर्धानानि ............ २२२
- સાતમા વ્રતના અતિચારો ........................................ ૨૨૩
- सूत्र-२६ : आनयनप्रेष्यप्रयोगशब्दरूपानुपातपुद्गलप्रक्षेपाः ............ २२३
- આઠમા વ્રતના અતિચારો ........................................ ૨૨૭
- सूत्र-२७ : कन्दर्पकौकुच्यमौखर्यासमीक्षाधिकरणोपभोगाधिकत्वानि ....... २२७
- નવમા વ્રતના અતિચારો ........................................ ૨૩૦
- सूत्र-२८ : योगदुष्प्रणिधानानादरस्मृत्यनुपस्थापनानि ................ २३०
- દશમા વ્રતના અતિચારો ........................................ ૨૩૧
- सूत्र-२९ : अप्रत्युपेक्षिताप्रमार्जितोत्सर्गादाननिक्षेपसंस्तारोप ........... २३१
- અગિયારમા વ્રતના અતિચારો ........................................ ૨૩૩
- सूत्र-३० : सचित्तसम्बद्धसंमिश्राभिषवदुष्पक्वाहाराः ................ २३३
- બારમા વ્રતના અતિચારો ........................................ ૨૩૫
- सूत्र-३१ : सचित्तनिक्षेपपिधानपरव्यपदेशमात्सर्यकालातिक्रमाः ........ २३५
- સંલેખના વ્રતના અતિચારો ........................................ ૨૩૭
- सूत्र-३२ : जीवितमरणाशंसामित्रानुरागसुखानुबन्धनिदानकरणानि ...... २३७
- દાનની વ્યાખ્યા ........................................ ૨૪૧
- सूत्र-३३ : अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम् ........................ २४१
- દાનની ક્રિયા સમાન છતાં ફળમાં તફાવત ........................ ૨૪૬
- सूत्र-३४ : विधिद्रव्यदातृपात्रविशेषात्तद्विशेषः ........................ २४६
- ભાવાનુવાદકારની પ્રશસ્તિ ........................................ ૨૫૩

## સાતમો અધ્યાય

हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् ॥७-१॥

देशसर्वतोऽणुमहती ॥७-२॥

तत्स्थैर्यार्थं भावनाः पञ्च पञ्च ॥७-३॥

हिंसादिष्विहामुत्र चापायावद्यदर्शनम् ॥७-४॥

दुःखमेव वा ॥७-५॥

मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यानि सत्त्वगुणाधिकक्लिश्यमाना-
विनेयेषु ॥७-६॥

जगत्कायस्वभावौ च संवेगवैराग्यार्थम् ॥७-७॥

प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा ॥७-८॥

असदभिधानमनृतम् ॥७-९॥

अदत्तादानं स्तेयम् ॥७-१०॥

मैथुनमब्रह्म ॥७-११॥

मूर्च्छा परिग्रहः ॥७-१२॥

निःशल्यो व्रती ॥७-१३॥

अगार्यनगारश्च ॥७-१४॥

अणुव्रतोऽगारी ॥७-१५॥

दिग्देशानर्थदण्डविरतिसामायिकपौषधोपवासोपभोगपरिभोग-
परिमाणातिथिसंविभागव्रतसम्पन्नश्च ॥७-१६॥

मारणान्तिकीं संलेखनां जोषिता ॥७-१७॥

शङ्काकाङ्क्षाविचिकित्साऽन्यदृष्टिप्रशंसासंस्तवाः सम्यग्दृष्टे-
रतिचाराः ॥७-१८॥

व्रतशीलेषु पञ्च पञ्च यथाक्रमम् ॥७-१९॥

बन्धवधच्छविच्छेदातिभारारोपणान्नपाननिरोधाः ॥७-२०॥

मिथ्योपदेशरहस्याभ्याख्यानकूटलेखक्रियान्यासापहारसाकार-
मन्त्रभेदाः ॥७-२१॥

स्तेनप्रयोगतदाहृतादानविरुद्धराज्यातिक्रममानोन्मानप्रतिरूपक-
व्यवहाराः ॥७-२२॥

परविवाहकरणेत्वरपरिगृहीताऽपरिगृहीतागमनानङ्गक्रीडातीव्र-
कामाभिनिवेशाः ॥७-२३॥

क्षेत्रवास्तुहिरण्यसुवर्णधनधान्यदासीदासकुप्यप्रमाणातिक्रमाः
॥७-२४॥

ऊर्ध्वाधस्तिर्यग्व्यतिक्रमक्षेत्रवृद्धिस्मृत्यन्तर्धानानि ॥७-२५॥

आनयनप्रेष्यप्रयोगशब्दरूपानुपातपुद्गलप्रक्षेपाः ॥७-२६॥

कन्दर्पकौकुच्यमौखर्यासमीक्षाधिकरणोपभोगाधिकत्वानि ॥७-२७॥

योगदुष्प्रणिधानानादरस्मृत्यनुपस्थापनानि ॥७-२८॥

अप्रत्युपेक्षिताप्रमार्जितोत्सर्गादाननिक्षेपसंस्तारोपक्रमणानादर-
स्मृत्यनुपस्थापनानि ॥७-२९॥

सचित्तसम्बद्धसंमिश्राभिषवदुष्पक्वाहाराः ॥७-३०॥

सचित्तनिक्षेपपिधानपरव्यपदेशमात्सर्यकालातिक्रमाः ॥७-३१॥

जीवितमरणाशंसामित्रानुरागसुखानुबन्धनिदानकरणानि ॥७-३२॥

अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम् ॥७-३३॥

विधिद्रव्यदातृपात्रविशेषात्तद्विशेषः ॥७-३४॥

# श्री तत्त्वार्थाधिगम सूत्रम्

## સાતમો અધ્યાય

**भाष्यावतरणिका—** अत्राह-उक्तं भवता सद्वेद्यस्यास्रवेषु भूतव्रत्यनुकम्पेति । तत्र किं व्रतं को वा व्रतीति । अत्रोच्यते—

**ભાષ્યાવતરણિકાર્થ—** અહીં કહે છે- આપે સાતાવેદનીયના આસ્રવોમાં (અ.૬ સૂ.૧૩ માં) भूतव्रत्यनुकम्पा એમ કહ્યું છે. તેમાં વ્રત શું છે ? વ્રતી કોણ છે ? અહીં કહેવાય છે—

**टीकावतरणिका—** अत्राहोक्तं भवतेत्यादिना सम्बध्नाति भाष्यकारः, सूत्रेषूक्तं षष्ठाध्याये सद्वेदनीयकर्म्माश्रवेषु 'भूतव्रत्यनुकम्पे'ति, सकलसूत्रोपलक्षणं, अथवा यावत् सम्बन्धोपयोगि तावत् एवोपादानं, व्रतीति श्रूयते मत्वर्थीयप्रत्ययान्तः, तत्र किं व्रतं को वा व्रतीति प्रश्नेनोपक्रमते, ननु व्रतप्रश्न एव न्याय्यः, तत्प्रस्तावात्, तत्परिज्ञानात्तु तत्सम्बन्धे व्रती सुज्ञान एवेति, उच्यते, विशिष्टसम्बन्धख्यापनार्थं व्रतिग्रहणं, वक्ष्यत उपरिष्टान्निःशल्यो व्रती (७-१३)ति, प्राणातिपातादिविरतयो मायादिशल्यविविक्ता व्रतव्यपदेशमश्नुवते, तथाविधव्रतसम्बन्धाच्च व्रतीति, अत्रोच्यत इति व्रतस्वरूपनिर्णयार्थमाह—

**ટીકાવતરણિકાર્થ—** "अत्राहोक्तं भवता" ઇત્યાદિથી ભાષ્યકાર સંબંધ જોડે છે. આપે છઠ્ઠા અધ્યાયના ૧૩મા સૂત્રમાં સાતાવેદનીય કર્મના આસ્રવોમાં भूतव्रत्यनुकम्पा એમ કહ્યું છે. भूतव्रत्यनुकम्पा એ સઘળા સૂત્રોનું ઉપલક્ષણ છે અથવા સંબંધ માટે જેટલું ઉપયોગી છે તેટલા જ અંશનું ગ્રહણ કર્યું છે. તેમાં જેના અંતે मतुप् અર્થવાળો (इन्) પ્રત્યય છે તેવો વ્રતીશબ્દ સંભળાય છે. તેમાં વ્રત શું છે ? અથવા વ્રતી કોણ છે ? આવા પ્રશ્નથી (સાતમા અધ્યાયનો) પ્રારંભ કરે છે.

**પૂર્વપક્ષ–** વ્રતનો પ્રશ્ન જ યોગ્ય છે. કેમ કે હવે વ્રતનો અવસર છે. વ્રતનો બોધ થવાથી વ્રતના સંબંધથી વ્રતી સારી રીતે જાણી શકાય જ છે એથી વ્રતી કોણ છે ? એવો પ્રશ્ન કરવાની જરૂર નથી.

**ઉત્તરપક્ષ–** વિશિષ્ટ સંબંધને જણાવવા માટે વ્રતીનું ગ્રહણ કર્યું છે. આગળ નિઃશલ્યો વ્રતી(=શલ્યરહિત અને અહિંસાદિ વ્રત સહિત જે હોય તે વ્રતી કહેવાય) એમ કહેશે. પ્રાણાતિપાતવિરતિ વગેરે, માયા વગેરે શલ્યથી રહિત હોય તો 'વ્રત' સંજ્ઞાને પામે છે. તેવાપ્રકારના(=માયાદિ-શલ્યરહિત) વ્રતના સંબંધથી વ્રતી એમ કહેવાય છે. 'अत्रोच्यते' इति વ્રત સ્વરૂપનો નિર્ણય કરવા માટે કહે છે–

**વ્રતની વ્યાખ્યા–**

## हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् ॥७-१॥

**સૂત્રાર્થ–** હિંસા, અનૃત(=અસત્ય), સ્તેય(=ચોરી), અબ્રહ્મ(=મૈથુન) અને પરિગ્રહ એ પાંચ પાપોને જાણીને શ્રદ્ધાપૂર્વક મન, વચન, કાયાથી એ પાંચ પાપોથી અટકવું એ વ્રત છે. (૭-૧)

**भाष्यं–** हिंसाया अनृतवचनात्स्तेयादब्रह्मतः परिग्रहाच्च काय-वाङ्मनोभिर्विरतिर्व्रतम् । विरतिर्नाम ज्ञात्वाऽभ्युपेत्याकरणम् । अकरणं निवृत्तिरुपरमो विरतिरित्यनर्थान्तरम् ॥७-१॥

**ભાષ્યાર્થ–** હિંસાથી, અનૃત(=અસત્ય) વચનથી, સ્તેયથી(=ચોરીથી), અબ્રહ્મથી અને પરિગ્રહથી મન-વચન-કાયાથી વિરતિ એ વ્રત છે.

જાણીને, સ્વીકારીને (પ્રતિજ્ઞા કરીને) ન કરવું તે વિરતિ. અકરણ, નિવૃત્તિ, ઉપરમ, વિરતિ એ શબ્દોનો એક અર્થ છે. (૭-૧)

**टीका–** व्रतिस्वरूपं चेदमेव भाष्यमनूद्योपरिष्टात् प्रतिपादयिष्यति 'गृह्णीमस्तावद्व्रतान्यथ व्रती क' इत्यत्रेति, हिंसादयः कृतद्वन्द्वाः पञ्चम्यन्ताः, पञ्चमी च जुगुप्साविरामप्रमादार्थानामुपसङ्ख्यानादपादान-लक्षणा, तां च प्रत्येकं हिंसादय इत्यादिना भाष्येण दर्शयति, हिंसादयश्च वक्ष्यमाणाः, तत्र कषायादिप्रमादपरिणतस्यात्मनः कर्त्तुः कायादि-

करणव्यापाराद् द्रव्यभावभेदेन प्राणव्यपरोपणं हिंसा, प्रागभिहितसामान्य-लक्षणयोगे सति सद्भूतनिह्नवासद्भूतोद्भावनविपरीतकटुकसावद्यादि मृषावचनं, परपरिगृहीतस्य स्वीकरणमाक्रान्त्या चौर्येण शास्त्रप्रतिषिद्धस्य वा स्तेयं, पूर्वलक्षणयोगात् मोहोदये सति चेतनाचेतनयोरासेवनमब्रह्म, सचित्ताचित्तमिश्रेषु द्रव्यादिषु शास्त्राननुमतेषु ममत्वं परिग्रहः, चशब्दः समुच्चयार्थः, एभ्यो हिंसादिभ्यः कायवाङ्मनोभिर्विरतिर्व्रतं, विरति-र्निवृत्तिः, ननु चासूत्रितत्वात् कायादित्रयमनुपादेयं भाष्येण, नायं दोषः, आत्मना हि विरतिः साध्या, सा च करणमवश्यंतयाऽपेक्षते, तच्च कायाद्येव योग्यम्, अथवा प्रमत्तयोगादित्यत्र योगग्रहणं लक्षणसूत्रे सर्वव्रतविशेषणार्थं यत् तच्चेतसि सन्निवेश्य विवृतं भाष्यकारेण, आश्रवाध्यायवक्तव्यशेषमेव चाधिकृत्य सप्तमाध्यायमाह, व्रतशब्दः शिष्टसमाचारान्निवृत्तौ प्रवृत्तौ च प्रयुज्यते लोके, निर्वृत्तौ तावद्धिंसातो विरतिर्निवृत्तिः व्रतं, यथा वृषलान्नं व्रतयति-परिहरति, वृषलान्नान्निवर्त्तत इति, ज्ञात्वा प्राणिनः प्राणातिपातादेर्निवर्त्तन्ते केवलम्, अहिंसादिलक्षणं तु क्रियाकलापं नानुतिष्ठन्तीति तदनुष्ठानप्रवृत्त्यर्थश्च व्रतशब्दः, पयो व्रतयतीति यथा, पयोऽभ्यवहार एव प्रवर्त्तते, नान्यत्र, इत्येवं हिंसादिभ्यो निवृत्तः शास्त्रविहितक्रियानुष्ठान एव प्रवर्त्तते, अतो निवृत्तिप्रवृत्ति-क्रियासाध्यं कर्म्मक्षपणमिति प्रतिपादयति, निवृत्तिप्रवृत्ती च शास्त्रचोदिते, तदनुष्ठानान्मोक्षावाप्तिरिति, ननु च भाष्यकारो निवृत्तिवचनमेव व्याचष्टे व्रतशब्दं, न प्रवृत्तिवचनमपीति तदेतत् कथं ?, अयमभिप्रायो भाष्यकृतः-अन्यतरोपादानेऽन्यतरप्रतीतिः सम्बन्धिशब्दत्वाद्भवत्येव, पितापुत्रादिवत्, यत उक्तं-"ज्ञानक्रियाभ्यां मोक्ष" इति, प्राधान्यात्तु निवृत्तिरेव साक्षात् प्राणातिपातादिभ्यो दर्शिता, तत्पूर्विका च प्रवृत्तिर्गम्यमाना, अन्यथा तु निवृत्तिर्निष्फलैव स्यादिति। विरतिशब्दस्यार्थं निरूपयति-'विरतिर्नामे'त्यादिना विरमणं विरतिः, नामशब्दो

वाक्यालङ्कारार्थः, हिंसनं हिंसा-प्राणवियोजनं, प्राणाश्चेन्द्रियादयः तत्सम्बन्धात् प्राणिनः-एकद्वित्रिचतुःपञ्चेन्द्रियाख्याः, (तान् ज्ञात्वा) तात्त्विकज्ञानानुसारात् अभ्युपेत्येति श्रद्धाय प्रतिपद्य भावतोऽकरणं विरतिः ज्ञानश्रद्धानपूर्वकं चारित्रमितियावत्, तदेव चाकरणं विवृणोति पर्यायैः-अकरणं निवृत्तिरुपरमो विरतिरित्यनर्थान्तरमिति, चरणस्यैते पर्यायाः, तत्राकरणमिति निवृत्तिप्रवृत्तिक्रियालक्षणं चारित्रं मनोवाक्का-यकृतकारितानुमति (वर्तमान-भूत-भविष्यकाल) भेदोत्पन्नसप्त-चत्वारिंशच्छतविकल्पभावनया परिहारानुष्ठाने, एवं निवृत्त्यादयोऽपि भावनीयाः, पर्यायशब्दैश्च व्याख्यानमसंमोहार्थं प्रदेशान्तरेष्विति ॥७-१॥

**ટીકાર્થ–** વ્રતીનું સ્વરૂપ આ જ ભાષ્યનો અનુવાદ કરીને(=को व्रती એ ભાષ્યને ફરી કહીને) "गृह्णीमस्तावद् व्रतान्यथ व्रती कः" એ સ્થળે જણાવશે. સૂત્રમાં પંચમી વિભક્તિ પાણીનીય વ્યાકરણના जुगुप्सा-विरामप्रमादार्थानामुपसङ्ख्यानाद् એ નિયમથી અપાદાન અર્થમાં છે. તે પ્રત્યેક શબ્દની પંચમીને हिंसाया ઇત્યાદિ ભાષ્યથી બતાવે છે–

હિંસાદિનો અર્થ હવે કહેવાશે. તેમાં કષાયાદિ પ્રમાદથી પરિણત કર્તા આત્માના કાયાદિ કરણના[૧] વ્યાપારથી દ્રવ્યભાવ ભેદથી પ્રાણનો વિયોગ હિંસા છે. પૂર્વે (અ.૬ સૂ.૧) કહેલા સામાન્ય લક્ષણનો યોગ થયે છતે વિદ્યમાનને છુપાવવું, અવિદ્યમાનને પ્રગટ કરવું, વિપરીત બોલવું, કટુ બોલવું, સાવદ્ય બોલવું વગેરે અસત્ય વચન છે. બીજાએ લીધેલી વસ્તુને પોતાની કરવી, આક્રમણ કરીને કે ચોરી કરીને બીજાની વસ્તુ લેવી, શાસ્ત્રપ્રતિષિદ્ધ વસ્તુનું ગ્રહણ કરવું એ ચોરી છે. પૂર્વે કહેલા લક્ષણના યોગથી મોહોદય થયે છતે ચેતન-અચેતનનું આસેવન અબ્રહ્મ છે. શાસ્ત્રમાં અનુમત ન હોય તેવા સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યોમાં મમત્વ એ પરિગ્રહ છે.

આ હિંસાદિથી મન-વચન-કાયાથી વિરતિ એ વ્રત છે. વિરતિ એટલે નિવૃત્તિ.

૧. મન-વચન-કાયા એ ત્રણની કરણ સંજ્ઞા છે. કાર્યની સિદ્ધિમાં ઉત્કૃષ્ટ ઉપકારક હોય તે કરણ. કાર્યની સિદ્ધિમાં મન-વચન-કાયા અતિશય ઉપકારક હોવાથી કરણ છે.

**પૂર્વપક્ષ–** કાયા વગેરે ત્રણનું સૂત્રમાં ગ્રહણ કર્યું ન હોવાથી ભાષ્યમાં એ ત્રણનું ગ્રહણ ન કરવું જોઈએ.

**ઉત્તરપક્ષ–** આ દોષ નથી. આત્માએ વિરતિ સાધવાની છે. વિરતિ અવશ્ય કરણની અપેક્ષા રાખે છે અને તે કાયાદિ જ ઉચિત કરણ છે. અથવા પ્રમત્તયોગાત્ એ લક્ષણ સૂત્રમાં યોગ શબ્દનું ગ્રહણ સર્વવ્રતોના વિશેષણ માટે છે. તેને ચિત્તમાં રાખીને ભાષ્યકારે વિવરણ કર્યું છે.

આસ્રવના અધ્યાયમાં બાકી રહેલા વક્તવ્યનો જ અધિકાર કરીને સાતમા અધ્યાયને કહે છે. વ્રત શબ્દનો લોકમાં શિષ્ટાચાર પ્રમાણે નિવૃત્તિમાં અને પ્રવૃત્તિમાં પ્રયોગ કરવામાં આવે છે. નિવૃત્તિમાં હિંસાથી વિરતિ=નિવૃત્તિ વ્રત છે. જેમ કે [1]વૃષલ(શુદ્ર)ના અન્નનું વ્રત કરે છે=ત્યાગ કરે છે, અર્થાત્ વૃષલના અન્નથી નિવૃત્ત થાય છે. એ પ્રમાણે જાણીને જીવો પ્રાણાતિપાતાદિથી કેવળ નિવૃત્ત થાય છે, પણ અહિંસાદિ સ્વરૂપ ક્રિયાસમૂહને આચરતા નથી. આથી વ્રત શબ્દ અહિંસાદિ સ્વરૂપ અનુષ્ઠાનોમાં પ્રવૃત્તિ અર્થવાળો પણ છે, અર્થાત્ વ્રત શબ્દ નિવૃત્તિ-પ્રવૃત્તિ ઉભય અર્થવાળો છે. જેમકે દૂધનું વ્રત કરે છે=દૂધ પીવામાં જ પ્રવર્તે છે. બીજામાં નહિ. (ભોજનમાં કેવળ દૂધ લે છે, બીજી કોઈ વસ્તુ લેતો નથી.) આ પ્રમાણે હિંસાદિથી નિવૃત્ત થયેલો જીવ શાસ્ત્રવિહિત ક્રિયા કરવામાં જ પ્રવર્તે છે. આથી કર્મક્ષય નિવૃત્તિ-પ્રવૃત્તિ ક્રિયાથી સાધી શકાય છે એમ જણાવે છે. નિવૃત્તિ-પ્રવૃત્તિ શાસ્ત્રકથિત હોવી જોઈએ. શાસ્ત્રકથિત નિવૃત્તિ-પ્રવૃત્તિ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય.

**પૂર્વપક્ષ–** ભાષ્યકાર વ્રત શબ્દને નિવૃત્તિ વચનવાળો જ કહે છે. પ્રવૃત્તિ વચનવાળો પણ નથી કહેતા, અર્થાત્ વ્રત શબ્દનો નિવૃત્તિ અર્થ જ કહે છે, પ્રવૃત્તિ અર્થ પણ નથી કહેતા. તેથી આ કેવી રીતે છે?

**ઉત્તરપક્ષ–** ભાષ્યકારનો અભિપ્રાય આ છે- નિવૃત્તિ અને પ્રવૃત્તિ એ બેમાંથી કોઈ એકના ગ્રહણમાં અન્ય કોઈ એકનો બોધ થઈ જાય છે. કેમકે

૧. વૃષલ=શુદ્ર.

તે બે શબ્દો પિતા-પુત્રાદિની જેમ સંબંધવાળા છે. જેથી કહ્યું છે કે- જ્ઞાન-ક્રિયાથી મોક્ષ થાય છે. (અહીં ક્રિયા પ્રવૃત્તિ રૂપ છે. આથી જ્ઞાન-ક્રિયાથી મોક્ષ થાય એમ કહીને એ કહેવા માંગે છે કે મોક્ષ કેવળ નિવૃત્તિથી ન થાય, પ્રવૃત્તિ પણ જરૂરી છે.)

જો કે ભાષ્યકારે પ્રધાનતાથી તો સાક્ષાત્ પ્રાણાતિપાતાદિથી નિવૃત્તિ જ જણાવી છે, તો પણ નિવૃત્તિપૂર્વકની પ્રવૃત્તિ જણાઇ રહી છે. પ્રવૃત્તિ વિના તો નિવૃત્તિ નિષ્ફળ જ થાય.

"विरतिर्नाम" ઇત્યાદિથી વિરતિ શબ્દના અર્થનું નિરૂપણ કરે છે- વિરમવું તે વિરતિ. હિંસા=પ્રાણોનો વિયોગ. ઇંદ્રિય વગેરે પ્રાણો છે. પ્રાણોના સંબંધથી પ્રાણીઓ કહેવાય છે. એકેંદ્રિય-બેઇંદ્રિય-તેઇંદ્રિય-ચઉરિંદ્રિય-પંચેંદ્રિય નામના પ્રાણીઓ છે. (એ પ્રાણીઓને જાણીને) તાત્ત્વિકજ્ઞાનના અનુસારે શ્રદ્ધા કરીને સ્વીકારીને (એ પ્રાણીઓની) ભાવથી હિંસા ન કરવી એ વિરતિ છે, અર્થાત્ જ્ઞાન-શ્રદ્ધાપૂર્વક ચારિત્ર વિરતિ છે. તે જ અકરણનું પર્યાયવાચી શબ્દોથી વિવરણ કરે છે- અકરણ, નિવૃત્તિ, ઉપરમ અને વિરતિ એ બધા શબ્દોનો એક જ અર્થ છે. આ શબ્દો ચારિત્રના પર્યાયો છે=પર્યાયવાચી છે. તેમાં અકરણ એટલે નિવૃત્તિ-પ્રવૃત્તિ ક્રિયા રૂપ ચારિત્ર. મન-વચન-કાયા-કૃત-કારિત-અનુમતિના ભેદોથી ઉત્પન્ન થયેલા [1]૧૪૭ વિકલ્પોની ભાવનાથી

૧. ૧૪૭ ભાંગા આ પ્રમાણે થાય છે–

| મન-વચન-કાયા ત્રણ કરણ | કૃત-કારિત-અનુમોદિત | ત્રણ કાળ વર્તમાન-ભૂત અને ભવિષ્યકાળ |
|---|---|---|
| (૧) મનથી | કરવું | વર્તમાન-ભૂત-ભવિષ્ય |
| (૨) વચનથી | કરાવવું | " " " |
| (૩) કાયાથી | અનુમોદવું | " " " |
| (૪) મન-વચનથી | કરવું-કરાવવું | " " " |
| (૫) મન-કાયાથી | કરવું-અનુમોદવું | " " " |
| (૬) વચન-કાયાથી | કરાવવું-અનુમોદવું | " " " |
| (૭) મન-વચન-કાયાથી | કરવું-કરાવવું-અનુમોદવું | " " " |
| ૭ | x ૭ | x ૩ = ૧૪૭ |

(યથાયોગ્ય) પરિહાર અને આચરણ કરવું. અન્ય સ્થાનોમાં સંમોહ ન થાય એ માટે પર્યાય શબ્દોથી વ્યાખ્યાન કર્યું છે. (૭-૧)

**टीकावतरणिका–** तदेतदविशेषचोदितं पञ्चतया विषयं व्रताभिधानं विरत्याश्रवद्वयविवक्षावशेनासकलकृत्स्नभावादुभयथा वेदितव्यमित्याह–

**ટીકાવતરણિકાર્થ–** આ સામાન્યથી જણાવ્યું છે. વિશેષથી તો પાંચ [1]અવયવવાળા અને પાંચ [2]વિષયોવાળા વ્રતનું કથન વિરતિના આશ્રય (સાધુ અને ગૃહસ્થ) બેની વિવક્ષાથી દેશ-સર્વભાવથી બે પ્રકારે જાણવું એમ કહે છે–

**ઉક્ત પાંચ વ્રતના બે ભેદ–**

**देशसर्वतोऽणुमहती ॥७-२॥**

**સૂત્રાર્થ–** હિંસાદિ પાપોથી દેશથી(=આંશિક કે સ્થૂલ) નિવૃત્તિ તે અણુવ્રત અને સર્વથા (સૂક્ષ્મથી) નિવૃત્તિ તે મહાવ્રત છે. (૭-૨)

**भाष्यं–** एभ्यो हिंसादिभ्य एकदेशविरतिरणुव्रतं सर्वतो विरति-र्महाव्रतमिति ॥७-२॥

**ભાષ્યાર્થ–** આ હિંસા આદિથી એકદેશથી વિરતિ અણુવ્રત છે. સર્વથી વિરતિ મહાવ્રત છે. (૭-૨)

**टीका–** देशश्च सर्वं च देशसर्वे ताभ्यां देशसर्वतः, विरामार्थापेक्षा पञ्चमी, अणु च महच्च अणुमहती, कथं पुनर्विरतिसामान्यमेकं सद् द्विधा भिद्यते ?, विवक्षावशेन देशसर्वाभिधानाद्वा एकत्वादिविवक्षाया-मेकवचनादिवत्, हिंसादिविरतिव्रतप्रस्तावाच्च यथाक्रममभिसम्बन्धः, देशसर्वग्रहणं विरत्या सहाभिसम्बध्यते अणुमहद्ग्रहणं व्रतेन, देशतो विरतिरणुव्रतं, सर्वतो विरतिर्महाव्रतं, एनमेव सूत्रार्थं भाष्येण स्पष्टयति 'एभ्य' इत्यादिना, 'एभ्य' इति प्रस्तुतानि परामृश्य हिंसादीनि सर्वतो

१. पञ्चतय એ પ્રયોગમાં अवयवात् तयट् (સિદ્ધહેમ ૭-૧-૧૫૧) એ સૂત્રથી અવયવ અર્થમાં पञ्च શબ્દને तयट् પ્રત્યય લાગ્યો છે. पञ्च अवयवा अस्येति पञ्चतयं व्रतम् ।

૨. વ્રતના હિંસા વગેરે પાંચ વિષયો હોવાથી વ્રત પાંચ વિષયવાળું છે.

व्यवच्छिन्दन्नाह–एकदेशविरतिरणुव्रतमिति सकलप्राणिगणविषया हिंसा, तस्याश्च विरतिः न सर्वस्याः, किन्तु देशत इति, एकदेशग्रहणेनैव स्पष्टयति–न सर्वस्मात् प्राणव्यपरोपणाद् विरतिः, किन्त्वेकदेशात्, स्थूलादित्यर्थः, स्थूलसूक्ष्मप्राणिभेदात् सङ्कल्पजारम्भजभेदाद्वा स्थूल-सूक्ष्मत्वं, सा चैकदेशाद्विरतिरणुव्रतं स्तोकत्वादुच्यते, स्तोकमल्पमण्विति पर्यायाः, स्वल्पविषयमणुव्रतं, स्थूलात् प्राणातिपाताद् विरमामि, स्थूलान्मृषावादादिति, कूटसाक्ष्यदानादिः स्थूलः, नर्मादिप्रयोगतः सूक्ष्मः, स्थूलादत्तादानादिति, हठहरणादि स्थूलं यत्रैहिकामुष्मिकाश्चौर्यदोषा गृहिणां, सूक्ष्मं परिहासतः, परकीयपरिलघुतृणकाष्ठादिग्रहणं वा, स्थूलान्मैथुनाद् विरमामीति, स्थूलत्वमेकदेशजनितमत्र प्रतीयते, स्वदारसन्तोषः परदारनिवृत्तिर्वा, स्वदारसन्तुष्टः शेषयोषितो मातृवदनु-पश्यति, परदाराभिगमात् निवृत्तः परपरिगृहीतयोषितः परिहरति, अपरिगृहीतवेश्यामभिगच्छति, तथेच्छापरिमाणादन्यतो विरमामीति, केचित् महाव्रतानुयानात् स्वल्पव्रतत्वाच्चाणुव्रतमिति व्याचक्षते । सम्प्रति महाव्रतव्याचिख्यासया सर्वतो विरतिर्महाव्रतमिति आह–सर्वत इति, सर्वस्मात्–सूक्ष्मात् स्थूलाच्च प्राणव्यपरोपणाद् विरमामीति, एवं शेषाण्यपि सर्वतो वाच्यानि, महाविषयत्वान्महाव्रतमित्येतानि पञ्च महाव्रतानि भवन्ति, सम्यक्त्वयुक्तानि मूलगुणवाच्यानि, ननु च यथैव मृषादिनिवृत्तिरहिंसाव्रतपालनार्थत्वात् मूलगुणा एवं निशीथभोजन-विरतिरपि मूलगुणः स्यात्, उच्यते, अहिंसाव्रतपालनार्थत्वादिति समितिभिरनैकान्तः, अपिच–महाव्रतधारिण एव तन्मूलगुणः, तद्विरहितस्य यस्मात् मूलगुणा एव अपरिपूर्णाः स्युरतो मूलगुणग्रहणे तद्ग्रहणमर्थाक्षिप्तं, यथा च सर्वव्रतोपकारिरात्र्यभोजनं न तथोपवासादि, अतस्तन्मूलगुणो महाव्रतिनः शेषमुत्तरगुणः, अणुव्रतधारिणस्तूत्तरगुणो निशाभोजन-विरतिराहारादित्यागादुपवासवत् तप एव तदिति प्रतीतं, कः पुनर्दोषः

रात्रिभोजन इति चेत्, एवं मन्यतेउद्गमादिदोषरहितस्य वासरपरिगृहीत-स्याभ्यवहारेणान्धसो नक्तं न किल दोष इति, एतदयुक्तं, कालातिक्रान्तस्य प्रतिषिद्धत्वात्, गृहीतस्यानीतालोचितक्षणविश्रान्तिसमनन्तरमेव च भुजेरभ्यनुज्ञानात्, निशाहिण्डने चेर्यापथविशुद्धेरसम्भवात्, दायकगमना-गमनसस्नेहपाणिभाजनाद्यदर्शनात्, आलोकितपानभोजनासम्भवात्, ज्योत्स्नामणिप्रदीपप्रकाशसाध्यमालोकनमिति चेत्तदप्यसद्, अग्निशस्त्रा-रम्भनिषेधात् रत्नपरिग्रहाभावात् ज्योत्स्नायाः कादाचित्कत्वात् आगमे निषिद्धत्वात् हिंसादिवदनासेवनीयमेव विभावरीभक्तमिति ॥७-२॥

**ટીકાર્થ–** વિરામ અર્થની અપેક્ષાએ પંચમી વિભક્તિ થયેલ છે.

**પ્રશ્ન–** સામાન્યથી વિરતિ એક હોવા છતાં તેના બે ભેદ કેવી રીતે થાય છે ?

**ઉત્તર–** વિવક્ષાથી બે ભેદ થાય છે અથવા દેશ-સર્વ એમ કહ્યું હોવાથી બે ભેદ થાય છે. એકત્વાદિની વિવક્ષામાં એક વચન આદિની જેમ. (જેમકે- ધર્મ કરવો જોઈએ. અહીં ધર્મ અનેક પ્રકારનો છે પણ સામાન્યથી વિવક્ષા હોવાથી ધર્મ એક વચનમાં બોલાય છે.)

હિંસાદિ વિરતિરૂપ વ્રતનો અવસર હોવાથી દેશાદિ શબ્દોનો ક્રમ પ્રમાણે સંબંધ છે, અર્થાત્ દેશ શબ્દનો અણુશબ્દની સાથે અને સર્વ શબ્દનો મહત્ શબ્દની સાથે સંબંધ છે. દેશ-સર્વ શબ્દોનો વિરતિની સાથે અને અણુ મહત્ શબ્દોનો વ્રતની સાથે સંબંધ છે. તેથી અર્થ આ પ્રમાણે થાય- દેશથી વિરતિ એ અણુવ્રત છે અને સર્વથી વિરતિ એ મહાવ્રત છે. આ જ સૂત્રાર્થને एभ्यः ઇત્યાદિ ભાષ્યથી સ્પષ્ટ કરે છે.

'एभ्य' इति, एभ्यः એ પ્રમાણે પ્રસ્તુત હિંસાદિનો સંબંધ કરીને સર્વથી વિરતિનો વ્યવચ્છેદ કરતા ભાષ્યકાર કહે છે- એક દેશથી વિરતિ અણુવ્રત છે. સકળ પ્રાણીગણ સંબંધી હિંસા થઇ રહી છે. તે સર્વ હિંસાની વિરતિ નથી, કિંતુ દેશથી છે. આને ભાષ્યકાર एकदेश શબ્દનું ગ્રહણ કરીને જ

સ્પષ્ટ કરે છે- એક દેશથી વિરતિ અણુવ્રત છે. સર્વ હિંસાથી વિરતિ નથી, કિંતુ એક દેશથી વિરતિ છે, અર્થાત્ સ્થૂળથી વિરતિ છે.

**પ્રશ્ન–** સૂક્ષ્મની અપેક્ષાએ સ્થૂલ છે. આ સ્થૂલપણું-સૂક્ષ્મપણું કઈ અપેક્ષાએ છે ?

**ઉત્તર–** પ્રાણીઓના સ્થૂલ અને સૂક્ષ્મ ભેદની અપેક્ષાએ છે, અથવા હિંસાના સંકલ્પજ અને આરંભજ ભેદની અપેક્ષાએ છે.

એક દેશથી વિરતિ એ અણુવ્રત છે. કેમ કે વિરતિ બહુ જ થોડી છે. સ્તોક, અલ્પ, અણુ એ પર્યાયો છે=પર્યાયવાચી શબ્દો છે. જેનો વિષય અત્યંત અલ્પ છે તે અણુવ્રત છે. હું સ્થૂલ પ્રાણાતિપાતથી વિરમું છું, સ્થૂલ મૃષાવાદથી વિરમું છું. ખોટી સાક્ષી આપવી વગેરે સ્થૂલ મૃષાવાદ છે. હાંસી-મશ્કરીનાં વચનો બોલવા વગેરે સૂક્ષ્મ મૃષાવાદ છે. હું સ્થૂલ અદત્તાદાનથી વિરમું છું. ગૃહસ્થોને ચોરીમાં જે આ લોક સંબંધી અને પરલોક સંબંધી દોષો લાગે છે તે બળાત્કારથી હરણ કરવું વગેરે સ્થૂલ ચોરી છે. પરિહાસ કરવાના ઈરાદાથી અન્યની વસ્તુ છુપાવવી વગેરે સૂક્ષ્મ ચોરી છે અથવા અન્યની અતિશય નાની ઘાસ, કાષ્ઠ વગેરે વસ્તુ લેવી તે સૂક્ષ્મ ચોરી છે. સ્થૂલ મૈથુનથી વિરમું છું. અહીં સ્થૂલપણું એક દેશથી થયેલું જણાય છે. સ્વસ્ત્રીમાં સંતોષ કે પરસ્ત્રીથી નિવૃત્તિ એ સ્થૂલપણું છે. સ્વસ્ત્રીમાં સંતોષી જીવ અન્ય સ્ત્રીઓને માતાની જેમ જુએ છે. પરસ્ત્રીગમનથી નિવૃત્ત જીવ બીજાએ સ્વીકારેલી સ્ત્રીઓનો ત્યાગ કરે છે, પણ અપરિગૃહીત વેશ્યાગમન કરે છે. ઈચ્છાપરિમાણ સિવાય અન્ય પરિમાણથી વિરમું છું.

મહાવ્રતો પછી અનુસરાતા હોવાથી અને અતિશય અલ્પવ્રત હોવાથી અણુવ્રત છે, એમ કોઈક કહે છે.

હવે મહાવ્રતોને કહેવાની ઈચ્છાથી "સર્વથી વિરતિ એ મહાવ્રત છે" એમ કહે છે. સર્વથી એટલે સૂક્ષ્મથી અને સ્થૂલથી. હું સર્વથી પ્રાણવ્યપ-રોપણથી(=હિંસાથી) વિરમું છું. એ પ્રમાણે બાકીના વ્રતો પણ કહેવા.

વિષય મહાન હોવાથી મહાવ્રત છે. આ મહાવ્રતો પાંચ છે, સમ્યક્ત્વથી યુક્ત હોય છે તથા મૂલગુણ કહેવાય છે.

**પૂર્વપક્ષ–** જેવી રીતે મૃષાવાદાદિ નિવૃત્તિ અહિંસા વ્રતના પાલન માટે હોવાથી મૂલગુણ છે, એ રીતે રાત્રિભોજન વિરતિ પણ મૂલગુણ થાય.

**ઉત્તરપક્ષ–** "અહિંસા વ્રતના પાલન માટે હોવાથી" એવો હેતુ સમિતિઓથી અનેકાંત છે, અર્થાત્ એ હેતુ અનેકાંત નામના હેત્વાભાસ દોષથી યુક્ત છે. કેમ કે સમિતિઓ અહિંસાવ્રતના પાલન માટે છે, પણ મૂલગુણ નથી. વળી- રાત્રિભોજનવિરતિ મહાવ્રતધારીને જ મૂલગુણ છે. કેમ કે રાત્રિભોજનવિરતિથી રહિતના મૂલગુણો જ અપરિપૂર્ણ બને. આથી મૂલગુણોના ગ્રહણમાં રાત્રિભોજનવિરતિનું ગ્રહણ અર્થાપત્તિથી સિદ્ધ થાય છે. રાત્રિભોજનવિરતિ જેવી રીતે સર્વવ્રતોમાં ઉપકારી છે તેવી રીતે ઉપવાસ વગેરે ઉપકારી નથી. આથી મહાવ્રતધારીને રાત્રિભોજન-વિરતિ મૂલગુણ છે, શેષ ઉત્તરગુણ છે. અણુવ્રતધારીને તો રાત્રિભોજન-વિરતિ આહારાદિનો ત્યાગ થતો હોવાથી ઉત્તરગુણ છે, અથવા ઉપવાસાદિની જેમ તપ જ છે. આ પ્રમાણે પ્રસિદ્ધ છે.

**પ્રશ્ન–** રાત્રિભોજનમાં શો દોષ છે ? કોઈ એમ માને કે ઉદ્ગમાદિ દોષથી રહિત અને દિવસે ગ્રહણ કરેલા આહારને રાત્રે ખાવાથી દોષ નથી.

**ઉત્તર–** એમ માનવું યોગ્ય નથી. કેમકે [1]કાલાતિક્રાંત આહારના ભક્ષણનો નિષેધ છે તથા ગ્રહણ કરેલા આહારને સ્થાનમાં લાવીને આલોચના કર્યા પછી ક્ષણવાર વિશ્રામ કર્યા પછી તુરત જ ભોજન કરવાની અનુજ્ઞા છે. (તો પછી કાલાતિક્રાંત આદિ દોષ ન લાગે એ માટે રાતે જ ફરીને આહાર લાવીને ભોજન કરે એવા વાદીના પક્ષને લક્ષમાં રાખીને કહે છે-) રાતે ફરવામાં ઈર્યાપથની વિશુદ્ધિ ન સંભવે, આપનારનું ગમનાગમન ભીના હાથ, ભીનું ભાજન વગેરે ન જોઈ

૧. प्रहरत्रयमध्ये एव उपभोक्तव्यं, प्रहरत्रिकादप्यूर्ध्वं पुनःकालातिक्रान्तदोषसंभवेन उपभोगानर्हत्वात् न धारणीयम् ॥ પ્રવ.સા.ગા.૮૮૧ ટીકા ॥

શકાય. ચક્ષુથી જોયેલા પાણી-ભોજન વાપરવાનું ન સંભવે, અર્થાત્ રાત્રે ચક્ષુથી પાણી-ભોજન ન દેખાય.

**પૂર્વપક્ષ–** જ્યોત્સ્ના, મણિ કે દીપકના પ્રકાશથી આહાર પાણી વગેરે જોઈ શકાય.

**ઉત્તરપક્ષ–** અગ્નિરૂપ શસ્ત્રનો નિષેધ છે. રત્ન ન લઈ શકાય. જ્યોત્સ્ના ક્યારેક હોય. આગમમાં નિષેધ હોવાથી હિંસાની જેમ રાત્રિભોજન અકર્તવ્ય જ છે. (૭-૨)

**टीकावतरणिका–** उक्तं व्रतं सविधानमणु महच्च, तत्र महाव्रतान्यधिकृत्य भावनासूत्रम्–

**ટીકાવતરણિકાર્થ–** પ્રકાર સહિત અણુ અને મહત્(=મોટું) વ્રત કહ્યું. તેમાં મહાવ્રતો સંબંધી ભાવનાસૂત્રને કહે છે–

**મહાવ્રતોને સ્વીકાર્યા બાદ નિરતિચારપણે પાલન કરવા માટે ભાવનાઓ–**

**तत्स्थैर्यार्थं भावनाः पञ्च पञ्च ॥७-३॥**

**સૂત્રાર્થ–** મહાવ્રતોમાં સ્થિરતા માટે(=નિરતિચાર પાલન માટે) દરેક મહાવ્રતોની પાંચ પાંચ ભાવનાઓ છે. (૭-૩)

**भाष्यं–** तस्य पञ्चविधस्य व्रतस्य स्थैर्यार्थमेकैकस्य पञ्च पञ्च भावना भवन्ति। तद्यथा-अहिंसायास्तावदीर्यासमितिर्मनोगुप्तिरेषणासमितिरादाननिक्षेपणासमितिरालोकितपानभोजनमिति । सत्यवचनस्यानुवीचिभाषणं क्रोधप्रत्याख्यानं लोभप्रत्याख्यानमभीरुत्वं हास्यप्रत्याख्यानमिति । अस्तेयस्यानुवीच्यवग्रहयाचनमभीक्ष्णावग्रहयाचनमेतावदित्यवग्रहावधारणं समानधार्मिकेभ्योऽवग्रहयाचनमनुज्ञापितपानभोजनमिति । ब्रह्मचर्यस्य स्त्रीपशुपण्डकसंसक्तशयनासनवर्जनं रागसंयुक्तस्त्रीकथावर्जनं स्त्रीणां मनोहरेन्द्रियालोकनवर्जनं पूर्वरतानुस्मरणवर्जनं प्रणीतरसभोजनवर्जनमिति। आकिञ्चन्यस्य पञ्चानामिन्द्रियार्थानां स्पर्शरसगन्धवर्णशब्दानां मनोज्ञानां प्राप्तौ गार्ध्यवर्जनममनोज्ञानां प्राप्तौ द्वेषवर्जनमिति ॥७-३॥

**ભાષ્યાર્થ–** તે પાંચ પ્રકારના (મહા)વ્રતની સ્થિરતા માટે એક એક(વ્રત)ની પાંચ પાંચ ભાવનાઓ છે.

तद्यथा એવા પાઠથી પ્રસ્તુત ભાવનાઓનો પ્રારંભ થાય છે. અહિંસાની ઈર્યાસમિતિ, મનોગુપ્તિ, એષણાસમિતિ, આદાન- નિક્ષેપણાસમિતિ અને આલોકિતપાન-ભોજન એમ પાંચ ભાવના છે.

સત્યવચનની અનુવીચિ ભાષણ, ક્રોધપ્રત્યાખ્યાન, લોભપ્રત્યાખ્યાન, અભીરુત્વ અને હાસ્યપ્રત્યાખ્યાન એ પાંચ ભાવનાઓ છે.

અસ્તેયની અનુવીચિ-અવગ્રહયાચન, અભીક્ષ્ણાવગ્રહયાચન, એતાવદિત્યવગ્રહાવધારણ, સમાનધાર્મિકાવગ્રહયાચન, અનુજ્ઞાપિતપાન-ભોજન એ પાંચ ભાવનાઓ છે.

બ્રહ્મચર્યની સ્ત્રી-પશુ-પંડકસંસક્તશયનાસનવર્જન, રાગસંયુક્ત-સ્ત્રીકથાવર્જન, સ્ત્રીઓની મનોજ્ઞ ઇંદ્રિયોનું અવલોકનવર્જન, પૂર્વરત-અનુસ્મરણવર્જન અને પ્રણીતરસભોજનવર્જન એ પાંચ ભાવનાઓ છે.

સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દ આ પાંચ વિષયો મનોજ્ઞ પ્રાપ્ત થયે છતે ગૃદ્ધિનો ત્યાગ કરવો અને અમનોજ્ઞ પ્રાપ્ત થયે છતે દ્વેષનો ત્યાગ કરવો. (૭-૩)

**टीका–** अणुव्रतस्य चोपरि बन्धवधादिकातिचारपरिहाररूपा वक्ष्यमाणाः अपायावद्यदर्शनादिकाश्च सामान्यरूपाः, महाव्रतं चोपभोगाभिलाषिभिर्धृतिसंहननपरिहाण्या प्रमादबहुलैर्दूरक्षमतस्तत्प्रतिपातपरिहारार्थं भाव्यन्त इति भावनाः, तदित्यनेन [१]पञ्चविधस्येति सर्वनाम्नाऽनन्तरत्वात् महाव्रतमिति सम्बध्यते, भाष्यकारस्तु यद्यपि सामान्येन व्रतस्येति विवृणोति तथापि तच्छब्दोपादानसामर्थ्यान्महाव्रताभिसम्बन्धः, अन्ये तु व्याचक्षते–द्वयोरपि व्रतयोर्न्याय्यः सम्बन्धः, सम्भवति हि श्रावकस्यापि कस्यचिद्यथोक्तं भावनाजालमेवं, एवं तस्य व्याप्तिः स्यात्, व्यापिन्यश्च व्रतिनो भावना इष्यन्ते, तस्य पञ्चविधस्येति पञ्चप्रकारस्य प्राणातिपातविरत्यादेः स्थैर्यार्थं दाढर्यापादनार्थं स्थिरत्वं प्रयोजनमुद्दिश्य

१. 'पञ्चविधस्येति' इति पाठः अधिकं प्रतिभाति ।

अभ्यस्यन्ते, अनभ्यस्यमानाभिर्भावनाभिर्मलीमसीभवन्ति अनभस्यमान-विद्यावत् महाव्रतानीति एकैकस्येति व्रतस्य, सामानाधिकरण्येन षष्ठी, न समुदितानां पञ्चानामपीति, ननु च पञ्च पञ्चेति वीप्सा विवक्षिता अत एकैकस्येति लप्स्यते एव, अन्यथा वीप्सानर्थक्यं स्यादिति, उच्यते, सामान्यविशेषाभ्यां व्याख्यातृभिः प्रतिपद्यतेऽर्थः, पञ्चविधस्य व्रतस्येति सामान्येनोपक्रम्य पुनर्विशेषेणैकैकस्येत्याह, समुदाये मा भूदिति, पञ्च पञ्चेति वीप्सायां द्विर्वचनं, अपरे तु सूत्रमधीयते-तत्स्थैर्यार्थं भावनाः पञ्च पञ्चश इति । ते चैवमभिदधति-सङ्ख्यावाचिनः प्रातिपदिकाद् वीप्सायां द्योत्यायां 'कारकात् शस्प्रत्ययोऽन्यतरस्या'मिति द्वौ द्वौ ददाति द्विशो ददातीति वाक्यं वृत्तिश्च, तदेतदनुपपन्नं, यतः शस्प्रत्ययान्तेन व्रतानि भावना वा सम्बध्येरन् ?, यदि व्रतानि ततः षष्ठ्यन्तेन सम्बन्ध्यानि पञ्चानामिति, ततोऽकारकत्वात् षष्ठ्याः शस्प्रत्ययो न लभ्यते, अथ भावनाभिः सम्बन्धस्ततः पञ्च पञ्च भावना भवन्तीति पञ्चश इति वक्तव्यं, द्वितीयं पञ्चग्रहणं न कर्त्तव्यं, तत्स्थैर्यार्थं भावनाः पञ्चश इति पठितव्यं, एवमुभयथापि न घटते शस्प्रत्ययः, अतस्तत्स्थैर्यार्थं भावनाः पञ्च पञ्चेति न्याय्यं सूत्रं, 'तद्यथे'त्यनेन प्रस्तुतभावनोपन्यासः, अहिंसायास्तावदिति, अहिंसा-प्राणातिपातविरतिः, तावच्छब्दः क्रमावद्योतकः, अस्य प्रथममुच्यते, पश्चात् मृषावादादिविरतेरभिधास्यते, ईरणमीर्या गमनं तत्र समितिः-सङ्गतिः श्रुतरूपेणात्मनः परिणामः तदुपयोगिताः-पुरस्ताद्युगमात्रया दृष्ट्या स्थावरजङ्गमानि भूतानि परिवर्जयन्नप्रमत्त इत्यादिविधिरीर्यासमितिः १ ।

मनसो गुप्तिः मनोगुप्तिः-मनसो रक्षणमार्तरौद्रध्यानाप्रचारः धर्मध्याने चोपयोगे मनोगुप्तिः २ ।

एषणा गवेषणग्रहणग्रासभेदात्त्रिधा, तत्रासमितस्य षण्णामपि काया-नामुपघातः स्याद् अतस्तत्संरक्षणार्थमेषणासमितिः-समस्तेन्द्रियोपयोग-लक्षणा ३ ।

आदानं-ग्रहणं निक्षेपणं-मोक्षणमौघिकौपग्रहिकभेदस्योपधेरादान-निक्षेपणयोः समितिः-आगमानुसारेण प्रत्युपेक्षणप्रमार्जने ४ ।

आलोकितपानभोजनमिति प्रतिगेहं पात्रमध्यपतितपिण्डश्चक्षुराद्यु-पयुक्तेन प्रत्युपेक्षणीयः तत्समुत्थागन्तुकसत्त्वसंरक्षणार्थम् आगत्य च प्रतिश्रयं भूयः प्रकाशवति प्रदेशे स्थित्वा सुप्रत्यवेक्षितं पानभोजनं विधाय प्रकाशप्रदेशावस्थितेन वल्गनीयम् ५ ।

इतिकरणः प्राणवधविरतेर्भावनेयत्ताव्यवस्थापनार्थः, एवमेताः पञ्च भावना मुहुर्मुहुर्भावयन्-वासयन् बहुलीकुर्वन् सकलामहिंसां पातुं प्रत्यलो भवतीति । सम्प्रति सत्यवचनस्य भावनाः पञ्च प्रतिपादयन्नाह- 'सत्यवचनस्ये'त्यादि सत्यम्-अवितथं सद्भूतार्थप्रतिपत्तिकारि असद्भूतं च-विपरीतार्थप्रतिपादनं प्राण्युपघातञ्च 'अनुवीची'ति देशीवचन-मालोचनार्थे वर्त्तते, भाषणं-वचनस्य प्रवर्त्तनं, अतोऽयमर्थः-समीक्ष्या-लोच्य वचनं प्रवर्त्तयितव्यम्, अनालोचितभाषी कदाचित् मृषाऽ-प्यभिदधीत, ततश्चात्मनो लाघववैरपीडाः फलमैहिकं, परसत्त्वोपघातश्च नियत इति, तस्मात् समीक्ष्योदाहरणेनात्मानं भावयन् न मृषावचन-जनितेनैनसा सम्पृच्यते १ ।

क्रोधः-कषायविशेषो मोहकर्म्मोदयनिष्पन्नोऽप्रीतिलक्षणः प्रद्वेषप्रायस्त-दुदयाच्च परवान् वक्ता स्वपरनिरपेक्षो यत्किञ्चनभाषी मृषापि भाषेत अतः क्रोधस्य प्रत्याख्यानं-निवृत्तिरनुत्पादो वा श्रेयानित्यात्मनि भावयेद्, एवं च वासयन् सत्यवादितां न व्यभिचरतीति २ ।

लोभः-तृष्णालक्षणः कूटसाक्षित्वादिदोषाणामग्रणीः समस्तव्यसनैक-राजा जलनिधिरिव दुर्भरः, कर्मोदयाविर्भूतो रागपरिणामस्तदुदयादपि वितथभाषी भवति, अतः सत्यव्रतमनुपालयता तदाकारपरिणामः प्रत्याख्येय इति भावनीयम् ३ ।

भयशीलो भीरुः, तच्चैहिकादिभेदात् सप्तधा मोहनीयकर्म्मोदयजनितम्, उदयाच्च तस्यानृतभाषणं सुलभं भवतीत्यभीरुत्वं भावयेद्, अभीरुश्च न जातुचिद्वितथं भाषते, तस्करोऽयं पिशाचो वा मया रजन्यां दृष्ट इति, तस्मान्निर्भयवासनाध्यानमात्मनि विधेयमिति ४ ।

हास्यं हसनमोहोद्भवः परिहासः तत्परिणतो ह्ययमात्मा परिहसन् परेण सार्द्धमलीकमपि ब्रूयात्, तत्परिजिहीर्षया च हास्यप्रत्याख्यानमभ्युपेयं, एताः पञ्चापि भावनाः भावयन् सत्यव्रतरक्षणक्षमो भवतीति ५ ।

तथा अदत्तादानविरतेः पञ्चैव भावनाः, तद्व्याचिख्यासयाऽऽह- 'अस्तेयस्य चे'त्याद्युपन्यस्यति, आलोच्यावग्रहो याचनीयः, स चार्षे पञ्चप्रकारः पठितो देवेन्द्रराजगृहपतिशय्यातरसाधर्मिकभेदेन, अत्र पूर्वः पूर्वो बाध्य उत्तर उत्तरो बाधक इति सञ्चिन्त्य यो यत्र स्वामी स एव याच्यः, अस्वामियाचने तु दोषबाहुल्यमुक्तमार्ष एव, अकाण्डताडना-द्यैहिकमामुष्मिकमदत्तपरिभोगजनितं, तस्मादालोच्यावग्रहो याच्य इत्येवमात्मानं भावयेत्, इत्थं च भावयन्नादत्तादाने प्रवर्त्तत इति १ ।

सकृद्दत्तेऽपि परगृहे स्वामिनो भूयो भूयोऽभीक्ष्णावग्रहयाचनं कार्यं, अभीक्ष्णं नित्यं मुहुर्मुहुः पूर्वलब्धपरिग्रहो ग्लानाद्यवस्थासु मूत्रपुरीषोत्सर्ग-पात्रकरचरणप्रक्षालनस्थानानि दातृचित्तपीडापरिहारार्थं याचनीयानि, एवं च याञ्चामाचरन्नादत्तादानजनितेनागसा स्पृश्यते २ ।

तथा एतावदित्यवग्रहावधारणं एतत् परिमाणमस्यैतावत् परिमितं सर्वतः क्षेत्रमवग्रहीतव्यं इत्येतदेवावधारणं सर्वतश्च परिणामावधारणं, तदभ्यन्तरवर्त्तिनीमूर्ध्वस्थानादिक्रियामासेवमानो न दातुः उपरोधकारी भवति, याञ्चाकाल एव चानवधारणे विपरिणतिरपि चेतसि स्याद्व-दान्यस्येति, आत्मनोऽपि चादत्तपरिभोगजनितः कर्म्मबन्ध इति ३ ।

'समानधार्मिकेभ्य' इत्यादि धर्मं चरन्ति-आसेवन्त इति धार्मिकाः, समानाः-तुल्याः प्रतिपन्नैकशासनाः सम्यक्त्वादिमुक्तिसाधनसमन्विताः

साधवस्तेभ्यः पूर्वपरिगृहीतक्षेत्रेभ्योऽवग्रहो याच्यः, तदनुज्ञाताद्धि तत्रासनं, अन्यथा स्तेयं स्यात्, तदनुज्ञायां तु प्रतिश्रयादि समस्तं गृह्णीयादित्येवमात्मानं भावयेत् ४ ।

तथाऽनुज्ञापितपानभोजनमिति पञ्चमी भावना, अनुज्ञापितं-अनुज्ञां प्रापितं-अनुज्ञया स्वीकृतं पानभोजनं सूत्रोक्तेन विधिनाऽपचमानकं पाषण्डम(न)नुप्रविश्य व्यपगताङ्गविकारः पिण्डैषणोपयुक्तः अकृत-कारितानुमतमतिसृष्टं कल्पनीयमानीय गुरवे निवेद्यालोचनापूर्वक-मभ्यनुज्ञातो गुरुणा मण्डल्यामेकको वा भुञ्जीत, भुजिञ् पालनेऽभ्यवहारे च व्याख्येयः, ततश्च यावत्किञ्चिद्धर्मसाधनमुपकरणमौघिकौपग्रहिकभेदं तत् सर्वमनुज्ञातं गुरुणा वन्दनपुरस्सरं गुरुवचनविधिना परिभोक्तव्यम्, एवमात्मनि वासनामादधानो नातिक्रमत्यस्तेयव्रतमिति ५ ।

अब्रह्मसेवननिवृत्तिः ब्रह्मचर्यं तस्यापि पञ्च भावनाः, तद्यथा-स्त्रियो रूढ्या देवमानुषभेदाद्द्विविधाः, पशुग्रहणात्तिर्यग्जातिपरिग्रहः, तत्र वडवावालेयीगोमहिष्यजाविकादिषु सम्भवति मैथुनम्, एताश्च सचित्ताः, अचित्ताः स्त्रियः पुस्तलेपचित्रकर्म्मादिषु बहुप्रकाराः, पण्डकास्तृतीयवेदो-दयवर्त्तिनो महामोहकर्म्माणः योषास्यसेवनाभिरताः क्लीबा इति प्रसिद्धाः, कृतद्वन्द्वैरेभिः संसक्तं-आकुलं शय्यते यत्रास्यते च तच्छयनासनं प्रति-श्रयसंस्तारकासनादि, तच्च बह्वपायत्वाद्वर्जनीयमित्येवमात्मानं भावयेत् १ ।

तथा स्त्रीपशुपण्डकानां असन्निधानेऽपि रागसंयुक्तः स्त्रीणां कथा स्त्रीकथा रागसंयुक्तस्य स्त्रीकथा अथवा रागसंयुक्ता चासौ स्त्रीकथा चेति रागानुबन्धिनी देशजातिकुलनेपथ्यभाषागतिविभ्रमेङ्गितहास्यलीलाकटाक्ष-प्रणयकलहशृङ्गाररसानुविद्धा वात्ययेव चित्तोदधेरवश्यंतया विक्षोभ-मातनोति तस्माद्वर्जनं श्रेय इति भावयेत् २ ।

तथा स्त्रीणां मनोहरेन्द्रियालोकनवर्जनं मनोहराणि मानोन्मानलक्षण-युक्तानि दर्शनीयानि मृजावन्तीन्द्रियाणि योषितामपूर्वविस्मयरसनिर्भरतया

विस्फारितलोचनः प्रेक्षते विकचकुवलयविपुलदलच्छविनयनयुगलमस्याः कर्णजाहमकटाक्षमप्यालोकितं झगिति मनसिजज्वलनमादीपयति, किमुत विकटकटाक्षकवचितम् ?, एवं यथाविभागसन्निविष्टावयवानि श्रोत्रघ्राण-वदनपयोधरभरजघनस्थलादीनि वाच्यानि, त्वगिन्द्रियभेदत्वात् स्तन-कलशाद्युपन्यास इत्येवं तदालोकाद्युपरतिः श्रेयसीति भावयेत् ३ ।

तथा पूर्वरतानुस्मरणवर्जनं प्रव्रज्यापर्यायात् पूर्वो गृहस्थपर्यायस्तत्र रतं-क्रीडितं विलसितं यदङ्गनाभिः सह तस्यानुस्मरणात् कामाग्निः तत्स्मरणेन्धनानुसन्धानतः सन्धुक्षते अतस्तद्वर्जनं श्रेय इति भावयेत् ४ ।

तथा प्रणीतरसभोजनवर्जनमिति, प्रणीतो वृष्यः स्निग्धमधुरादिरसः क्षीरदधिनवनीतसर्प्पिर्गुडतैलपिशितमधुमद्यापूपादि तदभ्यवहारो भोजनं ततो मेदोमज्जाशुक्राद्युपचयस्तस्मादपि मोहोद्भवः, अतः प्रणीतर-साभ्यवहारो वर्जनीय इत्यात्मानं भावयेत् ब्रह्मचर्यमिच्छन्निति ५ ।

किञ्चनं-बाह्याभ्यन्तरपरिग्रहः अविद्यमानकिञ्चनः अकिञ्चनः तद्भाव आकिञ्चन्यम्-अपरिग्रहिता तद्भावनाः पञ्च, तदभिधित्सयेदमाह-'पञ्चाना'मित्यादि, पञ्चानामिन्द्रियाणां अर्थाः-विषयाः स्पर्शादयः पञ्चैव तेषां मनोज्ञा-रागहेतवः तेषां मनोज्ञानाम्-इष्टानां स्पर्शरसगन्धवर्णशब्दानां प्राप्तौ-ग्रहणे सति गार्ध्यं स्नेहस्तेषु रागपरिणामोऽतस्तद्वर्जनं श्रेयः, तथा अमनोज्ञानाम्-अप्रीतिहेतूनां ग्रहणे द्वेषवर्जनं द्वेषः-क्रोधमानपरिणामः तत्त्यागात् पञ्चैता भावनाः भाव्यमानाः प्रतिक्षणमाकिञ्चन्यं परिपूरयन्ति, ममत्वलक्षणो भावतः परिग्रहस्तद्व्यवच्छेदादपरिग्रह इति ।।७-३।।

**ટીકાર્થ–** અણુવ્રતની બંધ-વધાદિ અતિચારના ત્યાગ રૂપ(વિશેષ ભાવનાઓ) અને અપાયાવદ્યદર્શનાદિ સામાન્ય ભાવનાઓ આગળ કહેવાશે. ઉપભોગના અભિલાષી અને બહુ પ્રમાદી જીવોથી ધૃતિ, સંહનનની ઘણી હાનિ થવાના કારણે મહાવ્રતનું પાલન કઠીન હોવાથી

મહાવ્રતથી પતન ન થાય એ માટે ભાવિત કરાય તે ભાવના. तत् એવા સર્વનામથી અનંતર હોવાના કારણે મહાવ્રત એ પ્રમાણે સંબંધ કરાય છે, અર્થાત્ तत् એટલે મહાવ્રત. જો કે ભાષ્યકાર સામાન્યથી व्रतस्य એ પ્રમાણે વિવરણ કરે છે, તો પણ तत् પદગ્રહણના સામર્થ્યથી મહાવ્રતની સાથે સંબંધ છે, અર્થાત્ व्रतस्य એટલે महाव्रतस्य એમ સમજાય છે. બીજાઓ તો કહે છે કે, બંને પણ વ્રતનો સંબંધ યોગ્ય છે. કોઈક શ્રાવકને પણ યથોક્ત ભાવનાસમૂહ સંભવે છે. આ પ્રમાણે સંબંધનો ફેલાવો થાય, અર્થાત્ तत् નો સંબંધ અણુવ્રત-મહાવ્રત બંનેમાં રહેવાથી વ્યાપક બને. વ્રતીની ભાવનાઓ વ્યાપક ઈષ્ટ છે, અર્થાત્ ભાવનાઓ સાધુ-શ્રાવકની બંનેની હોય એ ઈષ્ટ છે.

પ્રાણાતિપાતવિરતિ આદિ પાંચ પ્રકારના વ્રતની સ્થિરતા માટે=દઢતા મેળવવા માટે, અર્થાત્ સ્થિરતારૂપ પ્રયોજનને ઉદ્દેશીને ભાવનાઓ અભ્યાસ કરાય છે. અભ્યાસ નહીં કરાતી ભાવનાઓથી મહાવ્રતો અભ્યાસ નહીં કરાતી વિદ્યાની જેમ મલીન થાય છે. एकैकस्य એ સ્થળે સામાનાધિકરણ્યથી છટ્ઠી વિભક્તિ છે. એક એક વ્રતની ભાવનાઓ છે, પાંચેય સમુદિત વ્રતોની ભાવનાઓ નથી.

**પૂર્વપક્ષ–** પાંચ પાંચ એમ વીપ્સા વિવક્ષિત છે. આથી એક એકની એમ પ્રાપ્ત થાય જ છે. જો એક એકની પ્રાપ્તિ ન થતી હોય તો વીપ્સા નિરર્થક થાય.

**ઉત્તરપક્ષ–** વ્યાખ્યાનકારો સામાન્ય અને વિશેષ એ બંનેથી અર્થનું પ્રતિપાદન કરે છે. અહીં पञ्चविधस्य व्रतस्य એમ સામાન્યથી પ્રારંભ કરીને પછી સમુદાયમાં ન થાય એ માટે एकैकस्य એમ વિશેષથી કહે છે. पञ्च पञ्च એમ વીપ્સામાં બે વાર કથન છે.

બીજાઓ તો तत्स्थैर्यार्थं भावनाः पञ्चपञ्चशः એમ સૂત્ર ભણે છે=બોલે છે. તેઓ આ પ્રમાણે કહે છે- સંખ્યાવાચી નામથી વીપ્સા જણાતી હોય

ત્યારે कारकात् [१]शस् प्रत्ययोऽन्यतरस्याम् એ સૂત્રથી शस् પ્રત્યય થાય. (દૃષ્ટાંત તરીકે) द्वौ द्वौ ददाति=द्विशो ददाति એ પ્રમાણે વાક્ય અને વૃત્તિ થાય. આ ઘટતું નથી. કારણ કે शस् પ્રત્યાયાંત પદની સાથે व्रतानि કે भावनाः એ બેમાંથી કોઇ એકના સંબંધવાળા કરાય. જો पञ्चानाम् એમ षष्ठ्यन्त ની સાથે વ્રતો સંબંધવાળા કરાય તો ષષ્ઠીમાં કારકપણું ન હોવાથી ષષ્ઠીથી शस् પ્રત્યય પ્રાપ્ત ન થાય. હવે જો ભાવનાઓની સાથે સંબંધ કરાય તો पञ्च पञ्च भावना भवन्ति इति पञ्चशः એમ કહેવું જોઇએ. બીજા पञ्च શબ્દનું ગ્રહણ ન કરવું જોઇએ. એથી तत्स्थैर्यार्थं भावनाः पञ्चशः એવો સૂત્ર પાઠ બોલવો જોઇએ. આ પ્રમાણે બંને રીતે शस् પ્રત્યય ઘટતો નથી. આથી तत्स्थैर्यार्थं भावनाः पञ्च पञ्च એવું સૂત્ર યોગ્ય છે.

तद्यथा એવા પાઠથી પ્રસ્તુત ભાવનાઓનો પ્રારંભ થાય છે. અહિંસાની ઈર્યાસમિતિ, મનોગુપ્તિ, એષણાસમિતિ, આદાનનિક્ષેપણાસમિતિ અને આલોકિતપાનભોજન એમ પાંચ ભાવના છે. (આ શબ્દાર્થ છે. ભાવાર્થ આ છે–)

અહિંસા એટલે પ્રાણાતિપાતથી વિરતિ. तावत् શબ્દ ક્રમને જણાવનાર છે. પ્રાણાતિપાતવિરતિની ભાવનાઓ પહેલા કહેવાય છે. પછી મૃષાવાદાદિ વિરતિની ભાવનાઓ કહેવાશે.

**ઈર્યાસમિતિ–** ઈર્યા એટલે ગમન. તેમાં સમિતિ=સારી ગતિ. (આ શબ્દાર્થ છે. ભાવાર્થ આ છે-)શાસ્ત્ર પ્રમાણે આત્માના અહિંસાના પરિણામ, સારી ગતિમાં જ ઉપયોગ, આગળ યુગપ્રમાણ દૃષ્ટિથી સ્થાવર-જંગમ જીવોનો ત્યાગ કરતો અપ્રમત્તપણે ગતિ કરે ઇત્યાદિ વિધિ ઈર્યાસમિતિ છે.

**મનોગુપ્તિ–** મનની ગુપ્તિ=મનોગુપ્તિ, અર્થાત્ મનનું રક્ષણ. આર્ત-રૌદ્ર ધ્યાનનો પ્રચાર ન થાય અને ધર્મધ્યાનમાં ઉપયોગ રહે એ મનોગુપ્તિ છે.

**એષણાસમિતિ–** એષણા ગવેષણ, ગ્રહણ અને ગ્રાસના ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં અસમિતને(=ઉપયોગથી રહિતને) છએય કાયોનો

૧. સિદ્ધહેમ૦ વ્યાકરણ પ્રમાણે सङ्ख्यैकार्थाद् वीप्सायां शस् (૭-૨-૧૫૧) એ સૂત્રથી शस् પ્રત્યય થાય.

ઉપઘાત થાય. આથી છ કાયોના સંરક્ષણ માટે સઘળી ઇંદ્રિયોના ઉપયોગરૂપ એષણાસમિતિ છે.

**આદાનનિક્ષેપણાસમિતિ–** આદાન=લેવું, નિક્ષેપણ=મૂકવું, સમિતિ= આગમાનુસાર પ્રત્યુપેક્ષણ અને પ્રમાર્જન. ઔઘિક[1] અને ઔપગ્રહિક ભેદવાળી ઉપધિને લેવા-મૂકવામાં આગમાનુસારે પ્રત્યુપેક્ષણ અને પ્રમાર્જન કરવું એ આદાનનિક્ષેપણસમિતિ છે.

**આલોકિતપાન-ભોજન–** આહારમાં ઉત્પન્ન થયેલા કે આગંતુક જીવોની રક્ષા માટે દરેક ઘરે પાત્રમાં લીધેલો આહાર ચક્ષુ આદિથી ઉપયુક્ત બનીને જોવો, ઉપાશ્રયમાં આવીને ફરી પ્રકાશવાળા સ્થાનમાં જોવો. પછી પ્રકાશવાળા સ્થાને બેસીને ભોજન કરવું. આ આલોકિતપાન-ભોજન ભાવના છે. इति શબ્દનો પ્રયોગ પ્રાણવધવિરતિની ભાવનાઓ આટલી જ છે એમ નિશ્ચિત કરવા માટે છે. આ પ્રમાણે પાંચ ભાવનાઓને વારંવાર ભાવતો=વાસિત કરતો, અર્થાત્ પુષ્કળ કરતો સાધુ સંપૂર્ણ અહિંસાને પાળવા માટે સમર્થ થાય છે.

હવે સત્યવચનની પાંચ ભાવનાઓનું પ્રતિપાદન કરતા ભાષ્યકાર કહે છે–

'सत्यवचनस्य' इत्यादि સત્ય=અવિતથ. સત્ય વચન એટલે સત્ય અર્થનો સ્વીકાર કરનારું વચન. વિપરીત અર્થનું પ્રતિપાદન કરવું અને જેનાથી પ્રાણીનો ઉપઘાત થાય તેવું વચન અસત્ય વચન છે.

**અનુવીચિ ભાષણ–** अनुवीचि શબ્દ દેશી વચન છે અને આલોચનાના અર્થમાં છે. ભાષણ એટલે વચનને પ્રવર્તાવવું. તેથી અર્થ આ છે- વિચારીને વચન પ્રવર્તાવવું=બોલવું તે અનુવીચિ ભાષણ. વિચાર્યા વિના બોલનાર ક્યારેક અસત્ય પણ બોલે. તેથી પોતાની લઘુતા થાય, બીજાઓની સાથે વૈર બંધાય, દુઃખ સહન કરવું પડે. આ આ લોક સંબંધી ફળ છે. અન્ય જીવોનો ઉપઘાત નિશ્ચિત છે. તેથી વિચારીને બોલવા વડે આત્માને ભાવિત કરતો જીવ અસત્યવચનથી ઉત્પન્ન થયેલા પાપ વડે સ્પર્શાતો નથી.

---

૧. જે ઉપધિ નિત્ય પાસે રાખી શકાય અને કારણે વાપરી શકાય તે ઔઘિક છે, જે ઉપધિ કારણે રાખી શકાય અને કારણે વાપરી શકાય તે ઔપગ્રહિક છે.

**ક્રોધપ્રત્યાખ્યાન–** ક્રોધ કષાયવિશેષ છે, મોહકર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે, અપ્રીતિરૂપ છે, પ્રાયઃ દ્વેષરૂપ છે. ક્રોધના ઉદયથી ક્રોધને આધીન બનેલ સ્વ-પરથી નિરપેક્ષ અને ગમે તેમ બોલનારો વક્તા અસત્ય પણ બોલે છે. આથી ક્રોધનું પ્રત્યાખ્યાન કલ્યાણ કરનાર છે એમ આત્મામાં ભાવના ભાવે છે, એ પ્રમાણે ક્રોધ પ્રત્યાખ્યાન ભાવનાથી આત્માને વાસિત કરતો જીવ સત્યવચનના(=અસત્ય ન બોલવાના) નિયમનો ભંગ કરતો નથી. ક્રોધપ્રત્યાખ્યાન એટલે ક્રોધની નિવૃત્તિ અથવા ઉત્પત્તિનો અભાવ. (નિવૃત્તિ એટલે ક્રોધમોહનીયનો ક્ષય થવાથી આત્મામાં ક્રોધની સત્તા જ ન હોય. ઉત્પત્તિનો અભાવ એટલે ક્રોધથી થનારા દોષોના ચિંતન આદિથી ક્રોધનો ઉદય ન થવા દેવો. અથવા અંતરમાં ક્રોધ થઈ જાય તો પણ બહાર ન આવવા દેવો, જેથી ક્રોધ નિષ્ફળ બને.)

**લોભપ્રત્યાખ્યાન–** લોભ એટલે તૃષ્ણા. લોભ ખોટી સાક્ષી આપવી વગેરે દોષોનો અગ્રણી(=નેતા) છે. સઘળા સંકટોનો(=આપત્તિઓનો) અદ્વિતીય રાજા છે. સમુદ્રની જેમ ન પૂરી શકાય તેવો છે. કર્મના ઉદયથી પ્રગટ થયેલ રાગના પરિણામરૂપ છે. લોભના ઉદયથી પણ જીવ અસત્ય બોલનારો થાય. આથી સત્ય વ્રતનું પાલન કરનારે લોભરૂપ પરિણામનું પ્રત્યાખ્યાન કરવું જોઈએ એમ વિચારવું જોઈએ.

**અભીરુત્વ–** ભયના સ્વભાવવાળો [1]ભીરુ. (ભીરુનો ભાવ તે ભીરુત્વ). ભીરુત્વ(=ભય) ઐહિકાદિ ભેદથી સાત[2] પ્રકારે છે. ભય-મોહનીયકર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે. તેના ઉદયથી અસત્ય ભાષણ સુલભ બને છે. માટે અભીરુત્વભાવનાને ભાવે. અભીરુ આ ચોર કે

---

૧. भियो रु-रुक-लुकम् (સિદ્ધહેમ ૫-૨-૭૬) એ સૂત્રથી શીલ અર્થમાં भी ધાતુથી रु પ્રત્યય આવ્યો છે.

૨. ઇહલોક (મનુષ્યને મનુષ્યથી) ભય, પરલોક(=મનુષ્યને તિર્યંચ વગેરેથી) ભય, આદાન (કોઈ લઈ જશે એવો) ભય, અકસ્માત્ (વિજળી વગેરેનો) ભય, આજીવિકા (જીવન નિર્વાહનો) ભય, મરણ ભય, અપકીર્તિ ભય એમ સાત પ્રકારનો ભય છે.

પિશાચ મારાથી રાતે જોવાયો છે એમ અસત્ય ક્યારેય ન બોલે. આથી આત્મામાં નિર્ભયતાના સંસ્કારોનું ધ્યાન કરવું જોઈએ.

**હાસ્ય–** હાસ્ય એટલે હાસ્યમોહનીયથી ઉત્પન્ન થયેલો પરિહાસ. હાસ્યથી પરિણત થયેલો અને બીજાની સાથે હસતો આ આત્મા અસત્ય પણ બોલે. હાસ્યનો ત્યાગ કરવાની ઈચ્છાથી હાસ્યનું પ્રત્યાખ્યાન લેવું જોઈએ.

આ પાંચેય ભાવનાઓને ભાવતો સત્યવ્રતના રક્ષણ માટે સમર્થ થાય છે.

તથા અદત્તાદાન વિરતિની પાંચ જ ભાવનાઓ છે. તેને કહેવાની ઈચ્છાથી કહે છે- अस्तेयस्य च ઇત્યાદિથી પ્રારંભ કરે છે.

**અનુવીચ્યવગ્રહયાચન–**વિચારીને અવગ્રહની(=સ્થાનની કે વસતિની) યાચના કરવી જોઈએ. અવગ્રહ શાસ્ત્રમાં દેવેન્દ્ર-રાજા-ગૃહપતિ-શય્યાતર-સાધર્મિકના ભેદથી પાંચ પ્રકારનો કહ્યો છે. પૂર્વ પૂર્વનો અવગ્રહ બાધ્ય છે. પછી પછીનો અવગ્રહ બાધક છે. આ પ્રમાણે વિચારીને જ્યાં જે સ્વામી હોય ત્યાં તેની જ પાસે અવગ્રહની યાચના કરવી. જે સ્વામી ન હોય તેની પાસે યાચના કરવામાં 'ઓચિંતો મારે' વગેરે આ લોક સંબંધી અને અદત્તપરિભોગથી ઉત્પન્ન થયેલ પરલોક સંબંધી એમ આગમમાં જ ઘણાં દોષો કહ્યા છે. તેથી વિચારીને અવગ્રહની યાચના કરવી જોઈએ. એમ આત્માને ભાવિત કરે. આ પ્રમાણે આત્માને ભાવિત કરતો સાધુ અદત્તાદાનમાં ન પ્રવર્તે.

**અભીક્ષ્ણાવગ્રહયાચન–** બીજાએ એકવાર ઘર આપ્યું હોવા છતાં માલિકની પાસે વારંવાર ફરી ફરી અવગ્રહની યાચના કરવી જોઈએ. અભીક્ષ્ણ એટલે નિત્ય-વારંવાર. પૂર્વે મેળવેલ અવગ્રહમાં ગ્લાનાદિ અવસ્થામાં મળ-મૂત્રનો ત્યાગ કરવા માટે તથા પાત્ર-હાથ-પગ ધોવા માટેના સ્થાનો દાતાને ચિત્તપીડા ન થાય એ માટે વારંવાર માગવા જોઈએ - આ પ્રમાણે યાચનાને કરતો સાધુ અદત્તાદાનથી થયેલા પાપથી સ્પર્શાતો નથી.

**એતાવદિત્યવગ્રહધારણ–** આનું આ પરિમાણ=એતાવત્. એતાવત્ એટલે પરિમિત. ચોતરફ પરિમિત ક્ષેત્ર ગ્રહણ કરવું જોઈએ. આ પ્રમાણે

ચોતરફ આટલું જ (ક્ષેત્ર અમે વાપરીશું) એમ પરિમાણનું અવધારણ કરવું. અવધારણ કરેલા સ્થાનની અંદર કાયોત્સર્ગ આદિની ક્રિયાને કરતો સાધુ વસતિદાતાને અડચણ કરનારો થતો નથી. યાચનાકાળે જ અવધારણ ન કરવામાં વસતિદાતાના ચિત્તમાં વિપરિણામ પણ થાય. પોતાને પણ અદત્તના પરિભોગથી થયેલ કર્મબંધ થાય.

**સમાનધાર્મિકાવગ્રહયાચન–** ધર્મને આચરે=સેવે તે ધાર્મિક. જેમણે એક જ શાસનને સ્વીકાર્યું છે, અર્થાત્ જેઓ સમ્યક્ત્વાદિ મુક્તિસાધનોથી યુક્ત છે તે સાધુઓ સમાનધાર્મિક છે. જેમણે પૂર્વે ક્ષેત્રને ગ્રહણ કર્યું છે તે સમાનધાર્મિકો પાસેથી અવગ્રહની યાચના કરવી જોઇએ. તેમની અનુજ્ઞાથી જ ત્યાં બેસવું જોઇએ અન્યથા ચોરી ગણાય. તેમની અનુજ્ઞા મળ્યે છતે સઘળા ઉપાશ્રય વગેરેને ગ્રહણ કરે. આ પ્રમાણે આત્માને ભાવિત કરે.

**અનુજ્ઞાપિતપાનભોજન–** (ગુરુની) અનુજ્ઞાથી સ્વીકારેલું પાન-ભોજન કરે. સૂત્રોક્તવિધિથી પોતાના માટે ન પકાવાતું હોય, (અથવા વર્તમાનમાં પકાવાતું ન હોય કિંતુ પૂર્વે પકાવાઇ ગયું હોય) પરિવ્રાજક વગેરે પાખંડીની વચ્ચે પ્રવેશ કર્યા વિના, શારીરિક અંગોનો વિકાર કર્યા વિના, પિંડૈષણામાં ઉપયોગ રાખીને અકૃત-અકારિત-અનનુમત, કલ્પનીય અને દાતા વડે અપાયેલ આહાર-પાણી લાવીને ગુરુને જણાવીને, આહારની આલોચના કરીને, ગુરુથી રજા અપાયેલ સાધુ માંડલીમાં કે એકલો ભોજન કરે.

અહીં ભોજન શબ્દમાં રહેલ ભુજ્ ધાતુના પાલન અને અભ્યવહાર એ બંને અર્થો છે. (પાલન એટલે પોષણ કરવું. એથી ભોજન એટલે પોષણ. શરીરનું પોષણ અનુજ્ઞાપિત હોવું જોઇએ તેથી) ઔઘિક કે ઔપગ્રહિક એવા ભેદવાળું અને ધર્મસાધન એવું જે કંઇ ઉપકરણનો પરિભોગ કરવાનો હોય તે બધાનો વંદનપૂર્વક ગુરુની રજા લઇને, અર્થાત્ વંદન કરીને ગુરુને પૂછ્યું હોય અને ગુરુએ રજા આપી હોય તો ગુરુએ કહેલ વિધિથી પરિભોગ કરવો જોઇએ.

આ પ્રમાણે આત્મામાં સંસ્કારને ધારણ કરતો સાધુ અસ્તેયવ્રતનું અતિક્રમણ કરતો નથી.

અબ્રહ્મ સેવનની નિવૃત્તિ એ બ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્યની પણ પાંચ ભાવનાઓ છે. તે આ પ્રમાણે—

**સ્ત્રી-પશુ-પંડક સંસક્તશયનાસનવર્જન—**સ્ત્રીઓ રૂઢિથી દેવ-મનુષ્યના ભેદથી બે પ્રકારની છે. પશુ શબ્દના ગ્રહણથી તિર્યંચજાતિનું ગ્રહણ કર્યું છે. તિર્યંચોમાં ઘોડી-ગધેડી-ગાય-ભેંસ-બકરી-ઘેટી વગેરેમાં મૈથુન સંભવે છે. આ સચિત્ત સ્ત્રીઓ છે. અચિત્ત સ્ત્રીઓ કાષ્ઠાદિમાં કરેલી કોતરણી, લેપથી બનાવેલ ચિત્રકર્માદિમાં અનેક પ્રકારની છે. પંડકો ત્રીજા વેદના ઉદયવાળા, મહામોહકર્મના ઉદયવાળા, સ્ત્રીમુખના સેવનમાં અભિરત અને નપુંસક એવા નામથી પ્રસિદ્ધ હોય છે. સંસક્ત એટલે આકુળ. જ્યાં સુવાય અને બેસાય તે શયનાસન. ઉપાશ્રય, સંથારો અને આસન વગેરે શયનાસન. સ્ત્રી-પશુ-પંડકોથી સંસક્ત શયનાસન ઘણા અનર્થનું કારણ હોવાથી ત્યાગ કરવા યોગ્ય છે એમ આત્માને ભાવિત કરે.

**રાગસંયુક્તસ્ત્રીકથાવર્જન—** રાગસંયુક્તની સ્ત્રીકથા કે રાગસંયુક્ત એવી સ્ત્રીકથા તે રાગસંયુક્તસ્ત્રીકથા. રાગના અનુબંધવાળી દેશ-જાતિ-કુલ-વસ્ત્ર-ભાષા-ગતિ-વિલાસ-ઈંગિત-હાસ્ય-લીલા-કટાક્ષ-પ્રણયકલહ-શૃંગારરસથી મિશ્રિત સ્ત્રીકથા ઝંઝાવાતની જેમ ચિત્તરૂપ સમુદ્રના વિક્ષોભને કરે છે, અર્થાત્ જેમ ઝંઝાવાતથી સમુદ્ર ક્ષુબ્ધ બને છે તેમ રાગસંયુક્તસ્ત્રીકથાથી ચિત્ત ક્ષુબ્ધ બને છે. તેથી રાગસંયુક્તસ્ત્રીકથાનું વર્જન શ્રેયસ્કર છે એમ આત્માને ભાવિત કરે.

**સ્ત્રીમનોહરઈંદ્રિયાવલોકનવર્જન—**(મોહાધીન જીવ) સ્ત્રીઓની મનોહર, માન-ઉન્માન-લક્ષણથી યુક્ત દર્શનીય સુંદર ઇંદ્રિયોને અપૂર્વ વિસ્મયરસથી પૂર્ણપણે પહોળી આંખોથી જુએ છે. એનું વિકસિત કમળપત્રના જેવું વિશાળ, કાંતિવાળું અને કાનના મૂળ સુધી રહેલું કટાક્ષરહિત પણ જોવાયેલું નેત્રયુગલ કામરૂપ અગ્નિને પ્રદીપ્ત કરે છે. તો

પછી કટાક્ષથી વિકસિત થયેલા નેત્રયુગલની તો શું વાત કરવી. નેત્રયુગલની જેમ યથાસ્થાને રહેલ કાન, નાક, મુખ, સ્તન, ભરાવદાર નિતંબસ્થળ (કુલા) વગેરે અવયવો પણ કહેવા, અર્થાત્ જેમ નેત્રયુગલને જોવાથી કામ પ્રદીપ્ત થાય છે તેમ કાન વગેરે અવયવોને જોવાથી પણ કામ પ્રદીપ્ત થાય છે. કારણ કે સ્તનકળશાદિની સ્થાપના સ્પર્શનેંદ્રિયનો ભેદ છે. આ પ્રમાણે ઇંદ્રિયોના અવલોકનથી અટકવું શ્રેયસ્કર છે એમ આત્માને ભાવિત કરે.

**પૂર્વરતાનુસ્મરણવર્જન–** પ્રવ્રજ્યાપર્યાયથી પૂર્વનો જે ગૃહસ્થપર્યાય તેમાં સ્ત્રીઓની સાથે જે વિલાસ કર્યો હોય તેના સ્મરણથી કામાગ્નિ પૂર્વરતસ્મરણ રૂપ કાષ્ઠના સંબંધથી સળગે છે. આથી પૂર્વરતાનુસ્મરણ વર્જવું શ્રેયસ્કર છે એમ આત્માને ભાવિત કરે.

**પ્રણીતરસભોજનવર્જન–** સ્નિગ્ધ-મધુરાદિ રસવાળો અને કામોદ્દીપક આહાર પ્રણીતરસ છે. જેમ કે દૂધ, દહીં, માખણ, ઘી, ગોળ, તેલ, માંસ, મધ, મદ્ય, માલપૂઆ વગેરે. તેના ભોજનથી મેદ, મજ્જા (=ચરબી), વીર્યાદિની પુષ્ટિ થાય. તેનાથી મોહનો ઉદ્ભવ થાય. આથી બ્રહ્મચર્યને ઇચ્છતા જીવે પ્રણીત આહાર ભોજનનો ત્યાગ કરવો જોઇએ એમ આત્માને ભાવિત કરે.

**અકિંચન–** કિંચન=બાહ્ય-અભ્યંતર પરિગ્રહ. જેને કિંચન વિદ્યમાન નથી તે અકિંચન. અકિંચનનો ભાવ તે આકિંચન્ય. આકિંચન્ય એટલે પરિગ્રહનો અભાવ. આકિંચન્યની પાંચ ભાવનાઓ છે. તેને કહેવાની ઇચ્છાથી ભાષ્યકાર આ કહે છે- 'पञ्चानाम्' इत्यादि મનોજ્ઞ=ઇષ્ટ (રાગહેતુ) સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દ એ પાંચ વિષયોની પ્રાપ્તિ થતા ગૃદ્ધિનો (રાગના પરિણામનો) ત્યાગ કરવો એ શ્રેયસ્કર છે. અમનોજ્ઞ= અપ્રીતિનું કારણ બને તેવા પાંચ વિષયોની પ્રાપ્તિ થતા ક્રોધ-માનના પરિણામરૂપ દ્વેષનો ત્યાગ કરવો. રાગ-દ્વેષના ત્યાગથી ભાવિત કરાતી આ પાંચ ભાવનાઓ પ્રતિક્ષણ આકિંચન્યની વૃદ્ધિ કરે છે. પરમાર્થથી મમત્વ પરિગ્રહ છે. તેના નાશથી પરિગ્રહનો અભાવ થાય છે. (૭-૩)

**भाष्यावतरणिका–** किञ्चान्यदिति ।

**ભાષ્યાવતરણિકાર્થ–** વળી બીજું–

**टीकावतरणिका–** किञ्चान्यदिति सम्बध्नाति, भावनाप्रस्तावेऽन्यदपि मोक्षानुगुणं भावयेदिति वर्त्तते, इतिशब्दोऽप्यर्थे, प्रतिव्रतं पञ्च पञ्च भावनाः प्रतिपादिताः, सम्प्रति तु सर्वव्रतसामान्यभावनाः कथ्यन्त इति ।

**ટીકાવતરણિકાર્થ–** किञ्चान्यदिति (વળી બીજું પણ) એવા કથનથી બીજા સૂત્રની સાથે સંબંધ જોડે છે. ભાવનાના પ્રસંગમાં મોક્ષને અનુકૂળ બીજું પણ વિચારે એમ સંબંધ છે. इति શબ્દ अपि શબ્દના અર્થમાં છે. દરેક વ્રતની પાંચ પાંચ ભાવનાઓ જાણવી. હમણાં તો સર્વવ્રતોની સામાન્ય ભાવનાઓને કહેવાય છે.

**મહાવ્રતોને સ્થિર કરવા સર્વવ્રતો માટે સર્વસામાન્ય પ્રથમ ભાવના–**

## हिंसादिष्विहामुत्र चापायावद्यदर्शनम् ॥७-४॥

**સૂત્રાર્થ–** હિંસાદિ પાપોથી આ લોકમાં અપાયોના(=અનર્થોના) દર્શનને અને પરલોકમાં અવદ્યના(=પાપવિપાકના) દર્શનને વિચારે. (૭-૪)

**भाष्यं–** हिंसादिषु पञ्चस्वास्रवेष्विहामुत्र चापायदर्शनमवद्यदर्शनं च भावयेत् । तद्यथा– हिंसायास्तावत् हिंस्रो हि नित्योद्वेजनीयो नित्यानुबद्धवैरश्च । इहैव वधबन्धपरिक्लेशादीन्प्रतिलभते, प्रेत्य चाशुभां गतिम्, गर्हितश्च भवतीति हिंसाया व्युपरमः श्रेयान् । तथानृतवादी अश्रद्धेयो भवति । इहैव जिह्वाछेदादीन्प्रतिलभते । मिथ्याभ्याख्यानदुःखितेभ्यश्च बद्धवैरेभ्यस्तदधिकान्दुःखहेतून्प्राप्नोति, प्रेत्य चाशुभां गतिम्, गर्हितश्च भवतीत्यनृतवचनाद्व्युपरमः श्रेयान् । तथा स्तेनः परद्रव्यहरणप्रसक्तमतिः सर्वस्योद्वेजनीयो भवतीति । इहैव चाभिघातवधबन्धनहस्तपादकर्णनासोत्तरौष्ठच्छेदनभेदनसर्वस्वहरणवध्यपानमारणादीन् प्रतिलभते, प्रेत्य चाशुभां गतिम्, गर्हितश्च भवतीति स्तेयाद् व्युपरमः श्रेयान् । तथाऽब्रह्मचारी विभ्रमोद्भ्रान्तचित्तः विप्रकीर्णेन्द्रियो मदान्धो गज इव निरङ्कुशः शर्म नो लभते । मोहाभिभूतश्च कार्याकार्यानभिज्ञो न किञ्चिद–

कुशलं नारभते। परदाराभिगमनकृतांश्च इहैव वैरानुबन्धलिङ्गच्छेदनवध-बन्धनद्रव्यापहारादीन्प्रतिलभतेऽपायान्प्रेत्य चाशुभां गतिम्, गर्हितश्च भवतीत्यब्रह्मणो व्युपरमः श्रेयानिति । तथा परिग्रहवान् शकुनिरिव मांसपेशीहस्तोऽन्येषां क्रव्यादशकुनानामिहैव तस्करादीनां गम्यो भवति। अर्जनरक्षणक्षयकृतांश्च दोषान्प्राप्नोति। न चास्य तृप्तिर्भवतीन्धनैरिवाग्नेः, लोभाभिभूतत्वाच्च कार्याकार्यानपेक्षो भवति । प्रेत्य चाशुभां गतिं प्राप्नोति, लुब्धोऽयमिति च गर्हितो भवतीति परिग्रहाद्व्युपरमः श्रेयान् ॥७-४॥

**ભાષ્યાર્થ–** હિંસાદિ પાંચે આશ્રવોમાં આ ભવ અને પરભવમાં અપાય(=અનર્થના) દર્શનને અને અવદ્યના(=પાપવિપાકના) દર્શનને વિચારે. તે આ પ્રમાણે- પ્રથમ હિંસાના અનર્થો-હિંસ્ર=હિંસક. હિંસક સતત ઉદ્‌વેજનીય(=ત્રાસ પમાડનારો) અને સતત અનુબદ્ધ વૈરવાળો હોય છે. હિંસક આ જ ભવમાં વધ-બંધ-પરિક્લેશને પામે છે અને પરભવમાં અશુભ(નરકાદિ)ગતિને પામે છે. તેમજ નિંદાપાત્ર બને છે. આથી હિંસાથી અટકવું એ શ્રેયસ્કર છે.

તથા- અસત્યવાદી અશ્રદ્ધેય(=વિશ્વાસ નહીં કરવા યોગ્ય) થાય છે. આ જ ભવમાં જીભછેદ વગેરેને પામે છે. તેના જૂઠાવચનોથી દુઃખી થયેલા (અને એથી જ) બદ્ધવૈરવાળા તે જીવોથી (જીહ્વાછેદ આદિ દુઃખોથી પણ) અધિક દુઃખનાં હેતુઓને પામે છે. અને પરભવમાં (નરકાદિ) અશુભગતિને પામે છે તથા નિંદાપાત્ર બને છે. આથી અસત્યવચનથી અટકવું એ શ્રેયસ્કર છે.

તથા- પરદ્રવ્યહરણ કરવામાં આસક્તમતિવાળો ચોર સર્વને ઉદ્‌વેગ કરનારો થાય છે. આ જ ભવમાં અભિઘાત, વધ, બંધન, હાથ, પગ, કાન, નાક ઉપરના હોઠનું છેદન, ભેદન, સર્વધનહરણ, વધ્યપાન, મારણ વગેરેને પામે છે અને પરભવમાં (નરકાદિ) અશુભગતિને પામે છે તથા નિંદાપાત્ર બને છે. આથી ચોરીથી અટકવું શ્રેયસ્કર છે.

તથા- વિભ્રમથી અસ્થિરચિત્તવાળો, ઇન્દ્રિયને છૂટો દોર આપનારો મદોન્મત્તહાથીની જેમ નિરંકુશ બનેલો અબ્રહ્મચારી સુખને પામતો નથી. મોહથી પરાભવ પમાડાયેલો, કાર્ય-અકાર્યને નહીં જાણતો, એવું કોઇ અકાર્ય નથી કે જેને તે ન આચરે અને આ જ ભવમાં પરસ્ત્રીગમનથી ઉત્પન્ન કરાયેલી વૈરપરંપરા, લિંગછેદ, વધ, બંધન, ધનાપહારાદિ અનર્થોને પામે છે અને પરભવમાં (નરકાદિ) અશુભગતિને પામે છે તથા નિંદાપાત્ર બને છે. આથી અબ્રહ્મથી અટકવું શ્રેયસ્કર છે.

જેવી રીતે જેના હાથમાં માંસપેશી છે તેવો પક્ષી માંસ ખાનારા બીજા પક્ષીઓથી પરેશાન થાય છે તેવી રીતે પરિગ્રહધારી ચોરો વગેરેથી પરેશાન થાય છે.

અર્જન-રક્ષણ-ક્ષયથી કરેલા દોષોને પામે છે.

જેમ અગ્નિને કાષ્ઠોથી તૃપ્તિ થતી નથી તેમ જીવને ઉપભોગથી તૃપ્તિ થતી નથી.

લોભાભિભૂતત્વના કારણે કાર્યાકાર્યની અપેક્ષાથી રહિત હોય છે.

અને પરલોકમાં અશુભગતિને પામે છે.

આ લુબ્ધ છે એમ નિંદ્ય થાય છે. આથી પરિગ્રહથી અટકવું શ્રેયસ્કર છે. (૭-૪)

**टीका–** एतद् व्याचष्टे–'हिंसादिष्वि'ति, हिंसादिष्वाश्रवेषु कियत्सु ?, पञ्चस्वित्याह–हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेषु आश्रवा उक्तलक्षणास्तेष्वपाय-दर्शनमवद्यदर्शनं च भावयेत्, इहैवामी प्रत्यवाया हिंसादिषु प्रवृत्तस्य दृश्यन्ते, पापविपाकश्च दारुणोऽमुत्रामुष्मिन् परलोके नरकादिजन्मनि (इत्येवं) अपायानर्थपरम्परां मुहुर्मुहुर्भावयेत्, तद्यथेति हिंसायास्तावदपायान् व्याचष्टे–'हिंस्र'–इति हिंसनशीलो हिंस्रः प्राणव्यपरोपणजातसक्तिः हिशब्दो यस्मादर्थे नित्यं सततं उद्वेजनीयः संत्रासकारी, यतो भीषणवेषो ललाटतटारोपितभ्रूभङ्गः, अतः सत्त्वानामुद्वेगकारीति, नित्यानुबद्धवैरश्चेति

अनुबद्धं-प्रसक्तं वैरमस्येति नित्यानुबद्धवैरः सर्वदाप्रवृत्तवैरसन्तानश्च, तस्मान्नित्योद्वेजनीयो नित्यानुबद्धवैरश्च स्यात्, इहैव लोके वधस्ताडनं कशादिभिर्बन्धः पश्चात् पिण्डनं-निगडादिकः परिक्लेशो-अङ्गुष्ठ-ग्रहणोष्णस्थापनजलावसेकनादिः, आदिग्रहणादुल्लम्बनशिरच्छेदनादि प्रतिलभते प्रतिप्राप्नोति, प्रेत्येति मृत्वा अशुभां गतिं नारकतिर्यक्कु-मानुषादिकां प्राप्नोति, गर्हितो निन्द्यः, प्राक्तनजन्मोपात्ताशुभकर्म्म-विपाकोऽयमस्य वराकस्येत्येवं भावयतो विवेकबलात् सर्वसत्त्वदयापरो भवति, अतो हिंसायास्त्यागो-व्युपरमः श्रेयानिति। यथा प्राणातिपातकारी प्रत्यपायान् प्राप्नोति तथेति तथा अनृतवाद्यपि अनृतं वक्ष्यमाणलक्षणं तद्वादी अश्रद्धेयं वचनमस्येति, इहैवेति इहलोके जिह्वाछेदादीन् प्रतिलभते प्राप्नोतीति, आदिशब्दात् कर्णनासिकाकरचरणच्छेदपरिग्रहः,

तथा मिथ्या-अलीकमभ्याख्यानमनृतवचनं तेनेति अभ्याख्यानेन दुःखितेभ्यः, चशब्दः पूर्वदोषापेक्षः, किम्भूतेभ्यः ?-'बद्धवैरेभ्यः' बद्धम्-अविच्छिन्नं वैरं येषां तेभ्यः बद्धवैरेभ्यः तदधिकानिति जिह्वाछेदादिभ्योऽप्यतिशयेन यातनाप्रकारान् मिथ्याभ्याख्यानाधिकत्वाद् दुःखहेतून् वधबन्धनादीन् आप्नोति, तीव्राशयो हि तीव्रस्थित्यनुभावमेव कर्म्मादत्ते, 'प्रेत्ये'त्यादिना आमुष्मिकं फलमादर्शितं, यस्माच्चैवंविधो विपाकोऽनृतवचनस्य तस्माद् व्युपरमः श्रेयानिति ।

यथाऽलीकानुष्ठानप्रत्ययोऽयमुक्तः तथा स्तेनः परकीयद्रव्याद्यपहारे प्रसक्तचित्तः सर्वस्य इति अपह्रियमाणद्रव्यादिस्वामिनः उद्वेगं जनयति, इहैवेत्यादिना, हस्तादीनामवयवानां छेदनं शरीरात्, पृथक्करणं भेदनं तु सन्निविष्टानामेव वेधनपाटनादिकं, वध्यपानमिति वध्यो-व्यापाद्यस्तस्य पानं-मद्यपानं तस्य प्रधानत्वात्, तत्पूर्वकमन्यदपि कणवीरकुसुममाला-भरणस्वरघटिकावलम्बनादि मारणं व्यपरोपणं आदिग्रहणात् स्वमांस-खादनादि प्रतिलभते, प्रेत्येति गतार्थं, अतश्चौर्याद् व्युपरमः श्रेयानिति।

यथा प्राणातिपातालीकस्तेयप्रवृत्ता दुःखं संस्पृशन्ति तथाऽब्रह्मचारीत्यादि, अब्रह्मचारी मैथुनसेवी विभ्रमो विलासविशेषः तेनोद्भ्रान्तं चित्तं चलम्-अनवस्थितं यस्येति, विप्रकीर्णेन्द्रिय इति, तुच्छे विशिष्टे च विषये प्रवर्त्तितेन्द्रियवृत्तिः, मनोज्ञेषु शब्दादिषु रागाङ्गेषु रागानुरक्तः अमनोज्ञेषु द्विष्टेषु शब्दादिषु द्वेषाभ्युक्तात्मस्वरूपः मदान्धो गज इवेत्यादिना हस्तिमूर्खेण सह साधर्म्यं दर्शयति, इतरथाऽपि तिर्यग्जातिः हिताहितप्रवृत्तिनिवृत्तिपर्यालोचने अक्षमाः, स्वल्पज्ञानक्षयोपशमत्वात्, अतिशयेन तु मदकाले गुञ्जन्मनोहारिध्वनिमधुकरालीढमदवारिनिर्भरस्नपितकपोलभित्तिः अनादृताधोरणव्यापारितनिशिताङ्कुशतिग्माग्रवेधजनितव्यथोन्मत्तगज इव शर्म-सुखं नोपलभते नावाप्नोतीतियावत्, विभ्रमोद्भ्रान्तचित्तत्वात् विप्रकीर्णेन्द्रियत्वाच्चेति युक्तिद्वयम्, अवितृप्तस्य च कुतः सुखेन सम्बन्ध इति ?, मोहाभिभूतश्चेत्यादिना मोहनीयकर्मोदयं सूचयति, स्त्रीपुंनपुंसकवेदोदयाभिभूतः स तथा विजृम्भत इति, चशब्दात् पूर्वोक्तविधिसमुच्चयः, इदमकार्यं इदं कार्यं वा नाभिजानाति ग्रहाविष्टपुरुषवत् परवशत्वात्, ततश्च न किञ्चिदकुशलं न प्रारभते, निर्विवेकत्वात् सर्वमेव कुशलं मन्यत इत्यभिप्रायः । 'परदारे'त्यादिना ऐहिकामुष्मिकप्रत्यवायोपप्रदर्शनं, परेषां दाराः परदाराः-परपरिगृहीतयोषितः, श्रुतज्ञानप्रतिषिद्धश्च सर्वो मैथुनव्यापारः परदारशब्दवाच्यः, तदभिगमनं-तदासेवनं तज्जनितानिहैव वैरपरम्परा शिरच्छेदनं [?लिङ्गच्छेदनं] ताडनं बन्धनं द्रव्यापहारमादिग्रहणाद् यातना नानाविधाः [?इत्येतानेवापायान्] प्रतिलभत इत्येत एव प्रत्यपायाः, 'प्रेत्य चे'त्यादिना, पारलौकिकप्रत्यपायप्रदर्शनं, तस्मादब्रह्मणो व्युपरमः श्रेयानिति ।

यथा प्राणातिपातादिप्रवृत्तः प्रत्यपायेन युज्यते तथा परिग्रहवानित्यादि शास्त्राननुज्ञातो मूर्च्छास्पदं च परिग्रहः तद्वान् परिग्रहवानिति,

ऐहिकप्रत्यवायप्रदर्शनार्थं शकुनिरिवेत्यादिदृष्टान्तग्रन्थोपन्यासः परप्रत्यायनप्रयोजनः, मांसपेशीति मांसखण्डमेव दीर्घं पेश्युच्यते, आदानमोक्षणव्यापारवत्त्वात् पादोऽपि हस्त एव शकुनेः, मांसपेशी हस्तेऽस्येति मांसपेशीहस्तः, व्यधिकरणानामपि गमकत्वाद्बहुव्रीहिः, कण्ठेकालवत्, अन्येषां क्रव्याच्छकुनानामिति, आममांसभक्षाः क्रव्यादोऽभिधीयन्ते, कृतविकृतशब्द उपपदे क्विप्प्रत्ययादेः पृषोदरादित्वाच्च कृतविकृतशब्दस्य क्रव्यादेशः, कृतविकृतपक्वमांसभक्षास्तु स्युः क्रव्यादाः, कर्मण्यणेवेति, मांसपेशीयपरिग्रहहेतोः क्रव्यात्पतत्रिणामिहैव गम्योऽभिभवनीयश्चञ्चुचरणनखमुखपक्षतिप्रहतः परिशटत्पतत्रव्रजः शरणार्थी वियति नश्यति निरालम्बनः, परिश्रान्तस्तरुशिखराद्युपघ्नप्राप्तिसमनन्तरमाक्रम्य बलादपहृतमांसपेशीकः किञ्चिदुच्छ्वसन् कण्ठागतप्राणः कृच्छ्राद् विमुच्यते शकुनिभिः, तस्करादीनां च गम्यः परिग्रहवान्, आदिग्रहणाद्राजदायादादिपरिग्रहः, तस्करादयः प्रसभं चोर्यैण चापहारमाचरन्त्यभिभूयेति, अर्जनम्-उपादानमुपात्तस्य परिपालनं रक्षणं क्षयो-नाश इति, अर्जनादिकृतांश्च परिग्रहवानवाप्नोति दोषान्, तत्रार्जनं न्याय्यमन्याय्यं च, न्याय्यं वाणिज्यकर्मकरत्वकृष्याद्युपायं, तच्चातिक्लेशयुक्तं, अन्याय्यं तस्करत्वाद्युपायसाध्यं, तत्रापि वधबन्धविशसनादिदोषाः, रक्षणमपि सन्त्रस्तचेतसो रात्रिंदिवं नृपदहनतस्करदायादमूषिकादिभ्यः क्लेशबहुलं, क्षयोऽप्युपभोगादपुण्योदयाच्च, तत्रोपभोगकालमधिकृत्येदमाह-न चास्य तृप्तिर्भवतीन्धनैरिवाग्नेरिति उपभुञ्जानस्यापि चास्य तृप्तिसम्भाव्याऽग्नेरिन्धनैरिव प्रक्षिप्यमाणैः प्रवृद्धज्वालाकलापस्य, प्रत्युत वृद्धिरेव जायते, एवं परिग्रहवतः प्राज्यद्रविणराशेरपि प्रतिक्षणमपूर्वापूर्वद्रव्यावाप्तौ सन्ततैवेच्छा विजृम्भते, इच्छायाश्चानिवृत्तौ तृप्त्यभावः, न चातृप्तः सुखलेशेनापि युज्यत इति, अपुण्योदयादपि क्षयो भवति विभवस्य, दक्षिणोत्तरमथुराधिवासिवणिग्द्वयप्राप्तिप्रणाशाख्यानकाद्भावनीयः, तन्नाशे

च हृदयातिसारग्रहणीदोषग्रहावेशाः, दौर्बल्यमरणावसानः शारीरो मानसश्च परिक्लेशः, लोभाभिभूतत्वाच्चेत्यादि, लोभकषायानुरक्तचित्तो लोभाभिभूतः-तृष्णापिशाचिकया वशीकृतस्तद्भावो लोभाभिभूतत्वं तस्माच्चेति, चशब्दः समुच्चयार्थः, इदं कर्त्तव्यमिदं न कर्त्तव्यमिति नापेक्षते नालोचयति, तत्र कर्त्तव्यं कार्यं, यत्र प्रवर्त्तते पुरुषस्तदात्वायत्योः सुखार्थी, तच्च नापेक्षते तृष्णान्धः शुचिकर्म्मानुष्ठानं, अकर्त्तव्यम्-अकार्यं, तत्राप्यनालोच्य प्रवर्त्तते, न प्रत्यपायान्निभालयति, यतः पितरमपि हिनस्ति, मातरमप्युच्छिनत्ति, पुत्रमपि व्यापादयति, भ्रातरमपि जिघांसति, प्रियां जायामपि ज्ञपयतीत्येवमकार्यमेतदिति नापेक्षते, 'प्रेत्य चे'त्यादिना पारलौकिकप्रत्यवायप्रदर्शनं, प्रकर्षकाष्ठाप्राप्तस्तृष्णाकषायः कृमिरागानुकारी, तत्परिणामश्चायमात्मा नरकादिषूपपद्यत इत्यागमः, लुब्धोऽयमित्यादिना त्वैहिकमेव प्रत्यवायशेषमाचष्टे, लुब्धस्तृष्णावान् अदाता सञ्चयैकचित्तो न कस्मैचिद्दुष्कृतमपि ददातीत्यक्षिलम्भनं, निन्द्यते च, जनसमवायेष्वयशो लभत इति प्रतिपादयति, अतः परिग्रहाद् व्युपरमः श्रेयानिति ॥७-४॥

**ટીકાર્થ–** આને કહે છે- હિંસા-અસત્ય-સ્તેય-અબ્રહ્મ-પરિગ્રહ એ પાંચ આસ્રવોથી અપાયના(=અનર્થના) દર્શનને અને અવદ્યના(=પાપ વિપાકના) દર્શનને વિચારે. હિંસાદિમાં પ્રવૃત્તને આ લોકમાં જ આ (હવે કહેવાશે તે) અનર્થો જોવાય છે અને પરલોકમાં નરક વગેરે જન્મમાં ભયંકર વિપાકો જોવાય છે. આ પ્રમાણે અપાય(=દોષો) અને અનર્થોની પરંપરાને વારંવાર વિચારે. तद्यथा इति તે આ પ્રમાણે- હિંસાના અનર્થોને કહે છે- હિંસ્ર એટલે હિંસા કરવાના સ્વભાવવાળો. હિંસામાં જેને આસક્તિ થઈ છે, અર્થાત્ જે હિંસામાં જ ઉદ્યમ કરે છે તે હિંસ્ર. તે સતત ઉદ્‌વેજનીય અને સતત અનુબદ્ધ વૈરવાળો હોય છે. ઉદ્‌વેજનીય[1] એટલે ત્રાસ કરનારો. હિંસ્ર ત્રાસ પમાડનારો હોય છે. કારણ કે તેનો વેષ ભયંકર

૧. प्रवचनीयादय (સિદ્ધહેમ ૫-૧-૮) એ સૂત્રથી अनीय પ્રત્યય કર્તા અર્થમાં આવ્યો છે.

હોય છે. તેના ભ્રમર લલાટરૂપ લટ ઉપર ચઢાવેલા હોય છે. આથી તે જીવોને ઉદ્વેગ કરનારો હોય છે. અનુબદ્ધવૈરવાળો એટલે કાયમના વૈરવાળો. હિંસ્ર કાયમના વૈરવાળો અને સદા વૈરની પરંપરાવાળો હોય છે. આથી તે સદા ત્રાસ પમાડનારો અને કાયમના વૈરવાળો હોય છે. આ જ લોકમાં વધ=ચાબુકાદિથી માર, પછી બેડી વગેરે બંધન, અંગુઠો પકડવો, તડકામાં રાખવો, ગરમ પાણીનો છંટકાવ વગેરે ક્લેશને પામે. આદિ શબ્દથી લટકવું, મસ્તકછેદ વગેરે ક્લેશને પામે, મરીને પરલોકમાં નારક, તિર્યંચ, કુમનુષ્ય વગેરે અશુભગતિને પામે. બિચારાઓનો આ પૂર્વ જન્મમાં કરેલા કર્મનો વિપાક છે એમ નિંદ્ય થાય. આ પ્રમાણે વિચારતો જીવ વિવેકના બળથી સર્વજીવોની દયા કરવામાં તત્પર થાય છે. આથી હિંસાથી નિવૃત્તિ એ શ્રેયસ્કર છે.

(તથા=)જેવી રીતે હિંસાકારી અનર્થોને પામે છે તેવી રીતે અસત્યવાદી પણ અશ્રદ્ધેય થાય છે, તેનું વચન શ્રદ્ધેય બનતું નથી. આ જ લોકમાં જિહ્વાછેદ વગેરે પામે છે, આદિશબ્દથી કાન, નાક, હાથ, પગનું ગ્રહણ કરવું, અર્થાત્ કાનાદિના છેદને પામે છે.

તથા અસત્યવચનથી દુઃખી થયેલા અને (તેથી) સતત વૈરવાળા જીવોથી જિહ્વાછેદાદિથી પણ અધિક યાતનાપ્રકારોવાળા વધ-બંધાદિ દુઃખહેતુઓને પામે છે. કારણ કે તીવ્રભાવવાળો જીવ તીવ્ર સ્થિતિ-રસવાળા જ કર્મને બાંધે છે. યાતનાપ્રકારો અધિક કેમ છે એ જણાવવા **मिथ्याभ्याख्यानाधिकत्वाद्** એમ જણાવ્યું છે. મિથ્યા અભ્યાખ્યાન અધિક હોવાના કારણે યાતનાપ્રકારો અધિક છે. (**प्रेत्य**=)પરલોકમાં અશુભ-ગતિને પામે છે અને નિંદ્ય થાય છે. '**प्रेत्य**' ઇત્યાદિથી પરલોકસંબંધી ફળ બતાવ્યું. અસત્યવચનનો આવા પ્રકારનો વિપાક હોવાથી અસત્યવચનથી નિવૃત્તિ શ્રેયસ્કર છે.

(તથા=)જે રીતે અસત્ય બોલવા નિમિત્તે આ વિપાક કહ્યો તે રીતે બીજાનું દ્રવ્ય ચોરવામાં જેનું ચિત્ત ચોંટેલું છે તેવો ચોર ચોરાઇ રહેલા ધનાદિના માલિકને ઉદ્વેગ ઉત્પન્ન કરે છે.

'इहैव' इत्यादि આ જ ભવમાં અભિઘાત[1], વધ, બંધન, હાથ-પગ-કાન-નાક ઉપરના હોઠનું છેદન, ભેદન, સર્વધનહરણ, વધ્યપાન, મારણ વગેરેને પામે છે.

**છેદન**=હાથ વગેરે અવયવોને શરીરથી જુદા કરવા.

**ભેદન**=શરીરમાં રહેલા જ અવયવોને વીંધવા, ચીરવા વગેરે.

'वध्यपानम्' इति, વધ્ય એટલે મારવા યોગ્ય, પાન એટલે મદ્યપાન. વધ્યનું મદ્યપાન (ચોરી કરનારને મદ્યપાન કરાવીને મારે.) અહીં મદ્યપાનની પ્રધાનતા હોવાથી વધ્યમદ્યપાન એમ જણાવ્યું છે. મદ્યપાનપૂર્વક કણેરના પુષ્પોની માળા પહેરાવવી, આભૂષણો પહેરાવવા, ગધેડા ઉપર બેસાડવું, એક ઘડી સુધી લટકાવવું વગેરે બીજું પણ જાણવું.

મારણ એટલે મારી નાખવું. આદિ શબ્દના ગ્રહણથી પોતાનું માંસ ખવડાવવું વગેરે સમજવું. પ્રેત્ય વગેરેનો અર્થ સમજાઇ ગયેલો છે. આથી ચોરીથી નિવૃત્તિ શ્રેયસ્કર છે.

(તથા=)જેવી રીતે હિંસા-અસત્ય-ચોરીમાં પ્રવૃત્ત જીવો દુઃખને સ્પર્શે છે તેવી રીતે વિભ્રમથી(=વિલાસવિશેષથી) અનવસ્થિત ચિત્તવાળો તુચ્છ કે વિશિષ્ટ વિષયમાં ઇંદ્રિયવૃત્તિને પ્રવર્તાવનાર, મનોજ્ઞ અને રાગનું કારણ એવા શબ્દાદિ વિષયોમાં અત્યંત રાગી અમનોજ્ઞ અને અપ્રીતિકર શબ્દાદિ વિષયોમાં અત્યંત દ્વેષી મદાન્ધ હાથીની જેમ નિરંકુશ અબ્રહ્મચારી સુખને પામતો નથી.

"મદાંધ હાથીની જેમ" ઇત્યાદિથી મૂર્ખ હાથીની સાથે સમાનપણું જણાવે છે. બીજી રીતે પણ તિર્યંચજાતિ પણ હિતાહિતમાં પ્રવૃત્તિ-નિવૃત્તિની વિચારણામાં અસમર્થ હોય છે, કેમકે તેમાં જ્ઞાનનો ક્ષયોપશમ અત્યંત અલ્પ હોય છે.

ગુંજારવ કરતા મનોહરધ્વનિવાળા ભમરાઓએ હાથીના મદજલને ચાખ્યો હોય, મદજલે હાથીના ગંડસ્થળરૂપ ભીંતને સંપૂર્ણ નવડાવી દીધી

૧. અભિઘાત=પ્રહાર, મારપીટ. વધ=ચાબુકાદિથી મારવું.

હોય=ભીની કરી દીધી હોય, હાથી મહાવતનો આદર ન કરતો હોય એથી મહાવતે તીક્ષ્ણ અંકુશ વાપરીને આગળના ભાગમાં તીક્ષ્ણ વેધ કર્યો હોય એના કારણે હાથીને પીડા થઇ હોય આ રીતે મદકાળે અતિશય ઉન્મત્ત બનેલો હાથી સુખને પામતો નથી તેની જેમ મૈથુનસેવી સુખને પામતો નથી.

મૈથુનસેવી સુખને પામતો નથી તેમાં विभ्रमोद्भ्रान्तचित्तत्व અને विप्रकीर्णेन्द्रियत्व એ બે હેતુઓ છે. મૈથુનસેવી विभ्रमથી(=વિલાસ-વિશેષથી) અનવસ્થિત ચિત્તવાળો હોવાથી અને વિષયોમાં ઇન્દ્રિયવૃત્તિને પ્રવર્તાવનારો હોવાથી સુખને પામતો નથી. અતૃપ્તને સુખની સાથે સંબંધ ક્યાંથી હોય ?

मोहाभिभूतश्च ઇત્યાદિથી મોહનીયકર્મના ઉદયને સૂચવે છે. સ્ત્રી-પુરુષ-નપુંસક વેદના ઉદયથી પરાભવ પામેલ તે (तथा=) પૂર્વે કહ્યું તેમ ચેષ્ટા કરે છે.

**પ્રશ્ન–** तथा શબ્દનો 'પૂર્વે કહ્યું તેમ' એવો અર્થ કેવી રીતે કર્યો ?

**ઉત્તર–** (च शब्दात् पूर्वोक्तविधिसमुच्चयः=) च શબ્દથી પૂર્વોક્ત વિધિનો સંગ્રહ થયો છે. તેથી तथा શબ્દથી "પૂર્વે કહ્યું તેમ" એવો અર્થ થાય.

મોહથી પરાભવ પામેલ જીવ ગ્રહાવેશવાળા પુરુષની જેમ આ કાર્ય છે, આ અકાર્ય છે એ જાણતો નથી. કારણ કે પરવશ છે. તેથી વિવેકરહિત હોવાથી બધા જ અશુભકાર્યનો પ્રારંભ કરે છે. બધાં જ કાર્યોને શુભ માને છે એવો અભિપ્રાય છે.

परदारा ઇત્યાદિથી આ લોકના અને પરલોકના અનર્થોને બતાવ્યા છે. બીજાઓની દારા તે પરદારા. પરદારા એટલે બીજાઓએ સ્વીકારેલી સ્ત્રીઓ. પરદાર શબ્દથી વાચ્ય સઘળો મૈથુનવ્યાપાર(=મૈથુનપ્રવૃત્તિ) શ્રુતજ્ઞાનમાં(=શાસ્ત્રમાં) પ્રતિષિદ્ધ છે. પરસ્ત્રીગમનથી ઉત્પન્ન થયેલી વૈરપરંપરા, શિરચ્છેદ(?લિંગછેદ), તાડન, બંધન, ધનાપહાર આદિ અનર્થોને પામે છે. આદિ શબ્દના ગ્રહણથી વિવિધ યાતનાઓને પામે છે.

प्रेत्य च ઇત્યાદિથી પરલોક સંબંધી અનર્થોને[૧] બતાવ્યા છે. પરલોકમાં અશુભગતિને પામે છે અને નિંદ્ય થાય છે. આથી અબ્રહ્મની નિવૃત્તિ એ શ્રેયસ્કર છે.

(तथा=)જેવી રીતે પ્રાણાતિપાતાદિમાં પ્રવૃત્ત અનર્થોથી જોડાય છે, તેવી રીતે પરિગ્રહી પણ અનર્થોથી જોડાય છે. પરિગ્રહ શાસ્ત્રમાં અનુજ્ઞાત નથી અને મૂર્છાનું સ્થાન છે. પરિગ્રહ જેને હોય તે પરિગ્રહવાન.

આ લોક સંબંધી અનર્થોને બતાવવા માટે અને બીજાઓને જણાવવા= વિશ્વાસ પમાડવા માટેशकुनिरिव ઇત્યાદિ દૃષ્ટાંતવાળા ગ્રંથનો(=વાક્યનો) ઉલ્લેખ છે. લાંબો માંસનો ટુકડો જ માંસપેશી કહેવાય છે. લેવા મૂકવાના વ્યાપારવાળો હોવાથી પક્ષીનો પગ પણ હાથ જ છે. માંસપેશી જેના હાથમાં છે તે मांसपेशीहस्तः, વ્યધિકરણ બહુવ્રીહિ સમાસો પણ અર્થને જણાવનારા હોવાથી અહીં कण्ठेकालની જેમ વ્યધિકરણ બહુવ્રીહિ સમાસ છે.

अन्येषां क्रव्याच्छकुनानाम् इति (અહીં क्रव्याद् + शकुनानाम् છે. સંધિથી क्रव्याच् छकुनानाम् થયું છે. क्रव्याद् એટલે કાચુ માંસ ખાનાર. क्रव्याद એટલે પાકુ માંસ ખાનાર. આમ क्रव्याद् અને क्रव्याद એ બે શબ્દોનો અર્થભેદ અહીં સમજાવ્યો છે. તે આ પ્રમાણે-) કાચું માંસ ખાનારા क्रव्याद् કહેવાય છે. कृतविकृत શબ્દ પાસે હોય ત્યારે,અર્થાત્ कृतविकृत શબ્દને क्विप् વગેરે પ્રત્યય લાગે ત્યારે અને પૃષોદર આદિમાં હોવાથી कृतविकृत શબ્દનો क्रव्य આદેશ થાય છે. કૃતવિકૃત એવું પક્વ માંસનું ભક્ષણ કરનારા क्रव्याद કહેવાય છે. અહીં કર્મમાં अण् પ્રત્યય છે. (कृतविकृत+ अद्+क्विप्, क्रव्य+अद्+क्विप्=क्रव्याद्, क्रव्य+अद्+अण्=क्रव्यादः) માંસપેશી લેવા માટે કાચું માંસ ખાનારા બીજા પક્ષીઓનો અહીં જ ગમ્ય=પરાભવ કરવા યોગ્ય થાય છે. તે બીજા પક્ષીઓથી ચાંચ-પગ-નખ-મુખ-પાંખોમાં હણાય છે. તેની પાંખોનો સમૂહ શરીરથી અલગ થતો રહે છે. આધારરહિત અને એથી શરણાર્થી તે આકાશમાં ભાગી

૧. एत एव प्रत्यपायाः ના સ્થાને एतान्नेव प्रत्यपायान् એવું કંઇક હોવું જોઇએ.

જાય છે. થાકેલો વૃક્ષની ટોચ ઉપર જાય છે. આ રીતે આશ્રયની પ્રાપ્તિ થયા પછી તુરત જ બીજા પક્ષીઓ તેના ઉપર આક્રમણ કરીને બળાત્કારથી માંસપેશી લઈ લે છે. કંઠે આવી ગયેલા પ્રાણવાળો અને શ્વાસોચ્છ્વાસ લેતો તે કષ્ટથી પક્ષીઓથી મુકાય છે.

પરિગ્રહધારી ચોર આદિથી ગમ્ય=પરાભવ પામવા યોગ્ય થાય છે. આદિ શબ્દથી રાજા અને ભાગીદાર વગેરેનું ગ્રહણ કરવું. ચોરો વગેરે પરાભવ કરીને ચોરી (આદિ)થી બળાત્કારે (ધનનું) અપહરણ કરે છે.

અર્જન એટલે મેળવવું. રક્ષણ એટલે મેળવેલાનું પાલન કરવું. ક્ષય એટલે નાશ. પરિગ્રહધારી અર્જન આદિથી કરેલા દોષોને પામે છે. અર્જન ન્યાયયુક્ત અને અન્યાયયુક્ત એમ બે પ્રકારનું છે.વેપાર, વેતન લઈને બીજાનું કામ કરવું, ખેતી વગેરે ઉપાય ન્યાયયુક્ત છે. તે અતિશય ક્લેશવાળું છે. ચોરી આદિ ઉપાયોથી સાધી શકાય તેવું અર્જન અન્યાયયુક્ત છે. તેમાં પણ વધ-બંધ-મૃત્યુ વગેરે દોષો છે. રક્ષણ કરવામાં રાજા, બળી જવું, ચોર, ભાગીદાર, ચોરનાર વગેરેથી ચિત્ત રાત-દિવસ અત્યંત ત્રસ્ત રહે છે. આથી રક્ષણ પણ અત્યંત ક્લેશવાળું છે. ઉપભોગથી અને પાપોદયથી ધનનો ક્ષય પણ થાય. તેમાં ઉપભોગ-કાળને આશ્રયીને આ કહે છે–

અગ્નિમાં નખાતા કાષ્ઠોથી જેનો જ્વાલાસમૂહ વધેલો છે એવો અગ્નિ કાષ્ઠોથી તૃપ્ત(શાંત) થતો નથી, બલ્કે વધે છે. તેમ પરિગ્રહધારીને ઉપભોગ કરવા છતાં તૃપ્તિ અસંભવિત છે. અતિશય ધનસમૂહ હોવા છતાં પ્રતિક્ષણ નવા નવા ધનની પ્રાપ્તિની ઇચ્છા સતત વધતી રહે છે. ઇચ્છાની અનિવૃત્તિમાં તૃપ્તિ ન થાય. અતૃપ્તને લેશ પણ સુખનો યોગ પ્રાપ્ત થતો નથી.

પાપોદયથી પણ વૈભવનો ક્ષય થાય છે. આ વિષયને દક્ષિણોત્તર મથુરામાં રહેનારા બે વણિકોને ધનની પ્રાપ્તિ થઈ અને વિનાશ થયો એ દૃષ્ટાંતથી વિચારવો. ધનનો નાશ થતા હૃદય બંધ થઈ જાય. અતિસાર

અને સંગ્રહણીનો દોષ(=રોગ) થાય, ગાંડપણ અને નબળાઈ થાય, મરણ પણ થાય. આમ મરણ સુધીનો શારીરિક-માનસિક ક્લેશ થાય.

"लोभाभिभूतत्वाच्च" इत्यादि લોભાભિભૂત એટલે લોભકષાયમાં આસક્તચિત્તવાળો, અર્થાત્ તૃષ્ણારૂપ પિશાચણીથી વશ કરાયેલો. લોભાભિભૂતનો ભાવ તે લોભાભિભૂતત્વ. લોભાભિભૂતત્વના (=અતિશય લોભના) કારણે આ કર્તવ્ય છે, આ કર્તવ્ય નથી એમ વિચારતો નથી. તેમાં જે કરવા યોગ્ય છે તે કાર્ય છે. કર્તવ્ય વર્તમાનના અને ભવિષ્યના સુખ માટે જ્યાં પુરુષ પ્રવર્તે છે તે કાર્ય (કરવા યોગ્ય) છે, અર્થાત્ જેનાથી વર્તમાનમાં અને ભવિષ્યમાં સુખ મળે તે કાર્ય (કરવા યોગ્ય) છે. તૃષ્ણાંધ તે પવિત્ર કાર્યના આચરણની અપેક્ષા રાખતો નથી. જે કરવા યોગ્ય નથી તે અકાર્ય છે. તૃષ્ણાંધ તેમાં પણ વિચાર્યા વિના પ્રવર્તે છે. અનર્થોને જોતો નથી. તેથી તે પિતાને પણ હણે છે, માતાનો પણ ઉચ્છેદ કરે છે. પુત્રને પણ મારી નાખે છે. બંધુને પણ હણવાને ઈચ્છે છે. પ્રિય પત્નીને પણ હણે છે. આ પ્રમાણે "આ અકાર્ય છે" એમ અપેક્ષા રાખતો નથી.

'प्रेत्य' च ઈત્યાદિથી પરલોકના અનર્થનું પ્રદર્શન કરાવ્યું છે. પ્રકૃષ્ટ અવસ્થાને પામેલો તૃષ્ણારૂપી કષાય કૃમિરાગ જેવો હોય છે. તૃષ્ણા કષાયના આ પરિણામવાળો આત્મા નરકાદિમાં ઉત્પન્ન થાય એમ આગમ પાઠ છે.

"लुब्धोऽयम्" ઈત્યાદિથી આ લોકના જ બાકી રહેલા અનર્થને કહે છે- આ લુબ્ધ છે, તૃષ્ણાવાળો છે, અદાતા છે, ભેગું કરવાના જ ચિત્તવાળો છે, કોઈને દુષ્કૃત પણ આપતો નથી, આ પ્રમાણે લોકમાં અક્ષિલંભન થાય છે. (લંભન=મીલન, અક્ષિલંભન=અક્ષિમીલન) એટલે કે લોકો સામે મળે વગેરે સમયે તેની સામે માત્ર ચક્ષુમીલન[1] (=જોયું ન જોયું) કરે છે, પણ વાત કરતો નથી. તથા તે લોકમાં નિંદાય

૧. શ્રી સિદ્ધસેનગણિકૃત ટીકામાં लम्भनं ના સ્થાને लम्बनं પાઠ છે. अक्षिलम्बनं કે अक्षिलम्भनं એ બંને શબ્દોનો અર્થ શબ્દકોશમાં મારા જોવામાં આવ્યો નથી. પ્રકરણના અનુસારે અર્થ લખ્યો છે.

છે. લોકસમૂહમાં અપયશને પામે છે. આ પ્રમાણે (ભાષ્યકાર) પ્રતિપાદન કરે છે. આથી પરિગ્રહથી નિવૃત્તિ એ શ્રેયસ્કર છે. (૭-૪)

**भाष्यावतरणिका–** किञ्चान्यत्–

**ભાષ્યાવતરણિકાર્થ–** વળી બીજું–

**टीकावतरणिका–** किञ्चान्यदित्यनेन सम्बन्धमाह–हिंसादयः प्रक्रान्ताः किञ्चानेनापेक्ष्यन्ते, एतेषु हिंसादिष्विदमन्यद्भावयेत्, तदाह–

**ટીકાવતરણિકાર્થ–** किञ्चान्यद्(=વળી બીજું) એવા કથનથી સંબંધને કહે છે. પ્રસ્તુત હિંસાદિ किञ्चान्यद् એ પ્રયોગની સાથે અપેક્ષાવાળા (=સંબંધવાળા) છે. હિંસાદિમાં આ બીજું વિચારે. તેને સૂત્રકાર કહે છે–

**મહાવ્રતોને સ્થિર કરવા માટે સર્વવ્રતો માટે સર્વસામાન્ય (બીજી) ભાવના–**

## दुःखमेव वा ॥७-५॥

**સૂત્રાર્થ–** તથા હિંસાદિ પાપો દુઃખરૂપ જ છે એમ વિચારે. (૭-૫)

**भाष्यं–** दुःखमेव वा हिंसादिषु भावयेत् । यथा ममाप्रियं दुःखमेवं सर्वसत्त्वानामिति हिंसाया व्युपरमः श्रेयान् । यथा मम मिथ्याभ्याख्यानेनाभ्याख्यातस्य तीव्रं दुःखं भूतपूर्वं भवति च तथा सर्वसत्त्वानामिति अनृतवचनाद्व्युपरमः श्रेयान् । यथा ममेष्टद्रव्यवियोगे दुःखं भूतपूर्वं भवति च तथा सर्वसत्त्वानामिति स्तेयाद्व्युपरमः श्रेयान् । तथा रागद्वेषात्मकत्वान्मैथुनं दुःखमेव । स्यादेतत्, स्पर्शनसुखमिति । तच्च न । कुतः । व्याधिप्रतीकारत्वात्, कण्डूपरिगतवच्चाब्रह्म-व्याधिप्रतीकारत्वात् । असुखे ह्यस्मिन्सुखाभिमानो मूढस्य । तद्यथा-तीव्रया त्वक्छोणितमांसानुगतया कण्ड्वा परिगतात्मा काष्ठशकल-लोष्टशर्करानखशुक्तिभिर्विच्छिन्नगात्रो रुधिरार्द्रः कण्डूयमानो दुःखमेव सुखमिति मन्यते । तद्वन्मैथुनोपसेवीति मैथुनाद्व्युपरमः श्रेयान् । तथा परिग्रहेष्वप्राप्त-प्राप्तनष्टेषु काङ्क्षा-शोकौ प्राप्तेषु च रक्षणमुपभोगे चावितृप्तिरिति परिग्रहाद्व्युपरमः श्रेयान् । इत्येवं भावयतो व्रतिनो व्रते स्थैर्यं भवति ॥७-५॥

**ભાષ્યાર્થ–** અથવા હિંસાદિમાં(=હિંસાદિ કરવામાં) દુઃખ જ છે એમ વિચારે. જેવી રીતે મને દુઃખ અપ્રિય છે એમ સર્વ જીવોને દુઃખ અપ્રિય છે. આથી હિંસાદિથી નિવૃત્તિ શ્રેયસ્કર છે.

જેવી રીતે અસત્ય કહેવાયેલા મને(=બીજાઓ મારી આગળ અસત્ય બોલ્યા હોય એથી મને) ભૂતકાળમાં દુઃખ થયું છે, વર્તમાનમાં થાય છે, તેમ સર્વ જીવોને અસત્યથી દુઃખ થાય છે માટે અસત્યથી નિવૃત્તિ શ્રેયસ્કર છે.

જેવી રીતે ઈષ્ટ દ્રવ્યના વિયોગમાં મને ભૂતકાળમાં દુઃખ થયું છે. વર્તમાનમાં થાય છે તેમ સર્વ જીવોને ઈષ્ટ દ્રવ્યના વિયોગમાં દુઃખ થાય છે માટે ચોરીથી નિવૃત્તિ શ્રેયસ્કર છે.

તથા રાગ-દ્વેષસ્વરૂપ હોવાથી મૈથુન દુઃખરૂપ જ છે.

સ્પર્શસુખ સુખ નથી. શાથી ? વ્યાધિના પ્રતિકારરૂપ હોવાથી ખુજલીના રોગથી યુક્તની જેમ અબ્રહ્મરૂપ વ્યાધિના પ્રતિકારરૂપ હોવાથી દુઃખરૂપ આ મૈથુનમાં સુખનું અભિમાન થાય છે. તે આ પ્રમાણે- ચામડી, લોહી અને માંસ સુધી પ્રવેશેલી તીવ્ર ખુજલીથી વ્યાપ્ત શરીરવાળો જીવ કાષ્ઠનો ટુકડો, ઈંટ આદિનો ટુકડો, કાંકરો અને નખમુખથી=નખના અગ્રભાગથી ખણવાથી છેદાયેલા શરીરવાળો, ઝરતા લોહીથી ખરડાયેલ અને ખણી રહેલો તે દુઃખને જ સુખ માને છે. તેવી રીતે મૈથુનને સેવનારો દુઃખને જ સુખ માને છે. આથી મૈથુનથી નિવૃત્તિ શ્રેયસ્કર છે.

તથા અપ્રાપ્ત પરિગ્રહમાં કાંક્ષા, પ્રાપ્ત થયા પછી નાશ પામવામાં શોક, પ્રાપ્ત પરિગ્રહમાં રક્ષણ અને ઉપભોગમાં તૃપ્તિનો અભાવ દુઃખરૂપ છે. આથી પરિગ્રહથી નિવૃત્તિ શ્રેયસ્કર છે.

આ પ્રમાણે ભાવતા (વિચારતા) સાધુને વ્રતમાં સ્થિરતા થાય છે. (૭-૫)

**टीका–** वाशब्दो विकल्पार्थः, अपायावद्यदर्शनं भावयेद्दुःखमेव वा भावयेदिति समुच्चयार्थो वाशब्दः, दुःखमेव च भावयेत् अपायावद्यदर्शनं चेति, एवकारोपादानात् सुखलवगन्धोऽपि नास्तीति प्रतिपादयति, दुःखमेव केवलं हिंसादयो, न सुखमपीति । एनमेवार्थं भाष्येण

स्पष्टयति-'दुःखमेव चे'त्यादिना, हिंसादिष्विति हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेषु विषयभूयमापन्नेषु दुःखहेतुषु दुःखस्वभावेषु च दुःखबहुलतामेव भावयेदिति, केन प्रकारेणेत्याह-यथा मम अप्रियं न प्रीतिकारी दुःखम्-अनिष्टसंयोगनिमित्तं शरीरमनःपीडात्मकं व्यापत्तिपर्यवसानम्, एवं सर्वेषां सत्त्वानामप्यप्रियं, वधबन्धच्छेदपाटनोल्लम्बनादिहेतुकमात्मानु-मानादवसेयमित्येवमालोचयतः कृतिनो मनसि निश्चितमवतिष्ठतेऽतो हिंसाया व्युपरमः श्रेयानिति ।

अतोऽनृतभाषणमपि दुःखमेवेत्यभिधित्सुराह-'यथा ममे'त्यादि मिथ्याभ्याख्यानं प्राग् व्याख्यातं तेन मिथ्याऽभ्याख्यानेनालीकाध्यारोपेणा-भ्याख्यातस्याभिमुखमाख्यातस्याभियुक्तस्य, प्रकाशितवानिदं कृतमुक्तं चेति तन्निमित्तं यथा मम प्रकृष्टं तीव्रं दुःखं भूतमुत्पन्नपूर्वमित्यर्थः, सम्प्रति वा भवत्यलीकाध्यारोपात्, तथा सर्वसत्त्वानां तादृगेव तीव्रं दुःखमभ्याख्यानहेतुकमुपजायतेऽस्मिन्नेव लोके, अमुष्मिन् पुनर्लोके मिथ्याऽभ्याख्यानपरो यत्र यत्र जन्म प्रतिलभते तत्र तत्र तादृशैरेवाभ्या-ख्यानैरभियुज्यमानः सदा दुःखमनुभवतीत्यनृताद्व्युपरमः श्रेयानिति ।

हिंसानृतभाषणदुःखवत् स्तेयमपि दुःखमेवेत्याह-यथा ममेत्यादि, यथा मम स्वद्रव्यस्येष्टस्य वियोगेऽपहारक्रियया तस्करैः कृते दुःखं मानसं शारीरं वा पूर्वमभूद्भवति चाधुना तथा सर्वसत्त्वानामतः स्तेया-द्व्युपरमः श्रेयानिति ।

यथा च हिंसानृतस्तेयानि दुःखस्वभावानि तथा रागद्वेषात्मकत्वान्मैथुनं दुःखमेवेत्यादि पूर्वदुःखतुल्यतामतिदिशति, मायालोभौ रागः क्रोधमानौ द्वेषः, माया-छद्मरूपा तदाकारपरिणतश्च हिंसानृतस्तेयेषु प्रवर्त्तते, लोभोऽपि गार्ध्यलक्षणः तत्परिणामश्च मांसादिगार्ध्यादुक्ताऽवग्रहणेन चौर्येण वा तेषु प्रवर्त्तते, तथा क्रोधमानाभ्यामपि प्रेरितो हिंसादिषु प्रवर्त्तते इत्यत्यन्तप्रसिद्धं, मैथुनस्यापि तावेव रागद्वेषौ निदानं, रागद्वेषकारणत्वाच्च

मैथुनमपि दुःखमेवेत्यवधार्यते, रागद्वेषावात्मा-स्वभावः कारणं यस्य तद्दुःखमेव रागद्वेषात्मकत्वाद्धिंसादिवत्, स्यादेतदित्यादिना ग्रन्थेनाशङ्कते, प्रसिद्धिरियं योषितामुपभोगे दशनच्छदपानाक्षिचुम्बनवपुःपरिरम्भणपीन-स्तनतटीनखमुखावदारणगुह्यसंयोगबीजनिसर्गसमकालभाविस्पर्शनेन्द्रिय-द्वारकं सुखमनुभवप्रमाणसिद्धं भूयसां प्राणिनां अपह्नुवानस्य प्रतीतिप्रत्यक्ष-विरोधाववश्यं भाविनावित्यारेकिते भाष्यकृदाह-'तच्च ने'त्यादि, तदित्यनेन स्पर्शनसुखमभिसम्बध्यते, न खलु तत् सुखं, दुःखमे-वेत्यभिप्रायः, वक्ष्यमाणपामनदृष्टान्तबलात् प्रतीतिप्रत्यक्षविरोधावनास्पदौ, इतरस्तमेव दृष्टान्तमभिध्यायन्नाह-कुत इति, कस्मादेतत् स्पर्शनसुखं दुःखमेव प्रतिपत्तव्यं, युक्त्यन्तरात्, साध्यसाधनसंगतेन हि साधर्म्यदृष्टान्तेन प्रतिपत्तिरुपजायते, साध्यसाधनशून्येन व्यतिरेकदृष्टान्तेन वेति, भाष्यकार आह-'व्याधिप्रतीकारत्वादि'त्यादि, राजपुत्रक्षयकुष्ठादयो व्याधि-विशेषास्तेषां प्रतीकारः प्रतिक्रिया तन्निदानपरिहारेण भेषजोपयोगः पथ्यासेवनं च, उद्भूतो हि व्याधिः शरीरमनसो बाधामाधत्ते, बाधा-प्रतिक्षेपश्च भेषजाद्युपयोगसाध्यः, कर्म्मणां च क्षयोपशमोदयादयः क्षेत्र-कालद्रव्यभावाद्यपेक्षा न खल्वात्यन्तिकं सुखोपजननमाधातुं समर्थाः, दुःखप्रतिबन्धमात्रकारित्वात्, मूढाश्च तमवस्थाविशेषं सुखमिति मन्यन्ते, व्याधिश्च मकरध्वजः प्रथमोद्दिष्टव्याधितुल्यविपाकत्वात् ।

हेतुविवरणायाह-असुखे ह्यस्मिन्निति दुःखमेव भ्रान्ताः सुखमित्युप-चरन्ति मोहादज्ञानाच्चेत्यतोऽसुखं दुःखं तस्मिन् सुखबुद्धिर्यथा गण्डादिषु पाकाभिमुखेषु परिपक्वेषु च तीव्रवेदनापरिगतस्य जन्तोस्तत्-पाटनपूयनिःसरणेन वेदनामात्रप्रशमः तथा पुरुषवेदाद्युदयात्तीव्रार्त्तिभाजो-ऽवधीरितविवेकबलस्य यत्किञ्चनकारिणो ग्रहाविष्टस्येवार्त्तध्यानोपगतस्य स्त्र्यादिसंयोगे विलपतोऽसभ्यानि प्रासमूर्च्छागमस्येव बाढं क्लिश्नतो बीजलेशानुत्सृजतः पूयलवानिव सुखमभिमन्यमानस्य तस्य तत्

परमार्थतः दुःखं, तत्र सुखाभिमानो मूढस्याज्ञस्य, दृष्टान्तं व्याचष्टे- तद्यथेति कामसुखं दुःखमेवेति ख्याप्यते, तीव्रयेत्यादि तीव्रा इति परां काष्ठां गता त्वक्-चर्म्म शोणितम्-असृक् मांसं-पिशितं गता-प्राप्ता, तयैवंविधया कण्ड्वा परिगतात्मा-व्याप्तशरीरः काष्ठादिकण्डूयनक्रियायाः कारणं नानारूपमुपदिशति, काष्ठशकलं-काष्ठखण्डं लोष्टः-इष्टकादिखण्डं शर्क्करा-शर्क्कराटङ्कः नखशुक्तयो-नखमुखानि, प्रदर्शनमात्रमेतत्, एभिः काष्ठशकलादिभिर्विच्छिन्नगात्र इति विदारितगात्रः, ततश्च श्रवता रुधिरेणार्द्रः कण्डूयमानः एवंविधाऽवस्थो दुःखमेव सुखमिति मन्यते मोहात्, तद्वत् मैथुनोपसेवीति, अनेन साम्यतामापादयति दृष्टान्तेन सह, ततश्च दुःखभावनावासितचेतसो मैथुनाद्व्युपरमः श्रेयानिति ।

यथा प्राणातिपातादयो दुःखं तथा परिग्रहोऽपीति प्रतिपादयति, परिग्रहः-सचित्तादिभेदो ममत्वसम्बन्धः, अप्राप्त्यादीनि त्रीण्यपि परिग्रहविशेषणतयोपात्तानि, तेषु काङ्क्षा-अभिलाषोऽर्जनम्-उपादाने प्रयत्नः, स च दुःखं खेदकारित्वात्, प्राप्तेषु च परिग्रहेषु नष्टेष्विति, नृपदहनतस्करदायादमूषिकादिभ्यो नष्टेषु शोकः, स च दुःखं, तथा 'प्राप्तेषु रक्षण'मिति प्राप्तेषु-स्वीकृतेषु रक्षणं परिपालनं, उपभोग इति आहारादिकः तत्र अवितृप्तिः-अतृप्तिता तत्रापि महद्दुःखं, अतः परिग्रहाद्व्युपरमः श्रेयानित्येवं भावयेत्, परिग्रहेष्वप्राप्त्यादिका वृत्तिर्न तु सूत्राणि ॥७-५॥

**ટીકાર્થ–** वा શબ્દનો વિકલ્પ અર્થ છે. અપાય-અવદ્યદર્શનને વિચારે. અથવા દુઃખરૂપ જ છે એમ વિચારે. (અથવા) वा શબ્દનો સમુચ્ચય અર્થ છે. દુઃખરૂપ જ છે એમ વિચારે અને અપાયાવદ્યદર્શનને વિચારે. एव કારનું ગ્રહણ કર્યું હોવાથી સુખલવની ગંધ પણ નથી એમ જણાવે છે. હિંસાદિ કેવળ દુઃખરૂપ જ છે, સુખરૂપ નથી.

આ જ અર્થને ભાષ્યથી "दुःखमेव च" ઇત્યાદિથી સ્પષ્ટ કરે છે.

વિષયભાવને પામેલા(=પ્રસ્તુતમાં વિચારણા કરવાના વિષય બનેલા), દુઃખનું કારણ અને દુઃખસ્વરૂપ એવા હિંસા-અસત્ય-સ્તેય-અબ્રહ્મ-પરિગ્રહોમાં દુઃખ ઘણું છે એમ વિચારે. કેવી રીતે વિચારે એમ કહે છે- અનિષ્ટસંયોગરૂપ નિમિત્તવાળું(=અનિષ્ટસંયોગરૂપ નિમિત્તથી થનારું), જેના અંતે મૃત્યું છે=મૃત્યુનું દુઃખ છે તેવું, શારીરિક-માનસિક પીડા સ્વરૂપ દુઃખ જેવી રીતે મને પ્રિય=પ્રીતિકર નથી તેવી રીતે વધ-બંધ-છેદ-પાટન આદિ કારણોથી થનારું દુઃખ સર્વ જીવોને અપ્રિય છે. (સર્વ જીવોને દુઃખ અપ્રિય છે એ કેવી રીતે જાણી શકાય ? એવા પ્રશ્નના ઉત્તરમાં કહે છે-) आत्मानुमानादवसेयम् - સર્વ જીવોને દુઃખ અપ્રિય છે એ આત્માના અનુમાનથી જાણી શકાય છે. (જેવો હું છું તેવા જ બધા જીવો છે. મને દુઃખ અપ્રિય છે. બધા જીવો મારા જેવા હોવાથી તેમને પણ દુઃખ અપ્રિય છે. આમ આત્માના અનુમાનથી બધા જીવોને દુઃખ અપ્રિય છે એમ જાણી શકાય છે.)

આ પ્રમાણે વિચારતા વિદ્વાનના મનમાં નિશ્ચિતપણે સ્થિર થાય છે કે “આથી હિંસાથી નિવૃત્તિ શ્રેયસ્કર છે.”

આથી અસત્ય ભાષણ પણ દુઃખરૂપ જ છે એમ કહેવાની ઇચ્છાવાળા ભાષ્યકાર કહે છે–

મિથ્યાભ્યાખ્યાન શબ્દની વ્યાખ્યા પૂર્વે (અ.૭ સૂ.૪ માં) કરી છે. “આ તેં પ્રગટ કર્યું હતું. આ તેં કર્યું હતું. આ તેં કહ્યું હતું.” આવા ખોટા આરોપથી ઘેરાયેલા મને જેવી રીતે તીવ્ર દુઃખ ભૂતકાળમાં થયું હતું અથવા હમણાં થાય છે તેવી રીતે અભ્યાખ્યાન નિમિત્તે સર્વ જીવોને તેવું જ દુઃખ આ જ લોકમાં થાય છે. ખોટા આરોપ આપવામાં તત્પર જીવ પરલોકમાં જ્યાં જ્યાં જન્મ પામે ત્યાં ત્યાં તેવા જ ખોટા આરોપોથી આક્રમણ કરાતો તે દુઃખને અનુભવે છે. આથી અસત્યથી નિવૃત્તિ શ્રેયસ્કર છે.

હિંસા, અસત્યભાષણના દુઃખની જેમ ચોરી પણ દુઃખરૂપ જ છે એમ કહે છે–

જેવી રીતે ચોરો અપહરણ ક્રિયાથી મારા ઇષ્ટ દ્રવ્યનો વિયોગ કરે તેમાં જેવી રીતે મને ભૂતકાળમાં માનસિક કે શારીરિક દુઃખ થયું હતું અને હમણાં થાય છે તેમ ચોરીથી સર્વ જીવોને દુઃખ થાય છે આથી ચોરીથી નિવૃત્તિ શ્રેયસ્કર છે.

જેવી રીતે હિંસા-અસત્ય-ચોરી દુઃખસ્વરૂપ છે તેવી રીતે રાગ-દ્વેષસ્વરૂપ હોવાથી મૈથુન દુઃખસ્વરૂપ જ છે. ઇત્યાદિથી પૂર્વના (=હિંસાદિના) દુઃખની તુલ્યપણાની ભલામણ કરે છે. માયા-લોભ રાગરૂપ છે. ક્રોધ-માન દ્વેષરૂપ છે. માયા કપટરૂપ છે. માયારૂપે પરિણત જીવ હિંસા-અસત્ય-ચોરીમાં પ્રવર્તે છે. લોભ પણ ગૃદ્ધિસ્વરૂપ છે. લોભના પરિણામવાળો માંસાદિની ગૃદ્ધિથી ઉક્ત(=પ્રસ્તુત અધ્યાયના ચોથા સૂત્રમાં પક્ષીના દૃષ્ટાંતથી કહેલ) નિગ્રહથી કે ચોરીથી હિંસાદિમાં પ્રવર્તે છે તથા ક્રોધ-માનથી પણ પ્રેરાયેલો હિંસાદિમાં પ્રવર્તે છે એમ અત્યંત પ્રસિદ્ધ છે. મૈથુનનું પણ તે જ રાગ-દ્વેષ કારણ છે. રાગ-દ્વેષ કારણ હોવાથી મૈથુન પણ દુઃખરૂપ જ છે એમ નિર્ણય કરાય છે. રાગ-દ્વેષ સ્વભાવ જેનું કારણ હોય તે દુઃખ-સ્વરૂપ જ હોય. (આ પક્ષ છે.) કેમકે રાગ-દ્વેષસ્વરૂપ છે. (આ હેતુ છે.) હિંસા આદિની જેમ. (આ દૃષ્ટાંત છે.)

स्यादेतद् ઇત્યાદિ ગ્રંથથી આશંકા કરે છે. મૈથુન સ્પર્શસુખરૂપ છે. લોકમાં આ પ્રસિદ્ધિ છે કે સ્ત્રીઓના ઉપભોગમાં હોઠથી ચુંબન, આંખોમાં ચુંબન, શરીરે આલિંગન, પુષ્ટ સ્તનરૂપ કિનારામાં નખમુખથી=નખના અગ્રભાગથી ક્ષત, યોનિસંયોગથી વીર્યસ્ખલન વખતે સ્પર્શનેંદ્રિય દ્વારા થતું સુખ ઘણા પ્રાણીઓને અનુભવ પ્રમાણથી સિદ્ધ છે. આનો સ્વીકાર ન કરનારને પ્રતીતિવિરોધ અને પ્રત્યક્ષવિરોધ અવશ્ય થશે આવી આશંકા કરનારને ભાષ્યકાર કહે છે- तच्च न ઇત્યાદિ. સ્પર્શસુખ દુઃખ-રૂપ જ છે એવો અભિપ્રાય છે. હવે કહેવાશે તે ખુજલીવાળા દૃષ્ટાંતના બળથી પ્રતીતિવિરોધ અને પ્રત્યક્ષવિરોધને સ્થાન રહેતું નથી.

તે જ દૃષ્ટાંતને વિચારતો બીજો કહે છે- આ સ્પર્શસુખ દુઃખરૂપ જ છે એ શાનાથી જાણવું? અન્ય યુક્તિથી જાણવું. સાધ્ય-સાધનને સંગત એવા સાધર્મ્યદૃષ્ટાંતથી કે સાધ્ય-સાધનથી રહિત વ્યતિરેક દૃષ્ટાંતથી બોધ થાય છે. આથી ભાષ્યકાર કહે છે- "व्याधिप्रतीकारत्वाद्" इत्यादि મૈથુનસુખ વ્યાધિપ્રતિકારતુલ્ય હોવાથી દુઃખરૂપ છે. રાજપુત્ર-ક્ષય-કુષ્ઠ વગેરે વિશેષ પ્રકારની વ્યાધિઓની પ્રતિક્રિયા(=ઉપચાર) જેના કારણે રોગ થયો હોય તેનો ત્યાગ. ઔષધનું સેવન અને પથ્યનું સેવન છે. ઉત્પન્ન થયેલો વ્યાધિ શરીર-મનને પીડા કરે છે. ઔષધાદિના ઉપયોગથી બાધાને દૂર કરી શકાય છે. કર્મના ક્ષયોપશમ-ઉદય વગેરે ક્ષેત્ર-કાળ-દ્રવ્ય-ભાવ આદિની અપેક્ષાવાળા છે તથા શાશ્વતસુખની ઉત્પત્તિ કરવા માટે સમર્થ નથી, માત્ર દુઃખનો પ્રતિબંધ કરે છે=દુઃખને અટકાવે છે. મૂઢ જીવો તે અવસ્થાવિશેષને (જેમાં થોડા સમય માટે માત્ર દુઃખ અટકી ગયું છે તેવી અવસ્થાને) સુખ છે એમ માને છે. કામ વ્યાધિ છે. કેમકે પહેલા કહેલ (ખુજલી) વ્યાધિની તુલ્ય વિપાકવાળું છે. (જેમ જેમ ખુજલીનું સેવન થાય=ખંજવાળવામાં આવે તેમ તેમ ખુજલી વધે તેવી રીતે જેમ જેમ કામનું સેવન થાય તેમ તેમ કામ વધે.)

હેતુનું(=प्रथमोद्दिष्टव्याधितुल्यविपाकत्वाद् એ હેતુનું) વિવરણ કરવા માટે કહે છે—

'असुखे ह्यस्मिन्' इति ભ્રાંત જીવો મોહથી અને અજ્ઞાનતાથી દુઃખને જ સુખ છે એમ ઉપચાર કરે છે. તેથી જે અસુખ=દુઃખ છે તેમાં સુખબુદ્ધિ કરે છે. જેમકે ફોડલા પાકવાની તૈયારીમાં હોય અથવા પાકી ગયા હોય ત્યારે તીવ્ર વેદનાથી યુક્ત જીવને ફોડલાને ચીરીને રસી કાઢવાથી માત્ર વેદનાનો ઉપશમ થાય છે. તેવી રીતે પુરુષવેદાદિના ઉદયથી તીવ્ર પીડાવાળો વિવેકબળથી રહિત ગાંડા માણસની જેમ ગમે તેમ કરનારો, આર્તધ્યાનને પામેલો, સ્ત્રી આદિના સંયોગમાં અસભ્ય વિલાપ કરનારો, જાણે કે મૂર્ચ્છાના ઉપભોગને પ્રાપ્ત કર્યો હોય તેવો, અતિશય ક્લેશને પામતો અને અલ્પવીર્યનો ઉત્સર્ગ(=ત્યાગ) કરતો પુરુષ ફોડલામાંથી

અલ્પપરુ નીકળી જતા સુખ માનનારની જેમ સુખ માનતો હોવા છતાં પરમાર્થથી દુઃખ છે. તેમાં સુખાભિમાન અજ્ઞાન-મૂઢને હોય.

દૃષ્ટાંતને કહે છે- 'तद्यथा' इति આ દૃષ્ટાંતથી કામસુખ દુઃખરૂપ જ છે એવી પ્રસિદ્ધિ કરવામાં આવે છે. 'तीव्रया' इत्यादि, તીવ્ર પરાકાષ્ઠાને પામેલી. ત્વક્ એટલે ચામડી. શોણિત એટલે લોહી. માંસ એટલે પિશિત. ચામડી-લોહી-માંસમાં પ્રવેશેલી તીવ્ર ખુજલીથી વ્યાપ્ત શરીરવાળો.

ખંજવાળવાની ક્રિયાના કાષ્ઠ વગેરે વિવિધ પ્રકારના કારણોને ઉપદેશે છે=બતાવે છે- કાષ્ઠશકલ=કાષ્ઠનો ટુકડો, લોષ્ઠ=ઈંટ આદિનો ટુકડો. શર્કરા=કાંકરાનો ઉપરનો અણીદાર ભાગ. નખશુક્તિ=નખમુખ (નખનો ઉપરનો ભાગ). આ દૃષ્ટાંતો બતાવવા પૂરતા જ છે.

આ કાષ્ઠના ટુકડા આદિથી છેદાયેલ શરીરવાળો, તેથી ઝરતા લોહીથી આર્દ્ર શરીરવાળો અને (હજી પણ) ખંજવાળતો. આવી અવસ્થાવાળો તે દુઃખને સુખ છે એમ મોહથી માને છે. તેવી રીતે મૈથુનને સેવનારો દુઃખને જ સુખ માને છે. આ વર્ણન દ્વારા ભાષ્યકાર દૃષ્ટાંતની સાથે મૈથુનની સમાનતાને પ્રકાશિત કરે છે. તેથી દુઃખની ભાવનાથી વાસિત ચિત્તવાળાને મૈથુનથી નિવૃત્તિ શ્રેયસ્કર છે.

જેવી રીતે પ્રાણાતિપાત વગેરે દુઃખરૂપ છે તેવી રીતે પરિગ્રહ પણ દુઃખરૂપ છે એમ જણાવે છે–

પરિગ્રહના સચિત્ત વગેરે ભેદો છે. પરિગ્રહ મમત્વની સાથે સંબંધવાળો છે. અપ્રાપ્ત વગેરે ત્રણેય પરિગ્રહના વિશેષણો છે. તેમાં કાંક્ષા એટલે અભિલાષ. અભિલાષ થાય એટલે પરિગ્રહને મેળવવાનો=ગ્રહણ કરવાનો પ્રયત્ન થાય. પ્રયત્ન દુઃખરૂપ છે. કેમકે ખેદને કરનાર છે. પ્રાપ્ત થયેલા પરિગ્રહનો- રાજાથી, બળી જવાથી, ચોરથી, ભાગીદારથી, ચોરનારાદિથી નાશ થતાં શોક થાય. શોક દુઃખરૂપ છે. "प्राप्तेषु रक्षणम्" इति પ્રાપ્ત થયેલાનું(=સ્વીકારેલાનું) રક્ષણ કરવું એટલે કે પરિપાલન કરવું તેમાં પણ ઘણું દુઃખ છે.

'उपभोग' इति આહાર આદિનો ઉપભોગ કરવામાં તૃપ્તિ થતી નથી. તેમાં પણ ઘણું દુઃખ છે. આથી પરિગ્રહથી નિવૃત્તિ શ્રેયસ્કર છે એમ ચિંતવે.

"परिग्रहेष्वप्राप्ति"[1] ઇત્યાદિ વૃત્તિ છે, સૂત્ર નથી. (૭-૫)

**भाष्यावतरणिका–** किञ्चान्यत्–

**ભાષ્યાવતરણિકાર્થ–** વળી બીજું–

**टीकावतरणिका–** किञ्चान्यदित्यनेन सम्बन्धमाह, भावनाधिकारे अन्यच्च किं भावयितव्यं ?, आह–

**ટીકાવતરણિકાર્થ–** किञ्चान्यद् (વળી બીજું) એવા કથનથી આગળના સૂત્રની સાથે સંબંધને કહે છે. ભાવનાના અધિકારમાં બીજું શું ભાવવું જોઇએ ? આ પ્રશ્નના ઉત્તરને કહે છે–

**મહાવ્રતોની સ્થિરતા માટે ચાર ભાવનાઓ–**

**मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यानि सत्त्वगुणाधिकक्लिश्यमानाविनेयेषु ॥७-६॥**

**સૂત્રાર્થ–** (મહાવ્રતોની સ્થિરતા માટે) સર્વ પ્રાણીઓ પ્રત્યે મૈત્રીભાવ, ગુણાધિક જીવો પ્રત્યે પ્રમોદભાવ, દુઃખી જીવો પ્રત્યે કરુણાભાવ અને અવિનીત જીવો ઉપર માધ્યસ્થ્ય (ઉપેક્ષા) ભાવનાને ભાવે. (૭-૬)

**भाष्यं–** भावयेद् यथासङ्ख्यम् । मैत्रीं सर्वसत्त्वेषु । क्षमेऽहं सर्वसत्त्वानाम् । क्षमयेऽहं सर्वसत्त्वान् । मैत्री मे सर्वसत्त्वेषु । वैरं मम न केनचिदिति । प्रमोदं गुणाधिकेषु । प्रमोदो नाम विनयप्रयोगः । वन्दनस्तुतिवर्णवादवैयावृत्त्यकरणादिभिः सम्यक्त्वज्ञानचारित्रतपोऽधिकेषु साधुषु परात्मोभयकृतपूजाजनितः *सर्वेन्द्रियाभिव्यक्तो मनःप्रहर्ष इति ।* कारुण्यं क्लिश्यमानेषु । कारुण्यमनुकम्पा दीनानुग्रह इत्यनर्थान्तरम् । तन्महामोहाभिभूतेषु मतिश्रुतविभङ्गाज्ञानपरिगतेषु विषयतर्षाग्निना दन्दह्यमानमानसेषु हिताहितप्राप्तिपरिहारविपरीतप्रवृत्तिषु विविधदुःखार्दितेषु

---

૧. વૃત્તિકારનું એ કહેવું છે કે કોઇક परिग्रहेष्वप्राप्ति ઇત્યાદિ ભાષ્યપાઠને સૂત્ર તરીકે બોલે છે=લખે છે પણ તે પાઠ વૃત્તિ છે=ભાષ્ય છે, સૂત્ર નથી.

दीनकृपणानाथबालमोमुहवृद्धेषु सत्त्वेषु भावयेत् । तथा हि भावयन् हितोपदेशादिभिस्ताननुगृह्णातीति । माध्यस्थ्यमविनेयेषु । माध्यस्थ्यमौदासीन्यमुपेक्षेत्यनर्थान्तरम् । अविनेया नाम मृत्पिण्डकाष्ठकुड्यभूता ग्रहणधारणविज्ञानोहापोहवियुक्ता महामोहाभिभूता दुष्टावग्राहिताश्च । तेषु माध्यस्थ्यं भावयेत् । न हि तत्र वक्तुर्हितोपदेशसाफल्यं भवति ॥७-६॥

**ભાષ્યાર્થ–** યથાસંખ્ય ભાવે. સર્વ જીવો ઉપર મૈત્રીને ભાવે. સર્વ જીવોને હું ખમું છું. સર્વ જીવો ઉપર મારે મૈત્રીભાવ છે. મારે કોઇની સાથે વૈર નથી.

ગુણાધિક જીવો ઉપર પ્રમોદને ભાવે. પ્રમોદ એટલે વિનય કરવો. સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્ર-તપથી અધિક એવા સાધુઓની વંદન-સ્તુતિ-વર્ણવાદ-વૈયાવૃત્ત્યકરણ વગેરે દ્વારા પર-આત્મ-ઉભયથી કરાયેલ પૂજાથી ઉત્પન્ન થયેલ અને સર્વ ઇંદ્રિયોથી અભિવ્યક્ત થતો એવો માનસિક હર્ષ પ્રમોદ છે.

ક્લેશ પામતા જીવો ઉપર કારુણ્ય ભાવના ભાવે. કારુણ્ય, અનુકંપા, દીનાનુગ્રહ એ શબ્દો એકાર્થ છે. મહામોહથી અભિભૂત થયેલા, મતિ, શ્રુત અને વિભંગ અજ્ઞાનરૂપે પરિણામ પામેલા, વિષયોની તૃષારૂપ અગ્નિથી બળતા ચિત્તવાળા, હિતકારી પ્રવૃત્તિની પ્રાપ્તિમાં અને અહિતકારી પ્રવૃત્તિના ત્યાગમાં વિપરીત પ્રવૃત્તિ કરનારા, વિવિધ દુઃખથી પીડાએલા એવા દીન, કૃપણ, અનાથ, બાલ, મોમુહ(=અસ્પષ્ટ બોલનાર), વૃદ્ધ જીવો ઉપર કારુણ્યભાવના ભાવવી. તેવી રીતે ભાવતો હિતોપદેશ વગેરેથી તેઓને અનુગ્રહ કરે છે.

અવિનીત જીવોમાં માધ્યસ્થ્ય ભાવે. માધ્યસ્થ્ય, ઔદાસીન્ય, ઉપેક્ષા એ પ્રમાણે એકાર્થ છે.

મૃત્પિંડ, કાષ્ઠ અને ભીંત જેવા ગ્રહણ-ધારણ-વિજ્ઞાન-ઊહ-અપોહથી રહિત મહામોહથી અભિભૂત અને દુષ્ટાવગ્રાહિત જીવો અવિનેય છે. તે જીવો ઉપર માધ્યસ્થ્ય ભાવે. તેવા જીવો ઉપર હિતોપદેશ કરવામાં વક્તાને સફળતા થતી નથી. (૭-૬)

**टीका–** एतद् व्याचष्टे–कृतद्वन्द्वानां द्वितीयया निर्देशः मैत्र्यादीन् भावयेद्यथासङ्ख्यं, मैत्रीं सत्त्वेषु प्रमोदं गुणाधिकेषु एवमन्यत्रापि योज्यं, मैत्री–सर्वसत्त्वविषयस्नेहपरिणामः, येऽपि कृतापकाराः प्राणिनस्तेष्वपि मित्रतां चेतसि सन्निवेश्य क्षमेऽहमिति सर्वसत्त्वानां सम्यग्–मनोवाक्कायैर्येषां च मयाऽपकारः कृतस्तानपि सत्त्वान् क्षमयेऽहं, क्षमां ग्राहयामीत्यर्थः, तत्र परः क्षमते वा न वा (परं स्वचेतसः कालुष्यमपनेयम्) इति वेति, एतदेव स्पष्टतरं विवृणोति–'मैत्री मे सर्वसत्त्वेषु वैरं मे न केनचिद्' वीराणामिदं कर्म्म वैरं, पुनः पुनः पानककरणमित्यर्थः । प्रमोदो गुणाधिकेषु एतद् व्याचष्टे–'प्रमोदो नामे'ति सम्यक्त्वादिगुणाधिकेषु प्रमोदो–हर्षस्तं भावयेत्, नामशब्दो वाक्यालङ्कारार्थः, अलङ्कारः श्रोत्रसुखत्वं, विनीयतेऽनेन कर्म्मेति विनयः–ज्ञानदर्शनचरणोपचारभेदक्रियाविशेषः, विनयहेतुर्वन्दनं–प्रह्वैर्मनोवाक्कायैः विशेषत उत्तमाङ्गेन, स्तुतिः–सद्भूतगुणोत्कीर्त्तनरूपा, वर्णवादो–यशःप्रख्यापनं, वैयावृत्त्यं–व्यापृतता बालग्लानगुरूपवासिशैक्षप्राघूर्णकान् उद्दिश्य आगमविहितभक्तपानवस्त्रपात्रप्रतिश्रयदण्डकाद्युपकरणमार्गणा–नयनप्रदानलक्षणो व्यापारस्तस्यानुष्ठानं–करणं, आदिशब्दाद्देशकालापेक्षः साधूद्देशेन अनेकप्रकारः पूजाहेतुः सङ्गृहीतः, सम्यक्त्वं–तत्त्वार्थ–श्रद्धानलक्षणं ज्ञानं–हिताहितावबोधकारि चारित्रं–मूलोत्तरगुणरूपं तपो–बाह्याभ्यन्तरविधानं एभिः सम्यक्त्वादिभिरधिकाः साधवो गृहस्थादिभ्यः तेषु परेणात्मना उभाभ्यां वा कृता या वन्दनादिलक्षणा पूजा तया जनितः–उत्पादितः 'सर्वेन्द्रियाभिव्यक्त' इति सर्वग्रहणं सम्भवापेक्षं साधुगुणोत्कीर्त्तनसमये चित्तकर्णदानविकसदुत्फुल्ललोचनाविर्भूत–रोमाञ्चतनुत्वं यत् स मनःप्रहर्षः प्रमोद इत्याख्यायते । कारुण्यमित्यादि करुणा–अनुकम्पा तद्भावः कारुण्यं, कः पुनरस्य विषयः ?, क्लिश्यमानेष्वित्याह–क्लिश्यमानेषु–उपतापमनुभवत्सु, दीना–दुःखिताः

शारीरमानसदु:खाभिभूताः तेषामनुग्रहः कारुण्यं घृणा दयेति पर्यायाः तदिति तत् कारुण्यं भावयेत् स्वक्षेत्रे, तत्क्षेत्रमाह-महामोहो-मिथ्या-दर्शनानन्तानुबन्ध्यादिः तेनाभिभूतेषु-वशीकृतेषु, अत एव च मतिश्रुत-विभङ्गाज्ञानपरिगतेष्वित्याह, मतिश्रुतविभङ्गाज्ञानान्युक्तलक्षणानि प्रथमे, तत्परिगतेषु-तदाकारपरिणतेषु, विषयाः-शब्दादयस्तेषु तर्षो विषयतर्षः, पिपासेति, तर्ष इवाग्निः परितापकारित्वात् तेन दन्दह्यमानचित्तेषु, न खलु विषयासेविनः कदाचित्तृप्यन्ति, स्थविरावस्थायामपि काङ्क्षा-सद्भावाद्, एवंविधावस्थेषु हितमित्यादि, हितं-मुक्तिसाधनम् अहितं-संसारसाधनं तयोः प्राप्तिपरिहारौ तत्र विपरीता प्रवृत्तिर्येषां, हितं परिहरन्ति अहितं आसेवन्ते तेषु विविधम्-अनेकप्रकारमैहिकामुष्मिकभेदं शरीरमनोविषयं दुःखं, तेनार्दितेषु-हिंस्यमानेषु । दैन्यसम्बन्धाद् दीनाः-अतिहीनयाञ्चायुक्ताः । कृपणाः-उत्सन्नान्वयाः । अनाथाः-अबान्धवाः केनचिदपि अगृहीताः स्वयं चासमर्थाः । बालाः-शिशवः । मोमुहाः-काहलाः । वृद्धाः-सप्ततिसंवत्सरसङ्ख्यामतीत्य वर्त्तमानाः । तेषु कारुण्यमविच्छिन्नं भावयेत् । तथाहीत्यादि, तथा च भावयन् उक्तेन प्रकारेण हितोपदेशादिभिरिति, हितोपदेशो-मुक्तिसाधनसम्बन्धः, आदिशब्दाद्देशकालापेक्षान्नपानप्रतिश्रयकर्पटभैषजैरपि तान् अनुगृह्णातीति । माध्यस्थ्यमविनेयेष्वित्यादि व्याचष्टे, रागद्वेषयोरन्तरालं मध्यं तत्र स्थितो मध्यस्थः-रागद्वेषेष्ववृत्तिरिति, तद्भावो माध्यस्थ्यम् । अरक्तद्विष्ट उदासीनस्तद्भाव औदासीन्यं, उपेक्षेति ईक्षणमालोचनं, सामीप्येन अरक्तद्विष्टतया अरागवृत्तिता अद्वेषवृत्तिता, वोपेक्षेत्येकार्थाभिधायिनः शब्दाः, अविनेयानामिति विनीयन्ते-शिक्षां ग्राहयितुं शक्यन्त इति विनेयाः न तथा अविनेयाः-अशिक्षार्हाः । प्रकृष्टमिथ्यादर्शनावगृहीतचित्ताः पूर्वव्युद्ग्राहिताश्चाविनेया इति, मृत्पिण्डकाष्ठकुड्यानीव मृत्पिण्डकाष्ठ-कुड्यभूताः, यथा मृत्पिण्डादयो निश्चेतनाः श्रोत्रादीन्द्रियव्यापारशून्या

नोपदिष्टमपि हितं समादत्ते तद्वदेते तथोक्ताः, तदेव स्पष्टयति 'ग्रहणधारणे'त्यादिना उपदेशस्य ग्रहणं-प्रतिपत्तिः । गृहीतस्याविस्मरणं धारणं । एवमेतदिति निश्चितप्रत्ययो विज्ञानं । ईहा तत्त्वान्वेषिणी जिज्ञासा। विचारणोत्तरकालमपोहः सदोषपक्षत्यागः । एभिर्ग्रहणादिभिर्वियुक्ता महामोहो-मिथ्यादर्शनं तेनाक्रान्ताः अभिगृहीतमिथ्यादृष्टयो दुष्टावग्राहिताश्चेति दुष्टाः-रागादिदोषभाजस्तैश्च स्वपक्षानुरागात् परपक्षद्वेषाच्चान्यथा वस्तु ग्राहिताः, अवग्राहिता इति विप्रलब्धाः, ते चाजीविताविधि स्वमसद्ग्रहं न मुञ्चन्ति, तेषु पुनर्माध्यस्थ्यं भावयेत्, तेषु तत्त्वावगतेरभावाद्विफल उपदेशः, कस्मात् कारणान्माध्यस्थ्यं भावनीयं ?, 'न हि तत्रे'त्यादि, नैव तत्र मृत्पिण्डादितुल्ये दुष्टावग्राहिते च वक्तुर्हितोपदेशदानसाफल्यं भवति, निष्फलं चोपदेशं तीर्थकृतोऽपि नाद्रियन्ते, यथाह-सर्वं च देशविरति'मित्यादि, एवं च भावयतो व्रतानां स्थैर्यं भवतीति ॥७-६॥

**ટીકાર્થ–** આને કહે છે- મૈત્રી આદિ શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરીને દ્વિતીયા વિભક્તિથી નિર્દેશ છે.

યથાસંખ્ય મૈત્રી આદિને ભાવે. સર્વ જીવો ઉપર મૈત્રીને ભાવે, ગુણાધિક જીવો ઉપર પ્રમોદને ભાવે. એ પ્રમાણે બીજા સ્થળે પણ યોજના કરવી.

### મૈત્રી

મૈત્રી એટલે સર્વ જીવો ઉપર સ્નેહનો પરિણામ. જે જીવોએ અપકાર કર્યો હોય તેમને પણ ચિત્તમાં સ્થાપીને સર્વ જીવોને હું મન-વચન-કાયાથી સમ્યગ્ ખમું છું(=ક્ષમા ધારણ કરું છું), અર્થાત્ તેમના અપરાધોને સહન કરું છું. જેમના ઉપર મેં અપકાર કર્યો હોય તે જીવોને પણ હું ખમાવું છું, અર્થાત્ ક્ષમા ધારણ કરાવું છું. (મારા અપરાધોને સહન કરાવું છું=મારા અપરાધોને સહન કરે=માફ કરે એવી વિનંતી કરું છું.) તેમાં બીજો ક્ષમા કરે કે ન કરે પણ પોતાના ચિત્તની મલીનતા અવશ્ય દૂર કરવી જોઇએ. આનું જ અધિક સ્પષ્ટતાથી વિવરણ કરે છે- મારે સર્વ જીવો ઉપર મૈત્રી ભાવ છે, કોઇ પણ જીવની સાથે વૈર નથી.

વીરોનું આ કર્મ=વૈર.[૧]

## પ્રમોદ

ગુણાધિક જીવો ઉપર પ્રમોદને ભાવે. આને કહે છે- 'प्रमोदो नामे'ति ઇત્યાદિ, સમ્યક્ત્વાદિથી અધિક હોય એવા જીવો ઉપર પ્રમોદ કરવો. પ્રમોદ એટલે હર્ષ. તેને ભાવે-ચિંતવે.

**વિનય–** જેનાથી કર્મ દૂર કરાય તે વિનય. વિનયના જ્ઞાન-દર્શન-ચારિત્ર-ઉપચાર એમ ચાર ભેદ છે. વિનય ક્રિયાવિશેષ છે.

**વંદન–** વંદન વિનયનો હેતુ છે, અર્થાત્ વંદન કરવાથી વિનય થાય છે. નમ્ર બનેલા મન-વચન-કાયાથી અને વિશેષથી મસ્તકથી વંદન થાય છે.

**સ્તુતિ–** સદ્ભૂતગુણોનું કીર્તન કરવું.

**વર્ણવાદ–** યશની પ્રસિદ્ધિ કરવી.

**વૈયાવૃત્ત્ય–** વૈયાવૃત્ત્યનો શબ્દાર્થ વ્યાપૃતતા થાય. ભાવાર્થ આ પ્રમાણે છે- બાળ-ગ્લાન-ગુરુ-ઉપવાસી-શૈક્ષ-પ્રાઘૂર્ણકોને ઉદ્દેશીને આગમમાં વિહિત એવો ભક્ત-પાન-વસ્ત્ર-પાત્ર-ઉપાશ્રય-દંડાદિ ઉપકરણોને શોધવા-લાવવા-આપવા રૂપ જે વ્યાપાર તે વ્યાપારને કરવો તે વૈયાવૃત્ત્ય. आदि શબ્દથી દેશ-કાળની અપેક્ષાએ સાધુઓને ઉદ્દેશીને પૂજાના હેતુ(=જેનાથી સાધુની પૂજા થાય) એવા અનેક પ્રકારોનો સંગ્રહ કર્યો છે.

**સમ્યક્ત્વ**=તત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધા.

**જ્ઞાન**=હિત-અહિતનો બોધ કરાવે તે.

**ચારિત્ર**=મૂલગુણ-ઉત્તરગુણ સ્વરૂપ.

**તપ**=બાહ્ય અને અભ્યંતર એવા ભેદવાળું.

આ સમ્યક્ત્વ વગેરેથી સાધુઓ ગૃહસ્થોથી અધિક છે. આવા સાધુઓની પરથી, સ્વથી કે પર-સ્વ એમ ઉભયથી કરાયેલી જે વંદનાદિ રૂપ પૂજા, એ પૂજાથી ઉત્પન્ન કરાયેલો અને સર્વ ઇંદ્રિયોથી અભિવ્યક્ત થતો માનસિક હર્ષ પ્રમોદ કહેવાય છે.

૧. पुनः पुनः पानककरणमित्यर्थः આ પાઠમાં અશુદ્ધિ જણાય છે આથી તેનો અર્થ લખ્યો નથી.

'સર્વ' શબ્દનું ગ્રહણ સંભવની અપેક્ષાએ છે. સાધુગુણોનું કીર્તન થઇ રહ્યું હોય ત્યારે ચિત્ત અને કાન દઈને શ્રવણ, વિકસતા અને પ્રફુલ્લિત થતા લોચન, શરીરે પ્રગટેલા રોમાંચો વગેરેથી વ્યક્ત થતો માનસિક હર્ષ પ્રમોદ કહેવાય છે.

**કરુણા**

કારુણ્ય-कारुण्यं क्लिश्यमानेषु=કરુણા એટલે અનુકંપા. કરુણાનો ભાવ તે કારુણ્ય. સંતાપને અનુભવતા જીવો કારુણ્યનો વિષય છે. દીન એટલે શારીરિક-માનસિક દુઃખથી પરાભવ પામેલા. તેમનો અનુગ્રહ તે દીનાનુગ્રહ. દીનાનુગ્રહ, કારુણ્ય, ઘૃણા, દયા એ પ્રમાણે પર્યાયો= પર્યાયવાચી શબ્દો છે.

तद् इति, तत् એટલે કારુણ્ય. સ્વક્ષેત્રમાં કારુણ્ય ભાવનાને ભાવે. તેના ક્ષેત્રને કહે છે- મહામોહથી વશ કરાયેલા, એથી જ મતિ-શ્રુત વિભંગ અજ્ઞાન રૂપે પરિણત થયેલા, વિષયોની તૃષારૂપ અગ્નિથી બળી રહેલા ચિત્તવાળા, હિતકરની પ્રાપ્તિ અને અહિતકરના ત્યાગમાં વિપરીત પ્રવૃત્તિવાળા, વિવિધ દુઃખોથી પીડિત એવા દીન, કૃપણ, અનાથ, બાળ, મોમુહ અને વૃદ્ધો ઉપર કરુણાભાવના ભાવવી. તે પ્રમાણે ભાવના ભાવતો જીવ હિતોપદેશ આદિ વડે તેમના ઉપર અનુગ્રહ કરે છે.

**મહામોહ**=મિથ્યાદર્શન અને અનંતાનુબંધી કષાયો આદિ મહામોહ છે. મહામોહના કારણે જ વિષયો મતિ-શ્રુત અને વિભંગ અજ્ઞાન રૂપે પરિણામ પામે છે.

મતિ-શ્રુત-વિભંગ અજ્ઞાનનાં લક્ષણો પ્રથમ અધ્યાયમાં કહ્યાં છે.

**વિષયો**=શબ્દ વગેરે (પાંચ) વિષયો છે. અગ્નિની જેમ પરિતાપ કરનારી હોવાથી વિષયોની તૃષા અગ્નિ જેવી છે. જીવો વિષયોની તૃષારૂપ અગ્નિથી અતિશય બળી રહેલા ચિત્તવાળા છે. વિષયોનું આસેવન કરનારા ક્યારેય તૃપ્ત થતા નથી. કારણ કે વૃદ્ધાવસ્થામાં પણ વિષયોની કાંક્ષા રહેલી હોય છે.

'हितम्' इत्यादि મુક્તિનું સાધન હિતકર છે. સંસારનું સાધન અહિતકર છે. તેમાં વિપરીત પ્રવૃત્તિવાળા એટલે હિતકરનો ત્યાગ કરે છે અને અહિતકરનું સેવન કરે છે.

શાસન સમ્રાટ ભવન
ક્રમાંક:

**વિવિધ દુઃખોથી પીડિત–** અનેક પ્રકારનું આ લોક સંબંધી અને પરલોક સંબંધી જે શારીરિક માનસિક દુઃખ, તે દુઃખથી દુઃખી થઇ રહેલા.

**દીન–** દીનતાના સંબંધથી(=દીનતા કરવાથી) દીન છે, અર્થાત્ અતિશય હીન યાચનાથી યુક્ત હોય=અતિશય હીન યાચના કરનારા હોય તે દીન કહેવાય છે.

[1]**કૃપણ–** જેના વંશનો ઉચ્છેદ થઇ ગયો છે(=જેનું ભરણ-પોષણ કરનાર કોઇ રહ્યું નથી) તે કૃપણ છે.

**અનાથ–** બંધુઓથી રહિત, કોઇથી નહિ સ્વીકારાયેલા અને સ્વયં અસમર્થ હોય તેવા.

**બાલ**=બાળક.

**મોમુહ–** અસ્પષ્ટ બોલનાર.

**વૃદ્ધ–** સીત્તેર વર્ષથી અધિક વયવાળા.

આ જીવો ઉપર સતત કરુણા ભાવના ભાવવી.

'तथाहि' इत्यादि ઉક્ત રીતે ભાવના ભાવતો જીવ હિતોપદેશ આદિ વડે તેમના ઉપર અનુગ્રહ કરે છે.

હિતોપદેશ એટલે મુક્તિના સાધનોનો સંબંધ. આદિ શબ્દથી દેશ-કાળની અપેક્ષાએ અન્ન, પાણી, આશ્રય, વસ્ત્ર અને ઔષધથી પણ તેમના ઉપર અનુગ્રહ કરે છે.

### માધ્યસ્થ્ય

'माध्यस्थ्यमविनयेषु' ઇત્યાદિ કહે છે- અવિનીત જીવો ઉપર માધ્યસ્થ્ય ભાવના ભાવવી જોઇએ. માધ્યસ્થ્ય, ઔદાસીન્ય અને ઉપેક્ષા આ શબ્દો એક અર્થને કહેનારા છે.

**માધ્યસ્થ્ય–** રાગ અને દ્વેષની મધ્યમાં રહે તે મધ્યસ્થ, અર્થાત્ રાગ-દ્વેષમાં ન રહેનાર. તેનો ભાવ તે માધ્યસ્થ્ય.

**ઔદાસીન્ય–** ઉદાસીન એટલે રાગ-દ્વેષથી રહિત. ઉદાસીનતાનો ભાવ તે ઔદાસીન્ય.

---

૧. અહીં સિદ્ધસેનગણિકૃત ટીકામાં પાઠ આ પ્રમાણે છે- प्रणिपातः कार्पण्यम् तद्युक्ताः कृपणाः अनाथास्तूत्सन्नान्वया अबान्धवाः केनचिदपरिगृहीता, स्वयं वाऽसमर्थाः

**ઉપેક્ષા–** ઈક્ષા એટલે ઈક્ષણ. ઇક્ષણ એટલે જોવું. ઉપ એટલે નજીકથી. નજીકથી એટલે રાગ-દ્વેષથી રહિત બનીને. રાગ-દ્વેષથી રહિત બનીને જોવું તે ઉપેક્ષા. અથવા રાગ-દ્વેષથી રહિત બનવું તે ઉપેક્ષા.

'अविनेयानाम्'[1] इति, જેઓ હિતશિક્ષા ગ્રહણ કરાવવા માટે સમર્થ છે, અર્થાત્ જેઓ હિતશિક્ષા આપવાને માટે યોગ્ય(=લાયક) છે તે વિનેય. જે વિનેય નથી તે અવિનેય. જેમનું ચિત્ત તીવ્ર મિથ્યાદર્શનથી પકડાયેલું છે અને જેમને પૂર્વે (કોઇનાથી) ભ્રાન્તચિત્તવાળા કરાયા છે તે જીવો અવિનેય છે.

જેવી રીતે ચેતનાથી રહિત અને શ્રોત્રાદિ ઇંદ્રિયોના વ્યાપારથી રહિત એવી મૃત્પિંડ વગેરે વસ્તુઓ ઉપદેશેલા પણ હિતને ગ્રહણ કરતી નથી તેવી રીતે તે પ્રમાણે કહેવાયેલા આ (અવિનેય) જીવો હિતકર ઉપદેશને ગ્રહણ કરતા નથી.

આને જ 'ग्रहण-धारण' ઇત્યાદિથી સ્પષ્ટ કરે છે–

**ગ્રહણ–** ઉપદેશનો સ્વીકાર કરવો.

**ધારણ–** ગ્રહણ કરેલા ઉપદેશને ન ભૂલવું.

**વિજ્ઞાન–** આ 'આ પ્રમાણે છે' એવું નિશ્ચિત જ્ઞાન.

**ઈહા–** તત્ત્વને શોધનારી જિજ્ઞાસા.

**અપોહ–** વિચારણા કર્યા પછી.

**મહામોહથી અભિભૂત–** મહામોહ એટલે મિથ્યાદર્શન. તેનાથી અભિભૂત એટલે આક્રાન્ત, અર્થાત્ અભિગૃહીત મિથ્યાદષ્ટિ જીવો.

**દુષ્ટાવગ્રાહિત–** દુષ્ટ એટલે રાગાદિ દોષવાળા. તેઓથી સ્વપક્ષના અનુરાગના કારણે અને પરપક્ષના દ્વેષના કારણે વસ્તુ જેવા સ્વરૂપે હોય

---

૧. અહીં સૂત્રમાં અને ભાષ્યમાં પણ 'अविनेयेषु' એવો પાઠ પ્રસિદ્ધ છે. પણ આ ટીકાકારની પાસે રહેલ પ્રતના સૂત્રપાઠમાં અને ભાષ્યપાઠમાં 'अविनेयानाम्' એવો પાઠ હશે. તેથી અહીં 'अविनेयानाम्' એવો પાઠ છે.

તેનાથી બીજા સ્વરૂપે ગ્રહણ કરાવાયેલા. અવગ્રાહિત એટલે છેતરાયેલા. જે જીવો જીવનપર્યંત પોતાના અસદ્ગ્રહને છોડતા નથી, તે જીવો ઉપર માધ્યસ્થ્ય ભાવના ભાવે. તે જીવોમાં તત્ત્વબોધ ન હોવાથી ઉપદેશ નિષ્ફળ થાય.

શા માટે માધ્યસ્થ્ય ભાવના ભાવવી જોઇએ ? 'न हि तत्र' इत्यादि તેવા જીવમાં હિતોપદેશ કરવામાં વક્તાને સફળતા થતી નથી.

મૃત્પિંડ આદિ તુલ્ય અને દુષ્ટાવગ્રાહિત જીવમાં હિતોપદેશ આપવામાં વક્તાને સફળતા થતી નથી=સફળતા મળતી નથી. તીર્થંકરો પણ નિષ્ફળ ઉપદેશનો પ્રારંભ કરતા નથી. કહ્યું છે કે- "सर्वं च देशविरतिमित्यादि" જો કોઇ સર્વવિરતિ, દેશવિરતિ કે સમ્યગ્દર્શન ધારણ કરવાને યોગ્ય ન હોય તો તીર્થંકરો ઉપદેશનો(=દેશનાનો) પ્રારંભ કરતા નથી.

આ પ્રમાણે ભાવના ભાવતા સાધુના વ્રતોની સ્થિરતા થાય છે. (૭-૬)

**भाष्यावतरणिका–** किञ्चान्यत्–

**ભાષ્યાવતરણિકાર્થ–** વળી બીજું–

**टीकावतरणिका–** किञ्चान्यदित्यनेन सम्बन्धयति, अन्यदपीदं भावनीयमित्याह–

**ટીકાવતરણિકાર્થ–** किञ्चान्यद् એવા ઉલ્લેખથી આગળનાં સૂત્રનો સંબંધ કરે છે. બીજું પણ આ ભાવવું જોઇએ–

**મહાવ્રતોની સ્થિરતા માટે બીજી રીતે વિચારણા–**

## जगत्कायस्वभावौ च संवेगवैराग्यार्थम् ॥७-७॥

**સૂત્રાર્થ–** સંવેગ અને વૈરાગ્ય માટે જગતનું અને કાયાનું સ્વરૂપ ભાવવું=વિચારવું જોઇએ. (૭-૭)

**भाष्यं–** जगत्कायस्वभावौ च भावयेत् संवेगवैराग्यार्थम् । तत्र जगत्स्वभावो द्रव्याणामनाद्यादिमत्परिणामयुक्ताः प्रादुर्भावतिरोभाव-स्थित्यन्यत्वानुग्रहविनाशाः । कायस्वभावोऽनित्यता दुःखहेतुत्वं निःसारताऽशुचित्वमिति । एवं ह्यस्य भावयतः संवेगो वैराग्यं च भवति ।

तत्र संवेगो नाम संसारभीरुत्वमारम्भपरिग्रहेषु दोषदर्शनादरतिः धर्मे बहुमानो धार्मिकेषु च । धर्मश्रवणे धार्मिकदर्शने च मनःप्रसाद उत्तरोत्तरगुणप्रतिपत्तौ च श्रद्धेति । वैराग्यं नाम शरीरभोगसंसार-निर्वेदोपशान्तस्य बाह्याभ्यन्तरेषूपधिष्वनभिष्वङ्ग इति ॥७-७॥

**ભાષ્યાર્થ–** સંવેગ અને વૈરાગ્ય માટે જગત અને કાયાનો સ્વભાવ (=સ્વરૂપ) વિચારવો જોઈએ.

જગતનો સ્વભાવ આ પ્રમાણે છે-

તેમાં દ્રવ્યોના અનાદિમાન-આદિમાન પરિણામથી યુક્ત એવા પ્રાદુર્ભાવ-તિરોભાવ-સ્થિતિ-અન્યત્વ-અનુગ્રહ-વિનાશ જગતનો સ્વભાવ છે. અનિત્યત્વ, દુઃખહેતુત્વ, નિઃસારતા, અશુચિત્વ કાયાનો સ્વભાવ છે. આ પ્રમાણે વિચારતા સાધુને સંવેગ અને વૈરાગ્ય થાય.

સંવેગ એટલે સંસારભીરુત્વ, આરંભ-પરિગ્રહમાં દોષદર્શનથી અપ્રીતિ, ધર્મ અને ધાર્મિકો ઉપર બહુમાન.

ધર્મશ્રવણમાં અને ધાર્મિકદર્શનમાં ચિત્તપ્રસાદ, ઉત્તરોત્તર ગુણોના સ્વીકારમાં શ્રદ્ધા. (એ બહુમાન છે.)

શરીરભોગથી અને સંસારથી થયેલા નિર્વેદના કારણે ઉપશમને પામેલા જીવનો બાહ્ય-અભ્યંતર ઉપધિમાં અનભિષ્વંગ વૈરાગ્ય છે. (૭-૭)

**टीका–** एतद् व्याचष्टे-ताँस्तान् देवमानुषतिर्यग्नारकपर्यायान् गच्छतीति जगत् प्राणिजातमुच्यते, धर्म्मादिद्रव्यसन्निवेशो वा, चीयत इति कायः-शरीरं, जगच्च कायश्च जगत्कायौ तयोः स्वभावौ, तौ भावयेत् संवेगवैराग्यार्थं, यथासङ्ख्यकेन सम्बन्धः, जगत्स्वभावं भावयेत् संवेगार्थं, कायस्वभावं वैराग्यार्थं, तत्र संवेगः-संसार-भीरुत्वादिलक्षणः, वैराग्यं-शरीरनिष्प्रतिकर्म्मतादिलक्षणं, सूत्रितमेवार्थं भाष्येण स्पष्टयन्नाह-जगत्कायस्वभावौ च भावयेत् संवेगवैराग्यार्थम् । तत्र जगत्स्वभावो 'माता भूत्वा दुहिता भगिनी'(प्रशमरति गाथा-

१५६)त्यादि, तथा जगत्-जीवाजीवद्रव्याणि तत्स्वभावः परिणामः, तेषामेव जगच्छब्दवाच्यानां द्रव्याणां जीवपुद्गलादीनां अनाद्यादिमत्परिणामयुक्ता इति, कश्चिदनादिपरिणामो जीवस्यासङ्ख्येयप्रदेशवत्त्वचेतनत्वज्ञानत्वादिः कश्चिदादिमान् देवत्वादिः, पुद्गलद्रव्यस्यापि मूर्त्तिमत्त्वरूपादिमत्त्वादिरनादिः, आदिमान् घटपटादिलक्षणः, धर्माधर्मयोः लोकाकाशव्यापित्वादिरनादिः, आदिमान् गतिस्थितिपरिणतद्रव्यजनितः, लोकाकाशस्यामूर्त्तत्वासङ्ख्येयप्रदेशत्वादिरनादिः, आदिमानवगाहकद्रव्यापेक्षः, एभिर्युक्ताः प्रादुर्भावादयो जगत्स्वभावाः, अनाद्यादिमत्परिणामग्रहणेन प्रादुर्भावादयो विशेष्यन्ते, उत्पादविगमध्रौव्याणीत्यर्थः, अनादिना परिणामेन विशिष्टो यः प्रादुर्भावः-आत्मलाभो वस्तुनः, तथा सन्निवेशः, आदिमत्परिणामविशिष्टश्च प्रादुर्भावः-पर्यायान्तरोत्पादः, तिरोभावस्तु सन्तानरूपेणावस्थितो वैश्रसिको विनाश एव, अनादिलक्षणा स्थितिर्ध्रौव्यमनादिपरिणामः, अन्यत्वेति सर्वद्रव्याणां परस्परं भेदपरिणामोऽनादिः, आदिमदनादिरनुग्रहः-परस्परोपकारादिलक्षणो जीवानां, विनाशस्तु प्रायोगिकः आदिमान् परिणामः, एवमेष जगत्स्वभावः पुनः पुनरालोच्यमानः संवेगाय सम्पद्यते, 'कायस्वभाव' इत्यादि कायस्य स्वभावो जन्मप्रभृत्यनित्यतां-विनश्वरत्वं बालकुमारयौवनमध्यमस्थविरावस्थारूपं प्रतिलभते, अतः परिणामानित्यतां शरीरस्य भावयेद् यावदायुषः परिसमाप्तिः, ततः क्रोधेनाग्निना वा सारमेयशकुन्तसम्पातेन वा वातातपशोषणेन वा परमाणुपर्यवसानेन विभक्तोऽनित्य इति व्यपदिश्यते, अपरं कायस्वभावो दुःखहेतुत्वं बाधालक्षणं दुःखं सा च बाधा यावच्छरीरं तावदपि दुःखोपभोगः, तथा निःसारता कायस्वभावः त्वग्मांसादिपटलभेदेनोद्वेष्ट्यमानेऽपि न किञ्चित् सारमुपलभ्यते, एवं भावयतः शरीरेऽभिष्वङ्गो न भवति, तथाऽशुचित्वं कायस्वभावः, यतः मूलकारणं असृक् शुक्रं च, उत्तरकारणं आहारः,

तस्य च विपाको अशोभनः अशुचिरेव काय इत्येवं भावयेद्, एवं ह्यस्य भावयतः संवेगो वैराग्यं च भवतीति,

'तत्र संवेगो नामे'त्यादि तत्रेति चानयोः संवेगवैराग्ययोः संवेगस्तावदित्थंलक्षणः, नामशब्दो वाक्यालङ्कारार्थः, भीरुः-भीतिशीलः संसारो-नारकतिर्यङ्मनुष्यामरभवप्रपञ्चः सकलदुःखमूलः संसाराद् भीरुः संसारभीरुस्तद्भावः संसारभीरुत्वम्, उद्विजते हि प्रेक्षापूर्वकारी दुःखात्, न जातुचित्तत्प्रवणो भवति, आरम्भाः सूनास्थानानि प्राण्युपघात-कराणि व्यापादनसङ्कल्पपरितापजननप्राणापहारलक्षणाः सर्व एवारम्भा-श्चेतनाचेतनवस्तुस्पर्शिनो, मूर्च्छाविशेषाः परिग्रहाः तेष्वारम्भपरिग्रहेषु दोषदर्शनादरतिः ऐहिकामुष्मिकप्रत्यवाया दोषाः तद्दर्शनात्-तदुपलब्धेर्दुःखम् उद्वेगोऽप्रीतिररतिः, तद्वतश्च धर्मे बहुमानो धार्मिकेषु च, धर्मः-क्षमादिदशलक्षणकस्तदासेविनो धार्मिकास्तेषु बहुमानो धर्मे च, चकारः समुच्चयार्थः, बहुमानशब्दार्थनिरूपणायाह-'धर्मश्रवण'इत्यादि प्राक्तावद् धर्मजिज्ञासा ततस्तदभिज्ञप्रच्छनं पश्चाच्छ्रवणम्-आदरेणाकर्णनं ततः स्मरणानुष्ठाने, एष खलु धर्म्मविषये बहुमान आदरः-चित्तप्रसादः धार्मिकदर्शने चेति धार्मिकाः-सम्यक्त्वज्ञानक्रियानुष्ठायिनः साधवो-ऽगारिणश्च तद्दर्शने च बहुमानश्चित्तप्रमोदपूर्वकोऽभ्युत्थानवन्दनासन-दानभक्तपानवस्त्रपात्रोपकरणप्रदानानुव्रजनलक्षणो भक्तिविशेष-श्चित्तप्रसादः संवेगस्याभिव्यञ्जकः, उत्तरोत्तरगुणप्रतिपत्तौ च श्रद्धेति संवेगमूलगुणास्तावत् सम्यक्त्वादयोऽगारानगारिणोऽवश्यंतया सन्ति तेषु सत्सु मौलेषु गुणेषूत्तरोत्तरा ये गुणाः प्रकारवत्तया क्रमेणावस्थिताः पिण्डोपधिशय्यादिशुद्धिलक्षणाः समितिभावनातपःप्रतिमाऽभिग्रहा-दयस्तेषूत्तरोत्तरेषु स्वशक्त्यपेक्षा प्रतिपत्तिः-अभ्युपगमो-ऽनुष्ठानं तद्विषया श्रद्धा-अभिलाष इच्छेत्यनर्थान्तरम्, एवं तावत् संवेगः। 'वैराग्यं नामे'त्यादि विरागभावो वैराग्यं, नामेत्यलङ्कारार्थं, शरीरस्य भोगोऽ-

भ्यञ्जनोद्वर्त्तनस्नानाङ्गरागधूपपुष्पमालालङ्कारविचित्रनिवसनेष्टाऽऽहारादिलक्षणः संसारश्चातुर्गतिकस्ताभ्यां शरीरभोगसंसाराभ्यां निर्वेदो-निर्विण्णता शरीरभोगसंसारविषयवैमुख्यमुद्वेगः, तस्मान्निर्वेदात् लब्धोपशमस्य प्रतनुकषायस्य बहिर्भवो बाह्यः वास्तुक्षेत्रादिर्दशविधः पञ्चमव्रते वक्ष्यमाणो रागद्वेषादिराभ्यन्तरश्चतुर्दशभेदस्तत्रैव वक्ष्यते, तेषूपधिष्वन-भिष्वङ्गो वैराग्यं, अभिष्वङ्गः मूर्च्छा लोभो गार्ध्यं तदाकारः परिणाम आत्मनः, नाभिष्वङ्गोऽनभिष्वङ्गः निरपेक्षता तेष्वगार्ध्यमिति ॥७-७॥

**ટીકાર્થ–** આને કહે છે- તે તે દેવ-મનુષ્ય-તિર્યંચ-નારકના પર્યાયોને પામે છે તેથી પ્રાણીસમૂહ જગત કહેવાય છે અથવા ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની સ્થિતિ(=રહેવું) તે જગત. જે વધે તે કાય. કાય એટલે શરીર. સંવેગ અને વૈરાગ્ય માટે જગત અને કાયાના સ્વરૂપને વિચારે. અહીં યથાસંખ્ય સંબંધ છે. સંવેગ માટે જગતના સ્વરૂપને વિચારે. વૈરાગ્ય માટે કાયાના સ્વરૂપને વિચારે. સંવેગ એટલે સંસારભય વગેરે. વૈરાગ્ય એટલે શરીરને સંસ્કારિત ન કરવું વગેરે.

સૂત્રમાં કહેલા જ અર્થને ભાષ્ય દ્વારા સ્પષ્ટ કરતા ભાષ્યકાર કહે છે–

“સંસારમાં એક જ જીવ એક ભવમાં માતા થઈને બીજા ભવમાં પુત્રી થાય છે, ફરી બહેન થાય છે. ફરી પત્ની થાય છે. એક જ જીવ એક ભવમાં પુત્ર થઈને બીજા ભવમાં પિતા થાય છે, ફરી ભાઈ થાય છે અને ફરી શત્રુ થાય છે.” (પ્રશમરતિ ગાથા-૧૫૬)

જગત એટલે જીવ-અજીવ દ્રવ્યો. તેમનો સ્વભાવ એટલે પરિણામ. જગતશબ્દથી વાચ્ય તે જ જીવ-પુદ્ગલ વગેરે દ્રવ્યોનો પરિણામ અનાદિમાન અને આદિમાન એમ બે પ્રકારે છે. તે આ પ્રમાણે- જીવનો અસંખ્યપ્રદેશવત્ત્વ, ચેતનત્વ, જ્ઞાનત્વ વગેરે અનાદિમાન પરિણામ છે. કોઈ દેવત્વ વગેરે આદિમાન પરિણામ છે. પુદ્ગલદ્રવ્યનો પણ મૂર્તિમત્ત્વ[1] રૂપાદિમત્ત્વ વગેરે અનાદિમાન પરિણામ છે. ઘટ-પટ વગેરે

૧. મૂર્તિ એટલે આકાર.

આદિમાન પરિણામ છે. ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયનો લોકાકાશ-વ્યાપિત્વ વગેરે અનાદિમાન પરિણામ છે. ગતિ-સ્થિતિરૂપે પરિણત દ્રવ્યથી ઉત્પન્ન કરાયેલ પરિણામ આદિમાન છે. લોકાકાશનો અમૂર્તત્વ, અસંખ્યપ્રદેશવત્ત્વ વગેરે અનાદિમાન પરિણામ છે. અવગાહક દ્રવ્યની અપેક્ષાએ આદિમાન પરિણામ છે.

એમનાથી યુક્ત પ્રાદુર્ભાવ વગેરે જગત્સ્વભાવ છે. अनाद्यादिमत्परिणाम એવા શબ્દો ગ્રહણ કરવાથી प्रादुर्भाव વગેરે શબ્દો વિશેષ્ય થાય છે, અર્થાત્ अनादिमान् પરિણામ અને आदिमान् પરિણામ વિશેષણ છે અને પ્રાદુર્ભાવ વગેરે વિશેષ્ય છે. પ્રાદુર્ભાવ-તિરોભાવ-સ્થિતિ એટલે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય.

**પ્રાદુર્ભાવ–** અનાદિ પરિણામથી વિશિષ્ટ એવો પ્રાદુર્ભાવ, પ્રાદુર્ભાવ એટલે વસ્તુનો પોતાનો લાભ, અર્થાત્ વસ્તુની તેવા પ્રકારની સ્થિતિ થવી. આદિમાન પરિણામથી વિશિષ્ટ એવો પ્રાદુર્ભાવ. પ્રાદુર્ભાવ એટલે પર્યાયાંતરની ઉત્પત્તિ. (અહીં અનાદિપરિણામથી વિશિષ્ટ પ્રાદુર્ભાવના અને આદિ પરિણામથી વિશિષ્ટ પ્રાદુર્ભાવના અર્થમાં ભેદ છે.)

**તિરોભાવ–** સંતતિરૂપે રહેલો સ્વાભાવિક વિનાશ જ તિરોભાવ છે. [દરેક વસ્તુ પ્રતિસમય પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. માટે અહીં (सन्तानरूपेण=)સંતતિરૂપે એમ કહ્યું છે.]

**સ્થિતિ–** અનાદિરૂપ સ્થિતિ એ ધ્રૌવ્ય છે. તે અનાદિ પરિણામ છે.

**અન્યત્વ–** અન્યત્વ એટલે સર્વદ્રવ્યોનો પરસ્પર ભેદપરિણામ. આ ભેદપરિણામ અનાદિમાન છે.

**અનુગ્રહ–** અનુગ્રહ એટલે જીવોનો પરસ્પર ઉપકાર કરવો વગેરે પરિણામ. આ પરિણામ આદિમાન અને અનાદિમાન છે. (સામાન્યથી ઉપકાર વગેરે પરિણામ અનાદિમાન છે. તે તે જીવનો તે તે જીવ ઉપર ઉપકાર વગેરે આદિમાન છે.)

**વિનાશ–**પ્રાયોગિક(=પ્રયત્નથી કરાયેલ) વિનાશ આદિમાન પરિણામ છે.

આ પ્રમાણે વારંવાર વિચારાતો આ જગત્સ્વભાવ સંવેગ માટે થાય છે.

'कायस्वभावः' इत्यादि અનિત્યતા, દુઃખહેતુત્વ, નિઃસારતા, અશુચિત્વ કાયાનો સ્વભાવ છે.

**અનિત્યતા–** કાયા જન્મથી જ અનિત્ય છે. બાલ-કુમાર-યૌવન-પ્રૌઢ-વૃદ્ધાવસ્થાને પામે છે. આથી શરીરની આયુષ્ય પૂર્ણ થાય ત્યાં સુધીની સ્વાભાવિક અનિત્યતાને વિચારે. આયુષ્ય પૂર્ણ થયા પછી પ્રજ્વલિત અગ્નિથી અથવા કૂતરાના કે પક્ષીના આગમનથી અથવા પવન-તડકા વડે સુકાવાથી શરીર (નાશ પામતું પામતું) પરમાણુ સુધી વિભક્ત થાય છે. આથી શરીર અનિત્ય છે એમ કહેવાય છે.

**દુઃખહેતુત્વ–** દુઃખનું કારણ બનવું એ કાયાનો સ્વભાવ છે. દુઃખ એટલે પીડા. જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી દુઃખનો ઉપભોગ છે=દુઃખ ભોગવવું પડે છે.

**નિઃસારતા–** નિઃસારતા કાયાનો સ્વભાવ છે. ચામડી-માંસાદિના સમૂહનો ભેદ કરવાથી(=ચામડી આદિ દરેકને અલગ કરીને) શરીરને છૂટું કરવા છતાં જરા પણ સાર પ્રાપ્ત થતો નથી. આ પ્રમાણે વિચારતા સાધુને શરીર ઉપર રાગ થતો નથી.

**અશુચિત્વ–** અશુચિપણું કાયાનો સ્વભાવ છે. કારણ કે શરીરનું મૂળકારણ લોહી અને વીર્ય છે. પછીનું કારણ આહાર છે. તેનો વિપાક અશુભ છે. આમ કાયા અશુચિ જ છે એમ વિચારે. આ પ્રમાણે વિચારતા સાધુને સંવેગ અને વૈરાગ્ય થાય.

'तत्र संवेगो नाम' इत्यादि, સંવેગ અને વૈરાગ્ય એ બેમાં સંવેગનું સ્વરૂપ આ પ્રમાણે છે-

**સંસારભીરુત્વ–** ભીરુ એટલે ભયના સ્વભાવવાળો. સંસાર એટલે સઘળા દુઃખોનું મૂળ એવો નારક-તિર્યંચ-મનુષ્ય-દેવોના ભવોનો વિસ્તાર. સંસારથી ભીરુ તે સંસારભીરુ. તેનો ભાવ તે સંસારભીરુત્વ.

વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનાર પુરુષ દુઃખથી ઉદ્વેગને પામે છે, સંસારભીરુ ક્યારેય પણ સંસારમાં આસક્ત બનતો નથી.

**આરંભપરિગ્રહમાં અપ્રીતિ–** પ્રાણીના નાશ કરનારા હિંસાના સ્થાનો તથા મારી નાખવાનો સંકલ્પ, પીડા ઉપજાવવી, મારી નાખવો એ બધાય આરંભો છે. ચેતન-અચેતન વસ્તુ સંબંધી મૂર્છાવિશેષ પરિગ્રહ છે. તે આરંભ પરિગ્રહોમાં આ લોક અને પરલોક સંબંધી અનર્થોરૂપ દોષોને જોવાથી-જાણવાથી દુઃખ, ઉદ્વેગ અને અપ્રીતિ=અરતિ થાય છે.

**ધર્મ-ધાર્મિકો ઉપર બહુમાન–** આરંભ-પરિગ્રહોમાં અપ્રીતિવાળાને ધર્મ અને ધાર્મિકો ઉપર બહુમાન થાય છે. ધર્મ ક્ષમાદિ દશ પ્રકારરૂપ છે. ક્ષમાદિ દશ પ્રકારના ધર્મનું આસેવન કરનાર ધાર્મિક છે.

બહુમાન શબ્દના અર્થનું નિરૂપણ કરવા માટે કહે છે- 'धर्मश्रवणे' इत्यादि, પહેલા (ધર્મની) જિજ્ઞાસા થાય. પછી ધર્મના જાણકારોને પૃચ્છા થાય. પછી આદરથી ધર્મશ્રવણ થાય. પછી સાંભળેલાનું સ્મરણ કરે=યાદ રાખે અને (શક્યને) આચરે. આ ધર્મના વિષયમાં બહુમાન છે, ચિત્તપ્રસાદ એટલે આદર.

'धार्मिकदर्शने च' इति, સમ્યક્ત્વ અને જ્ઞાનપૂર્વક ક્રિયા કરનારા સાધુઓ અને ગૃહસ્થો ધાર્મિક છે. તેમના દર્શનમાં ચિત્તની પ્રસન્નતાપૂર્વક અભ્યુત્થાન-વંદન-આસનદાન-ભક્ત-પાન-વસ્ત્ર-પાત્ર-ઉપકરણ પ્રદાન-અનુવ્રજન રૂપ ભક્તિવિશેષ બહુમાન છે. ચિત્તપ્રસાદ અંતરમાં રહેલા સંવેગને બહાર પ્રગટ કરે છે.

'उत्तरोत्तरगुणप्रतिपत्तौ च श्रद्धा' इति, સાધુ-ગૃહસ્થોને સમ્યક્ત્વ વગેરે મૂલગુણો અવશ્ય હોય છે. પિંડ-ઉપધિ-શય્યા આદિની શુદ્ધિરૂપ અને સમિતિ-ભાવના-તપ-પ્રતિમા-અભિગ્રહ વગેરે ઉત્તરોત્તર ગુણો છે. આ ગુણોના પ્રકારો=ભેદો છે. આ ગુણો ક્રમથી રહેલા છે. મૂલગુણો હોતે છતે ઉત્તરોત્તર ગુણોનો સ્વશક્તિ પ્રમાણે સ્વીકાર અને આચરણ એ

ઉત્તરોત્તર ગુણ સંબંધી શ્રદ્ધા છે. શ્રદ્ધા, અભિલાષ, ઈચ્છા આ શબ્દોનો એક જ અર્થ છે.

આ પ્રમાણે સંવેગ છે, અર્થાત્ સંવેગનું આવું સ્વરૂપ છે.

"वैराग्यं नाम" इत्यादि વિરાગનો(=રાગથી રહિત જીવનો) ભાવ તે વૈરાગ્ય. અભ્યંજન-ઉદ્વર્તન-સ્નાન-અંગરાગ-ધૂપ-પુષ્પમાળા-અલંકાર-વિચિત્રવસ્ત્ર-ઈષ્ટાહાર આદિ શરીરનો ભોગ છે. (**અભ્યંજન**=શરીરે તેલ વગેરેનું મર્દન. **ઉદ્વર્તન**=શરીરને સાફ કરનારા પદાર્થો. શરીરે ઘસીને શરીરને સાફ કરવું. **અંગરાગ**=શરીરે વિલેપન વગેરે ચોપડવું.) ચારગતિવાળો સંસાર. શરીરભોગથી અને સંસારથી કંટાળો થવો તે નિર્વેદ, અર્થાત્ શરીરભોગથી અને સંસારથી વિમુખ થવું એ ઉદ્વેગ= નિર્વેદ છે. તે નિર્વેદના કારણે ઉપશમને પામેલા=પાતળા કષાયવાળા જીવનો બાહ્ય-અભ્યંતર ઉપધિમાં અનભિષ્વંગ તે વૈરાગ્ય છે.

બહાર થયેલો તે બાહ્ય. બાહ્ય ઉપધિ-વાસ્તુ-ક્ષેત્ર વગેરે દશ પ્રકારનો છે. તે પાંચમા વ્રતમાં કહેવાશે. રાગ-દ્વેષ વગેરે અભ્યંતર ઉપધિ ચૌદ પ્રકારનો છે. તે પાંચમા વ્રતમાં જ કહેવાશે. અભિષ્વંગ, મૂર્છા, લોભ, ગાર્ધ્ય એ આત્માના અભિષ્વંગરૂપ પરિણામ છે.અભિષ્વંગ નહીં તે અનભિષ્વંગ. અનભિષ્વંગ એટલે ઉપધિમાં નિરપેક્ષપણું, અર્થાત્ ગૃદ્ધિનો અભાવ. (૭-૭)

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता हिंसादिभ्यो विरतिर्व्रत-मिति। तत्र का हिंसा नामेति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–** અહીં શિષ્ય કહે છે- આપે "હિંસાથી વિરતિ એ વ્રત છે." (અ.૭ સૂ.૧) એમ કહ્યું છે. તેમાં હિંસા શું છે ? અહીં કહેવાય છે–

**टीकावतरणिका–** अत्राहेत्यादिना सम्बन्धमाचष्टे, अनवधारित-हिंसादिलक्षणस्य निवृत्तिर्व्रतमित्यभिहितं भवताऽध्यायादौ तत्र नावगच्छामः किंलक्षणा हिंसादयो येभ्यो विरतिर्व्रतमित्यजानानस्य प्रश्नः, 'तत्र का

हिंसा नामे'ति, नहि लक्ष्यमुपरतलक्षणव्यापारमभिधित्सितस्यार्थस्य जातुचिदामोदायेति, तत्र तेषु पञ्चसु हिंसा किंलक्षणेति हिंसैव तावत् पृच्छ्यते, तल्लक्षणवैपरीत्यात्त्वहिंसा सुज्ञानैव, न च भिन्नजातीयानां पदार्थानां युगपल्लक्षणमभिधातुं शक्यं, अतः क्रमेण निर्देशे सति हिंसामेव तावद्वाचकमुख्यः निरूपयितुमाह अत्रोच्यत इति, अत्र हिंसालक्षणप्रश्ने भण्यते तल्लक्षणं—

**ટીકાવતરણિકાર્થ—** अत्राह ઇત્યાદિથી આગળના સૂત્રના સંબંધને કહે છે. જેણે હિંસાદિના લક્ષણનું અવધારણ કર્યું નથી એવા જીવની હિંસાદિથી નિવૃત્તિ વ્રત છે એમ આપે પ્રસ્તુત અધ્યાયની આદિમાં કહ્યું છે. તેમાં અમે જાણતા નથી કે જેમનાથી વિરતિ એ વ્રત છે તે હિંસાદિનું લક્ષણ શું છે ? હિંસાદિને નહિ જાણતા પુરુષનો આ પ્રમાણે પ્રશ્ન છે.

'तत्र का हिंसा नाम' इति કહેવાને ઇચ્છેલા અર્થનું જેના લક્ષણનો વ્યાપાર વિરામ પામેલો છે તેવું લક્ષ્ય ક્યારેય હર્ષ માટે ન થાય. અહીં ભાવાર્થ આ છે- કહેવાને ઇચ્છેલા અર્થનું લક્ષ્ય હર્ષ માટે ન થાય. કેવું લક્ષ્ય ? જેના લક્ષણનો વ્યાપાર વિરામ પામેલો છે તેવું લક્ષ્ય, અર્થાત્ જેનું લક્ષણ કહેવાયું નથી તેવું લક્ષ્ય. કહેવાને ઇચ્છેલા અર્થનું જે લક્ષ્ય હોય તે લક્ષ્યનું જો લક્ષણ કહેવાયું ન હોય તો તે લક્ષ્ય હર્ષ માટે ન થાય. માટે પહેલાં લક્ષ્યનું લક્ષણ કહેવું જોઇએ. तत्र એટલે હિંસાદિ પાંચમાં. હિંસાદિ પાંચમાં હિંસા કયા લક્ષણવાળી છે ? અર્થાત્ હિંસાનું લક્ષણ શું છે ? આ પ્રમાણે હિંસા જ પૂછાય છે. (જ કારથી અહિંસાનો વ્યવચ્છેદ કર્યો છે.) (કારણ કે) હિંસાના લક્ષણથી વિપરીતપણાથી અહિંસા સુખપૂર્વક જ જાણી શકાય છે. ભિન્નજાતિવાળા પદાર્થોનું લક્ષણ એકી સાથે કહેવા માટે શક્ય નથી. આથી (લક્ષણનો) નિર્દેશ ક્રમથી થઇ શકતો હોવાથી વાચકમુખ્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજા (પહેલાં) હિંસાનું જ નિરૂપણ કરવા માટે કહે છે- अत्रोच्यते, અહીં એટલે હિંસાના લક્ષણના પ્રશ્નમાં. હિંસાના લક્ષણના પ્રશ્નમાં હિંસાનું લક્ષણ કહેવાય છે—

## હિંસાની વ્યાખ્યા–

## प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा ॥७-८॥

**સૂત્રાર્થ–** પ્રમાદના યોગથી(=સંબંધથી) પ્રાણવિયોગ એ હિંસા છે. (૭-૮)

**भाष्यं–** प्रमत्तो यः कायवाङ्मनोयोगैः प्राणव्यपरोपणं करोति सा हिंसा । हिंसा मारणं प्राणातिपातः प्राणवधः देहान्तरसंक्रामणं प्राणव्यपरोपणमित्यनर्थान्तरम् ॥७-८॥

**ભાષ્યાર્થ–** જે પ્રમત્તજીવ કાય-વચન-મનરૂપ યોગોથી પ્રાણોનું વ્યપરોપણ કરે છે તે હિંસા છે.

હિંસા, મારણ, પ્રાણાતિપાત, પ્રાણવધ, દેહાંતરસંક્રામણ અને પ્રાણવ્યપરોપણ આ શબ્દોનો એક જ અર્થ છે. (૭-૮)

**टीका–** प्रमाद्यतीति प्रमत्तः कषायविकथेन्द्रियनिद्रासवैर्निमित्तभूतैः, तत्र कषायाः षोडशानन्तानुबन्ध्यादिभेदास्तत्परिणत आत्मा प्रमत्तः, इन्द्रियाणि–स्पर्शनादीनि तद्द्वारकौ रागद्वेषौ, समासादिततत्परिणतिश्च प्रमत्तः, स्पर्शनादिनिमित्तभेदात् कषाया एव प्रमादहेतुत्वेनोपन्यस्ताः, प्रमादश्च आत्मनः परिणामः कषायादिनिमित्तः, दर्शनावरणकर्मोदयात् स्वापौ निद्रापञ्चप्रकारा तत्परिणामाच्च पीतहृत्पूरपित्तोदयाकुलितान्तः-करणपुरुषवद् व्यामूढः करचरणविक्षेपशरीरपर्यवसानक्रियाः कुर्वन् प्रमत्तः, मद्यं–मधुवारशीधुमदिरादि तदभ्यवहारे सत्यागतमूर्छ इव विह्वलतामुपेतः प्रमत्तोऽभिधीयते, विकथाः स्त्रीभक्तजनपदराजवृत्तान्त-प्रतिबद्धाः, रागद्वेषाविष्टचेताः स्त्र्यादिविकथापरिणतः प्रमत्तः, प्रमत्तस्य योगः, कर्त्तरि षष्ठी, योगपरिणामं विशिनष्टि–योगः व्यापारश्चेष्टा, प्रमत्तस्यात्मनश्चेष्टेत्यर्थः, प्रमत्तयोगादिति पञ्चमी तृतीयार्थे द्रष्टव्या, प्रमत्तयोगेन–प्रमत्तव्यापारेण यत् प्राणव्यपरोपणं, अथवा पञ्चमीविधाने ल्यब्लोपे कर्मण्युपसङ्ख्यानं, प्रासादमारुह्य प्रेक्षते प्रासादात् प्रेक्षत इति, एवं प्रमत्तयोगं प्राप्य प्राणव्यपरोपणं कुर्वन्नात्मा हिंसां निर्वर्त्तयति,

प्रमत्तयोगात् प्राणव्यपरोपणमात्मैव हिंसां निर्वर्त्तत इत्यर्थः, अथवाऽधिकरणे चोपसङ्ख्यानं आसने उपविश्य प्रेक्षते आसनात् प्रेक्षते, एवं प्रमत्तं प्रमादस्तत्र प्रमादे स्थित्वा प्राणव्यपरोपणमाचरन्नात्मा हिंसां निर्वर्त्तयतीति पञ्चमी प्रयुज्यते, 'गत्यर्थाकर्म्मक' (पाणि० अ.३ पा.४ सू.७२) इत्यत्र 'भावकर्मणोः'(पाणि० अ.१ पा.३ सू.१३) इत्यनुवर्त्तते, तत्र वा क्तप्रत्ययः, प्रमत्तं प्रमादस्तेन च प्रमादेन योगः-सम्बन्ध-स्तदाकारपरिणतिनरात्मनः । ततश्च गुणहेतावस्त्रीलिङ्गे विभाषया पञ्चमी विभक्तिर्भवति, जाड्याद्बद्ध इति यथा, एवं प्रमत्तयोगात्-प्रमादसम्बन्धात् प्राणव्यपरोपणमिति, प्राणाः पञ्चेन्द्रियाण्यायुष्ककर्म्म कायो वाङ् मनः प्राणापानौ चेति दशधा द्रव्यपरिणामलक्षणाः पृथिव्यादिकायेषु यथासम्भवमवस्थिताः तेषां व्यपरोपणं-अपनयनमात्मनः पृथक्करणं, यया चात्मपरिणतिक्रियया तद् व्यपरोपणं निष्पद्यते सा क्रिया कर्त्तृसमवायिनी हिंसेत्युच्यते, एनमेव च सूत्रार्थं भाष्येण स्पष्टयन्नाह-'प्रमत्तो य'इत्यादिना प्रमत्त इति प्रमत्त एव हिंसको, नाप्रमत्त इति प्रतिपादयति, प्रमत्तो हि आप्तप्रणीतागमनिरपेक्षो दूरोत्सारितपारमर्ष-सूत्रोपदेशः, स्वच्छन्दप्रभावितकायादिवृत्तिरज्ञानबहुलः प्राणिप्राणा-पहारमवश्यंतया करोति, द्रव्यभावभेदद्वयानुपातिनी च हिंसा, तत्र कदाचिद्द्रव्यतः प्राणातिपातो न भावतः, [कदाचिद् भावतः प्राणातिपातो न द्रव्यतः, कदाचिद् भावतो द्रव्यतश्च प्राणातिपातः, कदाचिद् न भावतो न द्रव्यतः प्राणातिपातः ।] स्वपरिणामनिमित्ते च हिंसाहिंसे परमार्थतः, परिणामो मलीमसोऽवदातश्च, परस्तु कश्चिन्निमित्तमात्रमाश्रित्य कारणीभवति हिंसायाः, स च द्रव्यतो व्यापन्नो न व्यापन्न इति नातीवोपयोगिनी चिन्ता, तत्र यदा ज्ञानवानभ्युपेतजीवस्वतत्त्वः श्राद्धः कर्म्मक्षपणायैव चरणसम्पदा प्रवृत्तः काञ्चिद्धर्म्यां क्रियां अधितिष्ठन् प्रवचनमातृभिरनुगृहीतः पादन्यासमार्गावलोकितपिपीलिकादिसत्त्वः समुत्क्षिप्तं चरणमाक्षेप्तुमसमर्थः

पिपीलिकादेरुपरि पादं न्यस्यति व्युत्क्रान्तप्राणश्च प्राणी भवति तदाऽस्य द्रव्यप्राणव्यपरोपणमात्रादत्यन्तशुद्धाशयस्य शक्यपरिजिहीर्षोर्विमलचेतसो नास्ति हिंसकत्वं, कदाचिद्भावतः प्राणातिपातो न द्रव्यतः, कषायादि-प्रमादवशवर्त्तिनः खलु मृगयोराकृष्टकठिनकोदण्डस्य शरगोचरवर्त्तिन-मुद्दिश्यैणकं विसर्जितशिलीमुखस्य शरपातस्थानादपेते सारंगे चेतसोऽशुद्धत्वादकृतेऽपि प्राणापहारे द्रव्यतोऽप्रध्वस्तेष्वपि प्राणेषु भवत्येव हिंसा, हिंसारूपेण परिणतत्वात् काण्डक्षेपिणः, स्वकृत-दृढायुष्ककर्मशेषादपसृतो मृगः पुरुषकाराच्च, चेतस्तु हन्तुरतिक्लिष्टमेवातो व्यापादकं, तथा अन्यस्यानवदातभावस्य जिघांसोरुत्क्रान्तजन्तु-प्राणकलापस्य भावतो द्रव्यतश्च हिंसेत्येवमूहिते विकल्पत्रये प्रमत्तयोगत्वं द्वितीयतृतीयविकल्पयोरतस्तयोरेव हिंसकत्वं, न प्रथमस्येति ।

अपरे तु प्रमादमष्टविधं वर्ण्णयन्ति–

"अज्ञानं संशयश्चैव, मिथ्याऽज्ञानं तथैव च ।
रागो द्वेषोऽनवस्थानं, स्मृतेर्धर्मेष्वनादरः ॥१॥
योगदुष्प्रणिधानं च, प्रमादोऽष्टविधः स्मृतः ।
तेन योगात् प्रमत्तः स्यादप्रमत्तस्ततोऽन्यथा ॥२॥"

अपरे तु ब्रुवते–'अप्रयत्नासमितः प्रमत्तः', प्रयत्नो द्विविधः–जीवाजीवपदार्थपरिज्ञानमीर्यादिसमितिपञ्चकं चेति, एतद्विरहितः प्रमत्त उच्यते, सूत्रकारेण तु प्रमत्तयोगादित्येवमभिदधता सर्वमेवैतत् प्रमत्तलक्षणं समग्राहीति, स्यादेतद्–अस्तु तृतीयविकल्पे प्राणातिपातः सम्पूर्ण-लक्षणत्वात्, मार्यमाणः प्राणी यदि भवति, हन्तुश्च प्राणीति यदि विज्ञानमुपजातं, हन्मीति च यदि वधकचित्तोत्पादो, यदि च व्यापादितः स्यात्, सर्वं चेदमुपपन्नं तृतीये, द्वितीयविकल्पे तु नास्ति एतत् समस्तमतः कथं तत्र हिंसकत्वम् ?, एतदेव च प्राणातिपातलक्षणमपरेण स्पष्टतरं प्रपञ्चितं–'प्राणातिपातः सञ्चिन्त्य, परस्याभ्रान्तमारण'मिति,

द्विविधं मारणं-सञ्चिन्त्य असञ्चिन्त्य च, सञ्चिन्त्यापि द्विविधं भ्रान्तस्याभ्रान्तस्य च, अभ्रान्तस्यापि द्विविधं-आत्मनः परस्य चेत्यतो विशेषणत्रयमुपादीयते, एतदुक्तं भवति-यदि मारयिष्याम्येनमिति संज्ञाय परं मारयति, तमेव मारयति, नान्यं भ्रमित्वा, इयता प्राणातिपातो भवति, यस्तर्हि संशयितो मारयति प्राणी न प्राणी ? स वाऽन्यो वेति, सोऽप्यवश्यमेव निश्चयं लब्ध्वा तत्र प्रहरति, योऽस्तु सोऽस्त्विति कृतमेवानेन त्यागचित्तं न भवतीति, ततश्चासञ्चिन्त्य योऽत्र घातः क्रियते भ्रान्तेन वा आत्मनो वा स न प्राणातिपातः, प्राणश्च वायुः कायचित्तसंमिश्रश्च प्रवर्त्तते, चित्तप्रतिबद्धवृत्तित्वात्, तमतिपातयति-विनाशयति, जातस्य स्वरसस्य सन्निरोधादनागतस्योत्पत्तिं प्रतिबध्नातीति, जीवितेन्द्रियं वा प्राणः, कायस्यैव च सेन्द्रियस्य तज्जीवितेन्द्रियं व्यपदिश्यते, नत्वन्यस्य, आत्मनोऽभावात्, न ह्यात्मनः किञ्चित् प्रतिपादकं प्रमाणमस्तीति ॥

अन्यस्त्वाह-

आयुरुष्माऽथ विज्ञानं, यदा कायं जहत्यमी ।
अपविद्धस्तदा शेते, यथा काष्ठमचेतनम् ॥१॥

इति, आर्हताः पुनरबुद्धिपूर्वकमसञ्चिन्त्यापि कृतं प्राणातिपातं प्रतिजानते, अबुद्धिपूर्वादपि प्राणवधात् कर्त्तुरधर्मो, यथाऽग्निस्पर्शाद्दाह इति, तेषां चैवमभ्युपेयतां परदारदर्शनस्पर्शने च कामिन इव साधोरवद्यप्रसङ्गः, साधुशिरोलुञ्चने कष्टतपोदेशने च शास्तुः कुद्धस्येवाधर्म्मप्रसङ्गः, विशूचिकामरणे चान्नदायिनः प्राणवधः, मातृगर्भस्थयोश्चान्योऽन्यदुःखनिमित्तत्वात् पापयोगः, वध्यस्यापि च वधक्रियासम्बन्धादग्निस्वाश्रयदाहवदधर्मप्रसङ्गः, परेण च कारयतो नाधर्मप्रसङ्गः, न ह्यग्निमन्येन स्पर्शयन् प्रयोजयिता दह्यते, अचेतनानां च काष्ठादीनां गृहपाते प्राणवधात् पापप्रसङ्गः, न च दृष्टान्तमात्रात्

स्वपक्षसिद्धिरित्येवमनेकदोषसम्भवान्नाबुद्धिपूर्वकं प्राणातिपाताद्यम-स्तीति, अत्रोच्यते जैनैः-प्राणातिपाताद्यवद्येन प्रमत्त एव युज्यते, प्रमत्तश्च नियमेन रागद्वेषमोहवृत्तिः, प्रमादपञ्चके च कषायप्रमादस्य प्राधान्यं, कषायग्रहणेन च मोहनीयकर्म्मांशो, मिथ्यात्वदर्शनमपि संशयिताभि-गृहीतानभिगृहीतादिभेदं पिशुनितं, रागद्वेषौ च विकथेन्द्रियासव-प्रमादेष्वप्यन्वयिनौ, निद्राप्रमादः पञ्चविधोऽपि दर्शनावरणकर्म्मो-दयादज्ञानस्वभावस्तदाकुलितचित्तो मूढ इत्युच्यते, रागद्वेषमोहाश्चात्मनः परिणामविशेषाः प्राणातिपाताद्यवद्यहेतवः सर्वैर्मोक्षवादिभिरविगाने-नाभ्युपेयन्ते, सिद्धान्तविधिना च परित्यागाकरणं शरीरादेर्ममत्वी-कृतस्याविरतिः-अनिवृत्तिरात्मनः परिणतिविशेषः, साऽपि प्राणाति-पाताद्यवद्यहेतुतया निर्दिष्टा भगवता भगवत्यादिषु, अतीतकालपरिभुक्तानि हि शरीरादीनि पुद्गलरूपत्वात् समासादितपरिणामान्तराणि तदवस्थानि वा यावदपि योगकरणक्रमेण न त्यज्यन्ते भावतस्तावदपि भल्लि-तोमरकर्णिकाधनुर्जीवास्नायुशरवाजकीचकशलाकाद्याकारेण परिणतानि प्राणिनां परितापमवद्रावणं वा विदधति सन्ति पूर्वकस्य कर्तुरवद्येन योगमापादयन्ति, प्रतीतं चैतल्लोके, यो यस्य परिग्रहे वर्त्तमानः परमाक्रोशति हन्ति व्यापादयति वा तत्र परिग्रहीतुर्दोषस्तमपरित्यजतः, नन्वनयैव युक्त्या अवद्यक्षयहेतवः शरीरादिपुद्गलाः निर्जराहेतवः पुण्यहेतवो वा पूर्वकस्य कर्त्तुः पात्रचीवरदण्डकप्रतिश्रयाहारपरिणत्या तपस्विनामुपकारकत्वात् प्रसज्यन्ते, नैतदेवं, अवद्यमविरतिहेतुकं, निर्जरा तु विरतिहेतुकैव, पुण्यं च विरतिहेतुकमेव भूयसा, न हि पापाश्रवादनिवृत्तः पुण्येन कर्मनिर्जरणेन वा युज्यत इति, एषाप्यविरतिर्मोहमनेकभेदमजहती प्रमादमेवास्कन्दति ॥

प्रमत्तयोगाच्च प्राणातिपाताद्यवद्यमिति व्यवस्थिते यदुच्यते परेण 'असञ्चिन्त्य भ्रान्त्या वा मारणं नावद्यहेतुक'मित्यत्र प्रतिविधीयते-

असञ्चिन्त्य कुर्वतो यद्यवद्यासम्भवस्ततो मिथ्यादृष्टेरभावः सुगतशिष्याणां, यस्मान्न कश्चिन्मिथ्या प्रतिपद्यते प्रेक्षापूर्वकारी मिथ्येति सञ्चिन्त्य, अथैवं मन्येथाः-तेषामवद्येन योगो मिथ्याभिनिवेशात् समस्ति, एवं तर्हि रज्जुबुद्ध्या दन्दशूकं कल्पयतः कथं न हिंसा ?, अथोत्तरकालभाविनी प्राप्ततत्त्वज्ञानस्य सञ्चेतना स्यान्मिथ्यादर्शनमेतदिति, तुल्यमेव तत्सर्पच्छेदेऽपीति, अथ संशयहेतुत्वान्मिथ्यादर्शनमवद्यकारणम्, एवं तर्हि निश्चितधियः साङ्ख्यादेरिदमेव तत्त्वमिति नावद्यं स्यात्, संसारमोचकगलकर्त्तकयाज्ञिकप्रभृतीनां च प्राणवधकारिणां धर्म्म इत्येवं सञ्चेतयतामधर्मोऽयमित्येवं चासञ्चेतयतां नावद्यं स्यादन्याभिसन्धित्वात्, अथैवं मन्वीथाः-सञ्चेतयन्त्येव ते प्राणिनो वयं हनामेति, सत्यमेतत्, किन्तु नैवं चित्तोत्पादो हन्यमानेष्वेतेष्वधर्मो भवतीति, संविद्रते च स्फुटमेव सौगताः प्रमादारम्भयोरवश्यंभावी प्राणवध इति, तथा बुद्धस्य ये शोणितमाकर्षयन्ति वपुषः सुगतोऽयमित्येवमविज्ञाय तेषामवीचि-नरकगमनकारणमानन्तर्यकमबुद्धित्वादेव न स्यात्, इष्यते चानन्तर्यकम्, अथ बुद्धोऽयमित्येवंविधबुद्धेरभावेऽपि संशयितस्याश्रद्दधतश्चासञ्चेतयतो भवेदानन्तर्यकम्, एवं सति मायासूनवीयानामप्यवद्येन योगः स्यात्; यतस्ते विदन्त्यार्हतानामवनिदहनपवनजलवनस्पतयः प्राणिनः, अथैवमारेकसे बुद्धोऽयमिति संज्ञानमात्रेण साङ्ख्यादिरपि चेतयत्येव, एवं तर्हि संज्ञामात्रेण सञ्चेतयतः कल्पाकारमपि शुद्धनामानं घ्नत आनन्तर्यकं स्यात्, तथा मातापित्रर्हद्वधस्तूपभेदानन्तर्येष्वपि योज्यं, बालस्य किल पांसूनेव चेतयतोऽन्नमित्येवं वा चेतयतो [याँस्तानवचेतयतो] बुद्धाय भिक्षादानोद्यतस्य पांसुपुष्टी राज्यं फलत इति सुगतशासनविदां प्रतीतमेव, तदेवमसञ्चेतितवधो भ्रान्तिवधश्च प्राणाति-पातावद्यहेतुतया ग्राह्यो, अन्यथा बहु त्रुट्यति बुद्धभाषितमिति, तथाऽऽत्मवधोऽपि जैनानामवद्यहेतुरेव, विहितमरणोपायादृते शस्त्रोल्लम्ब-

नाग्निप्रवेशादिभिः, तस्मादात्मनोऽप्यविधिवधोऽवद्यहेतुरिति यत्किञ्चित् परग्रहणमपीति । एवं सति क्वचिद्भावत एव प्राणातिपाता-वद्यमप्रतिष्ठाननरकगामितन्दुलमत्स्यस्येव, क्वचिद् द्रव्यभावाभ्यां प्राणातिपातावद्यं सिंहमारकस्येवेति, प्रमादश्च द्वयोरपि विकल्पयोरस्त्येवा-ज्ञानादिलक्षणः, ततश्च प्रमत्तव्यापारेण परदारदर्शने स्पर्शने वा भवत्येवावद्यम्, अप्रमत्तस्य त्वागमानुसारिणो न भवति, यत आगमः-

"हत्थपायपलिच्छिन्नं, कन्ननासविकप्पितं ।
अवि वाससतिं णारिं, [1]दूरतो परिवज्जए ॥१॥
चित्तभित्तिं ण णिज्झाए, णारिं वा सुअलंकियं ।
भक्खरंपिव दट्ठूणं, दिट्ठिं पडिसमाहरे ॥२॥

तस्मादेनःपदमेतत् वसुबन्धोरामिषगृद्धस्य गृध्रस्येवाप्रेक्ष्यकारिणः अयं पुनरप्रसङ्ग एव मूढेनोपन्यस्तः-शिरोलुञ्चनाद्युपदेशे शास्तुः कुद्धस्येवाधर्मप्रसङ्ग इति, यतस्तत्राज्ञानादिप्रमादासम्भवोऽत्यन्तमेव शासितरि, ध्वस्तरागद्वेषमोहेनापि भगवता मुमुक्षूणां कर्मनिर्जरणोपायत्वेन तपो देशितं कुतोऽवद्यप्राप्तिरप्रमत्तस्येति, अन्नदाय्यपि श्रद्धाशक्त्यादि-गुणसमन्वितोऽप्रमत्तो गुणवते पात्राय ददाति न्याय्यं, साधूद्देशेना-कृताकारितानुमतं, ग्रहीताऽप्यागमानुवृत्त्या गृह्णाति, कुतस्तत्रावद्येन योगोऽन्नदायिनो ?, दानकाल एव च कर्म्मनिर्जरणादिफलाभिनिर्वृत्तेः, विसूचिका तु भोक्तुराप्तविहिताचारपरिमितादिभोजिनो जन्मान्तरोपात्ता-शुभकर्म्मापेक्षा न दातुर्दोषमावहति, विहिताऽऽचारोल्लङ्घनभोजिनोऽपि स्वकृतकर्म्मविपाक एवासाविति नास्त्यणीयानपि दातुरप्रमत्तत्वाद्दोषः, अज्ञानं विसूचिकायाः प्रमाद इति चेद्दात्रा स्वान्नस्य दानकाल एव त्यक्तत्वात्, परिगृहीतेन हि परव्यापत्तिः प्रमत्तस्य दोषवतीति, यच्चा-वाचि-मातुर्गर्भो दुःखहेतुर्मातापि गर्भस्य दुःखनिमित्तमित्युभयो-

१. बंभयारी विवज्जए । इति दशवैकालिके ।

दुःखहेतुत्वादवद्येन योग इति तदभिमतमेव जैनानां, तयोः प्रमत्तत्वात्, न चायमेकान्तः परदुःखोत्पादादावश्यंतयाऽवद्येन भवितव्यम्, अकषायस्य हि मुनेरपास्तसकलप्रमादस्य दर्शने सति प्रत्यनीकस्याशर्मोत्पद्यते तद्व्युत्सृष्टशरीरस्य वा व्यपगतासुनो दर्शने, न च तद्दुःखनिमित्तमस्यापुण्यमापतति साधोः, द्रव्यमात्रवधे चागमानुसारिणो भिषग्वरस्येव परदुःखोत्पादे सत्यपि नास्ति पापागमः, एवं परसुखोत्पादेऽप्येकान्त इत्यन्याय्यं स्त्रीपुंसयोः संगमापादयतः सुखोत्पादेऽप्यवद्येन योगः, क्वचित् परसुखोत्पत्त्यादेः पुण्यलेशयोगो निर्जरा वा, विहितानुष्ठायिनः साधोः क्षुत्पिपासार्त्तस्याधाकर्मादिदानेन एषणाविशुद्धेन प्रासुकान्नपानदानेन चेति, यच्चोक्तमग्निदृष्टान्तसामर्थ्याद्वध्योऽप्यवद्येन युज्येत वधक्रियासम्बन्धाद् हन्तृवत्, यथा ह्यग्निः पूर्वं स्वाश्रयं दहतीन्धनादिकमेवं वधक्रिया वध्यसम्बन्धिनी प्राक्तावद् वध्यमेवावद्येन योजयति, कर्म्मस्था च भिदेः क्रियेति वचनाद् यथा भिनत्ति कुशूलं देवदत्त इत्येवं हन्ति प्राणिनमिति, तदेतदसद्, यया क्रियया कर्तृसमवायिन्या कुशूलविदारणमुत्पाद्यते सा तु भिदिक्रिया विवक्षिता, तथा च यया कर्तृगतया हननक्रियया प्राणवियोजनं कर्म्मस्थं क्रियते सा विवक्षिता, ज्वलनोऽप्येतावता दृष्टान्तीकृतोऽप्रतिबद्धदहनस्वभावः स्पृश्यमानो बुद्धिपूर्वकमन्यथा वा दहत्येव, एवं प्राणातिपातोऽपि हि प्रमत्तेन प्रयत्नरहितेन क्रियमाणः कर्त्तारमवश्यंतयाऽवद्येन योजयत्येवेति दृष्टान्तार्थः, अबुद्धिपूर्वकता च प्रमत्तता, तत्र कः प्रसङ्गो वध्यस्याधर्मेण ?, वधकसमवायिनी च हननक्रिया कर्तृफलदायिन्येव, प्रमत्तस्याध्यवसायो बन्धहेतुः, न च वध्यस्यात्महनने प्रमत्तताध्यवसायः, दृष्टान्तधर्मी चानेकधर्मा, तत्र कश्चिदेव धर्ममाश्रित्य दृष्टान्त उपन्यस्यते, अथ समस्तधर्मविवक्षया दृष्टान्तोपादानं ततो न कश्चिदिष्टार्थसाधनं स्याद् दृष्टान्तः, विकल्पसमाना चेयं जातिरुपन्यस्ता वसुबन्धुवैधेयेन;

स्वाश्रयदाहित्वमग्नेः विशेषधर्मोऽस्ति, न तु वधक्रियायाः स्वाश्रयेऽवद्ययोग इष्टः, तस्मान्नाग्निदृष्टान्तात् साध्यसिद्धिरिति । एतेनैतदपि प्रत्युक्तं-परेण च कारयतो नाधर्मप्रसङ्गः, न ह्यग्निमन्येन स्पर्शयन् प्रयोजयिता दह्यत इति, यदप्यभिहितमचेतनानां च काष्ठादीनां गृहपाते प्राणवधात् पापप्रसङ्गः इति, इष्टमेवैतत्, यतो येषां जीवानां काष्ठादि शरीरं तदा चाव्युत्सृष्टं भावतस्तेषामविरतिप्रत्ययमवद्यमिष्यत एवेति न काचिद् बाधा, यच्चोक्तं 'न च दृष्टान्तमात्रात् स्वपक्षसिद्धि'रिति, एतदप्ययुक्तम्, अजानानस्यापि प्रमत्तस्य प्राणातिपातादवद्यमिति प्रस्तुत्याग्निरुदाहृतः, प्रयोगस्तु-अजानानस्य प्राणवधक्रियाऽवद्यहेतुः, प्रमत्तव्यापारनिर्वृत्तत्वात्, तृतीयविकल्पप्राणवधक्रियावदिति, यश्चावद्यहेतुर्न भवति स प्रमत्तव्यापार-निर्वृत्तोऽपि न भवति, यथा प्रथमविकल्प इति ॥

यच्चाशङ्क्योक्तं 'स्वरसभङ्गुरेषु भावेषु क्षणिकेषु परकीय-प्रयत्ननिरपेक्षेषु वायुप्राणस्योत्क्रान्तिः स्वयमेव भवति, न परप्रयत्नेन विनाश्यते वायुः प्राणो, निर्हेतुकत्वान्नाशस्य, किं तर्हि ?, प्रयत्नः करोति ?, अनागतस्य क्षणस्योत्पत्तिं प्रतिबध्नातीति, एतदप्यत्यन्तमयुक्तम्, अनागतस्त्वलब्धात्मलाभः क्षणो न तावदुत्पद्यते, स चाभावस्तस्य कुतः प्रतिबन्धः ?, असत्त्वरूपत्वात्, खरशृङ्गस्येवातो नाभावः कर्तुं शक्यः, प्रतिबन्धाप्रतिबन्धौ च भावविषयौ, स्मर्त्तव्यं च तावत् प्राणातिपातलक्षणं स्वं सौगतेन, प्राणी यदि भवति प्राणिविज्ञानं चोत्पद्यते हन्तुः, न चाभावः प्राणी, न च प्राणिसङ्कल्पः तत्र हन्तुरिति, वैश्रसिकप्रायोगिक-विनाशभेदाच्च न सर्व एव निष्कारणो नाशः, प्रागभूतात्मलाभादङ्-कुरादिवत्, हेतुमत्त्वात्, तर्हि किसलयादिवद् विनाशोऽपि विनाशवा-नित्यनिष्टप्रसङ्गः, यदा विनाशशब्देनावस्थान्तरपरिणतिर्वस्तुनोऽभिधीयते तदा किमनिष्टं ?, अथापि पूर्वावस्थोपमर्दमात्रं विनाशशब्दवाच्यं, एवमपि न विनाशस्य विनाशे किञ्चित् कारणमुपलभामहे, प्रष्टव्यश्च

पूर्वपक्षवादी-निष्कारणो विनाशः किमसन्नुत नित्य इति, असत्वे विनाशस्य सर्वभावानां नित्यताप्रसङ्गः, अथ नित्यो विनाशः कार्योत्पादाभावः, सर्वदा विनाशेन प्रतिबद्धत्वात्, यच्चोक्तं 'कायस्यैव सेन्द्रियस्य तज्जीवितेन्द्रियं व्यपदिश्यते, नत्वन्यस्य, आत्मनोऽभावादि'ति, तदप्यसमीचीनं, यतः एकस्थितवस्तुनिबन्धनाः सर्वेऽप्यनुभवस्मरण-प्रत्यक्षानुमानार्थाभिधानप्रत्ययव्यवहाराः, स चैकस्थितश्चात्मा, सति तस्मिन् पुरुषार्थप्रतिपत्तिरिति, ननु चानुभवस्मरणादयः स्कन्धमात्रे विज्ञानमात्रतायां वा न विरुद्धाः, तन्न, निरन्वयविनश्वरत्वात् स्कन्धानां विज्ञानस्य च, सन्तानाभ्युपगमे सर्वमुपपन्नमिति चेत्, न परमार्थ-तस्तस्यासत्त्वात्, न चासत्यात्मनि तत्प्रणीतप्राणातिपातलक्षणे विषयाव-धारणं शक्यं कर्तुं सञ्चिन्त्य परस्याभ्रान्तिमारणमिति, भिन्नाः सञ्चेतनादिक्षणा मारणावसानास्तत्र कस्य प्राणातिपातः ?, किं सञ्चेतयितुरथ यस्य परविज्ञानमुभयस्याभ्रान्तिः, अथ येन मारित इति, सर्वथा गृहीतशरणत्रया अप्यशरणा एव सौगताः, इत्येवं विचार्यमाणं सुगतशासनं निःसारत्वान्न युक्तिं क्षमत इति ॥ प्रकृतमुच्यते–

व्यवस्थितमिदं-प्रमत्त एव हिंसको नाप्रमत्त इति । सामान्येन कर्तृनिर्देशः यः कश्चित् प्रमत्त इति, कर्तुश्च करणान्यभिन्नानि भिन्नानि च द्विप्रकाराणि, तत्र योगेन्द्रियवीर्यज्ञानकरणान्यभेदेन वर्त्तन्ते, गमने निर्वर्त्त्ये पादवत्, कृपाणदात्रासिधेनुकादीनि भेदेन व्यवस्थितानि, करणकारका-विनाभूता च कर्त्तृशक्तिरित्यभिन्नाः कायादयः करणत्वेन निर्दिश्यन्ते, कृतद्वन्द्वाः कायादयस्तेषां योगस्त एव वा योगः, यथैव ह्यात्मा कायादिभिर्युक्तस्तथा कायादिक्रिययाऽपीति, अतस्तद्व्यापारोऽपि योगः, युज्यतेऽसावात्मनेति योगः, सप्तचतुश्चतुर्भेदः दुर्बलवृद्धयष्टिकल्पः, कर्तुरात्मनः तदाश्रयश्च वीर्यान्तरायक्षयोपशमजनितो वीर्यपरिणामो योगः कायादिचेष्टा, यथाऽऽह–

"जोगो विरिअं थामो उच्छाह परक्कमो तहा चेट्ठा ।
सत्ती सामत्थं ति अ जोगस्स हवंति पज्जाया॥१॥" (पञ्चसंग्रह, गाथा-३९६)
तथा अपर आह-
मनसा वाचा कायेन चापि युक्तस्य वीर्यपरिणामः ।
जीवप्रयोगजनितः स योगसंज्ञो जिनैर्दृष्टः ॥१॥

कायः-शरीरमौदारिकादिभेदपुद्गलजालात्मप्रयोगनिर्वृत्तं, प्रधानातिशयोपकारितया साधकतमत्वात् करणम्, एतदवष्टम्भात् कर्त्तात्मा गमनवल्गनलङ्घनावरोहणकूर्दनास्फोटनविशसनादिक्रियाः परिनिष्पादयति, वागपि वाक्पर्याप्तिगृहीतभाषावर्गणायोग्यपुद्गलस्कन्धविविधवर्णपदवाक्यलक्षणा क्वचिद् अभिलक्षितवर्णविवेकात्मनोऽभिलषणीयपदार्थप्रकाशेन साधकतमत्वात् करणतया व्याप्रियते, मनोऽपि मनोवर्गणायोग्यस्कन्धाभिनिर्वृत्तमशेषात्मप्रदेशवृत्ति द्रव्यरूपं मनने साधकतमत्वात् करणमात्मनः, एवमेभिः कायवाङ्मनोयोगैः समुदितैर्द्वाभ्यामेकेन वा प्राणानां सम्भवतामिन्द्रियादीनां व्यपरोपणम्-आत्मनः पृथक्करणमाचरति यो द्रव्यभावाभ्यां भावतो वाऽपि प्रमत्तः सा हिंसेति, समुदिताश्च प्रतीता एव निर्वर्त्तकाः, प्रत्येकं तु कथं निर्वर्त्तकाः प्राणातिपातावद्यस्येति, भाव्यते-भूदकतेजोमारुतवनस्पतीनां काययोगः एवैकः स्पर्शनाख्यं चेन्द्रियमेकमेव, नतु वाङ्मनोयोगौ स्तः, तेषां च कायव्यापारजनित एव प्राणातिपातः, द्वित्रिचतुरिन्द्रियाणामसंज्ञिपञ्चेन्द्रियाणां च कायवाग्योगाविन्द्रियद्वयं च स्पर्शनरसनाख्यं द्वीन्द्रियाणां स्पर्शनरसनघ्राणानि त्रीन्द्रियाणां स्पर्शनरसनघ्राणचक्षूंषि चतुरिन्द्रियाणां असंज्ञिनां पञ्चापीति, सर्वेषामन्तःकरणं नास्ति द्रव्यरूपमेकेन्द्रियादीनां, भावमनस्तु विद्यत एवात्मस्वभावत्वात्, तच्च द्रव्यरूपमन्तःकरणमन्तरेणास्पष्टमपटु पटलावृतनेत्रवत्, संज्ञिपञ्चेन्द्रियाणामन्तःकरणसहितानि पञ्चापीन्द्रियाणि विद्यन्ते, पट्वी चैषां प्रज्ञा, कायवाङ्मनोयोगत्रयभाजश्च प्राणातिपाताद्यनुतिष्ठन्ति प्रकर्षतोऽप्रतिष्ठाननरकगमनयोग्यं, असंज्ञिपञ्चेन्द्रियास्तु मनोरहितत्वात् प्रथम-

पृथिवीनरकगमनयोग्यमेव प्रकर्षतो निर्वर्त्तयन्ति, एकद्वित्रिचतुरिन्द्रियास्तु नरकगमनयोग्यं कर्म्म नैवोपाददते, ते हि नरकगतिवर्ज्यं संसार-परिभ्रमणयोग्यमेवावद्यं निर्वर्त्तयन्ति, कायवाङ्योगिनः काययोगिनश्च कषायविशेषापेक्षमप्रकृष्टं, फलस्य च प्रकर्षापकर्षौऽन्तःकरणकषायापेक्षौ, संज्ञिपञ्चेन्द्रियाणामारम्भहननव्यापादितकालभेदेन प्राक् प्रतिपादितो तीव्रमन्दज्ञाताज्ञातभाववीर्याधिकरणविशेषेभ्यस्तद्विशेष (अ.६ सू.७) इत्यत्र सूत्रे, क्वचित् कायादित्रयसन्निधानेऽप्यन्यतमस्यैव व्यापारस्तन्दुल-मत्स्यस्य मनोव्यापार एव केवलः, क्वचित् वाङ्मनोव्यापारात् प्राणातिपातावद्यं, यथा-

'वर्ष देव ! कुणालायां, दश दिवसानि पञ्च च।
मुशलस्थूलधाराभिर्यथा रात्रौ तथा दिवा ॥१॥'

अत्रात्यन्तक्रूराशयाभ्यां श्रमणकाभ्यां लोककदर्थनामसहमानाभ्यां कष्टतपःसमावर्जितदेवतया तद्वचनाभिप्रायानुरोधात् तथा वृष्टं यथा तत्र स्थावरजङ्गमानां प्राणिनां गन्धोऽपि नासीदिति । स एष प्राणातिपातः प्रमत्तयोगलक्षणो भूयः सरागद्वेषमोहप्रवृत्तिकः सङ्क्षेपादवसेयः, राग-प्रवृत्तिकस्तावच्चमरकरिदशनचित्रकचर्म्ममांसाद्यर्थो मृगयादिक्रीडार्थो वा स्वजीवितमित्रादिपरिरक्षणाय वा, मायालोभौ च रागः, द्वेषजो, वैरनिर्यातनादिकः परशुरामसुभूमादेरिव, क्रोधमानौ च द्वेषः, अज्ञानजो याज्ञिकानां पश्वादिविशसने स्वर्गमिच्छताम्, अवनिपतीनां च दुष्टपरिरक्षणमात्राभिलाषिमन्वादिप्रणीतशास्त्रानुसारिप्रवृत्तीनामप्रेक्षा-पूर्वकारिभिर्यदेकैरुत्फाल्यमानानां तस्करपारदारिकाद्युल्लम्बनशूलिकादि-भेदक्रकचपाटनच्छेदनादिकः, तथा संसारमोचकानां धर्मबुद्ध्या संसारात् प्राणिनो मोचयतां परोपघातिवृश्चिकाहिगोनसव्यन्तरादीनां च वधात् किल पुण्यावाप्तिरिति प्रवृत्तानां, हरिणविहगपशुमहिषादयश्च भोगिनामुप-भोगार्था इति तद्हनने नास्ति दोष इत्येवंप्रवृत्तानामशेषमेव मोह-विजृम्भितमिति ॥

सम्प्रति हिंसायाः पर्यायशब्दानाचष्टे सूरिः असंमोहार्थम्, आगमे च सर्वव्यवहारदर्शनाद्, आह च-

"क्रियाकारकभेदेन, पर्यायकथनेन च ।
वाक्यान्तरेण चैवार्थः, श्रोतृबुद्धिहितो मतः ॥१॥

हिंसनं हिंसा द्रव्यभावाभ्यां, द्रव्यतः षड्जीवनिकायविषयं प्राणिनां प्राणानां पृथक्करणं सकललोकप्रमाणोपाधिविशिष्टं रात्रिंदिवव्यवच्छिन्नं रागद्वेषमोहपरिणतिविशिष्टं च, मारणमपि यथाऽभिहितप्राणपरित्याजनं, अतिपातो विनाशः, प्राणानामतिपातः प्राणातिपातः, अथवा अतिपातः पातनं शाटनं, प्राणानामतिपातनं प्राणातिपातः, वध-उपमर्दः, प्राणानां वधः प्राणवधः, देहः-शरीरं देहादन्यो देहो देहान्तरं संक्रामणं नयनं प्रापणं देहान्तरे संक्रामणं देहान्तरसंक्रामणं, 'साधनं कृते'ति समासः, पूर्वं शारीरिकं त्याजितः शरीरान्तरं परिप्राप्यते, संसारभावी, न पुनर्यो मुक्तिमवाप्स्यतीति, रोपणं जन्मपरिप्रापणं संवर्द्धनं च, अपरोपण-मुत्सादनमुत्खननं, विशेषेणापरोपणं प्रमादपरवशतया, मारणादिशब्दार्थेष्वप्येतद्विशेषणं द्रष्टव्यं, प्राणानां व्यपरोपणं प्राणव्यपरोपणम्, इतिशब्द एवंशब्दस्यार्थे, एवमुक्तेन प्रकारेणानर्थान्तरं सूत्रन्यस्तहिंसाशब्दार्थान्नार्थान्तरं, मारणादिशब्दवाच्यमेकमिदमिति प्रतिपादयति, एक एवार्थः शब्दैरेभिः प्रतिपाद्यत इति ॥७-८॥

**ટીકાર્થ—** નિમિત્તરૂપ કષાય-વિકથા-ઇંદ્રિય-નિદ્રારૂપ આસવોથી (=મદિરાથી) જે પ્રમાદ કરે તે પ્રમત્ત. તેમાં કષાયો અનંતાનુબંધી આદિ ભેદવાળા સોળ છે. કષાયના પરિણામવાળો આત્મા પ્રમત્ત છે. સ્પર્શન વગેરે ઇંદ્રિયો છે. તેના દ્વારા રાગ-દ્વેષ થાય છે. રાગ-દ્વેષના પરિણામવાળો આત્મા પ્રમત્ત છે. સ્પર્શનાદિ નિમિત્તભેદથી(=સ્પર્શનાદિ ભિન્ન ભિન્ન નિમિત્તોથી કષાયો ઉત્પન્ન થાય છે માટે) કષાયોનો પ્રમાદના હેતુ રૂપે ઉલ્લેખ કર્યો છે. પ્રમાદ આત્માનો પરિણામ છે અને તે

કષાયાદિના નિમિત્તથી થાય છે. દર્શનાવરણકર્મના ઉદયથી ઊંઘવું તે નિદ્રા. નિદ્રા પાંચ પ્રકારની છે. નિદ્રાના પરિણામથી પીધેલા ધતૂરાવાળા અને પિત્તના ઉદયથી વ્યાકુળ અંતઃકરણવાળા પુરુષની જેમ અત્યંત મૂઢ બનેલો અને કર-ચરણોને ફેંકવા-દૂર કરવા(થી પ્રારંભી)શરીરના છેડા સુધીની ક્રિયાને કરતો જીવ પ્રમત્ત છે. મદ્ય એટલે મધુવાર અને શીધુ[1] મદિરા વગેરે દારૂ. દારૂ પીધે છતે જાણે મૂર્છા આવી હોય તેમ વિહ્વલતાને પામેલો જીવ પ્રમત્ત કહેવાય છે. સ્ત્રી-ભક્ત-દેશ-રાજાના વૃત્તાંતવાળી કથા વિકથા છે. રાગ-દ્વેષથી ઘેરાયેલ અને સ્ત્રીકથા વગેરે વિકથાના પરિણામવાળો જીવ પ્રમત્ત છે.

પ્રમત્તનો યોગ તે પ્રમત્તયોગ. અહીં કર્તામાં ષષ્ઠી વિભક્તિ છે. યોગપરિણામને વિશેષથી કહે છે- યોગ એટલે વ્યાપાર કે ચેષ્ટા, અર્થાત્ પ્રમત્તજીવની ચેષ્ટા પ્રમત્તયોગ છે. प्रमत्तयोगात् એ પ્રમાણે પંચમી વિભક્તિ તૃતીયા વિભક્તિના અર્થમાં જાણવી. પ્રમત્તયોગથી=પ્રમત્ત-વ્યાપારથી જે પ્રાણવ્યપરોપણ તે હિંસા છે. અથવા પંચમી વિભક્તિનું વિધાન છે. તેમાં કર્મમાં क्त्वा પ્રત્યયનો લોપ થતા વિશેષથી કથન છે. જેમકે प्रासादमारुह्य प्रेक्षते=प्रासादात् प्रेक्षते એ પ્રમાણે प्रमत्तयोगं प्राप्य=प्रमत्तयोगात् પ્રમત્તયોગને પામીને પ્રાણવ્યપરોપણને કરતો આત્મા હિંસાને કરે છે, અર્થાત્ પ્રમતયોગથી પ્રાણવ્યપરોપણને કરતો આત્મા જ હિંસા કરે છે. અથવા અધિકરણમાં વિશેષ કથન છે. તે આ પ્રમાણે- आसने उपविश्य प्रेक्षते=आसनात् प्रेक्षते । એ પ્રમાણે પ્રમત્ત એટલે પ્રમાદ. પ્રમાદમાં રહીને પ્રાણ વ્યપરોપણને આચરતો(=કરતો) આત્મા હિંસાને કરે છે. આ પ્રમાણે (સૂત્રમાં) પંચમીનો પ્રયોગ કરાય છે. गत्यर्थाकर्मक એ સૂત્રમાં "भावकर्मणोः" એ સૂત્રની અનુવૃત્તિ આવે છે. તે સૂત્રમાં(=गत्यर्थाकर्मक એ સૂત્રમાં) વિકલ્પે ભાવઅર્થમાં क्त પ્રત્યયનું વિધાન છે. એથી प्रमत्त એટલે પ્રમાદ. પ્રમાદથી યોગ તે પ્રમાદયોગ. યોગ એટલે સંબંધ. પ્રમાદથી સંબંધ એટલે આત્માની પ્રમાદરૂપ

૧. શેરડીના રસમાંથી બનાવેલ દારૂને શીધુ કહેવામાં આવે છે.

પરિણતિ. તેથી સ્ત્રીલિંગ સિવાય ગુણ-હેતુમાં વિકલ્પે પાંચમી વિભક્તિ થાય છે. જેમકે जाड्याद् बद्धः, એ પ્રમાણે प्रमत्तयोगात्प्रमादसम्बन्धात् प्राणव्यपरोपणमिति ।

**પ્રાણો–** પાંચ ઇંદ્રિયો, આયુષ્યકર્મ, કાય-વચન-મન એ ત્રણ યોગ અને શ્વાસોચ્છ્વાસ એમ દશ પ્રકારે પ્રાણો છે. દ્રવ્યપરિણામરૂપ આ પ્રાણો પૃથ્વીકાયાદિ કાયોમાં યથાસંભવ રહેલા છે. તે પ્રાણોનું વ્યપરોપણ કરવું એટલે પ્રાણોને દૂર કરવા, અર્થાત્ પ્રાણોને આત્માથી જુદા કરવા તે હિંસા છે અથવા આત્મપરિણામવાળી જે ક્રિયાથી પ્રાણવ્યપરોપણ થાય તે ક્રિયા હિંસા કહેવાય છે. તે ક્રિયા કર્તામાં સમવાયસંબંધવાળી છે, અર્થાત્ આત્માથી જુદી ન કરી શકાય તે રીતે કર્તામાં રહેલી છે.

આ જ સૂત્રાર્થને ભાષ્યથી સ્પષ્ટ કરતા ભાષ્યકાર **प्रमत्तो यः** ઇત્યાદિથી કહે છે–

પ્રમત્ત એવા શબ્દપ્રયોગથી પ્રમત્ત જ હિંસક છે. અપ્રમત્ત હિંસક નથી એમ જણાવે છે. આપ્તપ્રણીત આગમોથી નિરપેક્ષ(=આપ્તપ્રણીત આગમોની જેને અપેક્ષા નથી=માનવા નથી તેવો) પરમર્ષિરચિત સૂત્રોના ઉપદેશને દૂર કરનાર, સ્વેચ્છાથી(=સ્વાભિપ્રાયથી) પ્રભાવિત કાયાદિના વર્તનવાળો, અતિશય અજ્ઞાન એવો પ્રમત્તજીવ અવશ્ય પ્રાણીઓના પ્રાણોનું વ્યપરોપણ કરે છે.

હિંસા દ્રવ્ય અને ભાવ એવા બે ભેદોથી બે પ્રકારે છે. તેમાં ક્યારેક દ્રવ્યથી પ્રાણનાશ થાય છે, ભાવથી નહિ. હિંસા અને અહિંસા પરમાર્થથી પોતાના આત્માના પરિણામરૂપ નિમિત્તથી થાય છે. પરિણામ અશુદ્ધ અને શુદ્ધ હોય છે. બીજો જીવ તો કોઇક નિમિત્તમાત્રને આશ્રયીને હિંસાનું કારણ થાય છે. બીજો જીવ દ્રવ્યથી મર્યો કે ન મર્યો એવી વિચારણા બહુ ઉપયોગી નથી.

(૧) તેમાં જ્યારે જ્ઞાની, જીવના સ્વરૂપનો સ્વીકાર કરનાર, શ્રદ્ધાળુ, કર્મક્ષય માટે જ ચારિત્રરૂપ સંપત્તિથી પ્રવૃત્ત, કોઇક ધાર્મિક ક્રિયાને કરતો,

પ્રવચનમાતાઓથી અનુગ્રહ કરાયેલ પગ મૂકવાના માર્ગમાં કીડી આદિ જીવોનું જેણે નિરીક્ષણ કર્યું છે એવો ઉપાડેલા પગને પાછો વાળવા અસમર્થ જીવ કીડી આદિ જીવ ઉપર પગ મૂકે છે, જીવ મરી જાય છે ત્યારે દ્રવ્યપ્રાણના વિયોગમાત્રથી અત્યંત શુદ્ધાશયવાળા શક્ય(હિંસા)નો ત્યાગ કરવાની ઇચ્છાવાળા અને નિર્મળ ચિત્તવાળા તેનું હિંસકપણું નથી, અર્થાત્ તે હિંસક નથી.

(૨) ક્યારેક ભાવથી પ્રાણનાશ થાય, દ્રવ્યથી નહિ. કષાય વગેરે પ્રમાદને આધીન બનેલો શિકારી બાણના વિષયમાં(=બાણ પહોંચે તેટલી હદમાં) રહેલા હરણને લક્ષ્યમાં રાખીને કઠીન ધનુષને ખેંચીને બાણને છોડે પણ હરણ બાણ પડવાના સ્થાનથી દૂર થઇ જાય. અહીં પ્રાણનાશ ન કરવા છતાં=દ્રવ્યથી પ્રાણો નષ્ટ ન થવા છતાં ચિત્ત અશુદ્ધ હોવાથી હિંસા થાય જ છે. કારણ કે બાણ ફેંકનાર હિંસારૂપે પરિણત છે=હિંસાના પરિણામવાળો છે. પોતે કરેલું દૃઢ આયુષ્યકર્મ બાકી હોવાથી અને પુરુષાર્થથી મૃગલો ખસી ગયો. પણ હણનારનું ચિત્ત તો અતિક્લિષ્ટ જ છે. આથી ચિત્ત હિંસક છે.

(૩) તથા અશુદ્ધભાવવાળા હણવાની ઇચ્છાવાળા અને જીવના પ્રાણસમૂહને દૂર કરનારા(=જીવને મારી નાખનારા) અન્યની ભાવથી અને દ્રવ્યથી હિંસા થાય છે. આ પ્રમાણે ત્રણ વિકલ્પો વિચારતા બીજા-ત્રીજા વિકલ્પમાં પ્રમાદયોગ છે. આથી તે બેનું જ હિંસકપણું છે. પ્રથમનું નહીં.

બીજાઓ તો આઠ પ્રકારના પ્રમાદનું વર્ણન કરે છે. તે આ પ્રમાણે- “અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન, રાગ, દ્વેષ, સ્મૃતિનું અનવસ્થાન (ભૂલી જવું), ધર્મમાં અનાદર અને યોગોનું દુષ્પ્રણિધાન(=અયોગ્ય પ્રવૃત્તિ) એમ આઠ પ્રકારનો પ્રમાદ કહ્યો છે.” પ્રમાદની સાથે સંબંધ થવાથી પ્રમત્ત થાય, તેનાથી બીજી રીતે(=પ્રમાદની સાથે સંબંધ ન થવાથી) અપ્રમત થાય.

બીજાઓ તો કહે છે- પ્રયત્નથી રહિત અને સમિતિથી રહિત પ્રમત્ત છે. પ્રયત્ન બે પ્રકારે છે- જીવ-અજીવ પદાર્થોનું પરિજ્ઞાન અને

ઈર્યાસમિતિ વગેરે પાંચ સમિતિ. આનાથી રહિત જીવ પ્રમત્ત કહેવાય છે. प्रमत्तयोगात् એમ કહેતા સૂત્રકારે તો પ્રમત્તના આ સઘળાય લક્ષણનું ગ્રહણ કર્યું છે.

આ હોય-(=કોઈ આ પ્રમાણે કહે-) ત્રીજા વિકલ્પમાં પ્રાણાતિપાત (=હિંસા) હો, કેમકે તેમાં સંપૂર્ણ લક્ષણ ઘટે છે. (૧) જે મરાઈ રહ્યો છે તે જો પ્રાણી હોય. (૨) મારનારને જો આ પ્રાણી છે એવું વિજ્ઞાન થયું હોય. (૩) હું હણું છું એમ જો હિંસકચિત્તની ઉત્પત્તિ થઈ હોય. (૪) જો મારી નાખ્યો હોય. આ બધું ય ત્રીજા વિકલ્પમાં ઘટેલું છે. બીજા વિકલ્પમાં તો આ બધું નથી. આથી ત્યાં હિંસકપણું કેવી રીતે હોય ?

પ્રાણાતિપાતનું આ જ લક્ષણ બીજાએ વિસ્તારથી (અધિક સ્પષ્ટ) કહ્યું છે- "વિચારીને (મારવાનું લક્ષ રાખીને) અભ્રાન્ત, પરને મારવો તે પ્રાણાતિપાત(=હિંસા) છે." મારણ વિચારીને અને અવિચારીને એમ બે પ્રકારે છે. વિચારીને પણ ભ્રાન્તનું અને અભ્રાન્તનું એમ બે પ્રકારે છે. અભ્રાન્તનું પણ પોતાનું અને પરનું એમ બે પ્રકારે છે. આથી અહીં હિંસાના લક્ષણમાં ત્રણ વિશેષણ ગ્રહણ કરવામાં આવે છે. અહીં ભાવાર્થ આ છે- જો (૧) આને મારીશ એમ જાણીને(=વિચારીને) મારે છે, (૨) બીજાને મારે છે(=પોતાને નહીં), (૩) તેને જ (જેને મારવાનું વિચાર્યું છે તેને જ) મારે છે, (પણ) ભ્રાન્તિથી બીજાને મારતો નથી. આટલાથી પ્રાણાતિપાત થાય છે. તો પછી જે પ્રાણી છે કે નથી ? તે છે કે બીજો છે ? એમ સંશયવાળો થઈને મારે છે તે પણ અવશ્ય નિશ્ચય મેળવીને(=કરીને) ત્યાં પ્રહાર કરે છે. જે હોય તે આણે (હિંસા વગેરે પાપ) કર્યું જ છે. આ પ્રમાણે (હિંસાના) ત્યાગનું ચિત્ત થતું નથી.

તેથી અહીં (આ લક્ષણમાં) વિચાર્યા વિના જે ઘાત કરાય છે અથવા ભ્રાન્ત વડે ઘાત કરાય છે અથવા પોતાનો ઘાત કરાય છે તે પ્રાણાતિપાત નથી.

વાયુ પ્રાણ છે. તે કાયા અને ચિત્તમાં મિશ્રિત થયેલો પ્રવર્તે છે. કારણ કે વાયુ ચિત્તમાં પ્રતિબદ્ધ વૃત્તિવાળો છે=વાયુ ચિત્તની સાથે સબંધવાળો

છે. વાયુનો નાશ કરે છે. વાયુનો નાશ કરે છે એટલે ઉત્પન્ન થયેલા સ્વરસનો(=સ્વભાવનો) નિરોધ કરીને અનાગતને રોકે છે.

અથવા જીવિતેંદ્રિય પ્રાણ છે. ઇંદ્રિયસહિત કાયાનો જ "તે જીવિતેંદ્રિય છે" એવો વ્યવહાર કરાય છે, અન્યનો નહિ. કારણ કે આત્મા નથી. આત્માને જણાવનાર કોઇ પ્રમાણ નથી.

અન્ય તો કહે છે- "ગરમી અને વિજ્ઞાન આયુષ્ય છે. આ બે જ્યારે કાયાને છોડી દે છે ત્યારે ત્યજાયેલો તે અચેતન કાષ્ઠની જેમ સૂવે છે."

જૈનો તો પ્રતિજ્ઞા કરે છે=માને છે કે અબુદ્ધિપૂર્વક વિચાર્યા વિના પણ કરેલું પ્રાણાતિપાત (હિંસા) છે. અબુદ્ધિપૂર્વક પણ પ્રાણવધથી કર્તાને અધર્મ થાય છે. જેમકે (અબુદ્ધિપૂર્વક પણ) અગ્નિને સ્પર્શવાથી દાહ થાય છે. આ પ્રમાણે સ્વીકારનારા જૈનોને પરસ્ત્રીના દર્શનમાં અને સ્પર્શનમાં સાધુને કામીપુરુષની જેમ પાપનો પ્રસંગ આવે. સાધુઓને મસ્તક લોચનો અને કષ્ટકારી તપનો ઉપદેશ આપવામાં આપનારને ગુસ્સે થયેલા પુરુષની જેમ અધર્મનો પ્રસંગ આવે. વિશૂચિકાથી (સાધુના) મરણમાં અન્નના દાતાને પ્રાણવધ થાય=પ્રાણવધનો દોષ થાય. માતા અને ગર્ભસ્થ જીવ એ બંને પરસ્પર દુઃખનું નિમિત્ત હોવાથી બંનેને પાપનો યોગ થાય. વધ્યને પણ વધક્રિયાના સંબંધથી જેવી રીતે અગ્નિને પોતાના આશ્રયે રહેલો દાહ લાગે છે તેમ અધર્મનો પ્રસંગ આવે. બીજા દ્વારા વધ કરાવનારને અધર્મનો પ્રસંગ ન આવે. બીજા દ્વારા અગ્નિનો સ્પર્શ કરાવનાર પ્રયોજક બળતો નથી. ઘર પડી જાય ત્યારે પ્રાણવધથી અચેતન કાષ્ઠ વગેરેને પાપનો પ્રસંગ આવે. માત્ર દૃષ્ટાંતથી સ્વપક્ષની સિદ્ધિ ન થાય. આ પ્રમાણે અનેક દોષોનો સંભવ હોવાથી અબુદ્ધિપૂર્વક(=મારવાની બુદ્ધિ વિના) થતો પ્રાણાતિપાત પાપ નથી.

અહીં પ્રત્યુત્તર કહેવાય છે– જૈનો પ્રાણાતિપાતાદિ (સર્વ) પાપની સાથે પ્રમત્તને જ જોડે છે. પ્રમત્તજીવ નિયમા રાગ-દ્વેષ-મોહવૃત્તિવાળો હોય. પાંચ પ્રમાદોમાં કષાયપ્રમાદની પ્રધાનતા છે. કષાયના ગ્રહણથી

મોહનીયકર્મના અંશનું(=વિભાગનું) ગ્રહણ થાય છે. સંશયિત-અભિગૃહીત-અનભિગૃહીત વગેરે ભેદવાળું મિથ્યાદર્શન પણ સૂચિત થાય છે. રાગ-દ્વેષ-વિકથા-ઇંદ્રિય-આસવ રૂપ પ્રમાદોમાં પણ અનુગત છે=વિકથાદિ પ્રમાદોની સાથે પણ રહેનારા છે. પાંચેય પ્રકારનો નિદ્રારૂપ પ્રમાદ દર્શનાવરણકર્મના ઉદયથી અજ્ઞાનસ્વરૂપ છે. તેનાથી યુક્ત ચિત્તવાળો જીવ મૂઢ કહેવાય છે. આત્માના પરિણામવિશેષ રાગ-દ્વેષ-મોહ પ્રાણાતિપાતાદિ પાપના હેતુઓ છે એમ સઘળા મોક્ષવાદીઓ વિવાદ વિના સ્વીકારે છે. જે પોતાના નથી તેને પોતાના કરેલા શરીર વગેરેનો શાસ્ત્રોક્ત વિધિથી પરિત્યાગ ન કરવો. એ અવિરતિ=અનિવૃત્તિ છે. અવિરતિ આત્માનો પરિણામવિશેષ છે. ભગવાને ભગવતી આદિ શાસ્ત્રોમાં અવિરતિને પણ પ્રાણાતિપાતાદિ પાપના કારણ તરીકે કહી છે. અતીતકાળે ભોગવેલી શરીર વગેરે વસ્તુઓ પુદ્ગલરૂપ હોવાથી અન્ય પરિણામને પામેલી હોય કે તેવી જ અવસ્થાવાળી હોય, પણ યોગ-કરણના ક્રમથી ભાવથી ત્યજવામાં ન આવે ત્યાં સુધી [1]ભલ્લિ-ભાલો-કર્ણિકા-ધનુષ-ધનુષદોરી-શરીરનાડી-બાણ-બાણપીછું-કીચક-શલાકા વગેરે રૂપે પરિણમેલી તે વસ્તુઓ જીવોના પરિતાપને કે નાશને કરતી છતી પૂર્વના કર્તાને પાપની સાથે સંબંધ કરાવે છે. લોકમાં આ પ્રસિદ્ધ છે કે જેના પરિગ્રહમાં(=માલીકીમાં કે તાબામાં) વર્તતો બીજાને આક્રોશ કરે છે, કે માર મારે છે અથવા મારી નાંખે છે, ત્યાં તેનો ત્યાગ ન કરનાર એથી જ સ્વીકારનારનો(=માલિક બનનારનો) દોષ છે.

**પૂર્વપક્ષ–** આ જ યુક્તિથી પાત્ર-વસ્ત્ર-દંડ-ઉપાશ્રય-આહાર આદિ રૂપે પરિણમેલા શરીરાદિના પુદ્ગલો સાધુઓ ઉપર ઉપકાર કરવાથી પૂર્વના કર્તાને નિર્જરાના કે પુણ્યના હેતુ બને એમ માનવાનો પ્રસંગ આવે.

**ઉત્તરપક્ષ–** આ એ પ્રમાણે નથી. પાપ અવિરતિના કારણે છે. નિર્જરા તો વિરતિના કારણે જ છે. પુણ્ય પણ (भूयसा=) મોટા ભાગે વિરતિના

૧. અહીં જણાવેલા જે શબ્દોનો ગુજરાતી અર્થ લખ્યો નથી તે શબ્દોનો "શસ્ત્ર વિશેષ" અર્થ સમજવો.

કારણે છે. પાપાસ્રવથી અનિવૃત્ત જીવ પુણ્યની કે કર્મનિર્જરાની સાથે જોડાતો નથી, અર્થાત્ તેને પુણ્ય કે કર્મનિર્જરા પાપાસ્રવથી નિવૃત્તને જેટલા પ્રમાણમાં થાય એટલા પ્રમાણમાં ન થાય. અનેક ભેદવાળા મોહનો ત્યાગ ન કરતી આ અવિરતિ પણ પ્રમાદરૂપ[1] જ છે.

પ્રમત્તયોગથી પ્રાણાતિપાત આદિ પાપ થાય એમ નિશ્ચિત થયે છતે "વિચાર્યા વિના(=મારવાના સંકલ્પ વિના) કે ભ્રાન્તિથી મારવું એ પાપનું કારણ નથી." એમ બીજા વડે જે કહેવાય છે એ વિષે પ્રતિકાર કરવામાં આવે છે-

**પૂર્વપક્ષ–** (બૌદ્ધ) ભાઇ ! હિંસા ત્યારે જ થાય જ્યારે વ્યક્તિ 'આને મારું' એવો સંકલ્પ કરે, મારવા માટે તીર ફેંકવાની પ્રવૃત્તિ કરે, તીર છોડે, તીર એ પ્રાણીને જ વાગે અને એ પ્રાણી જ મરે. અથવા **प्राणी प्राणिज्ञानं घातकचित्तं च तद्गता चेष्टा प्राणैश्च विप्रयोगः पञ्चभिरापद्यते हिंसा ॥** આ પાંચ તત્ત્વ ભેગા થાય ત્યારે જ હિંસા કહેવાય. અર્થાત્ ઉપરોક્ત બધી વસ્તુ ભેગી થાય ત્યારે જ હિંસા થાય. સંકલ્પ કર્યા વિના મારે તો હિંસા ન લાગે. તેવી જ રીતે 'આ દોરડું છે' આવા ભ્રમથી સાપને મારે તો પણ હિંસા ન લાગે.

**ઉત્તરપક્ષ–** (સ્યાદ્વાદી) ના ભાઇ ! તમારી વાત વ્યાજબી નથી. કારણ કે જો વિચાર્યા વિના હિંસા કરી નાખે તો તે હિંસા ન કહેવાય તેમ માનો તો પછી બૌદ્ધશિષ્યોના મતે કોઇ મિથ્યાદષ્ટિ કહેવાશે જ નહીં. કારણ કે 'આ ખોટું છે' એમ વિચારીને તો કોઇ બુદ્ધિશાળી ખોટી વાતને સ્વીકારતો જ નથી. હા, આ સાચું છે એવા ભ્રમથી ક્યારેક કોઇક બુદ્ધિશાળી ખોટી વાતને ય સાચી તરીકે સ્વીકારી લે. પણ એવા ભ્રમથી તો પાપ લાગતું જ નથી, માટે મિથ્યાદષ્ટિ તેને ન કહેવાય. તમારા મત પ્રમાણે તો આ ખોટું છે એમ વિચારીને જે ખોટી વાત સ્વીકારે તો જ મિથ્યાદષ્ટિ કહેવાય. પણ બૌદ્ધોના આગમ મુજબ પણ આ વાત તો સ્વીકારી શકાય જ નહીં.

૧. प्रमादमेवास्कन्दति=પ્રમાદ તરફ જ કૂદકો મારે છે, પ્રમાદ તરફ જ જાય છે એવો શબ્દાર્થ છે.

**પૂર્વપક્ષ–** (બૌદ્ધ) ભાઇ ! મિથ્યાદષ્ટિને મિથ્યાત્વ નિમિત્તક અવદ્યની સાથે યોગ થાય જ છે, અર્થાત્ કર્મબંધ થાય જ છે. કારણ કે મિથ્યાભિનિવેશ તેમની પાસે છે, મિથ્યાભિનિવેશ જ તેમને કર્મબંધનું કારણ છે. મિથ્યાભિનિવેશ=મિથ્યાજ્ઞાન=મિથ્યાઆગ્રહ.

**ઉત્તરપક્ષ–** (સ્યાદ્વાદી) તો પછી ભલા માણસ ! દોરડાની બુદ્ધિથી સાપને મારતા માણસને હિંસા થશે જ. કારણ કે મિથ્યાભિનિવેશ (=દોરડામાં સાપની બુદ્ધિ) તેની પાસે હાજર જ છે. કેમકે કુદેવમાં દેવનો આગ્રહ તેને મિથ્યાભિનિવેશ કહો છો તે જ રીતે દોરડામાં સાપની બુદ્ધિ પણ મિથ્યાભિનિવેશ છે જ. તેનાથી કર્મબંધ થવો જ જોઇએ.

**પૂર્વપક્ષ–** (બૌદ્ધ) ભાઇ ! દોરડાની બુદ્ધિથી સાપને કાપે અને મિથ્યાભિનિવેશથી મિથ્યાત્વયુક્ત હોય આ બંનેમાં ઘણો ફરક છે. મિથ્યાદષ્ટિ જીવ જ્યારે સમ્યગ્દષ્ટિ બને ત્યારે તેને ભાન થાય છે કે પહેલા મેં જેને દેવ માન્યા હતા તે ખોટા હતા. પહેલા મારું જે જ્ઞાન હતું તે મિથ્યાજ્ઞાન હતું. મેં સ્વીકારેલું દર્શન મિથ્યાદર્શન હતું. આમ, મેં જે કરેલું તે ખોટું કરેલું. આવું જ્ઞાન થવાથી એ મિથ્યાભિનિવેશજન્ય મિથ્યાત્વ પ્રયુક્ત કર્મબંધ થાય જ ને ?

**ઉત્તરપક્ષ–** (સ્યાદ્વાદી) यश्चोभयो समो दोषः परिहारस्तयोः समः । દોરડાની બુદ્ધિથી સાપને કાપે ત્યારે તે વખતે ભલે ભ્રમ હોય પણ પછી આલોકસન્નિકર્ષાદિથી તેને જણાઇ જ આવે છે કે ભાઇ ! જેને મેં માર્યો તે તો સાપ છે !!! બસ ! તો જે મિથ્યાત્વનિમિત્તક કર્મબંધ તમે માન્યો તે જ રીતે અહીં પણ સર્પહિંસાપ્રયુક્ત અવદ્યયોગ=કર્મબંધ થવો જ જોઇએ.

**પૂર્વપક્ષ–** (બૌદ્ધ) અમે તમને કીધું તો ખરું કે બંનેમાં ઘણો તફાવત છે. જ્યારે મિથ્યાદર્શનને સ્વીકારેલ હોય ત્યારે જીવને સંતોષ નથી હોતો. મિથ્યાદર્શનમાં એને શંકા રહે છે. આ જ સાચું હશે ? આવી દ્વિધા જીવ અનુભવે છે પણ જ્યારે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય ત્યારે જ જીવને સંતોષ થાય છે અને સઘળી શંકા-કુશંકાઓ તેની દૂર થાય છે. આમ મિથ્યાદર્શન

સંશયનું કારણ હોવાથી કર્મબંધક બને છે. સર્પચ્છેદ વખતે તો તેવી કોઇ શંકા છે નહીં કે જેથી કર્મબંધના નિમિત્ત તરીકે તે હિંસાને સ્વીકારી શકાય.

**ઉત્તરપક્ષ–** (સ્યાદ્વાદી) એવું ક્યાંથી લાવ્યા કે મિથ્યાદર્શન સંશયનું કારણ બનવાથી કર્મબંધનું કારણ બને છે. જો મિથ્યાદર્શન સંશયનું કારણ હોવાથી જ કર્મબંધનું કારણ બનતું હોય તો જેને એવી કોઇ શંકા જ નથી, આ સાંખ્યદર્શન જ સાચું છે. આવો નિશ્ચય છે એવા સાંખ્યદર્શનીઓને પાપ નહીં લાગે. કારણ કે એમને તો સાંખ્યાદિ મિથ્યાદર્શન શંકાના કારણ બનતા જ નથી. આ એક વાત થઇ.

હવે બીજી વાત- 'જો હું મારું છું - આ પાપ છે એવું જ્ઞાન થાય તો જ પાપ લાગતું હોય, આ ધર્મ જ છે એવો નિશ્ચય હોય - શંકા ન હોય તો પાપ ન લાગે.' આવું માનો તો સંસારમોચક=રીબાતી ગાયને સંસારમાંથી છુટકારો કરી દેવા ગોળી ઝીંકી દેનારા જેને હાલની ભાષામાં Mercykilling કહે છે તે ગળે કરવત મુકાવનારા તથા યજ્ઞ કરાવનારા વગેરેને કે જેઓ જીવહિંસા કરી રહ્યા છે તેઓને આ ધર્મ છે એવો નિશ્ચય છે, આ અધર્મ છે એવું બિલકુલ જ્ઞાન નથી તેમને પાપ ન લાગે. કારણ કે તેવું જ્ઞાન તેમની પાસે નથી.

**પૂર્વપક્ષ–** (બૌદ્ધ) ભાઇ ! 'અમે હણીએ છીએ', 'કોઇ જીવને મારીએ છીએ' એવું જ્ઞાન તો તે લોકો પાસે છે. બસ, તો પછી તે લોકોને કર્મબંધ થાય જ. (हनाम એ हन् ધાતુનું આજ્ઞાર્થ પ્ર.પુ.બ.વ. છે. પણ हन्म એમ વર્તમાનકાળનો પ્રયોગ હોવો જોઇએ.)

**ઉત્તરપક્ષ–** (સ્યાદ્વાદી) તમારી વાત સાચી છે. કિંતુ યજ્ઞાદિમાં પ્રમાદવશ કે આરંભ કરતા=જાણી જોઇને હિંસા કરતા તે લોકોને 'આ અધર્મ છે, આ રીતે જીવહિંસા કરવામાં પાપ છે' તેવું જ્ઞાન તો થતું જ નથી. માટે પાપ ન લાગે. જ્યારે બૌદ્ધો યજ્ઞાદિ આરંભ સમારંભમાં તથા પ્રમાદથી થતી જીવહિંસાને હિંસા માને જ છે.

તદુપરાંત બુદ્ધનાં શરીરમાંથી જે લોહી ખેંચે છે તે લોકો 'આ બૌદ્ધ છે' તેમ જાણ્યા વિના મતલબ કે આ ભગવાન છે' તેવી બુદ્ધિ વિના જે

લોકો બુદ્ધના શરીરમાંથી લોહી ખેંચે છે તેને અવીચિનરકમાં લઇ જનાર પાપકર્મ=આનન્તર્યક બંધાય તેવું પાપ તેમને જ્ઞાન ન હોવાથી ન જ બંધાવું જોઇએ. જ્યારે તમે તો કર્મબંધ માનો જ છો.

**પૂર્વપક્ષ–** (બૌદ્ધ) 'આ બુદ્ધ છે' આવા પ્રકારની બુદ્ધિ ભલે ન હોય પણ 'આ બુદ્ધ છે' એવી એને શંકા હોય અથવા જાણતો હોવા છતાં એને શ્રદ્ધા ન હોય - આવી રીતે અજ્ઞાનવાળી વ્યક્તિને તો પાપ લાગે જ ને ?

**ઉત્તરપક્ષ–** (સ્યાદ્વાદી) એમ થશે તો તો બૌદ્ધોને પણ પાપ લાગશે જ. કારણ કે તે લોકો જાણે જ છે કે જૈનોના મતે પૃથ્વી, પાણી, તેજ, વાયુ, વનસ્પતિ જીવ છે. ફક્ત તે લોકો તેની શ્રદ્ધા નથી કરતા. જેમ 'આ બુદ્ધ છે' તેવી શ્રદ્ધા ન કરતા પણ જીવને પાપકર્મ બંધાય છે તેમ આની શ્રદ્ધા ન કરતા અને એની હિંસા કરતા બૌદ્ધોને પાપ બંધાવું જ જોઇએ.

**પૂર્વપક્ષ–** (બૌદ્ધ) અરે ભાઇ ! 'આ બૌદ્ધ છે' એ પ્રમાણે તો સાંખ્ય વગેરે લોકો પણ માને જ છે ને ? શું સાંખ્ય વગેરે આ બૌદ્ધ છે એમ નામ પણ નથી સ્વીકારતા ? બૌદ્ધ નામ તો સ્વીકારે જ ને ? જ્યારે અમે તો પૃથ્વી જીવ છે એ પ્રમાણે નામથી પણ જીવ તરીકે નથી સ્વીકારતા ! માટે બૌદ્ધને હેરાન કરતા સાંખ્ય વગેરે લોકોને પાપ અવશ્ય બંધાય, અમને નહીં !

**ઉત્તરપક્ષ–** (સ્યાદ્વાદી) અચ્છા ! એટલે નામમાત્રથી જે 'આ બૌદ્ધ છે' તેવું જાણતો હોય અને એને મારે તો પાપ લાગી જાય તો 'શુદ્ધ' એટલે બુદ્ધ જેવા નામવાળી સરખા આકારવાળી બીજી કોઇ વ્યક્તિને 'આ બૌદ્ધ છે' એમ નામમાત્રથી તો જાણે જ છે. હવે તેને મારશે તો સાચા બૌદ્ધને મારવા જેટલું જ આનન્તર્યક લાગવું જોઇએ ને ? નામમાત્રથી 'આ બૌદ્ધ છે' એ પ્રમાણે સાંખ્ય વગેરે પણ જાણે જ છે ને !!!

આ જ રીતે આ માતા-પિતા છે, આ ભગવાન છે. આ પ્રમાણે ન જાણતા અને તેની હિંસા કરતાને પણ પાપ નહીં લાગે ? તે જ રીતે બૌદ્ધના સ્તૂપને ભાંગી નાખનારને પણ હિંસા નહીં લાગે. આમ બીજા બધા આનન્તર્યકમાં પણ જોડી લેવું.

યાદ રહે ! જે તે વ્યક્તિને ન જાણનાર મતલબ કે 'આ બૌદ્ધ છે' એ પ્રમાણે ન જાણનાર બાળક જો બુદ્ધને દાન આપવા માટે ઉદ્યત થયેલો હોય તો બુદ્ધને આપેલું એક ધૂળની મુઠ્ઠીનું દાન પણ સ્વર્ગનું ફળ આપે છે. આ પ્રમાણે બુદ્ધના જ્ઞાનનો મહિમા તો બૌદ્ધોને ખ્યાલ જ છે. જો બુદ્ધને બુદ્ધ તરીકે ન જાણતો હોય અને દાન આપે તો સાચા બુદ્ધને આપેલા દાન જેટલો લાભ થતો હોય તો પ્રાણી છે તેવું જાણ્યા વિના જીવને મારતા માણસને સાચા પ્રાણીને મારવા જેટલું જ પાપ શા માટે ન લાગે ? લાગે જ !

તથા શાસ્ત્રમાં વિહિત મરણના ઉપાય વિના શસ્ત્ર, ગળે ફાંસો લગાવીને લટકવું, અગ્નિપ્રવેશાદિથી આત્મવધને પણ જૈનો પાપનું કારણ જ માને છે. તેથી આત્માનો પણ અવિધિવધ હેતુ છે. માટે પ્રાણાતિપાતની વ્યાખ્યામાં 'પર' શબ્દના ગ્રહણની કોઈ જરૂર નથી. આ પ્રમાણે નિશ્ચિત થયે છતે ક્યાંક સાતમી નરકમાં જનાર તંદુલમત્સ્યની જેમ ભાવથી જ પ્રાણાતિપાત પાપ થાય. ક્યાંક સિંહને મારનાર(ત્રિપૃષ્ઠ વાસુદેવ)ની જેમ દ્રવ્ય-ભાવથી પ્રાણાતિપાત થાય. અજ્ઞાનાદિ રૂપ પ્રમાદ બંને વિકલ્પોમાં છે જ. તેથી પ્રમાદ વ્યાપારથી પરસ્ત્રીના દર્શનમાં કે સ્પર્શમાં પાપ થાય જ છે. આગમાનુસારી અપ્રમત્તને તો ન થાય. આગમ આ પ્રમાણે છે- હાથ-પગથી કપાયેલી હોય અથવા કાન-નાક જેના કદરૂપા(=બેડોળ) હોય અથવા સો વરસની વૃદ્ધા હોય તો પણ બ્રહ્મચારી સાધુ તેનો ત્યાગ કરે=તેના તરફ દૃષ્ટિ ન કરે. (દશવૈ. અ.૮ ગા.૫૬) ભીંતમાં ચિતરેલી શણગાર કરેલી અથવા શણગાર ન કરેલી સ્ત્રીને સાધુ જુએ નહીં, કદાચ જોવાય જાય તો પણ ઝળકતા(=તેજસ્વી) સૂર્યની માફક તેના ઉપરથી દૃષ્ટિને પાછી ખેંચી લે. (દ.વૈ. અ.૮ ગા.૫૫)

મસ્તકલોચાદિના ઉપદેશમાં ઉપદેશ આપનારને ગુસ્સે થયેલાની જેમ અધર્મનો પ્રસંગ આવે એ દોષ મૂઢ એવા તેણે અપ્રાસંગિક જ(=પ્રસંગ વિના જ) મૂક્યો છે. કારણ કે તેવો ઉપદેશ આપવામાં ઉપદેશ

આપનારમાં અજ્ઞાનાદિ પ્રમાદનો અત્યંત(=જરા પણ) સંભવ નથી. જેમના રાગ-દ્વેષ-મોહ નાશ પામી ગયા છે તેવા ભગવાને મુમુક્ષુઓને કર્મનિર્જરાના ઉપાય તરીકે તપનો ઉપદેશ આપ્યો છે. અપ્રમત્તને પાપની પ્રાપ્તિ ક્યાંથી થાય ?

શ્રદ્ધા-શક્તિ આદિ ગુણોથી યુક્ત અને અપ્રમત્ત અન્નદાતા પણ ગુણવાન પાત્રને સાધુનિમિત્તે ન કરેલું, ન કરાવેલું અને ન અનુમોદેલું એવું યોગ્ય અન્ન આપે છે. લેનાર પણ આગમને અનુસરીને લે છે. તેમાં અન્નદાતાને પાપની સાથે સંબંધ ક્યાંથી થાય ? કારણ કે દાનકાળે જ કર્મનિર્જરા વગેરે ફળ ઉત્પન્ન થઇ જાય છે. આપ્તવિહિત આચાર પ્રમાણે પરિમિતાદિ ભોજન કરનાર ભોક્તાને જન્માંતરમાં ગ્રહણ કરેલા કર્મના કારણે થનારી વિસૂચિકા દાતાને દોષને પમાડનારી થતી નથી. વિહિત આચારનું ઉલ્લંઘન કરીને ભોજન કરનારને પણ સ્વકૃત કર્મના વિપાકથી જ વિસૂચિકા થાય. આથી દાતા અપ્રમત્ત હોવાથી દાતાને અલ્પ પણ દોષ ન થાય.

**પૂર્વપક્ષ–** આ આહારથી વિસૂચિકા થશે એવું અજ્ઞાન પ્રમાદ છે.

**ઉત્તરપક્ષ–** દાતાએ પોતાના અન્નનો દાનકાળે જ ત્યાગ કરી દીધો છે.(=પોતાની માલિકી છોડી દીધી છે.) જેનો સ્વીકાર કર્યો હોય તેનાથી પરને દુઃખ (અથવા મરણ) થાય તો એ દુઃખ પ્રમત્તને દોષવાળું થાય.

વળી- ગર્ભ માતાના દુઃખનું કારણ છે અને માતા પણ ગર્ભના દુઃખનું કારણ છે. બંને (પરસ્પરના) દુઃખનું કારણ હોવાથી બંનેનો પાપની સાથે સંબંધ થાય એમ જે કહ્યું તે જૈનોને માન્ય જ છે. કેમકે તે બે પ્રમત્ત છે.

આ એકાંત નથી કે બીજાને દુઃખ ઉત્પન્ન કરવાથી પાપ થાય જ. જેમ કે સર્વ પ્રકારના પ્રમાદથી અને કષાયથી રહિત મુનિના દર્શન થતાં અથવા શરીરનો ત્યાગ કરનારા(=શરીરને વોસિરાવી દેનારા) એવા મૃત્યુ પામેલા મુનિના દર્શનથી શત્રુને દુઃખ ઉત્પન્ન થાય. તેના દુઃખના નિમિત્તે સાધુને પાપ ન લાગે. આગમને અનુસરનારા મુનિને માત્ર દ્રવ્યવધમાં પરને દુઃખ ઉત્પન્ન થવા છતાં ઉત્તમ વૈદ્યની જેમ પાપ ન લાગે.

એ પ્રમાણે પરને સુખ ઉત્પન્ન કરવામાં પણ એકાંત(=પરને સુખ ઉત્પન્ન કરવાથી પાપ ન જ થાય એમ) માનવું યોગ્ય નથી. સ્ત્રી-પુરુષનો સંગ કરાવી આપનાર સુખ ઉત્પન્ન કરતો હોવા છતાં તેને પાપ લાગે. કોઈક પ્રસંગે પરને સુખ ઉત્પન્ન કરવા આદિથી પુણ્યાંશનો યોગ થાય અથવા નિર્જરા થાય. જેમકે- શાસ્ત્રોક્ત અનુષ્ઠાન કરતા હોય તેવા ક્ષુધા-તૃષાથી પીડિત સાધુને આધાકર્મ આદિ દોષોથી દૂષિત આહાર આપવાથી અને એષણાથી અવિશુદ્ધ પ્રાસુક અન્ન-પાણી આપવાથી પુણ્યાંશ કે નિર્જરા થાય.

વળી- જે કહ્યું હતું કે, અગ્નિ સામર્થ્યના દૃષ્ટાંતથી વધ્ય જીવ પણ વધ ક્રિયાના સંબંધથી હણનારની જેમ પાપની સાથે જોડાય છે. જેવી રીતે અગ્નિ પહેલાં કાષ્ઠ વગેરે સ્વાશ્રયને બાળે છે, એ પ્રમાણે વધ્ય સંબંધી વધ ક્રિયા પહેલાં વધ્યને જ પાપની સાથે જોડે છે. કેમકે ભેદની ક્રિયા કર્મમાં રહેલી છે એવું વચન છે. દેવદત્ત જેવી રીતે કોઠીને ભેદે છે એ પ્રમાણે પ્રાણીને હણે છે. તે અસત્ય છે. કર્તામાં સમવાયસંબંધથી રહેલી(=કર્તાથી જુદી ન પડે તે રીતે રહેલી) જે ક્રિયાથી કોઠીનો ભેદ ઉત્પન્ન કરાય છે તે ભેદક્રિયા વિવક્ષિત છે. તે પ્રમાણે કર્તામાં રહેલી જે હનનક્રિયાથી કર્મમાં રહેલ પ્રાણનો વિયોગ કરાય છે તે હનનક્રિયા વિવક્ષિત છે. (એથી વધ્યને પાપ ન લાગે.) આનાથી એ પણ કહી દીધું કે જેનો [1]દહનસ્વભાવ પ્રતિબદ્ધ નથી કરાયો એવો દૃષ્ટાંતરૂપે કરાયેલ અગ્નિ પણ બુદ્ધિપૂર્વક(=ઉપયોગપૂર્વક) કે અબુદ્ધિપૂર્વક(=ઉપયોગ વિના) સ્પર્શવામાં આવે તો બાળે જ છે. એ પ્રમાણે પ્રયત્નરહિત પણ (=મારવાના પ્રયત્ન વિના પણ) કરાતો પ્રાણાતિપાત કર્તાને અવશ્ય પાપની સાથે જોડે જ છે. આ પ્રમાણે દૃષ્ટાંતનો અર્થ છે. (પૂર્વપક્ષમાં અગ્નિ આશ્રયને પણ બાળે છે એમ કહીને વધ્યને પણ પાપ લાગે એમ અગ્નિરૂપ દૃષ્ટાંતની ઘટના કરી છે. જ્યારે અહીં ઉત્તરપક્ષમાં અનુપયોગથી

૧. મંત્રાદિથી દહનના સ્વભાવને રોકી દેવામાં આવે તો સ્પર્શવા છતાં અગ્નિ ન બાળે માટે અહીં જેનો દહનસ્વભાવ પ્રતિબદ્ધ નથી કરાયો એવો અગ્નિ એમ કહ્યું.

પણ સ્પર્શાતો અગ્નિ બાળે છે તેમ ઉપયોગ વિના પણ કરાયેલ વધ વધકર્તાને પાપની સાથે જોડે છે એમ દૃષ્ટાંતની ઘટના કરી છે.)

અબુદ્ધિપૂર્વકતા(=ઉપયોગનો અભાવ) પ્રમાદ છે. તેમાં વધ્યનો પાપની સાથે કયો પ્રસંગ થાય ? વધકમાં સમવાયસંબંધથી(=વધકથી જુદી ન પડે તે રીતે રહેલી) હનનક્રિયા કર્તાને જ ફળ આપનારી થાય. પ્રમત્તનો (પ્રમાદરૂપ) અધ્યવસાય બંધ હેતુ છે. વધ્યને આત્મઘાતમાં પ્રમાદરૂપ અધ્યવસાય નથી. દૃષ્ટાંતરૂપ ધર્મી અનેક ધર્મવાળો હોય, અર્થાત્ દૃષ્ટાંતરૂપ ધર્મીમાં અનેક ધર્મો રહેલા હોય, દૃષ્ટાંતમાં રહેલા કોઈક જ ધર્મને આશ્રયીને દૃષ્ટાંત મૂકવામાં આવે છે. હવે જો બધા ધર્મોની વિવક્ષાથી દૃષ્ટાંત લેવામાં આવે તો તે દૃષ્ટાંત કોઈ ઈષ્ટાર્થનું સાધન ન થાય, અર્થાત્ એ દૃષ્ટાંત એક પણ ઈષ્ટાર્થને ન સાધી આપે.

પોતાના આશ્રયને બાળવું એ અગ્નિનો વિશેષધર્મ છે. પણ વધક્રિયાથી વધક્રિયાના આશ્રયમાં(=વધ્યમાં) પાપનો સંબંધ ઈષ્ટ નથી. તેથી અગ્નિ દૃષ્ટાંતથી સાધ્યની સિદ્ધિ થતી નથી.

આનાથી આનો પણ પ્રત્યુત્તર કહી દીધો છે- બીજા વડે (હિંસાદિ) કરાવનારને પાપનો સંબંધ થતો નથી. અગ્નિને અન્ય વડે સ્પર્શાવતો પ્રયોજક બળતો નથી. (આમ પૂર્વે જે કહ્યું હતું તેનો પણ ઉત્તર આપી દીધો છે. બીજા વડે હિંસાદિ પાપ કરાવનારને પણ પાપ લાગે.)

વળી- ઘર પડે ત્યારે થતા પ્રાણવધથી અચેતન કાષ્ઠાદિની સાથે પાપનો સંબંધ થાય એમ પણ જે કહ્યું હતું એ ઈષ્ટ જ છે. કારણ કે કાષ્ઠાદિ પૂર્વે જે જીવોનું શરીર હતું ત્યારે તેમણે તે શરીરને ભાવથી વોસિરાવ્યું ન હતું. તે જીવને અવિરતિ નિમિત્તે પાપ ઈષ્ટ જ છે. એથી અમને આમાં કોઈ બાધા નથી.

વળી- માત્ર દૃષ્ટાંતથી સ્વપક્ષની સિદ્ધિ ન થાય એમ જે કહ્યું હતું એ પણ અયુક્ત છે. કેમકે અજાણકાર પણ પ્રમત્તને પ્રાણાતિપાતથી પાપ લાગે એવી પ્રસ્તાવના(=પ્રારંભ) કરીને અગ્નિનું દૃષ્ટાંત કહ્યું છે. અહીં પ્રયોગ આ પ્રમાણે છે—

અજાણકારની પાપવધક્રિયા પાપનું કારણ છે. કેમકે પ્રમત્તના વ્યાપારથી થયેલ છે. ત્રીજા વિકલ્પમાં પ્રાણવધક્રિયાની જેમ. જે પાપનું કારણ ન થાય તે પ્રમત્તના વ્યાપારથી થયેલ પણ ન હોય. પ્રથમ વિકલ્પની જેમ.

વળી- આશંકા કરીને જે કહ્યું હતું કે સ્વભાવથી જ વિનાશ પામનારા (એથી જ) વિનાશમાં બીજાના પ્રયત્નની અપેક્ષાથી રહિત એવા ક્ષણિક પદાર્થોમાં વાયુરૂપ પ્રાણ સ્વયં જ દેહમાંથી નીકળી જાય છે. પરના પ્રયત્નથી વાયુરૂપ પ્રાણ વિનાશ કરાતો નથી. કેમકે નાશહેતુથી રહિત છે.

**પ્રશ્ન–** તો પછી વિનાશ કરવાનો પ્રયત્ન શું કાર્ય કરે છે ?

**ઉત્તર–** અનાગતક્ષણની ઉત્પત્તિને રોકે છે.

આ પણ અત્યંત અયુક્ત છે. જ્યાં સુધી ક્ષણ(=વસ્તુ) આત્મલાભ ન મેળવે(=સ્વસ્વરૂપની પ્રાપ્તિ ન કરે) ત્યાં સુધી ઉત્પન્ન ન થાય. તે (અનાગત વસ્તુ) અભાવરૂપ છે. અભાવનો પ્રતિબંધ ક્યાંથી થાય ? કેમ કે તે ખરવિષાણની જેમ અસત્ત્વરૂપ છે. આથી અભાવ કંઇ પણ કરવાને શક્ય નથી, અર્થાત્ અભાવનું કંઇપણ ન કરી શકાય. પ્રતિબંધ અને અપ્રતિબંધ ભાવના વિષય છે, અર્થાત્ ભાવનો જ પ્રતિબંધ કે અપ્રતિબંધ કરી શકાય. બૌદ્ધે પોતાના પ્રાણાતિપાતલક્ષણનું સ્મરણ કરવું જોઇએ. (તે આ પ્રમાણે-) જો પ્રાણી હોય, હણનારને આ પ્રાણી છે એમ પ્રાણીનું જ્ઞાન ઉત્પન્ન થાય. અભાવ પ્રાણી નથી તથા હણનારને તેમાં પ્રાણીનો સંકલ્પ નથી. વિનાશના વૈસ્રસિક અને પ્રાયોગિક એવા બે ભેદ હોવાથી બધો ય વિનાશ નિષ્કારણ નથી. જેવી રીતે જેનો આત્મલાભ થયો નથી(=જેને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થઇ નથી.) તેમાંથી અંકુર વગેરેની ઉત્પત્તિ થતી નથી. કેમકે અંકુર વગેરે હેતુવાળા છે. એટલે કોઇ હેતુ હોય તો અંકુરાદિની ઉત્પત્તિ થાય, અન્યથા ન થાય. તેવી રીતે હેતુથી થનારો નાશ હેતુ વિના ન થાય. જો બધો જ નાશ હેતુ વિના થતો હોય તો કિશલય આદિની જેમ વિનાશનો પણ વિનાશ થાય એમ અનિષ્ટ પ્રસંગ

આવે. પણ જો વિનાશ શબ્દથી વસ્તુની અન્યાવસ્થારૂપ પરિણામ કહેવાય તો કયું અનિષ્ટ થાય ? હવે જો વિનાશ શબ્દથી માત્ર પૂર્વાવસ્થાનો નાશ કહેવામાં આવે તો એ પ્રમાણે પણ અમે વિનાશના વિનાશમાં કોઇ કારણ જોતા નથી.

પૂર્વપક્ષવાદીને પૂછવું જોઇએ કે નિષ્કારણ વિનાશ શું અસત્ છે કે નિત્ય છે ? વિનાશ અસત્ હોય તો સર્વભાવોની નિત્યતાનો પ્રસંગ આવે. (વિનાશ અસત્ છે=નથી, અર્થાત્ વિનાશ થતો નથી. વિનાશ ન થાય એથી નિત્ય રહે. આમ નિત્યતાનો પ્રસંગ આવે.) હવે જો વિનાશ નિત્ય હોય તો કાર્યની ઉત્પત્તિનો અભાવ થાય. કારણ કે સદા વિનાશની સાથે બંધાયેલ છે. (સદા વિનાશ છે. વિનાશ અને ઉત્પત્તિ એ બંને વિરોધી છે. એથી જ્યાં વિનાશ હોય ત્યાં ઉત્પત્તિ ન હોય આથી કાર્યની ઉત્પત્તિનો અભાવ થાય.)

વળી- જે કહ્યું કે, ઇંદ્રિયસહિત કાયા જ જીવિતેંદ્રિય(=પ્રાણ) કહેવાય છે, અન્ય નહિ. કારણ કે આત્માનો અભાવ છે. તે પણ બરોબર નથી, કારણ કે સઘળાય અનુભવ[1] સ્મરણ-પ્રત્યક્ષ અનુમાન-અર્થાભિધાન પ્રત્યયરૂપ[2] વ્યવહારો એકસ્થિત(=કોઇ એકમાં રહેનાર) વસ્તુના કારણ છે. તે એકસ્થિત આત્મા છે. આત્મા છે તો પુરુષાર્થનો સ્વીકાર છે=પુરુષાર્થ થાય છે.

**પૂર્વપક્ષ–** અનુભવ સ્મરણ વગેરે માત્ર સ્કંધમાં[3] કે માત્ર વિજ્ઞાનમાં વિરુદ્ધ નથી=થઇ શકે છે.

---

૧. આત્મા એકમાં=કાયામાં રહેલો છે માટે એકસ્થિત એટલે આત્મા. અનુભવ વગેરે આત્માને જ થાય છે. જો આત્મા કાયામાં ન હોય તો અનુભવ વગેરે ન થાય.

૨. અર્થ એટલે વસ્તુ. અભિધાન એટલે નામ. પ્રત્યક્ષ એટલે બોધ.

૩. બૌદ્ધદર્શનમાં વિજ્ઞાન, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને રૂપ એ પાંચ સ્કંધો છે. આ પાંચ સ્કંધ સિવાય આત્મા નામનો કોઇ સ્વતંત્ર પદાર્થ નથી. આ પાંચ સ્કંધો ક્ષણિક છે=એક ક્ષણ સુધી જ રહે છે, બીજી ક્ષણમાં નાશ પામે છે. સ્કંધ સચેતન કે અચેતન પરમાણુઓનો પ્રચયવિશેષ છે. નિર્વિકલ્પજ્ઞાન વિજ્ઞાન સ્કંધ છે. (ષડ્દર્શન સમુચ્ચય શ્લોક-૫)

**ઉત્તરપક્ષ–** તે બરોબર નથી. કારણ કે સ્કંધ અને વિજ્ઞાન નિરન્વય(=પરસ્પર સંબંધ વિના) નાશ પામવાના સ્વભાવવાળા છે.

**પૂર્વપક્ષ–** સંતાનનો[1] સ્વીકાર કરવામાં બધું જ ઘટે છે.

**ઉત્તરપક્ષ–** બધું જ નથી ઘટતું. કારણ કે પરમાર્થથી તો આત્મા નથી. આત્મા ન હોય તો બૌદ્ધરચિત પ્રાણાતિપાતના લક્ષણમાં વિષયનું અવધારણ કરવું શક્ય નથી. "જાણીને પરને મારવો" એવું પ્રાણાતિપાતનું લક્ષણ છે. જાણવા આદિથી મારવા સુધીના ક્ષણો જુદા છે. તેમાં કોનો પ્રાણાતિપાત ?

'હું મારું' એવું જ્ઞાન જેને થયું છે તેને ? સામેવાળો જીવ છે અને મારા બાણથી મરી જશે એમ ઉભયવિષયક જ્ઞાન થયું છે તેને ? કે પછી જેના વડે ભ્રાન્તિ વિના જીવ મરાયો તેને ?

આ ત્રણેય વ્યક્તિ હવે તમારા (બૌદ્ધના) મતે જુદી સાબિત થશે. કારણ કે પ્રથમક્ષણની વ્યક્તિ દ્વિતીયક્ષણે હાજર નહીં હોય તો આ ત્રણમાંથી કોને પ્રાણાતિપાત માનશો ?

બૌદ્ધોએ ત્રણનું (सञ्चिन्त्य, परस्य અને अभ्रान्ति એ ત્રણનું) શરણ સ્વીકાર્યું હોવા છતાં બૌદ્ધો શરણરહિત જ છે. આ પ્રમાણે વિચારાતું બૌદ્ધશાસન સારરહિત હોવાથી યુક્તિને સહન કરી શકતું નથી.

આ નિશ્ચિત થયું કે પ્રમત્ત જ હિંસક છે, અપ્રમત્ત નહિ. કર્તાનો નિર્દેશ સામાન્યથી છે. જે કોઈ પ્રમત્ત છે તે હિંસક છે. કર્તાના કરણ અભિન્ન અને ભિન્ન એમ બે પ્રકારના છે. તેમાં યોગ-ઇંદ્રિય-વીર્ય-જ્ઞાનરૂપ કરણો

૧. બૌદ્ધદર્શનમાં દરેક વસ્તુ ક્ષણે ક્ષણે નાશ પામે છે. બીજી ક્ષણે તેના જેવી જ વસ્તુ ઉત્પન્ન થાય છે. આ વિષયને દીપકની જ્યોતથી સમજાવવામાં આવે છે. દીપકની જ્યોત પ્રત્યેક ક્ષણે નવી નવી ઉત્પન્ન થાય છે, તો પણ તેમાં સાદૃશ્ય હોવાથી આ એ જ જ્યોત છે તેવું જ્ઞાન થાય છે. તેમ પદાર્થો પ્રત્યેક ક્ષણે નવા ઉત્પન્ન થવા છતાં તેમાં પૂર્વ અને ઉત્તરક્ષણોનું સાદૃશ્ય હોવાથી આ એ જ પદાર્થ છે એવું જ્ઞાન થાય છે. આવી ક્ષણપરંપરા સંતાનના કારણે છે. સંતાન કે વાસના એ બંનેનો એક જ અર્થ છે. પરસ્પર ભિન્નક્ષણોનું એક-બીજામાં અનુસંધાન કરનારને સંતાન કહેવામાં આવે છે. જેમ દોરો છૂટા મોતીઓને માળામાં એકઠા કરે છે તેમ સંતાન પરસ્પર ભિન્નક્ષણોને સંબંધવાળી કરે છે=એક રૂપ કરે છે. તેથી જ ક્ષણપરંપરામાં વસ્તુનું સાદૃશ્ય રહે છે.

જવાનું હોય ત્યારે પગની જેમ અભેદથી વર્તે છે. તલવાર-દાતરડું-છરી વગેરે કારણો ભેદથી રહેલા છે. કર્તાની શક્તિ કરણ-કારક વિના ન હોય. આથી અભિન્ન કાયા વગેરેનો કરણરૂપે નિર્દેશ કરાય છે.

**યોગ શબ્દનો અર્થ–** દ્વન્દ્વ સમાસવાળા કાયાદિ (કાય-વચન-મન)નો યોગ અથવા કાયાદિ જ યોગ છે. જેવી રીતે આત્મા કાયાદિથી યુક્ત છે, તે રીતે કાયાદિની ક્રિયાથી પણ યુક્ત છે. આથી કાયાદિનો વ્યાપાર પણ યોગ છે. એ (કાયાદિ) આત્માની સાથે જોડાય છે તેથી યોગ છે. (युज् ધાતુનો જોડવું અર્થ છે. તેથી યોગશબ્દનો વ્યુત્પત્તિસિદ્ધ અર્થ બતાવ્યો છે.) યોગના અનુક્રમે સાત-ચાર-ચાર ભેદો છે. યોગ દુર્બલ માણસની લાકડી સમાન છે. કર્તા આત્માનો આત્મામાં રહેલો અને વીર્યાન્તરાયના ક્ષયોપશમથી ઉત્પન્ન કરાયેલો વીર્યપરિણામ યોગ છે. એ યોગ કાયાદિચેષ્ટા-રૂપ છે. કહ્યું છે કે- "યોગ, વીર્ય, સ્થામ, ઉત્સાહ, પરાક્રમ, ચેષ્ટા, શક્તિ અને સામર્થ્ય આ યોગના પર્યાયવાચી શબ્દો છે." તથા બીજાઓ કહે છે- "મન-વચન-કાયાથી યુક્ત આત્માનો જીવના પ્રયોગથી(=પ્રયત્નથી) કરાયેલ વીર્યપરિણામની યોગસંજ્ઞા છે એમ જિનોએ કહ્યું છે."

**કાયયોગ–** કાય એટલે શરીર. શરીર ઔદારિકાદિ ભેદવાળા પુદ્ગલોના સમૂહથી અને આત્માના પ્રયોગથી(=પ્રયત્નથી) બનેલું છે. શરીર મુખ્યપણે અતિશય ઉપકારી હોવાના કારણે અતિશય સાધક(=કાર્યને સિદ્ધ કરનાર) હોવાથી કરણ[1] છે. એની મદદથી કર્તા આત્મા જવું, કૂદવું, ઓળંગવું, ચઢવું, રમવું, ઠોકવું અને મારવું વગેરે ક્રિયાઓ કરે છે.

**વચનયોગ–** વચન વચનપર્યાપ્તિથી ગ્રહણ કરેલા ભાષાવર્ગણાને યોગ્ય પુદ્ગલસમૂહરૂપ અને વિવિધ વર્ણ-પદ-વાક્યરૂપ છે. ક્યાંક જેણે વર્ણને ઓળખ્યા[2] છે=જાણ્યા છે એવા વિવેકી આત્માને ઇચ્છવા યોગ્ય પદાર્થના પ્રકાશનમાં અતિશય સાધક હોવાથી કરણ તરીકે ઉપયોગ કરાય છે.

૧. साधकतमं करणम् (સિદ્ધહેમ ૨-૨-૨૪)

૨. અહીં મુદ્રિતપ્રતમાં अनभिलक्षित પાઠ છે. પણ સિદ્ધસેનગણિકૃત ટીકાવાળા મુદ્રિત પુસ્તકમાં ટીપ્પણીમાં अभिलक्षित એવો પાઠાંતર મુદ્રિત છે. આ પાઠ યોગ્ય હોવાથી અહીં अभिलक्षित પાઠ લીધો છે.

**મનોયોગ–** મન મનોવર્ગણાને યોગ્ય પુદ્ગલસમૂહથી ઉત્પન્ન થયેલ છે. સઘળા આત્મપ્રદેશોમાં રહેનારું છે, દ્રવ્યરૂપ છે, મનન કરવામાં અત્યંત સાધક હોવાથી આત્માનું કરણ છે. પ્રમત્તજીવ કાય-વચન-મનોયોગોથી સમુદિતથી, બેથી કે એકથી તથા દ્રવ્ય-ભાવથી કે ભાવથી સંભવિત ઇંદ્રિયાદિ પ્રાણોનું વ્યપરોપણ કરે=આત્માથી અલગ કરે તે હિંસા છે.

## કોને કેટલા યોગથી હિંસા

**પ્રશ્ન–** સમુદિત યોગો પ્રાણાતિપાત પાપને ઉત્પન્ન કરનાર છે એ પ્રતીત જ છે પણ પ્રત્યેક યોગો પ્રાણાતિપાત પાપને ઉત્પન્ન કરનારા કેવી રીતે છે ?

**ઉત્તર–** અહીં તે વિચારવામાં આવે છે–

પૃથ્વી-પાણી-તેઉ-વાયુ-વનસ્પતિઓને એક કાયયોગ જ હોય છે, સ્પર્શન નામની ઇંદ્રિય એક જ હોય છે. વચન-મનોયોગ ન હોય. તેમને કાયાના વ્યાપારથી જ ઉત્પન્ન કરાયેલ પ્રાણાતિપાત હોય.

બેઇંદ્રિય-તેઇંદ્રિય-ચઉરિંદ્રિય-અસંજ્ઞિપંચેંદ્રિય જીવોને કાય-વચન-યોગ હોય, બેઇંદ્રિય જીવોને સ્પર્શન-રસના નામની બે ઇંદ્રિયો હોય, તેઇંદ્રિય જીવોને સ્પર્શન-જીભ-નાક એ ત્રણ ઇંદ્રિયો હોય, ચઉરિંદ્રિય જીવોને સ્પર્શન-જીભ-નાક-આંખ એ ચાર ઇંદ્રિયો હોય, અસંજ્ઞિ પંચેંદ્રિયોને પાંચેય ઇંદ્રિયો હોય.

એકેંદ્રિયાદિ બધા જીવોને દ્રવ્ય અંતઃકરણ(=મન) ન હોય. ભાવ મન તો હોય છે જ. કેમકે ભાવમન આત્મસ્વરૂપ છે. ભાવમન દ્રવ્ય-અંતઃકરણ(=મન) વિના પટલથી આવરાયેલી આંખની જેમ અસ્પષ્ટ અને મંદ હોય છે.

સંજ્ઞિપંચેંદ્રિય જીવોને મનસહિત પાંચે ઇંદ્રિયો હોય છે, એમની પ્રજ્ઞા તીવ્ર હોય છે. કાયા-વચન-મનોયોગ એ ત્રણ યોગવાળા હોય છે. ઉત્કૃષ્ટથી સાતમી નરકમાં જવાને યોગ્ય પ્રાણાતિપાતાદિ પાપને આચરે

છે(=આચરી શકે છે). અસંજ્ઞિપંચેંદ્રિય જીવો તો મનરહિત હોવાથી ઉત્કૃષ્ટથી પ્રથમ નરકમાં જવાને યોગ્ય જ પાપ[1] કરે છે. એકેંદ્રિય, બેઇંદ્રિય-તેઇંદ્રિય-ચઉરિંદ્રિય જીવો નરકમાં જવાને યોગ્ય કર્મનું ઉપાર્જન કરતા જ નથી. તે જીવો નરકગતિને છોડીને સંસારપરિભ્રમણને યોગ્ય જ પાપને કરે છે.

કાય-વચન-યોગવાળાને અને કાયયોગવાળાને કષાયવિશેષની અપેક્ષાએ અનુત્કૃષ્ટ પાપ હોય. ફળનાં પ્રકર્ષ અને અપકર્ષ અંતઃકરણ અને કષાયોની અપેક્ષાએ છે. સંજ્ઞિપંચેંદ્રિય જીવોના પ્રકર્ષ અને અપકર્ષ પૂર્વે तीव्रमन्द० (અ.૬ સૂ.૭) એ સૂત્રમાં આરંભ-હનન-વ્યાપાદિતના ભેદથી[2] જણાવ્યા છે.

ક્યાંક કાયાદિ ત્રણના સાન્નિધ્યમાં પણ કોઈ એકનો જ વ્યાપાર હોય. તંદુલમત્સ્યનો કેવળ એક મનનો જ વ્યાપાર હતો. ક્યાંય વચન-મનના વ્યાપારથી પ્રાણાતિપાત પાપ થાય. જેમકે–

"હે દેવ ! કુણાલાનગરીમાં પંદર દિવસો સુધી શાંબેલા જેવી જાડી ધારાઓથી જેવી રીતે દિવસે તેવી રીતે રાતે વરસ."

[**પ્રશ્ન–** કુરુટ અને ઉત્કુરુટ નામના મુનિઓ કે જેઓએ કુણાલા-નગરીનો વિનાશ કર્યો તેઓ ક્યારે થયા અને કઇ ગતિમાં ગયા ?

**ઉત્તર–** કુરુટ અને ઉત્કુરુટ નામના વચનસિદ્ધિવાળા બે ભાઈ સાધુઓ શ્રી મહાવીરસ્વામીના કેવળજ્ઞાનથી તેર વર્ષ પૂર્વે વિચરતા હતા. તે બંને મુનિઓ કુણાલા નગરીની બહાર ખાઈમાં કાયોત્સર્ગ કરી ચાતુર્માસ રહેલા હોવાથી નગરના જળથી સાધુઓ તણાઇ-ડૂબી ન જાય એ હેતુથી સાનિધ્યમાં રહેલ કોઈ ભક્તિમાન દેવે વરસાદને રોકવાથી નગરવાસીજનોએ તે સાધુઓને ત્યાંથી કાઢી મૂક્યા. આથી ગુસ્સે થઈ

---

૧. શબ્દાર્થ પાપ ઉત્પન્ન કરે છે એવો થાય.

૨. અહીં કાળભેદથી એમ ટીકામાં ઉલ્લેખ હોવા છતાં तीव्र-मन्द० એ સૂત્રમાં કાળભેદથી જણાવેલ નથી.

કુરુટે કહ્યું કે- હે મેઘ ! કુણાલામાં વરસ. ત્યારે ઉત્કુરુટે કહ્યું કે- પંદર દિવસ સુધી વરસ. ફરી કુરુટે કહ્યું કે- મૂશળધારાએ વરસ એટલે ઉત્કુરુટે કહ્યું કે- જેમ દિવસે વરસ તેમ રાત્રીએ વરસ. આ પ્રમાણે પંદર દિવસ-રાત મેઘના વરસવાથી કુણાલાનગરીનો નાશ થયો. તે પાપની આલોચના કર્યા વિના તે બે મુનિઓ ત્રીજે વર્ષે કાળ કરીને સાતમી નરકે ગયા. (તિલકાચાર્ય કૃત આવશ્યક સૂત્રની વૃત્તિમાં આ પ્રમાણે લખ્યું છે.)]

અહીં ક્રૂર આશયવાળા અને લોકો તરફથી થતી કદર્થનાને સહન નહિ કરતા શ્રમણોના કષ્ટકારી તપથી પ્રસન્ન થયેલ દેવ તે બે મુનિઓના વચનના અભિપ્રાયના અનુરોધથી તે રીતે વરસ્યો કે જેથી સ્થાવર-ત્રસ પ્રાણીઓની ગંધ પણ ન રહી=બધા જ પ્રાણીઓ નાશ પામ્યા.

પ્રમત્તયોગ લક્ષણવાળો આ પ્રાણાતિપાત ફરી સંક્ષેપથી રાગ-દ્વેષ-મોહના કારણે થનારો જાણવો.

**રાગના કારણે થનાર પ્રાણાતિપાત–** ચમરી ગાયના ચામર, હાથીદાંત, ચિત્તાના ચામડા માટે અને માંસ વગેરે માટે શિકાર આદિ ક્રીડા માટે સ્વજીવન અને મિત્રાદિના રક્ષણ માટે થતી હિંસા રાગના કારણે છે. માયા અને લોભ રાગરૂપ છે.

**દ્વેષના કારણે થનાર પ્રાણાતિપાત–** પરશુરામ અને સુભૂમની જેમ વેર વાળવા આદિ માટે થતો પ્રાણાતિપાત દ્વેષમાંથી થનારો છે. ક્રોધ અને માન દ્વેષરૂપ છે.

**મોહના કારણે થનાર પ્રાણાતિપાત–** પશુ આદિની હિંસાથી સ્વર્ગ ઇચ્છતા યાજ્ઞિકોનો અને માત્ર દુષ્ટોથી રક્ષણની ઇચ્છાવાળા મનુ આદિએ રચેલા શાસ્ત્રના અનુસારે પ્રવૃત્તિ કરનારા અને વિચાર વિના પ્રવૃત્તિ કરનારા કેટલાકોથી પ્રેરણા કરાતા એવા રાજાઓનો ચોર અને પરસ્ત્રીગામી પુરુષ વગેરેનું ગળે ફાંસો બાંધીને લટકાવવા, શૂળીએ ચઢાવવા વગેરેથી ભેદી નાખવા, કરવતથી ચીરવું, છેદવું વગેરે વ્યાપાર અજ્ઞાનતાના કારણે છે.

ધર્મબુદ્ધિથી જીવોને (દુઃખી જીવોને મારીને) સંસારથી મુકાવતા સંસારમોચકોનો, બીજાઓનો ઉપઘાત કરનારા વીંછી, સર્પ, ગોનસ(=એક પ્રકારનો સાપ) અને વ્યંતર આદિના વધથી પુણ્યની પ્રાપ્તિ થાય છે એમ માનીને મારવામાં પ્રવૃત્ત થયેલાઓનો, હરણ, પક્ષી, પશુ અને પાડો વગેરે ભોગીઓના ભોગ માટે છે તેથી તેમને હણવામાં દોષ નથી એમ માનીને મારવામાં પ્રવૃત્ત થયેલાઓનો પ્રાણાતિપાત મોહના (=અજ્ઞાનતાના) કારણે છે. આ બધું ય મોહજનિત છે.

હવે આચાર્ય સંમોહ(=અજ્ઞાન) ન થાય એ માટે હિંસાના પર્યાયવાચી શબ્દોને કહે છે. કારણ કે આગમમાં સર્વ વ્યવહાર જોવામાં આવે છે. કહ્યું છે કે- ક્રિયા-કારકના ભેદથી પર્યાયોને કહેવાથી અને અન્ય વાક્યથી (કહેવાતો) અર્થ શ્રોતાની બુદ્ધિને હિત કરનારો માન્યો છે."

દ્રવ્ય અને ભાવથી જીવોનો ઘાત કરવો તે હિંસા. હિંસા દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચાર પ્રકારે છે. તેમાં છજીવનિકાયના પ્રાણીઓના પ્રાણોને (આત્માથી) જુદા કરવા તે દ્રવ્યથી હિંસા છે. ક્ષેત્રથી સંપૂર્ણલોકમાં રહેલા પ્રાણીઓની હિંસા કરવી. કાળથી રાતે કે દિવસે હિંસા કરવી. ભાવથી રાગ-દ્વેષ-મોહના પરિણામથી હિંસા કરવી.

**મારણ–** જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે પ્રાણનો ત્યાગ કરાવવો.

**પ્રાણાતિપાત–** પ્રાણોનો અતિપાત=વિનાશ તે પ્રાણાતિપાત અથવા અતિપાત એટલે પાતન-વિનાશ. પ્રાણોનો અતિપાત તે પ્રાણાતિપાત.

**પ્રાણવધ–** વધ એટલે મારી નાખવું. પ્રાણોનો વધ તે પ્રાણવધ.

**દેહાંતરસંક્રામણ–** દેહ એટલે શરીર. દેહથી અન્ય દેહ તે દેહાંતર. સંક્રામણ એટલે લઈ જવું-પ્રાપ્ત કરાવવું. દેહાંતરમાં સંક્રામણ તે દેહાંતર સંક્રામણ. "साधनं कृता" એ સૂત્રથી સમાસ થયો છે. પહેલાં એક શરીરથી છોડાવાયેલો આત્મા અન્ય શરીરને પ્રાપ્ત કરાવાય છે. સંસારમાં થનારો=રહેનારો આત્મા જાણવો, જે (મૃત્યુ પામીને) મુક્તિને પામશે તે આત્મા નહિ.

**પ્રાણવ્યપરોપણ–** રોપણ એટલે જન્મ પ્રાપ્ત કરાવવું અને સંવર્ધન કરવું. અપરોપણ એટલે નાશ કરવો - ઉખેડી નાખવું. પ્રમાદને આધીન બનીને વિશેષથી અપરોપણ તે વ્યપરોપણ. परवशतया એ વિશેષણ મારણાદિ શબ્દોમાં પણ જાણવું. પ્રાણોનું વ્યપરોપણ તે પ્રાણવ્યપરોપણ.

इति શબ્દ एवं શબ્દના અર્થમાં છે. ઉક્ત રીતે સૂત્રોક્ત હિંસા શબ્દના અર્થથી ભિન્ન અર્થ નથી. મારણ આદિ શબ્દોથી વાચ્ય આ એક છે એમ જણાવે છે, અર્થાત્ આ શબ્દોથી એક જ અર્થ જણાવાય છે. (૭-૮)

**भाष्यावतरणिका–** अत्राह- अथानृतं किमिति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–** અહીં કહે છે- હવે અસત્ય શું છે? અહીં કહેવાય છે–

**टीकावतरणिका–** अत्राहेत्यादिना सम्बन्धं व्याचिख्यासते, अथानृतं किमिति अथेति हिंसानन्तरमनृतं निर्दिष्टं-प्रोक्तं तत् किंलक्षणमित्यजानानः प्रश्नयति, आचार्यास्तु तल्लक्षणं वक्तुकाम आह-अत्रोच्यत इति, अत्र प्रश्नेऽभिधीयत इति–

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિથી આગળના સૂત્રની સાથેનો સંબંધ કહેવાની ઇચ્છાવાળા કહે છે. હિંસા પછી અસત્ય કહ્યું છે. અસત્યનું લક્ષણ શું છે? તેને નહીં જાણતો શિષ્ય પ્રશ્ન કરે છે. લક્ષણને કહેવાની ઇચ્છાવાળા આચાર્ય કહે છે. પ્રશ્ન અંગે કહેવાય છે–

**અસત્યની વ્યાખ્યા–**

## असदभिधानमनृतम् ॥७-९॥

**સૂત્રાર્થ–** પ્રમાદથી અસત્(=અયથાર્થ) બોલવું તે અસત્ય. (૭-૯)

**भाष्यं–** असदिति सद्भावप्रतिषेधोऽर्थान्तरं गर्हा च । तत्र सद्भावप्रतिषेधो नाम सद्भूतनिह्नवोऽभूतोद्भावनं च । तद्यथा-नास्त्यात्मा नास्ति परलोक इत्यादि भूतनिह्नवः । श्यामाकतण्डुलमात्रोऽयमात्मा, अङ्गुष्ठपर्वमात्रोऽयमात्मा, आदित्यवर्णो निष्क्रिय इत्येवमाद्यभूतोद्भावनम् । अर्थान्तरं यो गां ब्रवीत्यश्वमश्वं च गौरिति । गर्हेति हिंसापारुष्यपैशुन्यादियुक्तं वचः सत्यमपि गर्हितमनृतमेव भवतीति ॥७-९॥

**ભાષ્યાર્થ–** અસત્ એટલે સદ્ભાવપ્રતિષેધ, અર્થાંતર અને ગર્હા. તેમાં સદ્ભાવપ્રતિષેધ એટલે સદ્ભૂતનિહ્નવ અને અભૂતોદ્ભાવન. તે આ પ્રમાણે- આત્મા નથી, પરલોક નથી ઈત્યાદિ ભૂતનિહ્નવ છે.

આ આત્મા શ્યામાકતંદુલ જેટલો છે, આ આત્મા અંગુષ્ઠપર્વ જેટલો છે, આદિત્યવર્ણ છે, નિષ્ક્રિય છે, ઈત્યાદિ અભૂતોદ્ભાવન છે.

અશ્વને ગાય કહે, ગાયને અશ્વ કહે તે અર્થાંતર છે.

ગર્હા એટલે હિંસા-પારુષ્ય-પૈશુન્ય આદિથી યુક્ત વચન. આવું વચન સત્ય હોય તો પણ ગર્હિત હોવાથી અસત્ય જ છે. (૭-૯)

**टीका–** एतदुक्तं भवति-प्रमत्तयोगादित्यनुवर्त्तते, अतो वाक्यार्थः-प्रमत्तयोगादसदभिधानमनृतमिति, प्रमत्तो यः कायवाङ्मनोयोगैरसदभिधानं प्रयुक्ते यत्तदनृतं, भावसाधनः करणसाधनो वा अभिधानशब्दः, अव्ययमृतमिति सत्यार्थे, न ऋतमनृतं, मिथ्याऽनृतमिति सूत्रविन्यासो युक्तो लघुत्वादिति चेन्न, सत्याभासकस्य परपीडाकारिणो वचसः पापादानहेतुकस्य प्रतिषेधाय कौशिकादिवाक्यस्येवासदभिधानग्रहणं, एवंविधे च सूत्रविन्यासे पर्यायमात्रमित्युक्तं स्यात्, न तु लक्षणं मृषावादस्येति, असद्ग्रहणे तु सर्वमुपपद्यते, अभिधानं वाग्योगविषयः भावसाधनपक्षे, प्रमत्तस्याभिहितमात्रं करणसाधनपक्षे, प्रमत्तस्याभिनिविष्टचेतसः आत्मनः कर्तुर्विवक्षितार्थप्रतिपादने साधकतममिति, कायेन हस्तलोचनौष्ठपादाद्यवयवक्रियाभिरलीकाभिः परं वञ्चयति, न चाप्यसद् ब्रवीति, मनसाऽप्यालोचयति-एवं परः प्रतारणीय इति । सच्छब्दः प्रशंसार्थो लोकप्रतीतः, सत्पुरुषः सज्जन इत्यादिषु प्रयोगेषु, न सद् असत्-अप्रशस्तमाप्तप्रणीतागमनिन्दितं निषिद्धं वा, 'तच्च त्रिविधम् असदि'त्यादिना भाष्यकारो दर्शयति, असदिति सद्भावप्रतिषेधः, असदित्यस्य शब्दस्यायमर्थः-सतो भावः सद्भावः सच्चोत्पादव्यय-ध्रौव्ययुक्तं तस्य भावः, तदेव न तथा भवतीत्यनेकेन पर्यायरूपेण तस्य

प्रतिषेधो-निराकरणं, यदेतदुत्पद्यतेऽवतिष्ठते व्येति चेति तदेकमेवंविधं नास्तीत्यपह्नुवते, तत्र सद्भावप्रतिषेधो नामेति नामशब्दो वाक्यालङ्कारार्थः, सद्भावप्रतिषेधो द्विविधः-भूतनिह्नवः अभूतोद्भावनं च, भूतस्य-विद्यमानस्य निह्नवः-अपलापः, तद्यथा-नास्त्यात्मा नास्ति परलोक इति, विद्यमानस्यात्मनः कर्त्तुः शुभाशुभानां कर्म्मणां अनुभव-स्मरणादिक्रियाधारस्य नास्तित्वं केचित् मोहात् प्रतिजानते, आत्माभावे च परलोकिनोऽभावात् परलोकाभाव इति सुज्ञानम्, आदिग्रहणाद् शुभाशुभकर्म्मतदुपभोगफलाभावपरिग्रहः, सद्भावप्रतिषेधभेद एवाभूतोद्-भावनं, चशब्दः समुच्चयार्थः, यथावस्थितात्मसद्भावमसङ्ख्येयप्रदेश-परिमाणमाश्रयवशात् संकोचविकासधर्म्मकमरूपरसगन्धस्पर्शमनेक-प्रकारक्रियमवधूयाज्ञानबलेनात्मानमभूतमेवात्मतत्त्वं समुद्भावयन्ति स्वरुच्या श्यामाकतन्दुलमात्रोऽयमित्यादि, श्यामाकः-कुधान्यविशेषः तस्य तन्दुलस्तत्प्रमाणः श्यामाकतन्दुलमात्रः, अयमित्यनुभवगम्यः स्वप्रत्यक्ष आत्मा निर्दिश्यते, तथा 'अङ्गुष्ठपर्वमात्र'मिति, अङ्गुष्ठः-पाणेरवयवः तस्य लेखाऽवच्छिन्नः उपरितनो भागः पर्व तत् प्रमाण-मस्येत्यङ्गुष्ठपर्वमात्र आत्मा, इत्थं चाभ्युपगमे तस्यात्मनः शरीरैक-देशावस्थाने सति शेषदेशानां चेतनाऽभावप्रसङ्गः, ततश्च दंशम-शकमक्षिकादितोदने शस्त्रच्छेदने च तेषु देशेषु न दुःखवेदना स्यात्, चन्दनादिविलेपने च न सुखानुभवः, स्वानुभवसिद्धाश्च सुखदुःखवेदना इत्यतः प्रमाणविरुद्ध एव पन्थाः प्रहातव्यः, 'आदित्यवर्ण'इति भास्कर-रूपः, तस्य चारूपादित्वादमूर्त्तत्वाच्च कुतो भास्वरता, कर्म्मात्म-प्रदेशानामन्योऽन्यानुगतिलक्षणपरिणामाभ्युपगमे समस्ति रूपादिमत्ता चेत् तदसत् ज्ञानावरणादिपुद्गलानामभास्वरत्वात्, तस्मादयमपि हेयः पक्षः, 'निष्क्रिय' इति । आत्मा सर्वगतस्तस्य च (? न) गमनागमन-वीक्षणभोजनादिका क्रिया कायवाङ्मनःकरणजनिता तदभावादात्मा

निष्क्रिय इति व्याचक्षते, तदप्यसद्दर्शनम्, आत्मनः सर्वगतत्वे प्रमाणाभावाद्, उपेत्य चाभिधीयते-सर्वगतात्मनः सर्वत्र सर्वोपलब्धिप्रसङ्गः, अथ यत्रैवोपभोगोपलब्ध्यधिष्ठानं शरीरमस्ति तत्रैवोपलब्धिस्तदभावान्नान्यत्र चेत् तदयुक्तम्, अन्यत्रापि शरीरकाणां भावात्, निजधर्म्माधर्म्मोत्पादितं यच्छरीरकं तत्रेति चेत्, तदसत्, निष्क्रियत्वात् आत्मनस्तावेव धर्माधर्मौ कथं निजाविति निष्क्रियस्य संसारमुक्तिप्रहाणप्राप्त्युपायानुष्ठानाभावादसमीचीन एव निष्क्रियत्वपक्षः, आदिग्रहणात् क्षणविनश्वरविज्ञानमात्रतोद्भावनं स्कन्धमात्रतोद्‌भावनमवक्तव्यतोद्भावनं वा सर्वमनृतमिति। असत एव द्वितीयभेदव्याख्यानायाह-अश्वं च गौरिति, य इति प्रमत्तस्य कर्त्तुर्निर्देशः, गौशब्दः सङ्केतवशाद् सास्नादिमति पिण्डे लोकेन व्यवहारार्थं प्रयुज्यत इति रूढम्, अश्वशब्दोऽप्येकशफाद्यवयवसन्निवेशविशेषे प्रसिद्धः, वक्ता तु वैपरीत्येन मौढ्यात् प्रयोगं करोति अश्वशब्दं गवि प्रयुङ्क्ते, शाठ्याद्वा, गोशब्दं चाश्व इति, एवम् अचौरं चौर इत्यादि। असत एव तृतीयभेदो गर्हा, तद्विवरणायाह-'हिंसे'त्यादि, गर्हणं-गर्हा कुत्सा शास्त्रप्रतिषिद्धवागनुष्ठानं गर्हितं कुत्सितमितियावत्, युक्तशब्दः प्रत्येकमभिसम्बध्यते, हिंसायुक्तं वचः सद्भूतार्थप्रतीतिकार्यपि अलीकमेव, यतो हिंसानिवृत्तेर्मृषावादादिनिवृत्तिः परिकरः, हिंसानिवृत्तिपरिरक्षणार्थमेव हि मृषावादादिनिवृत्तय उपदिष्टाः, तत्र हिंसाअभिहितलक्षणा येन वचसा उच्यमानेन प्राणिनां परितापावद्रावणे भवतस्तद्धिंसायुक्तं वचः सत्यमप्यागमे कुत्सितत्वादनृतमेव भवति, यतः प्राणिपीडापरिरक्षणार्था मृषावादादिनिवृत्तिरिति। तथा पारुष्ययुक्तं, परुषो-निष्ठुरस्तद्भावः पारुष्यं, निष्ठुरवचनाभिव्यङ्ग्यमन्तर्गताशुभभावपिशुनं, तदपि परपीडोत्पादहेतुत्वात् सत्यमपि गर्हितं, तथा पैशुन्ययुक्तं मर्मसु नुदन् परान् पिशुन उच्यते तद्भावः पैशून्यं, येन येन वचसा उच्चार्यमाणेन परस्य प्रीतिर्विहन्यते तत् सर्वं पैशून्ययुक्तमिति,

आदिशब्दाद् वाक्छलशठदम्भकल्कविकारोल्लसितककटुकसंदिग्धा-हितामिताप्रशस्तविकथाश्रितप्रवचनविरुद्धसावद्यग्रहणमिति । आगमश्च

"जा य सच्चा अवत्तव्वा, सच्चामोसा य जा मुसा ।
जा य बुद्धेहिं णाइण्णा, ण तं भासिज्ज पण्णवं ॥१॥"

वाचकेनाप्युक्तं

"सद्भावदोषवद्वाक्यं, तत्त्वादन्यत्र वर्त्तते ।
सावद्यं चापि यत् सत्यं, तत् सर्वमनृतं विदुः ॥२॥"

तथा परेणाप्युक्तं-

"अनृतमसद्वचनं स्याच्चतुर्विधमसच्च जिनवरैर्दृष्टम् ।
सद्भूतप्रतिषेधोऽसद्भूतोद्भावनं च तथा ॥१॥
नास्ति घटः शशशृङ्गमस्तीति ॥
गर्हितवचनं चासत् सतोऽपि वा वचनमन्यथा यत् स्यात् ।
गर्हितमुपघातादीतरच्च गौरश्व इति वचनम् ॥२॥"

तस्मात् प्रमत्तयोगादसदभिधानमनृतमिति व्यवस्थितं, तच्च सङ्क्षेपतश्चतुःस्थानसङ्गृहीतं, सर्वद्रव्यविषयमनृतं, द्रव्याणि च लोकालोकावच्छिन्नानि, कालो रात्रिंदिवलक्षणः, भावतो रागद्वेषमोहपरिगत आत्मा, अनेनैतदपि प्रतिक्षिप्तमवसेयं-

'न नर्मयुक्तं वचनं हिनस्ति, न स्त्रीषु राजन्न विवाहकाले ।
प्राणात्यये सर्वधनापहारे, पञ्चानृतान्याहुरपातकानी" ॥१॥

ति, अपरे तु मोहादयुक्तं मृषावादलक्षणं ब्रुवते-"अन्यथासंज्ञिनो वाक्यमर्थाभिज्ञे मृषा वचः ।" यद्वचनं यमर्थं ब्रवीति तस्मिन्नन्यथा संज्ञी भवति चौरमचौरमिति, यं वाऽधिकृत्य ब्रवीति स तस्य वाक्यस्यार्थाभिज्ञो यदि भवति ततस्तद् वाक्यं मृषावादः, अर्थाभिज्ञश्चाभिज्ञातुं समर्थो, यश्च व्युत्पन्नभावः उत्पन्ने श्रोत्रविज्ञाने, वाक्यार्थश्च मनोविज्ञानविषयः, ततश्च

तदभिज्ञातुं समर्थे श्रोतरीत्येतदभ्युपेतं भवति, वाक्यार्थानभिज्ञे तु संभिन्नप्रलापः स्यान्न मृषावाद इति, तदेतदयुक्तं, प्रमत्तभाषितत्वात् अर्थाभिज्ञोऽनभिज्ञो वा भवतु श्रोता, किं तेन बाह्येन वस्तुना निमित्तमात्रतयोपयुज्यमानेन ?, स्वाशयोऽत्रापराध्यति, सर्वथापि प्रमत्तो यः कायवाङ्मनोयोगैरसदभिधत्ते तदनृतं, आशयस्याविशुद्धत्वात्, [1]संभिन्नप्रलापश्च परिभाषान्तरमात्मरुच्या व्यवस्थापितमनृतवचनात् परमार्थतो न भिद्यत एव वाचकमुख्यप्रणीतादुक्तलक्षणादिति ॥७-९॥

**ટીકાર્થ–** આ કહેલું થાય છે- प्रमत्तयोगाद् એમ આગળથી ચાલ્યું આવે છે. આથી વાક્યાર્થ આ પ્રમાણે થાય- પ્રમાદના યોગથી અસત્ બોલવું તે અસત્ય. પ્રમત્ત જીવ કાય-વચન અને મનોયોગથી જે અસદ્ બોલે તે અનૃત છે. અભિધાન શબ્દ ભાવસાધન કે કરણસાધન છે. (अभि + धा ધાતુને લાગેલો अन પ્રત્યય ભાવ અર્થમાં કે કરણ અર્થમાં છે.) અવ્યય અને ઋત એ બે શબ્દો સત્ય અર્થમાં છે. न ऋतम्=अनृतम् (સત્ય નહિ તે અનૃત.)

**પૂર્વપક્ષ–** मिथ्यानृतम् એવી સૂત્ર રચના યુક્ત છે. કેમકે તે સૂત્ર નાનું છે.

**ઉત્તરપક્ષ–** તે બરોબર નથી. કૌશિક તાપસ આદિના વચનની જેમ સત્યનું આભાસ કરાવનારું, અર્થાત્ સત્ય જેવું લાગતું પરપીડાકારી વચન પાપગ્રહણનું કારણ છે. સાચા પણ તેવા વચનનો નિષેધ કરવા માટે असदभिधान નું ગ્રહણ કર્યું છે. (કૌશિક તાપસનું સત્ય વચન પણ અસત્ય છે તે આ રીતે- ગંગાતીરે કોઇ એક ગામની નજીક કૌશિક નામનો એક સત્યવાદી પણ અવિવેકી તાપસ રહેતો હતો. એક વખત કેટલાક ચોરોએ એ ગામ લૂંટ્યું. ગ્રામજનો ચોર પાછળ પડ્યા. ચોરો આશ્રમ નજીક થઇને પાસેની ઝાડીમાં જઇ ભરાયા. ગામવાળાઓએ તાપસને પૂછ્યું અને સત્યવાદી તાપસે પરિણામનો વિચાર કર્યા વિના ચોરોનું સ્થાન બતાવી દીધું. ચોરો પકડાયા અને ગામલોકોએ તેમનો નાશ કર્યો. આ રીતે

૧. अत्र संभिन्नप्रलापश्च इति पाठोऽधिको ज्ञायते ।

સત્યવચન હોવા છતાં બીજાને નુકસાન કરનારું વચન હોવાથી તે દુર્ગતિને પામ્યો.) એવા પ્રકારની સૂત્રરચનામાં માત્ર પર્યાયવાચી શબ્દ કહેલો થાય. મૃષાવાદનું લક્ષણ કહેલું ન થાય. असद् શબ્દનું ગ્રહણ કરવામાં તો સઘળું ઘટે છે. ભાવસાધન પક્ષમાં અભિધાન વચનયોગનો વિષય બને છે. તેથી પ્રમત્તનું માત્ર બોલેલું અર્થ થાય. કરણસાધન પક્ષમાં અભિધાન જેનું ચિત્ત આગ્રહવાળું છે એવા પ્રમત્તકર્તા આત્માનું વિવક્ષિત અર્થનું પ્રતિપાદન કરવામાં અત્યંત સાધક છે. (જેમકે) હાથ, ચક્ષુ, હોઠ અને પગ વગેરે અવયવોની ખોટી ક્રિયાઓથી કાયા વડે બીજાને છેતરે છે પણ અસત્ બોલતો નથી. મનથી પણ વિચારે છે કે બીજાને આ પ્રમાણે છેતરવો. (અહીં વચનથી અસત્ય અભિધાન નથી પણ કાયાથી અને મનથી અસત્ય અભિધાન છે.)

सत् શબ્દ લોકમાં સત્પુરુષ, સજ્જન ઇત્યાદિ પ્રયોગોમાં પ્રશંસા અર્થવાળો પ્રસિદ્ધ છે, અર્થાત્ લોકમાં सत् શબ્દનો પ્રશંસા અર્થ પ્રસિદ્ધ છે. सत् નહિ તે असत्. અસત્ એટલે અપ્રશસ્ત, અર્થાત્ આપ્તપ્રણીત-આગમમાં નિંદિત કે નિષિદ્ધ. અસત્ ત્રણ પ્રકારનું છે. ત્રણ પ્રકારના અસત્‌ને ભાષ્યકાર असत् ઇત્યાદિથી બતાવે છે—

અસત્ એટલે સદ્ભાવપ્રતિષેધ. અસદ્ એ શબ્દનો આ અર્થ છે- સત્‌નો ભાવ તે સદ્ભાવ. સત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી યુક્ત હોય. તેનો ભાવ તે સદ્ભાવ. તે જ વસ્તુ તે રીતે ન હોય એમ અનેક પર્યાયરૂપે તેનો પ્રતિષેધ=નિરાકરણ તે સદ્ભાવપ્રતિષેધ. જે આ ઉત્પન્ન થાય છે, સ્થિર રહે છે અને નાશ પામે છે. એમ તે એક વસ્તુ આવા પ્રકારની નથી એ પ્રમાણે અપલાપ કરે છે, અર્થાત્ એક જ વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને ન માને.

"तत्र सद्भावप्रतिषेधो नाम" इति, નામ શબ્દ વાક્યની શોભા માટે છે. સદ્ભાવપ્રતિષેધના ભૂતનિહ્નવ અને અભૂતોદ્ભાવન એમ બે પ્રકાર છે. ભૂતનો એટલે વિદ્યમાનનો. નિહ્નવ એટલે અપલાપ. જે હોય તેનો અપલાપ તે ભૂતનિહ્નવ. જેમકે આત્મા નથી, પરલોક નથી. શુભ-અશુભ કર્મોનો કર્તા અને અનુભવ-સ્મરણ આદિ ક્રિયાનો આધાર એવા

આત્માને કોઇક જીવો મોહથી માનતા નથી. આત્માના અભાવમાં પરલોકમાં જનાર ન હોવાથી પરલોકનો અભાવ થાય એમ સારી રીતે સમજી શકાય છે. આદિ શબ્દના ગ્રહણથી શુભ-અશુભ કર્મનું અને તેના ઉપભોગફળના અભાવનું ગ્રહણ કરવું.

અભૂતોદ્ભાવન સદ્ભાવપ્રતિષેધનો ભેદ જ છે. च શબ્દ સમુચ્ચય અર્થમાં છે. આત્મા અસંખ્યપ્રદેશપરિમાણવાળો છે, આશ્રય પ્રમાણે સંકોચ-વિકાસના ધર્મવાળો છે. રૂપ-રસ-ગંધ-સ્પર્શથી રહિત છે, (કર્મ સહિત હોય ત્યારે) અનેક પ્રકારની ક્રિયાવાળો છે, આત્માના આવા યથાવસ્થિત સદ્ભાવને છોડીને અજ્ઞાનબળથી ન હોય તેવા આત્મસ્વરૂપને સ્વરુચિથી ઉત્પન્ન કરે છે=પ્રકાશિત કરે છે.

'श्यामाकतन्दुलमात्रोऽयम्' इत्यादि શ્યામાક[1] એક પ્રકારનું હલકું ધાન્ય છે. આત્મા શ્યામાકના દાણા જેટલો છે તથા अङ्गुष्ठपर्वमात्रम् इति અંગુઠો હાથનો અવયવ છે. તેની રેખાથી નિયત કરાયેલ ઉપરનો ભાગ પર્વ છે. આત્મા અંગુઠાના પર્વ જેટલો છે. આ પ્રમાણે સ્વીકારવામાં આત્મા શરીરના એક ભાગમાં રહેવાના કારણે બાકીના ભાગોમાં ચેતનાના અભાવનો પ્રસંગ આવે. તેથી ડાંશ-મચ્છર-માખી આદિ કરડે ત્યારે અને શસ્ત્રથી છેદ થાય ત્યારે તે ભાગોમાં દુઃખનો અનુભવ ન થાય. ચંદન વગેરેના વિલેપનમાં સુખનો અનુભવ ન થાય. સુખ-દુઃખના અનુભવો સ્વાનુભવથી સિદ્ધ છે. આથી પ્રમાણથી વિરુદ્ધ જ (આ) માર્ગ છોડવો જોઇએ.

आदित्यवर्ण इति આત્મા તેજસ્વી છે. આત્માને રૂપાદિ ન હોવાથી અને આકાર ન હોવાથી આત્મામાં તેજ ક્યાંથી હોય ?

**પૂર્વપક્ષ–** કર્મ અને આત્મપ્રદેશોનું પરસ્પર અનુસરણ(=સંમીલન)-રૂપ પરિણામનો સ્વીકાર કરવામાં આત્માને રૂપ વગેરે છે.

**ઉત્તરપક્ષ–** તે યથાર્થ નથી. કેમકે જ્ઞાનાવરણાદિ પુદ્ગલો ભાસ્વર= તેજસ્વી નથી. તેથી આ પક્ષ પણ છોડવા યોગ્ય છે.

૧. ગુજરાતીમાં સામો ધાન્ય કહેવામાં આવે છે.

'निष्क्रियः' इति આત્મા સર્વગત(=સર્વ સ્થળે રહેલો) છે. તેથી મન-વચન-કાયાથી થનારી ગમનાગમન-નિરીક્ષણ-ભોજન વગેરે ક્રિયા ન હોય. ક્રિયાઓના અભાવથી આત્મા નિષ્ક્રિય છે એમ કહે છે. તે દર્શન પણ સંગત નથી. આત્મા સર્વગત છે એમાં પ્રમાણ નથી. પાસે [1]જઇને કહેવાય છે કે, સર્વગત આત્માને બધા સ્થળે સર્વની પ્રાપ્તિનો (કે સર્વના જ્ઞાનનો) પ્રસંગ આવે.

**પૂર્વપક્ષ–** જ્યાં ઉપભોગની પ્રાપ્તિનો આધાર એવું શરીર છે ત્યાં જ પ્રાપ્તિ થાય. બીજા સ્થળે શરીર ન હોવાથી ઉપભોગની પ્રાપ્તિ ન થાય.

**ઉત્તરપક્ષ–** તે યુક્ત નથી. કેમકે બીજા સ્થળે પણ શરીરો છે.

**પૂર્વપક્ષ–** પોતાના પુણ્ય-પાપથી જે શરીર ઉત્પન્ન કરાયું છે ત્યાં પ્રાપ્તિ થાય. (બીજા સ્થળે નહિ.)

**ઉત્તરપક્ષ–** તે યથાર્થ નથી. આત્મા નિષ્ક્રિય હોવાથી આત્માના પોતાના તે પુણ્ય-પાપ જ ક્યાંથી હોય ? નિષ્ક્રિય આત્માને સંસાર છોડવાના અને મુક્તિ મેળવવાના ઉપાયોનું આચરણ ન હોવાથી નિષ્ક્રિયપણાનો પક્ષ અનુચિત જ છે.

આદિ શબ્દના ગ્રહણથી આત્મા ક્ષણવિનશ્વર છે, માત્ર વિજ્ઞાનરૂપ છે, માત્ર સ્કંધરૂપ છે અથવા અવક્તવ્યરૂપ છે એમ ઉત્પન્ન કરવું=પ્રકાશિત કરવું તે સઘળું ય અસત્ય છે.

અસત્‌ના જ બીજા ભેદનું વ્યાખ્યાન કરવા માટે કહે છે- "अश्वं च गौः इति यः" એવા પ્રયોગથી પ્રમત્તકર્તાનો નિર્દેશ કર્યો છે. ગૌશબ્દ લોક વડે ગળે લટકતી ગોદડીવાળા શરીરમાં વ્યવહાર માટે પ્રયોજાય છે એમ રૂઢ છે. અશ્વ શબ્દ પણ પગની એકખરી વગેરે અવયવોની રચના વિશેષમાં પ્રસિદ્ધ છે. વક્તા તો મૂઢતાના કારણે અથવા કપટથી અશ્વ

૧. સિદ્ધાંતપક્ષમાં આત્મા સર્વગત નથી. એથી કોઇને કહેવું હોય તો "પાસે જઇને" કહેવાય તો જ સંભળાય. સર્વગતપક્ષમાં આત્મા બધા સ્થળે હોવાથી ગમે ત્યાંથી બોલે તો પણ આત્માને જ્ઞાન થાય માટે અહીં આત્મા સર્વગત નથી એ જણાવવા 'પાસે જઇને' એમ કહ્યું છે.

શબ્દનો ગાયમાં અને ગો શબ્દનો અશ્વમાં પ્રયોગ કરે છે. એ પ્રમાણે જે ચોર નથી તેને ચોર કહેવો વગેરે પણ સમજી લેવું.

અસત્‌નો જ ત્રીજો ભેદ ગર્હા છે. તેનું વિવરણ કરવા માટે કહે છે- "हिंसा" इत्यादि, गर्हणं=गर्हा. ગર્હા એટલે કુત્સા. (કુત્સા એટલે નિંદા.) શાસ્ત્રથી નિષિદ્ધ વાણીનું ઉચ્ચારણ ગર્હિત છે, અર્થાત્ નિંદિત છે. યુક્ત શબ્દનો પ્રત્યેક શબ્દની સાથે સંબંધ કરાય છે. હિંસાથી યુક્તવચન સત્ય અર્થનો બોધ કરાવનારું હોય તો પણ અસત્ય જ છે. કારણ કે હિંસાનિવૃત્તિનો મૃષાવાદાદિ નિવૃત્તિ પરિવાર છે. હિંસા નિવૃત્તિનું જ બધી તરફથી રક્ષણ કરવા માટે જ મૃષાવાદાદિ નિવૃત્તિઓ ઉપદેશેલી છે. તેમાં હિંસાનું લક્ષણ કહ્યું છે. બોલાતા જે વચનથી જીવોને પીડા થાય કે જીવોનો વિનાશ થાય તે હિંસાયુક્ત વચન સત્ય હોય તો પણ આગમમાં નિંદિત હોવાથી અસત્ય જ છે. કારણ કે મૃષાવાદાદિનિવૃત્તિ પ્રાણીઓની પીડાના રક્ષણ માટે છે. तथा पारुष्ययुक्तम् - પરુષ એટલે નિષ્ઠુર(=કઠોર). પરુષનો ભાવ તે પારુષ્ય. પારુષ્ય નિષ્ઠુર વચનોથી પ્રગટ થાય છે અને અંતરમાં રહેલા અશુભભાવનું સૂચક છે. તે પણ પરપીડાની ઉત્પત્તિનું કારણ હોવાથી સત્ય હોય તો પણ નિંદિત છે.

तथा पैशुन्ययुक्तम्- બીજાઓને મર્મસ્થાનમાં પીડા કરનાર પિશુન કહેવાય છે. ઉચ્ચારાતા જે જે વચનથી પરની પ્રીતિ હણાય તે સર્વ વચન પૈશુન્યયુક્ત છે.

આદિ શબ્દથી વાણીવડે છળ, અર્થાત્ છળવચન, દંભવચન, ગાળવચન, ઉદ્વેગકારિવચન, દુર્વચન, કટુવચન, સંદિગ્ધવચન, અહિતવચન, અમિતવચન, અપ્રશસ્તવચન, વિકથાશ્રિતવચન, પ્રવચનવિરુદ્ધ અને સાવદ્યવચનનું ગ્રહણ કરવું.

આ વિષે આગમ આ છે- "જે (૧) સત્ય (સાવદ્ય હોવાથી) બોલવા યોગ્ય ન હોય. (૨) સત્યામૃષા (મિશ્ર) (૩) મૃષા(=સર્વથા અસત્ય) અને (૪) (આમંત્રણી વગેરે વ્યવહારભાષામાં પણ જે બોલવા યોગ્ય

ન હોય એથી) જ્ઞાનીઓએ ન આચરેલી હોય તે ભાષાને બુદ્ધિમાન સાધુ ન બોલે." (દશ.વૈ. અ.૭ ગા.૨)

વાચક શ્રી ઉમાસ્વાતિ મહારાજાએ પણ કહ્યું છે કે, "જેમાં દોષનો સદ્ભાવ છે, અર્થાત્ જે દોષવાળું વાક્ય છે તે પરમાર્થથી=સત્યથી (अन्यत्र=)રહિત છે=અસત્ય છે અને જે વાક્ય સાવદ્ય(=પાપવાળું) છે તે બધું ય અસત્ય છે."

બીજા મહાપુરુષે પણ કહ્યું છે કે- અસત્ વચન અસત્ય છે. અસત્ ચાર પ્રકારનું છે. (૧) સદ્ભૂતપ્રતિષેધ (૨) અભૂતોદ્ભાવન (૩) ગર્હિતવચન (૪) અર્થાંતરવચન.

(૧) (ઘટ હોવા છતાં) ઘટ નથી એમ કહેવું એ સદ્ભૂતપ્રતિષેધ છે.

(૨) સસલાને શિંગડું છે એમ કહેવું એ અસતોદ્ભાવન છે.

(૩) "(असत् सतोऽपि वचनमन्यथा स्यात्=) જે વચન સત્ થી અન્યથા(=બીજી રીતે) હોય તે असत् છે. (गर्हितवचनम्=) ત્રીજું અસત્ ગર્હિત વચન છે. गर्हितमुपघातादि ઉપઘાતવચન વગેરે ગર્હિત અસત્ છે.

(૪) (इतरश्च गौरश्व इति वचनम्=) અન્ય(=ચોથું) અસત્ અર્થાંતર છે. જેમ કે ગાયને અશ્વ કહે, અશ્વને ગાય કહે."

તેથી "પ્રમાદયોગથી અસત્ય બોલવું" તે અસત્ય છે એમ નિશ્ચિત થયું. અસત્ય સંક્ષેપથી (દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ) ચાર સ્થાનોમાં સંગ્રહ કરાયેલું છે. (દ્રવ્યથી) સર્વદ્રવ્ય સંબંધી અસત્ય બોલવું. (ક્ષેત્રથી) દ્રવ્યો લોક-અલોકથી વિભાગ કરાયેલા છે, અર્થાત્ લોક-અલોક સંબંધી અસત્ય બોલવું. (કાળથી) કાળ દિવસ-રાતરૂપ છે, અર્થાત્ દિવસે કે રાતે અસત્ય બોલવું. (ભાવથી) રાગ-દ્વેષ-મોહથી ઘેરાયેલો આત્મા, અર્થાત્ રાગ-દ્વેષ-મોહથી અસત્ય બોલાય તે ભાવથી અસત્ય છે.

આનાથી આનું પણ ખંડન કરેલું જાણવું- હે રાજન્ ! હાંસી મશ્કરીવાળું અસત્ય વચન હિંસા કરતું નથી. સ્ત્રીઓમાં=સ્ત્રીઓની વિલાસવાળી વાતોમાં,

વિવાહકાળે=વિવાહના સમયે બોલાતા ગીતો વગેરેમાં, પ્રાણનાશમાં=પ્રાણનાશનો સમય ઉપસ્થિત થાય ત્યારે, સર્વધનઅપહારમાં=સર્વ ધન ચોરાવાનો કે લુંટાવાનો અવસર આવે ત્યારે અસત્ય બોલવામાં દોષ નથી. આ પાંચ અસત્યવચન પાપરૂપ નથી એમ કહે છે.

બીજાઓ અજ્ઞાનતાથી મૃષાવાદનું લક્ષણ અયુક્ત કહે છે. (તે લક્ષણ આ પ્રમાણે છે-) અન્યથાસંજ્ઞીનું વાક્ય અને અર્થને જાણકારમાં (બોલાતું) વચન મૃષા છે.

**(૧) અન્યથાસંજ્ઞી–** જે વચન જે અર્થને કહે છે તે વચનમાં અન્યથા કરે તે અન્યથાસંજ્ઞી છે. જેમકે ચોર છે એને ચોર નથી એમ કહે. આ રીતે અન્યથાસંજ્ઞીનું વાક્ય=વચન મૃષા છે.

(૨) અથવા જેને આશ્રયીને કહે છે તે જો તેના વાક્યના અર્થને જાણે છે તો તેનું તે વાક્ય મૃષાવાદ છે. અર્થનો જાણકાર જાણવા માટે સમર્થ છે તથા શ્રોત્રવિજ્ઞાન ઉત્પન્ન થયે છતે જેણે શબ્દોના ભાવને જાણી લીધો છે, વાક્યાર્થ મનોવિજ્ઞાનનો વિષય છે, અર્થાત્ વાક્યાર્થનું જ્ઞાન મનમાં થાય છે, એથી વાક્યને જાણવા માટે સમર્થ શ્રોતામાં આ(=મૃષાવચન) સ્વીકારેલું થાય છે. વાક્યાર્થના અજાણકારમાં તો ઉચ્ચારાયેલ નિરર્થક વાક્ય મૃષાવાદ નથી.

આ લક્ષણ યુક્ત નથી. કેમકે પ્રમત્તે કહ્યું છે. શ્રોતા અર્થના જાણકાર હોય કે ન હોય બાહ્ય તો શ્રોતાથી શું ? માત્ર નિમિત્તરૂપે ઉપયોગમાં આવનાર તે બાહ્યવસ્તુથી શું ? અહીં પોતાનો આશય અપરાધી થાય છે. બધાયે પ્રકારે પ્રમત્તજીવ કાય-વચન-મનોયોગોથી જે અસત્ કહે તે અસત્ય છે. કેમકે આશય વિશુદ્ધ નથી. સ્વરુચિથી મૃષાવાદની અન્યપરિભાષા જે નિશ્ચિત કરાઇ છે તે પરમાર્થથી વાચકમુખ્યે રચેલા ઉક્તલક્ષણવાળા અસત્યવચનથી ભિન્ન નથી જ. (૭-૯)

**भाष्यावतरणिका–** अत्राह– अथ स्तेयं किमिति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–**અહીં કહે છે- હવે ચોરી શું છે ? અહીં કહેવાય છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादिना सम्बन्धं वक्ति, पूर्वसूत्र-क्रमोपन्यस्तहिंसाऽनृतलक्षणानन्तरं स्तेयलक्षणं प्रश्नयति, अथ स्तेयं किमिति लक्षणविषयः प्रश्नः, स्तेयलक्षणं पृच्छ्यते कीदृगिति, आचार्यस्त्वत्रोच्यत इत्याह, अत्र प्रश्ने स्तेयलक्षणमुच्यते–

**ટીકાવતરણિકાર્થ–** 'अत्राह' ઇત્યાદિથી આગળના સૂત્રની સાથે સંબંધને કહે છે. પૂર્વસૂત્રોના ક્રમથી ઉપન્યાસ કરાયેલ હિંસાના અને અનૃતના લક્ષણ પછી સ્તેયના લક્ષણનો પ્રશ્ન કરે છે. હવે ચોરી શું છે ? એમ લક્ષણ સંબંધી પ્રશ્ન છે. સ્તેયલક્ષણ કેવું છે ? એમ પૂછાય છે. આચાર્ય 'પ્રશ્નમાં સ્તેયનું લક્ષણ કહેવાય છે' એમ કહે છે.

**ચોરીની વ્યાખ્યા–**

## अदत्तादानं स्तेयम् ॥७-१०॥

**સૂત્રાર્થ–** નહિ આપેલું લેવું એ સ્તેય(=ચોરી) છે. (૭-૧૦)

**भाष्यं–** स्तेयबुद्ध्या परैरदत्तस्य परिगृहीतस्य वा तृणादेर्द्रव्य-जातस्याऽऽदानं स्तेयम् ॥७-१०॥

**ભાષ્યાર્થ–** બીજાઓ વડે ગ્રહણ કરાયેલા અને નહિ અપાયેલા એવા તૃણાદિ દ્રવ્યસમૂહનું ચોરીની બુદ્ધિથી ગ્રહણ કરવું તે સ્તેય(=ચોરી) છે. (૭-૧૦)

**टीका–** प्रमत्तयोगादित्यनुवर्त्तते, दत्ते स्म दत्तं कर्म्मणि निष्ठा, कर्म्म च कर्त्तुरीप्सिततमं चेतनाचेतनं वस्तु ममेत्येवं परिगृहीतं पञ्चभि-र्देवेन्द्रादिभिः परिगृहीतृभिः कस्मैश्चिद्दीयते यत्तद्दत्तमुच्यते, यत्तु तैः परिगृहीतमेव, न दत्तं, तस्यादानं-ग्रहणं धारणं च स्वेच्छया हठेन समक्षमेव चौर्येण वा स्तेयमुच्यते, देवेन्द्रादिभिः परिगृहीतं दीयमानमपि किञ्चिद् भगवता नानुज्ञातमागमे शय्याहारोपधिष्वनेषणीयादि तदपि स्तेयमेव, ननु चैवंविधमेव सूत्रं कार्यं, शास्त्रेणादत्तस्यादानं स्तेयमिति, सत्यम्, एवं संगृह्यते सकलं लक्ष्यं, तथापि लाघविकाशय आचार्यः

सूत्रबन्धमेवं न चकारेति, अनेन च लक्षणेन खरकुटीसम्बन्धे मानुषकेशादेर्भावत उज्झितस्य सति प्रयोजने ग्रहणमवकरादिस्थानोज्झितचीवरादेर्वा न स्तेयमिति, स्तेयबुद्धीत्यादि भाष्यं, स्तेनस्य भावः स्तेयं, हरामीत्यादातुः परिणामः स्तेयबुद्धिः, सा च प्रमत्तस्यैव कायवाङ्मनोयोगत्रयानुसारिणी, बुद्धिर्ज्ञानमिति, तया स्तेयबुद्ध्या, कषायादिप्रमादकलुषितधिया करणभूतया कर्तुः परिणन्तुराददानस्य स्तेयमिति, आदानं च द्रव्यभावाभ्यामात्मनो यथासम्भवमायोज्यं, स्तेयबुद्धिग्रहणात्तु कर्म्मादानं न स्तेयमिति, ज्ञानावरणादिकर्म्मणो हि यद्यप्यदत्तस्य ग्रहणमात्रं तथापि न तस्य स्तेयबुद्धिर्भवति, सत्स्वपि प्रमादादिबन्धहेतुषु स्तेयबुद्ध्या त्वादित्समानस्य स्तेयं, एतदेव स्पष्टतरमाचष्टे भाष्यकारः परैरदत्तस्येत्यादिना परैः परिगृहीतस्य दानप्रवृत्तिरादानं वा सम्भवति, नापरिगृहीतस्य, अतस्तैरदत्तस्यादानं स्तेयं, न तु ज्ञानावरणादिकर्म्मणः कश्चित् परिग्रहीताऽस्ति यो दास्यति न वेति, यदा च परैः परिग्रहीतृभिः परिगृहीतस्यादत्तस्यादानं स्तेयं तदा नास्ति कर्मणि प्रसङ्गः, अपि च प्रायोग्यमनुज्ञातं दक्षिणार्धदेवेन्द्रेण प्रथमतीर्थ एव भगवतः सुरासुरशिरोमालाकुसुमरजोरञ्जितचरणस्य नाभेयस्य, कियतः पुनरन्यदीयस्य स्वीकरणं स्तेयमित्याह-तृणादेर्द्रव्यजातस्येति, तृणमादिर्यस्य द्रव्यजातस्य तत् तृणादि, तृणग्रहणं निस्सारताप्रतिपादनार्थमल्पताप्रतिपादनार्थं च, तृणेन निःसारेणाल्पेनैकेनाप्यपहृतेनात्यन्तमैहिको दोषो न सम्भाव्यते, तादृशस्याप्यदत्तस्यादानं स्तेयं भवति, किमुत मरकतपद्मरागादेरिति, अत्र च परिगृहीतापरिगृहीतस्येति केचिद् भाष्यमभिधीयते, तदयुक्तं, न ह्यपरिगृहीतस्य शास्त्रेणानुज्ञातस्य ग्रहणं स्तेयमिष्यते, तस्मादपरिगृहीतस्येति प्रमादपाठः, तथा तस्यैव भाष्यकृतः शौचप्रकरणे ग्रन्थः—

"अदत्तादानं नाम परैः परिगृहीतस्य तृणादेरप्यनिसृष्टस्य ग्रहणं स्तेयं,

परैरनतिसृष्टं यद्, यच्च शास्त्रे विगर्हितम् ।
तत् सर्वं न ग्रहीतव्यं, दन्तनिष्फोटनाद्यपि ॥१॥

न प्रकरणकारेणात्रापरिगृहीतस्येत्युक्तं, आदिग्रहणादनेकविधसारासार-चेतनाचेतनमिश्रद्रव्यजातपरिग्रहः, जातशब्दः प्रकारवचनो, द्रव्यप्रकारः, गुणपर्याययोर्द्रव्यपरिणामविशेषादेव न भेदेनोपादानमिति, ननु चैवंविधे भाष्यार्थे परैः परिगृहीतस्यादत्तस्य स्तेयबुद्ध्या ग्रहणमदत्तादानमिति अनेषणीयादेर्ग्रहणप्रसङ्गः, येन परिगृहीतमनेषणीयादि स ददात्येव, ततस्तद्ग्रहणे कथं स्तेयमिति, उच्यते, सत्यं, तद् गृहिणा दीयते, शास्त्रेण तु प्रतिषिध्यते, गरीयांश्च शास्त्रप्रतिषेधो, भवतु नाम शास्त्रप्रतिषेधस्तच्छास्त्रं कथं परशब्दवाच्यं ?, परो ह्यात्मा चेतनालक्षण इति, उच्यते, शास्त्रमपि ज्ञानमात्मनः परिणामविशेषः, स परिणामिन्यात्मनि अभेदेन वर्त्तमानः परशब्दवाच्यो न्यक्षेण(=समस्तेन) क्षीणघातिकर्म्मणो भगवत उपदेशा-दुपजातभावश्रुतपरिणामाः गणधरप्रत्येकबुद्धस्थविराः प्रतिषेधयन्त्य-नेषणीयादि, वर्णपदवाक्यराशिर्द्रव्यश्रुतम्, उपचारात् शास्त्रमुच्यते पुस्तकादिलिखितमतः सर्वमदत्तादानं सूत्रेण समग्राहीति, तच्चतुर्द्धा-ऽधीतमागमे, द्रव्यक्षेत्रकालभावभेदात्, द्रव्यतो ग्रहणधारणीयेष्वित्युक्तं, क्षेत्रतस्त्रैलोक्यव्यवच्छिन्ना(स्थिता)नि तान्येव द्रव्याणि, कालभावौ तु पूर्ववद्भावनीयौ ग्रहणधारणीयेष्विति । आदानं गृह्यमाणधार्यमाणद्रव्य-विषयत्वाद्द्रव्यैकदेशवृत्तिः, न तु समस्तद्रव्यविषयं, ग्रहणधारणे तु साक्षात् पुद्गलद्रव्यस्यैव, शरीरिणां च जीवानां पुद्गलद्रव्यद्वारेणैव ते ग्रहणधारणे, न पुनः साक्षात्, ननु चैवं परकीयभूमिखण्डापहारे धर्माधर्माकाशकालानामपि तदवच्छिन्नानामपहारस्ततश्चैतदपि सकलद्रव्य-विषयमेव स्यात् न द्रव्यैकदेशवृत्तीति, उच्यते, हस्तादिना करणेन यद्द्रव्यं पूर्वकाधारप्रदेशात् प्रदेशान्तरं प्रापयितुं शक्यते तद् ग्रहण-धारणीयशब्दाभ्यामार्षे विवक्षितं, तच्चैवंविधं ग्रहणं धारणं चाकाशादिषु न सम्भवति, तस्माद्द्रव्यैकदेशवृत्त्येवादानं न्याय्यं ।

अपरे तु मोहादभिदधते-यद्यपि ब्राह्मणो हठेन परकीयमादत्ते छलेन वा तथापि तस्य नादत्तादानं, यतः सर्वमिदं ब्राह्मणेभ्यो दत्तं, ब्राह्मणानां तु दौर्बल्याद् वृषलाः परिभुञ्जते, तस्मादपहरन् ब्राह्मणः स्वमादत्ते स्वमेव ब्राह्मणो भुङ्क्ते स्वं वस्ते स्वं ददादीति, सर्वमिदमसम्बद्धत्वात् प्रलापमात्रं, श्रोत्रियप्रायदुर्विदग्धजनप्रहत एष पन्था उपेक्षणीयः, सप्रत्य-वायत्वादिति, सर्वं चेदं रागद्वेषमोहमूलं, उक्तं मोहजं, रागजं तु यस्य येनार्थित्वं स तस्यापहारमाचरति, लाभसत्कारयशःसमावर्जनार्थं वा, द्वेषजं वैरप्रतियातनार्थमिति ॥७-१०॥

**ટીકાર્થ–** પ્રમાદના યોગથી એ પ્રમાણે ઉપરથી ચાલ્યું આવે છે. दत्ते स्म=दत्तं. અહીં કર્મમાં क्त પ્રત્યય છે. કર્તાએ જેને મેળવવાને અધિક ઇચ્છેલું હોય તે ચેતન-અચેતન વસ્તુ કર્મ છે. ગ્રહણ કરનારા દેવેંદ્ર આદિ પાંચ વડે આ મારું છે એમ ગ્રહણ કરાયેલું કોઈને અપાયેલું હોય તે દત્ત કહેવાય. જે તેમણે માત્ર ગ્રહણ કરેલું હોય, કોઈને ન આપ્યું હોય તેને સ્વેચ્છાથી, હઠથી=બલાત્કારથી માલિકની સમક્ષ જ લેવું કે ચોરી લેવું તે સ્તેય કહેવાય છે. દેવેંદ્રાદિ વડે પરિગ્રહ કરાયેલું કંઈક અપાતું હોવા છતાં ભગવાને આગમમાં શય્યા-આહાર-ઉપધિમાં અનેષણીયાદિ જેની અનુજ્ઞા આપી નથી તે લેવું તે પણ સ્તેય જ છે. (કેમ કે તીર્થંકરઅદત્ત છે.)

**પૂર્વપક્ષ–** સૂત્ર આવા પ્રકારનું જ કરવું જોઈએ. "શાસ્ત્ર વડે જે ન અપાયું હોય=જે લેવાની રજા ન અપાઈ હોય તેનું ગ્રહણ કરવું તે સ્તેય છે."

**ઉત્તરપક્ષ–** તમારું કહેવું સાચું છે. આ પ્રમાણે સૂત્ર કરવાથી સઘળું લક્ષ્ય ગ્રહણ કરાય છે. તો પણ સંક્ષેપવાળું સૂત્ર બનાવવાના આશયવાળા આચાર્યે સૂત્રરચના એ પ્રમાણે ન કરી.

આ લક્ષણથી હજામના ઘરમાં રહેલા મનુષ્યકેશ વગેરે કે જે ભાવથી ત્યાગ કરાયેલ છે, પ્રયોજન થતા તેનું ગ્રહણ કરવું અથવા કચરા વગેરેના સ્થાનમાં ત્યાગ કરેલા કપડાના ટુકડા વગેરેનું ગ્રહણ કરવું તે સ્તેય નથી.

'स्तेयबुद्ध्या' इत्यादि સ્તેનનો ભાવ તે સ્તેય. 'હું હરી લઉં' એવા ગ્રહણ કરનારના પરિણામ તે સ્તેયબુદ્ધિ=ચોરીબુદ્ધિ. ચોરીની બુદ્ધિ પ્રમત્તના જ કાય-વચન-મનોયોગના એ ત્રણ યોગોને અનુસરનારી છે. બુદ્ધિ એટલે જ્ઞાન. કરણરૂપ એવી કષાયાદિ પ્રમાદથી મલીન થયેલી બુદ્ધિથી ચોરીના પરિણામવાળા લેનાર કર્તાએ ચોરી કરેલી ગણાય. જીવ જે ગ્રહણ કરે તે ગ્રહણ દ્રવ્ય-ભાવથી યથાસંભવ યોજવું. (ક્યારેક દ્રવ્યથી ક્યારેક ભાવથી. ક્યારેક દ્રવ્ય-ભાવ ઉભયથી ગ્રહણ થાય.) 'ચોરીની બુદ્ધિથી' એમ ગ્રહણ કર્યું હોવાથી કર્મોનું ગ્રહણ ચોરી નથી. જો કે નહિ આપેલા જ્ઞાનાવરણાદિ કર્મનું માત્ર ગ્રહણ છે, તો પણ ગ્રહણ કરનારની તેમાં ચોરીની બુદ્ધિ નથી. પ્રમાદાદિ બંધ હેતુઓ હોય ત્યારે ચોરીની બુદ્ધિથી લેવાની ઇચ્છાવાળાએ ચોરી કરેલી ગણાય. આને જ ભાષ્યકાર परैरदत्तस्य ઇત્યાદિથી અધિક સ્પષ્ટ કહે છે- દાનપ્રવૃત્તિ કે ગ્રહણ બીજાઓથી ગ્રહણ કરાયેલાનું સંભવે છે, નહિ ગ્રહણ કરાયેલાનું નહિ. આથી તેમનાથી નહિ અપાયેલાનું ગ્રહણ કરવું તે ચોરી. જ્ઞાનાવરણાદિ કર્મને પોતાની માલિકી રૂપે લેનાર કોઇ નથી કે જેથી આપશે કે નહિ આપે એવો વિકલ્પ થાય. જો પોતાની માલિકી તરીકે સ્વીકારનારા બીજાઓ વડે ગ્રહણ કરાયેલ અદત્તને લેવું તે ચોરી છે, તો કર્મમાં પ્રસંગ નથી, અર્થાત્ કર્મને ગ્રહણ કરવામાં ચોરી ન ગણાય. વળી- સુર-અસુરોની મસ્તકમાળાના પુષ્પોની રજથી જેમના ચરણ રંજિત થયા છે એવા નાભિપુત્ર ભગવાનના પ્રથમ તીર્થમાં જ દક્ષિણાર્ધમાં દેવેંદ્રે પ્રાયોગ્યની અનુજ્ઞા આપી છે.

બીજાના કેટલા દ્રવ્યનું ગ્રહણ તે ચોરી છે ? એમ કહે છે- तृणादेर्द्रव्य-जातस्य इति, જે દ્રવ્યસમૂહની આદિમાં તૃણ છે તે તૃણાદિ. તૃણનો ઉલ્લેખ નિઃસારતાનું અને અલ્પતાનું પ્રતિપાદન કરવા માટે છે. નિઃસાર અને અલ્પ એક પણ તૃણની ચોરી કરવાથી આ લોકસંબંધી દોષની જરાય સંભવના નથી. આમ છતાં તેવા પણ અદત્તનું ગ્રહણ ચોરી છે. તો પછી મરકત, પદ્મરાગાદિનું ગ્રહણ ચોરી ગણાય એમાં તો શું કહેવું ?

અહીં કોઈક ભાષ્યના परिगृहीतस्य એવા પાઠના સ્થાને परिगृहीता-परिगृहीतस्य એવો પાઠ કહે છે તે યુક્ત નથી. નહિ ગ્રહણ કરાયેલ અને શાસ્ત્રથી અનુજ્ઞા અપાયેલનું ગ્રહણ ચોરી તરીકે ઈષ્ટ નથી. તેથી अपरिगृहीतस्य એવો પાઠ પ્રમાદના કારણે થયેલો જાણવો. તથા તે જ ભાષ્યકારના શૌચ પ્રકરણમાં પાઠ આ પ્રમાણે છે-

બીજાઓ વડે ગ્રહણ કરાયેલ પણ લેવાની રજા ન અપાયેલ તૃણાદિનું પણ ગ્રહણ ચોરી છે તથા બીજાઓએ નહિ આપેલ એવું જે જે શાસ્ત્રમાં વિશેષથી નિંદિત છે તે સઘળું ન લેવું, યાવત્ દાંતખોતરણી વગેરે પણ ન લેવું (૧) પ્રકરણકારે અહીં अपरिगृहीतस्य એમ કહ્યું નથી.

तृणादि એ સ્થળે આદિ શબ્દના ગ્રહણથી અનેક પ્રકારના સાર-અસાર-ચેતન-અચેતન-મિશ્ર દ્રવ્યપ્રકારોનું ગ્રહણ કરવું. जात શબ્દ એકવચનવાળો છે, એથી દ્રવ્યજાત એટલે દ્રવ્યપ્રકાર, ગુણ-પર્યાય દ્રવ્યના પરિણામવિશેષ જ હોવાથી તે બેનું અલગથી ગ્રહણ કર્યું નથી.

**પૂર્વપક્ષ–** આવા પ્રકારના ભાષ્યાર્થમાં બીજાઓ વડે સ્વીકારાયેલ અને નહિ આપેલનું ચોરીની બુદ્ધિથી ગ્રહણ કરવું તે અદત્તાદાન છે. અદત્તાદાનના આવા લક્ષણથી તો અનેષણીય આહારાદિના ગ્રહણનો પ્રસંગ આવે. જેના વડે અનેષણીય વગેરે ગ્રહણ કરાયું છે તે આપે જ છે. તેથી તેના ગ્રહણમાં ચોરી કેવી રીતે ગણાય ?

**ઉત્તરપક્ષ–** ઉત્તર કહેવાય છે. તમે કહ્યું તે સત્ય છે. તે ગૃહસ્થ વડે અપાય છે, પણ શાસ્ત્ર વડે તો નિષેધ કરાય છે. શાસ્ત્રપ્રતિષેધ મહાન છે.

**પ્રશ્ન–** શાસ્ત્રપ્રતિષેધ હો, નિષેધ કરનારું શાસ્ત્ર પર શબ્દથી વાચ્ય કેવી રીતે છે ? પર તો ચેતનાલક્ષણવાળો આત્મા છે.

**ઉત્તર–** શાસ્ત્રપણ આત્માનું જ્ઞાન છે. જ્ઞાન આત્માનો પરિણામવિશેષ છે. પરિણામી આત્મામાં અભેદથી વર્તતો તે પરિણામવિશેષ પર શબ્દથી વાચ્ય છે. જેમના ઘાતિકર્મોનો સંપૂર્ણપણે ક્ષય થઈ ગયો છે તે ભગવાનના ઉપદેશથી ઉત્પન્ન થયેલા ભાવશ્રુતના પરિણામવાળા ગણધર-પ્રત્યેકબુદ્ધ

સ્થવિરો અનેષણીયાદિનો પ્રતિષેધ કરે છે. વર્ણ-પદ-વાક્યનો સમૂહ દ્રવ્યશ્રુત છે. પુસ્તકાદિમાં લખાયેલ એ દ્રવ્યશ્રુત ઉપચારથી શાસ્ત્ર કહેવાય છે. આથી સઘળું ય અદત્તાદાન સૂત્ર વડે સંગ્રહ કરાયું છે. આગમમાં અદત્તાદાન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદથી ચાર પ્રકારનું કહ્યું છે.

**દ્રવ્યથી–** જે લેવા યોગ્ય હોય કે પાસે રાખવા યોગ્ય હોય તેવું નહિ આપેલું દ્રવ્ય લેવું તે દ્રવ્યથી અદત્તાદાન છે.

**ક્ષેત્રથી–** ત્રણ લોકમાં રહેલા તે જ દ્રવ્યોનું ગ્રહણ કરવું તે ક્ષેત્રથી અદત્તાદાન છે.

**કાળથી–** દિવસે કે રાતે તે જ દ્રવ્યોનું ગ્રહણ કરવું તે કાળથી અદત્તાદાન છે.

**ભાવથી–** રાગ-દ્વેષથી તે જ દ્રવ્યોનું ગ્રહણ કરવું તે ભાવથી અદત્તાદાન છે.

ગ્રહણ કરાતા અને ધારણ કરાતા દ્રવ્ય સંબંધી હોવાથી ગ્રહણદ્રવ્યના એક દેશમાં રહેનારું છે. સમસ્ત દ્રવ્યસંબંધી ગ્રહણ નથી. ગ્રહણ અને ધારણ તો સાક્ષાત્ પુદ્ગલદ્રવ્યના જ થાય અને શરીરધારી જીવો તે ગ્રહણ અને ધારણ પુદ્ગલદ્રવ્ય દ્વારા જ કરી શકે, સાક્ષાત્ ન કરી શકે.

**પૂર્વપક્ષ–** પરના ભૂમિખંડને ચોરવામાં તેટલા ભાગમાં રહેલા ધર્મ-અધર્મ-આકાશ-કાળની પણ ચોરી કરી ગણાય. તેથી ગ્રહણ પણ સઘળા દ્રવ્યો સંબંધી જ હોય. દ્રવ્યના એક દેશમાં રહેનારું ન હોય.

**ઉત્તરપક્ષ–** હાથ વગેરે કરણથી જે દ્રવ્ય પૂર્વના આધારપ્રદેશથી અન્ય દેશમાં લઈ જઈ શકાય તે દ્રવ્ય ગ્રહણ-ધારણીય શબ્દોથી ઋષિઓથી રચિત શાસ્ત્રમાં વિવક્ષિત છે. આવા પ્રકારનું ગ્રહણ-ધારણ આકાશાદિમાં ન સંભવે. તેથી ગ્રહણ દ્રવ્યના એક દેશમાં રહેવાનું જ માનવું એ યોગ્ય છે.

બીજાઓ તો મોહથી કહે છે- બ્રાહ્મણો બળાત્કારથી કે છળથી બીજાઓનું લે તો પણ તેને અદત્તાદાન ન થાય. કારણ કે આ બધું બ્રાહ્મણોને આપેલું છે. બ્રાહ્મણોની નબળાઈથી શૂદ્રો પરિભોગ કરે છે.

તેથી અપહરણ કરતો બ્રાહ્મણ પોતાનું હરે છે, પોતાનું જ ભોગવે છે, પોતાનું જ પહેરે છે, પોતાનું આપે છે (મનુસ્મૃતિ અ૦-૧, શ્લોક-૧૦૧), આ બધું સંબંધ વગરનું હોવાથી માત્ર નિરર્થક બકવાસ છે. બ્રાહ્મણ જેવા દુઃશિક્ષિત લોકોએ આચરેલો આ માર્ગ ઉપેક્ષા કરવા યોગ્ય છે. કેમ કે આ માર્ગ દોષવાળો છે. આ સઘળા અદત્તાદાનનું મૂળ રાગ-દ્વેષ-મોહ છે. મોહથી થનારું અદત્તાદાન કહ્યું. રાગથી થનાર અદત્તાદાન આ છે- જેને જેની ઇચ્છા હોય તે તેની ચોરી આચરે છે. અથવા લાભ-સત્કાર-યશ મેળવવા ચોરી કરે. વૈરનો બદલો વાળવા માટે થતી ચોરી દ્વેષથી થનારી છે. (૭-૧૦)

**भाष्यावतरणिका–** अत्राह- अथाब्रह्म किमिति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–**અહીં કહે છે- હવે અબ્રહ્મ શું છે? અહીં કહેવાય છે-

**टीकावतरणिका–** अत्राहेत्यादिना सम्बन्धं प्रतिपादयति, अत्रेति व्याख्याते हिंसादित्रयलक्षणे पर आह-अथ अब्रह्मेति, अथेत्यानन्तर्य-सूचकः, ब्रह्मणोऽन्यद् अब्रह्म, तत् किं लक्षणमिति प्रश्ने सत्याह–

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિથી આગળના સૂત્રની સાથે સંબંધ જણાવે છે. હિંસાદિ ત્રણનું વ્યાખ્યાન કર્યે છતે બીજો કહે છે- હવે અબ્રહ્મ શું છે ? अथ શબ્દ આનન્તર્ય અર્થનો સૂચક છે. બ્રહ્મથી અન્ય તે અબ્રહ્મ. બ્રહ્મનું લક્ષણ શું છે ? એવો પ્રશ્ન કર્યે છતે આચાર્ય કહે છે–

**અબ્રહ્મની વ્યાખ્યા–**

**मैथुनमब्रह्म ॥७-११॥**

**સૂત્રાર્થ–** મૈથુન એ અબ્રહ્મ છે. (૭-૧૧)

**भाष्यं–** स्त्रीपुंसयोर्मिथुनभावो मिथुनकर्म वा मैथुनं तदब्रह्म ॥७-११॥

**ભાષ્યાર્થ–** સ્ત્રી-પુરુષનો મિથુનભાવ કે મિથુનક્રિયા તે મૈથુન છે. મૈથુન અબ્રહ્મ છે. (૭-૧૧)

**टीका–** मैथुनं द्वयमुच्यते, तत् कदाचिद् द्वयमपि सचेतनं कदाचिदेकं सचेतनमेकमचेतनं, तत्राद्यं पुरुषवेदोदयात् पुमानुदितस्त्रीवेदया

दिव्यमानुषतिर्यक्स्त्रिया सह संयुज्यते, अथवा पुरुषेण नपुंसकेन, फलादिविवरेण स्वहस्तादिना वा, एवं योषिच्चेतनं कन्दादिभिरन्यहस्तादिभिरपीति, पश्चिमविकल्पे तूदितवेदः पुमानचेतनाभिर्दिव्यमानुषतिर्यक्स्त्रीप्रतिमाभिर्लेप्यकाष्ठोपलपुस्तकर्म्मरूपाभिः सह संपृच्यतेऽन्यैश्चाचित्तश्रोतोभिर्मृतशरीरकेण वा, तथा योषिदचेतनपुरुषप्रतिकृतिवर्त्तिना लिङ्गेन काष्ठशलाकादिना वा सह संयुज्यते, बहुप्रकारेण कृत्रिमोपकरणेन विडम्बयत्यात्मानं, एवं सर्वत्र मिथुनसम्भवः, तयोर्भावो मैथुनं अविकृतत्वाद् युवादेराकृतिगणत्वादण्, अथवा मिथुनस्येदं कर्म्म 'तस्येद'मित्यण्, अचेतनमपि हि वस्तु प्रतिमादि विवक्षितकर्म्मयोग्यतया परिणममानमनुग्राहकं तथा भवतीति समीचीनमिदं तयोर्भावो मैथुनमिति, आगमतस्तु द्रव्यक्षेत्रकालभावभेदाच्चतुर्द्धा मैथुनं, द्रव्यतो रूपेषु वा रूपसहगतेषु वा द्रव्येषु, रूपमचेतनं पुद्गलद्रव्यमात्रं प्रतिमादिर्न तु वर्णमात्रमेव, रूपसहगतेषु वा द्रव्येष्विति, रूपं तदेव पुद्गलद्रव्यं तादृशा रूपेण सह सम्भूय गतानि जीवद्रव्याणि, गतानीत्यन्योऽन्यानुवेधिना परिणामेन परिणतानि, चेतनाभाञ्जि शरीराणीत्यर्थः, तद्विषयं मैथुनं द्रव्यतः, क्षेत्रतोऽनन्तरवत्, कालभावौ च पूर्ववत्, भावो हि रागद्वेषपरिणाम आत्मन इत्यतः प्रमत्तयोगादित्यत्रानुवर्त्तमानमपि नोपयुज्यते, यत्राप्रमत्तस्य सतस्तथाभावे सति कर्म्मबन्धाभावः तत्र प्रमत्तयोगग्रहणमर्थवत् भवति, प्रमत्तस्य कर्मबन्धो नाप्रमत्तस्येति, प्राणातिपातवत्, इह पुना रागद्वेषान्वयाविच्छेदात् सर्वास्ववस्थासु मैथुनासेविनः कर्म्मबन्ध इति, आह च-

"कामं सव्वपएसुवि उस्सग्गववातधम्मता जुत्ता ।
मोत्तुं मेथुणभावं ण विणा सो रागदोसेहिं ॥१॥"

अतश्चानर्थकमेव प्रमत्तग्रहणमत्रेति, मण्डूकप्लुत्या वाऽधिकारानुवृत्तिः, असङ्ख्येयलोकाकाशप्रदेशपरिमाणबृहत्त्वादात्मा ब्रह्म, स च मैथुनानुस्मृतिसंस्कारस्पृहेन्द्रियालोकवृष्यरसविषयविकथासत्कृतिसंसक्तसेवा-

भेदाद्दशविधादब्रह्मणो निवृत्तश्चरन् ब्रह्म । ब्रह्मध्वनिवाच्यः आत्मैव, चरणं चर्यम्, आत्मनो ब्रह्मणः सेवनमात्मन्यारमणं, न बहिर्मुखचित्तता स्त्र्यादिविषया, अतो मनोवाक्कायैः कृतकारितानुमतियुक्तैः परिहारोऽ-ङ्गनाविषयः सर्वथा ब्रह्मचर्यं, आत्मन्येव वृत्तेः संवृतेन्द्रियद्वारत्वात्, तद्विपरीतमब्रह्म, तच्च तीव्ररागानुबन्धिना सङ्कल्पेन चोदितः कायव्यापारो दशनकोटिकृतालिङ्गनकरजघट्टनालक्षणः तत्कालरमणीयकलप्रलाप-श्चानेकविधो वाग्व्यापारो विपरीतदर्शनाहितात्मकतिपयप्रेमलेशात् स्वकल्पनासमारोपितमनोज्ञकानुपजातातुलविषयतर्षपरिमुषितशेमुषीकान् पुंसः क्रशयत्यतितरां, तथा चानुकूलत्वाद्दुस्त्यजमपीदमशुचित्वादिभावना-जालसंस्पर्शनाद्विवेकिनो जहत्यवधारितमकरध्वजप्रसराः, तदेवेदमब्रह्म यथोक्तलक्षणं भाष्येण प्रकाशयन्नाह-स्त्रीपुंसयोरित्यादि स्त्री च पुमांश्च स्त्रीपुंसौ, अचतुरादि (पाणि० अ.५ पा.४ सू.७७) सूत्रलक्षितः स्त्रीपुंसशब्दः, तयोः स्त्रीपुंसयोरद्भुततीव्रवेदपरिणामयोर्मिथुनता-मिथुनभावश्चित्तपरिणामो मोहकर्मोदयात् क्लिष्टः परस्परमाश्लेषे सति सुखमुपलिप्समानयोः स्त्रीपुंसग्रहणादेवोदितवेदयोर्यो मिथुनभावः, कृत्तद्धितसमासानां चाभिधानलक्षणत्वात् प्रतिविशिष्टमैथुनकर्म्मसम्प्रत्ययो, न पुनः प्रयोजनवशादासन्नप्रदेशस्थितस्त्रीपुंसमिथुनमात्रं मिथुनभावो मैथुनकर्म्म वाऽभिधीयते, ततश्च स्त्रीप्रव्रजितयोश्चैत्याभिवन्दनादिकर्म्मण्य-प्रसङ्गो मिथुनभावस्य, तदब्रह्मेत्यनेन तच्छब्देन स्त्रीपुंसादिलक्षणो मिथुनभावो मैथुनकर्म्म वा, सर्वमेतन्मैथुनमब्रह्मेति निगमनद्वारेण परामृश्यते, स्त्रीपुंसग्रहणं प्रधानत्वात् पूर्वोक्तसकलविकल्पप्रतिपादनार्थं, प्रधानं च स्त्रीपुंसयोर्मिथुनभावः, पृथग्जनाचरितास्तु शेषविकल्पाः, ते च स्त्रीपुंसग्रहणेन सर्वेऽपि सूचिताः, तदेतदब्रह्म सङ्क्षेपतो रागद्वेषमोहमूलमनर्थपरम्पराकारि, रागात् परदाराभिगमलाभसत्कारात्म-मित्रत्राणार्थमासेवते, द्वेषाद् वैरनिर्यातनार्थं, मोहात् स्वस्त्रादिपरिभोगा-

द्यनुष्ठानमविच्छिन्नविषयपिपासाः समाचरन्ति, साधवस्तु विवेकबलादुपशान्तरागादिरजसः सर्वात्मना परिवर्जयन्तीति ॥ ७-११॥

**ટીકાર્થ–** મૈથુન એટલે યુગલ. મૈથુનમાં ક્યારેક બંને સચેતન હોય, ક્યારેક એક સચેતન અને એક અચેતન હોય. તેમાં (आद्यम्=) પહેલા વિકલ્પમાં પુરુષવેદોદયથી પુરુષ ઉદય પામેલા સ્ત્રીવેદવાળી દેવ-મનુષ્ય-તિર્યંચ સ્ત્રીની સાથે અથવા પુરુષ નપુંસકની સાથે સંયોગ કરે છે અથવા ફળાદિના છિદ્રની સાથે કે સ્વહસ્તાદિની સાથે સંયોગ કરે છે. એ પ્રમાણે ચેતન સ્ત્રી કંદાદિથી કે અન્યના હસ્તાદિથી પણ સંયોગ કરે છે. બીજા વિકલ્પમાં તો વેદના ઉદયવાળો પુરુષ અચેતન દેવ-મનુષ્ય-તિર્યંચ સ્ત્રીની લેપ્ય-કાષ્ઠ-પથ્થર-પુસ્તક ચિત્રરૂપ પ્રતિમાઓની સાથે સંપર્ક(=સંયોગ) કરે છે અથવા અચિત્ત છિદ્રોની કે મૃતશરીરની સાથે સંપર્ક કરે છે તથા સ્ત્રી અચેતન પુરુષપ્રતિમામાં રહેલા લિંગની સાથે કે કાષ્ઠની સળી આદિની સાથે સંયોગ કરે છે. ઘણા પ્રકારના કૃત્રિમ ઉપકરણોથી પોતાને વિડંબિત કરે છે. આ પ્રમાણે બધા સ્થળે મિથુનનો સંભવ છે.

મિથુનનો=યુગલનું (ભાવ કે)કર્મ તે મૈથુન. અવિકૃત[1] હોવાથી અને યુવાદિ આકૃતિગણ[2] હોવાથી अण्[3] પ્રત્યય થયો છે અથવા "મિથુનની આ ક્રિયા" એવા અર્થમાં "तस्येदम्"[4] એ સૂત્રથી अण् પ્રત્યય થયો છે. અચેતન પણ પ્રતિમાદિ વસ્તુ વિવક્ષિત ક્રિયાને યોગ્ય હોવાથી તે રીતે પરિણામ પામતી તે રીતે અનુગ્રહ કરનારી થાય છે. આથી "તે બેની ક્રિયા તે મૈથુન" એમ બરોબર છે. અહીં ભાવાર્થ આ છે- અચેતન પ્રતિમા આદિ દ્વારા મૈથુન

૧. જે શબ્દમાં પ્રત્યય વગેરેથી ફેરફાર થયો હોય તે શબ્દ વિકૃત છે, જે શબ્દમાં તેવો ફેરફાર ન થયો હોય તે શબ્દ અવિકૃત છે. અવિકૃત યુવા વગેરે શબ્દોથી अण् પ્રત્યય થાય માટે અહીં अविकृतत्वाद् એમ જણાવ્યું છે.

૨. આકૃતિ ગણ એટલે ટીકામાં જણાવેલ શબ્દસમૂહ સિવાયના પણ તેના જેવા બીજા શબ્દોને નિયમ લાગે. જેમકે, युवादेरण् સૂત્રની ટીકામાં युवन् વગેરે શબ્દસમૂહ જણાવેલ છે. પણ તેમાં મિથુન શબ્દ નથી. આમ છતાં યુવાદિ આકૃતિગણ હોવાથી મિથુનથી अण् પ્રત્યય થયો.

૩. युवादेरण् (સિદ્ધહેમ ૭-૧-૧૬૭)

૪. तस्येदम् (સિદ્ધહેમ ૬-૩-૧૬૦)

સેવે છે ત્યારે તેમાં કોઇ ક્રિયા નથી હોતી, ચેતન એકમાં જ ક્રિયા હોય છે. આથી તે બેની ક્રિયા તે "મૈથુન" એવો વિગ્રહ બરોબર નથી. આના પ્રત્યુત્તરમાં अचेतनमपि વગેરે કહ્યું છે. આ કથનના આધારે બેની ક્રિયા છે.

આગમમાં તો મૈથુન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી એમ ચાર પ્રકારે છે. દ્રવ્યથી-રૂપીમાં કે રૂપસહગત દ્રવ્યોમાં મૈથુન તે દ્રવ્યથી છે. અહીં રૂપ એટલે અચેતન એવું માત્ર પ્રતિમાદિ પુદ્ગલ દ્રવ્ય. રૂપ શબ્દનો માત્ર વર્ણ અર્થ નથી. રૂપસહગત-રૂપ એટલે તે જ પુદ્ગલદ્રવ્ય. તેવા રૂપની સાથે એકમેક થઇને રહેલા જીવ દ્રવ્યો. ગત એટલે પરસ્પરના સંબંધવાળા પરિણામથી પરિણત, અર્થાત્ રૂપસહગત એટલે ચેતનાવાળા શરીરો. (ભાવાર્થ- રૂપ એટલે રૂપી પુદ્ગલદ્રવ્યો. રૂપ સહગત એટલે જીવતા જીવના શરીરો.) રૂપ અને રૂપસહગત સંબંધી મૈથુન દ્રવ્યથી છે. ક્ષેત્રથી હમણાં જ કહ્યું તેમ જાણવું, અર્થાત્ ત્રણ લોકમાં મૈથુન સેવવું તે ક્ષેત્રથી મૈથુન છે. કાળ અને ભાવ પૂર્વવત્ જાણવા. ભાવ આત્માના રાગ-દ્વેષરૂપ પરિણામ છે. એથી प्रमत्तयोगाद् એ પદ અહીં ચાલ્યું આવતું હોવા છતાં ઉપયોગી નથી. જ્યાં અપ્રમત્ત બનીને મૈથુન સેવન થાય ત્યાં કર્મબંધ ન થાય. ત્યાં પ્રમત્તયોગનું ગ્રહણ સાર્થક થાય. કર્મબંધ પ્રાણાતિપાતની જેમ પ્રમત્તને થાય, અપ્રમત્તને નહિ. અહીં રાગ-દ્વેષના અનુસરણનો વિચ્છેદ ન થયો હોવાથી સર્વ અવસ્થામાં મૈથુન સેવનારને કર્મબંધ થાય. કહ્યું છે કે- (कामम्=) અમને આ અનુમત છે કે (सर्वेष्वपि पदेषु=) સઘળા મૂલોત્તરગુણોમાં ઉત્સર્ગ-અપવાદ(=નિષેધ-અનુજ્ઞા) એ બંને યુક્ત છે તો પણ અબ્રહ્મસેવનને છોડીને તેમાં ઉત્સર્ગ જ યુક્ત છે. કારણ કે અબ્રહ્મ સેવન રાગ-દ્વેષ વિના ન થાય." (બૃહત્કલ્પ ચોથો ઉદેશો ગાથા-૪૯૪૪)

આથી અહીં પ્રમત્ત શબ્દનું ગ્રહણ નિરર્થક જ છે. અથવા મંડૂકપ્લુતિ[1] ન્યાયથી અધિકારની અનુવૃત્તિ થાય છે. (આથી અહીં प्रमत्तयोगाद् એ પદની અનુવૃત્તિ નથી.)

---

૧. મંડૂક એટલે દેડકો. પ્લુતિ એટલે કૂદીને જવું. જેમ દેડકો કૂદતો કૂદતો વચલી ભૂમિને સ્પર્શતો નથી તેમ જ્યાં સૂત્રોમાં વચ્ચે વચ્ચે અનુવૃત્તિ ન હોય ત્યાં મંડૂકપ્લુતિ ન્યાય લાગુ પડે.

અસંખ્ય લોકાકાશ પ્રદેશ પરિમાણ મહાન હોવાથી આત્મા બ્રહ્મ છે. મૈથુનાનુસ્મૃતિ, સંસ્કાર, સ્પૃહા, ઇંદ્રિયાલોક, વૃષ્યરસ[1] વિષય, વિકથા, સત્કૃતિ[2], સંસક્ત[3] અને સેવા[4] એ દશ પ્રકારના અબ્રહ્મથી નિવૃત્ત થયેલો અને બ્રહ્મને આચરતો આત્મા જ બ્રહ્મ શબ્દથી વાચ્ય છે, અર્થાત્ આત્મા જ બ્રહ્મ છે. चरणं=चर्यम् આત્મામાં ચરવું=રહેવું, બ્રહ્મનું સેવન કરવું, આત્મામાં રમવું=વિશ્રામ કરવો, સ્ત્રી આદિ બાહ્ય વસ્તુમાં ચિત્ત ન રાખવું. આથી કૃત-કારિત-અનુમતિથી યુક્ત મન-વચન-કાયાથી સ્ત્રીનો સર્વથા ત્યાગ કરવો એ બ્રહ્મચર્ય છે. કેમકે ઇંદ્રિયના દ્વારોનો સંવર કર્યો હોવાથી આત્મામાં જ વૃત્તિ છે. તેનાથી વિપરીત અબ્રહ્મ છે.

અબ્રહ્મમાં તીવ્ર રાગના પરિણામવાળા સંકલ્પથી પ્રેરાયેલ દંતક્ષત, દઢ આલિંગન અને શરીરે સુગંધિદ્રવ્ય વિલેપનરૂપ કાયવ્યાપાર તથા મૈથુન સેવન કાળે થનાર મનોહર અવ્યક્તધ્વનિનો પ્રલાપ (વગેરે) અનેક પ્રકારનો વચનવ્યાપાર હોય, મિથ્યાત્વ વડે આત્મામાં સંસ્કારિત કરાયેલા પરિમિત પ્રેમલેશથી જેમણે સ્વકલ્પનાથી અબ્રહ્મમાં મનોજ્ઞતાનું આરોપણ કર્યું છે તેવા અને થયેલી અમાપ વિષયતૃષ્ણાથી જેમની બુદ્ધિ ચોરાઇ ગઇ છે તેવા પુરુષોને અબ્રહ્મ અતિશય દૂબળા કરે છે.

અનુકૂળ હોવાથી અબ્રહ્મ દુઃખેથી તજી શકાય તેવું હોવા છતાં અશુચિ વગેરે ભાવનાસમૂહને ભાવવાથી કામદેવના પ્રસરનો તિરસ્કાર કરનારા વિવેકી જીવો તેનો ત્યાગ કરે છે.

જેનું લક્ષણ કહી દીધું છે તે જ આ અબ્રહ્મને ભાષ્યથી પ્રકાશિત કરતા આચાર્ય કહે છે- 'स्त्रीपुंसयोः' इत्यादि, स्त्री च पुमांश्च=स्त्रीपुंसौ[5] । "अचतुरादि" (પા.અ.૫ પા.૪ સૂ.૭૭) એ સૂત્રથી સ્ત્રીપુંસ શબ્દ બન્યો

૧. કામને પ્રદીપ્ત કરે તેવા રસવાળો આહાર કે ઔષધ વૃષ્યરસ છે.
૨. સત્કૃતિ-અબ્રહ્મ પ્રત્યે આદર કરવો તે સત્કૃતિ દોષ.
૩. સ્ત્રીઓ વગેરેથી સંસક્ત વસતિમાં રહેવું તે સંસક્ત દોષ.
૪. અબ્રહ્મનું સેવન કરવું તે સેવા દોષ છે.
૫. સિદ્ધહેમ શબ્દાનુશાસનના આધારે "स्त्रियाः पुंसो द्वन्द्वाश्च" (૭-૩-૯૬) એ સૂત્રથી સ્ત્રીપુંસ શબ્દ બન્યો છે.

છે. જેમને વેદનો તીવ્રપરિણામ ઉત્પન્ન થયો છે તેવા સ્ત્રીપુરુષનો મિથુનભાવ મોહકર્મના ઉદયથી ક્લિષ્ટ ચિત્તપરિણામરૂપ છે. સ્ત્રી-પુરુષનું ગ્રહણ કર્યું હોવાથી જ અને કૃત (કૃદંત), તદ્ધિત અને સમાસ નામરૂપ હોવાથી જ પરસ્પર આલિંગન થયે છતે સુખને મેળવવાની ઈચ્છાવાળા અને જેમને વેદનો ઉદય થયો છે તેવા સ્ત્રીપુરુષનો મૈથુનભાવ વિશિષ્ટ પ્રકારની મૈથુનક્રિયાને જણાવનાર છે, પણ પ્રયોજનવશાત્ માત્ર નજીકના સ્થાનમાં રહેલ સ્ત્રી-પુરુષનું યુગલ મિથુનભાવ કે મિથુનક્રિયા ન કહેવાય. તેથી ચૈત્યવંદનાદિ ક્રિયામાં નજીકમાં બેઠેલા સ્ત્રી અને સાધુમાં મિથુનભાવનો પ્રસંગ ન આવે.

તદબ્રહ્મ એ સ્થળે રહેલા તદ્ શબ્દથી સ્ત્રી-પુરુષ આદિ રૂપ મિથુનભાવ કે મૈથુનક્રિયા વિવક્ષિત છે. આ બધું મૈથુન અબ્રહ્મ છે એમ ઉપસંહાર વચન દ્વારા પરામર્શ કરાય છે. મૈથુનક્રિયામાં સ્ત્રી-પુરુષ પ્રધાન હોવાથી અહીં સ્ત્રી-પુંસનું ગ્રહણ કર્યું છે. સ્ત્રી-પુંસનું ગ્રહણ પૂર્વોક્ત સઘળા વિકલ્પોને જણાવવા માટે છે. સ્ત્રી-પુરુષનો મિથુનભાવ પ્રધાન છે. શેષ વિકલ્પો (સ્ત્રી-પુરુષથી) ભિન્ન લોકોએ આચરેલા છે. સ્ત્રી-પુરુષના ગ્રહણથી તે બધાય વિકલ્પો સૂચિત કર્યા છે.

અનર્થની પરંપરા કરનારું અબ્રહ્મનું મૂળ સંક્ષેપથી રાગ-દ્વેષ-મોહ છે, અર્થાત્ રાગ-દ્વેષ-મોહથી થનારું છે.

**રાગથી–** પરસ્ત્રીગમનના લાભ માટે, સત્કાર માટે અને પોતાના મિત્રની રક્ષા માટે અબ્રહ્મને સેવે છે.

**દ્વેષથી–** દ્વેષનો બદલો વાળવા માટે (જેની સાથે દ્વેષ હોય તેની સ્ત્રીની સાથે) અબ્રહ્મને સેવે.

**મોહથી–** બહેન આદિને ભોગવવી વગેરે (નિંદ્ય) આચરણ જેમની વિષયપિપાસાનો વિચ્છેદ નથી થયો તેવા જીવો કરે છે.

જેમની રાગાદિરૂપ રજ શાંત થઇ ગઇ છે તેવા સાધુઓ વિવેકના સામર્થ્યથી અબ્રહ્મનો બધી રીતે ત્યાગ કરે છે. (૭-૧૧)

**भाष्यावतरणिका–** अत्राह- अथ परिग्रहः क इति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–** અહીં કહે છે- હવે પરિગ્રહ શો છે ? અહીં કહેવાય છે.

**टीकावतरणिका–** अत्राहेत्यादिना सम्बन्धकथनं, अवधृतहिंसादिलक्षणचतुष्टयोऽपरलक्षणाभिधानप्रस्तावे प्रश्नयति, अथ परिग्रहः क इति, अथाब्रह्मानन्तरं परिग्रह उपदिष्टः स किं ?, लक्षणविषयः प्रश्नः, आचार्य आह-अत्रोच्यते, अत्र लक्षणप्रश्नेऽभिधीयते, बाह्याध्यात्मिकोपधिविशेषसंरक्षणसमुपार्जनसंयोगपर्येषणा या सैव हि शब्दान्तरनिर्दिष्टा–

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિથી સંબંધનું કથન છે. હિંસાદિ ચારના લક્ષણોનું અવધારણ કરનાર શિષ્ય અન્ય લક્ષણને કહેવાના અવસરે પ્રશ્ન કરે છે. હવે પરિગ્રહ શું છે ? અબ્રહ્મ પછી પરિગ્રહનો ઉપદેશ આપ્યો છે. તે પરિગ્રહનું લક્ષણ શું છે ? એવો પ્રશ્ન છે. આચાર્ય કહે છે કે, લક્ષણના પ્રશ્નમાં ઉત્તર કહેવાય છે–

બાહ્ય-અભ્યંતર ઉપકરણવિશેષનું સંરક્ષણ, સમુપાર્જન અને સંયોગ થાય એ માટે જે શોધ કરવી તે જ અન્યશબ્દથી(=મૂર્છાશબ્દથી) નિર્દિષ્ટ છે.

**પરિગ્રહની વ્યાખ્યા–**

## मूर्च्छा परिग्रहः ॥७-१२॥

**સૂત્રાર્થ–** મૂર્છા પરિગ્રહ છે. (૭-૧૨)

**भाष्यं–** चेतनावत्स्वचेतनेषु च ब्राह्याभ्यन्तरेषु द्रव्येषु मूर्च्छा परिग्रहः । इच्छा प्रार्थना कामोऽभिलाषः काङ्क्षा गार्ध्यं मूर्च्छेत्यनर्थान्तरम् ॥७-१२॥

**ભાષ્યાર્થ–** ચેતનાવાળા અને ચેતના રહિત બાહ્ય-અભ્યંતર દ્રવ્યોમાં મૂર્છા એ પરિગ્રહ છે.

ઈચ્છા, પ્રાર્થના, કામ, અભિલાષા, કાંક્ષા, ગાર્ધ્ય, મૂર્છા આ બધા શબ્દોનો એક જ અર્થ છે. (૭-૧૨)

**टीका–** अत्र प्रमत्तयोगादित्यनुवर्त्तते, मूर्च्छेति 'मूर्च्छा मोहसमुच्छ्राययोः' मूर्च्छ्यतेऽनया आत्मेति मूर्छा-लोभपरिणतिस्तयाऽऽत्मा मोहमुपनीयते-विवेकाद् प्रच्याव्यते, प्रच्युतविवेकश्च प्रतिविशिष्टलोभकषायोपरागादसमञ्जसप्रवृत्तिप्रवणोऽयमात्मा कार्यमकार्यं वा न किञ्चिच्चेतयते, समुपगूढमूढिस्तृष्णापिशाचिकावशीकृतचेतोवृत्तिश्चेष्टतेऽन्धबधिरवदनालोचितगुणदोषः, समुच्छ्रायो वा मूर्च्छा, समुच्छ्रीयते-प्रतिक्षणमुपचीयतेऽयमात्मा लोभोपरागबलानुरञ्जितो हिंसादिदोषैः, अतः सकलदोषाग्रणीर्लोभः, तथा च लुब्धो हिंसादिषु निरारेकं प्रवर्त्तते, तनयः पितरमपि हिनस्ति भ्रातरं सहजः पिताऽऽत्मजमेवं जामिजनीपत्न्यादयोऽपि वाच्याः, गृहीतोत्कोचश्च कूटसाक्षित्वदायी ह्यनृतं भाषते, बलप्रकर्षात् पथि मुष्णाति पथिकजनं, खनति क्षत्रमपि, चौर्यात् लाभलोभाच्च राजादियोषितमप्यभिगच्छति, सर्वथा न कश्चन भावो बहिरन्तर्वा समासन्नो दूरदेशवर्ती वा मनोहरदर्शनः प्रतिकूलो वा यमयं विजह्याद्भावेन, प्रचुरतरानिष्टसंपादनलघूनि चोपनीयन्ते दुश्चरितानि लोभभुजङ्गेन, अनेन पथीकृतः परमगौरवायतनेऽपि विषयपरिगार्ध्येन परिस्खलतीति मूर्च्छा लोभ इति निरचायि सर्वैः प्रकारैः, सा च मूर्च्छा लोभलक्षणा अभ्यन्तरबहिर्विषयालम्बना, तत्राभ्यन्तरो विषयः चतुर्दशविधः, तद्यथा-रागद्वेषक्रोधमानमायालोभमिथ्यादर्शनहास्यरत्यरतिभयशोकजुगुप्सावेदाख्यः, बहिरपि वास्तुक्षेत्रधनधान्यशय्यासनयानकुप्यद्वित्रिचतुष्पाद्भाण्डाख्य इत्येतावद्विषयो मूर्च्छायाश्चेतःपरिणामरूपायाः, एते रागादयः परिग्रहहेतुत्वान्मूर्च्छा, वास्त्वादयश्च ममेत्येवमज्ञानाद्विषयीकृताः कालुष्यवताऽऽत्मनाऽनेकविधजन्मग्रन्थिस्थिरीकरणायापर्यालोचितपूर्वापरभावेन परिग्रहोऽभिधीयते, परिगृह्यत इति परिग्रहः, लोभानुरक्तचित्तवृत्त्या स्वीक्रियत इतियावत्, परिणामविशेषो मूर्च्छा, सैव च परिग्रहसद्भावपरिणामादात्मनो हिंसादिवत् प्रमत्तयोगानुवृत्तिसामर्थ्यात् सङ्क्षेपतो रागद्वेषमोहमूला

मूर्च्छा, तद्विरहितस्याप्रमत्तकायवाङ्मनोव्यापारस्य तु संयमोपकारिषूपधि-शय्याऽऽहारशरीरेष्वागमानुज्ञातेषु न समस्ति मूर्च्छा, यथोक्तं-

"जंपि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं ।
तंपि संजमलज्जट्ठा, धारंति परिहरंति य ॥१॥"

न च योग्योपकरणकलापादृते साध्यार्थसिद्धिरस्ति, येऽपि मूढाः पात्रवस्त्राद्यागमोक्तं मुक्तिसाधनमुपकरणमहिंसाव्रतपरिपालनप्रत्यलं न परिगृह्णते तैरपि जघन्यतः शरीराहारशिष्यादिपरिग्रहोऽवश्यंतया कार्य एवेति न परमनालोच्यैवोपलब्धुमर्हन्तीति, अल्पबहुत्वाद्विशेष इति चेदित्यप्यसत्, दरिद्रस्य द्रविणमल्पं महर्द्धिकस्य प्रभूतमिति न दुर्गतोऽपरिग्रह इत्युच्यते, तस्मात् मूर्च्छालक्षण एव परिग्रहो, नेतर इत्यवश्यंतया प्रतिपत्तव्यमवशेनापीति,

प्रकृतमुच्यते, मूर्च्छालक्षितपरिग्रहनिर्दिदिक्षया भाष्यकृदाह-चेतनावत्स्वित्यादि चेतना-चैतन्यं ज्ञानदर्शनोपयोगः स येषु विद्यते ते चेतनावन्तस्तेषु चेतनावत्सु-एकद्वित्रिचतुष्पञ्चेन्द्रियेषु, अचेतनेषु च प्रायो वास्त्वादिषु, बाह्याभ्यन्तरभेदभाक्षु रागादिष्वात्मपरिणामेषु मूर्च्छा, द्रव्येष्विति विषयनिर्देशः, क्वचिद् पुद्गलद्रव्यमेव शुद्धं क्वचिदात्मप्रदेशसंयुक्तमिति, द्रव्यग्रहणाच्चतुर्विधं परिग्रहं सूचयति, क्षेत्रतो ग्रामनगराद्यवच्छिन्नता द्रव्यस्य, कालतो रात्रिंदिवव्यवच्छिन्नता, भावत इति प्रतिविशिष्टवस्तूपलम्भे महार्घे सति अतिशयवती मूर्च्छा प्रजायते, मध्ये मध्या, जघन्ये जघन्येति, मूर्च्छायाश्चासंमोहार्थमिच्छादीन् पर्यायानाचष्टे भाष्यकारः-इच्छा शतधनः सहस्रमिच्छति सहस्रधनो लक्षमिच्छतीत्यादिपरम्परया सकलेन त्रैलोक्येनापि न ध्रायति, प्रकर्षेणार्थना प्रार्थना तन्निष्ठत्वात् अविद्यमानकिञ्चनमात्रोऽपि परमेव याचते तृष्णया वशीकृतः, कमनं कामो यथाप्रधानद्रव्यकामिता यद्यद्गुणवद्द्रव्यं तत्तदनुरुध्यत इतियावत्, अभिलाषस्तु मानस एव व्यापारः, परर्द्धिदर्शनादाक्षिप्त-

चेतोवृत्तिर्मनसाऽभिलषति-एवं ममापि यदि भवेयुः सम्पद इति, काङ्क्षणं काङ्क्षा अर्जनमतिपरिणामाविच्छेदः, गृद्ध्यतीति गर्द्धः, पचाद्यच्, गर्द्धो गृद्ध इत्येकोऽर्थः, यथाऽऽमिषार्थी गृध्रो दूरत एवालोक्य चक्षुषा सम्पतति, एवं लोभकषायनिघ्ना यानि यानि द्रव्योत्पत्तिधामानि तेषु सम्पत्य किञ्चिदासादयन्ति, अतो गर्द्धस्य भावः कर्म्म वा गार्द्ध्यं, मूर्च्छा प्राग्व्याख्यातैव, अर्थादन्योऽर्थान्तरं नार्थान्तरमनर्थान्तरं, सर्व एवायमेवंप्रकारको लोभकषायकलिर्विजृम्भते, न कश्चिद्भेद इति ॥७-१२॥

**ટીકાર્થ–** અહીં प्रमत्तयोगाद् એ પદ ઉપરથી ચાલ્યું આવે છે. 'मूर्च्छा' इति, मूर्च्छ् ધાતુ મોહ અને સમુચ્છ્રાય અર્થમાં છે. આત્મા જેનાથી આસક્ત થાય તે મૂર્છા. મૂર્છા એટલે લોભપરિણામથી આત્મા મોહ પાસે લઈ જવાય છે, અર્થાત્ વિવેકથી ભ્રષ્ટ કરાય છે. વિવેકથી ભ્રષ્ટ અને વિશિષ્ટ લોભકષાયની વાસનાથી અયોગ્ય પ્રવૃત્તિમાં તત્પર આ આત્મા કાર્યને કે અકાર્યને જરાય જાણતો નથી. મૂર્ખતાને ભેટનાર, તૃષ્ણારૂપ પિશાચણીથી વશ કરાયેલ ચિત્તવૃત્તિવાળો અને ગુણ-દોષની વિચારણાથી રહિત આત્મા અંધ-બધિરની જેમ ચેષ્ટા કરે છે. અથવા મૂર્છા એટલે સમુચ્છ્રાય. લોભની વાસનાના બળથી રંગાયેલો આત્મા પ્રતિક્ષણ હિંસાદિ દોષોથી પુષ્ટ થાય તે સમુચ્છ્રાય. આથી લોભ સઘળા દોષોમાં મુખ્ય દોષ છે. લુબ્ધ આત્મા હિંસાદિમાં નિઃશંકપણે પ્રવૃત્તિ કરે છે. પુત્ર પિતાને પણ હણે છે, ભાઈ ભાઈને હણે છે. પિતા પુત્રને હણે છે. એ પ્રમાણે બહેન, માતા અને પત્ની આદિ અંગે પણ કહેવું. લાંચ લઈને ખોટી સાક્ષી આપનાર અસત્ય બોલે છે, બળના જોરથી રસ્તામાં મુસાફર લોકને લૂંટે છે, ખાતર પાડે છે. ચોરીથી અને લાભના લોભથી રાજા આદિની સ્ત્રીને પણ ભોગવે છે. બાહ્ય કે અભ્યંતર, નજીક કે દૂર રહેલ, મનોહર દર્શનવાળો કે પ્રતિકૂળ હોય એવો કોઈ ભાવ નથી કે જેને લોભી પુરુષ સર્વથા છોડે. લોભરૂપ સર્પ વડે જીવ અતિશય ઘણા અનિષ્ટોની

પ્રાપ્તિ કરાવવાના કારણે હલકા દુષ્ટ આચરણોની પાસે લઈ જવાય છે. ધર્મમાર્ગમાં પણ કરાયેલો જીવ લોભથી પરમ ગૌરવના સ્થાનમાં પણ વિષયની ગૃદ્ધિથી સ્ખલના પામે છે. આ પ્રમાણે મૂર્છા એટલે લોભ એમ બધી રીતે નિશ્ચય કરાયો.

લોભરૂપ મૂર્છા અભ્યંતર અને બાહ્ય વિષયના આલંબનવાળી છે. તેમાં અભ્યંતર વિષય ચૌદ પ્રકારનો છે. તે આ પ્રમાણે- રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાદર્શન, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા અને વેદ. વાસ્તુ, ક્ષેત્ર, ધન, ધાન્ય, શય્યા, આસન, યાન, કુપ્ય, દ્વિપદ, ત્રિપદ, ચતુષ્પદ અને વાસણ(=ઘરવખરી) એ બાહ્ય વિષય છે. આ પ્રમાણે ચિત્તપરિણામરૂપ મૂર્છાનો આટલો વિષય છે. આ રાગાદિ પરિગ્રહનું કારણ હોવાથી મૂર્છારૂપ છે. વાસ્તુ વગેરે તો પૂર્વાપર ભાવનો વિચાર કર્યા વિના અજ્ઞાનતાથી અનેક પ્રકારના જન્મરૂપ ગાંઠને મજબૂત કરવા માટે કલુષિત આત્મા વડે આ મારા છે એ પ્રમાણે મમત્વના વિષય કરાયેલા પરિગ્રહ કહેવાય છે. જે ગ્રહણ કરાય, અર્થાત્ લોભથી રંગાયેલ ચિત્તવૃત્તિથી જે સ્વીકારાય, તે પરિગ્રહ. પરિણામવિશેષ મૂર્ચ્છા છે. આત્માના પરિગ્રહ સદ્ભાવના પરિણામથી તથા 'પ્રમત્તયોગ' એ અર્થની અનુવૃત્તિના સામર્થ્યથી હિંસાદિની જેમ મૂર્છાનું મૂળ સંક્ષેપથી રાગ-દ્વેષ-મોહ છે. રાગ-દ્વેષ-મોહથી રહિત અને અપ્રમત્ત કાય-વચન-મનના વ્યાપારવાળા મુનિને આગમમાં અનુજ્ઞાત અને સંયમમાં ઉપકારી એવા ઉપધિ-શય્યા આહાર-શરીરમાં મૂર્છા નથી. કહ્યું છે કે- જે પણ વસ્ત્ર, પાત્ર, કામળી કે રજોહરણને રાખે છે અથવા (परिहरंति=)પહેરે છે તે સંયમ માટે અને લજ્જા માટે છે. (દશ વૈ. અ.૬ ગા.૨૦) યોગ્ય ઉપકરણસમૂહ વિના સાધ્યઅર્થની સિદ્ધિ થતી નથી. મૂઢ જેઓ આગમોક્ત, મુક્તિસાધન અને અહિંસાવ્રતના પાલન માટે સમર્થ એવા વસ્ત્રાદિ ઉપકરણને ગ્રહણ કરતા નથી તેમનાથી પણ જઘન્યથી શરીર-આહાર-શિષ્યાદિનો પરિગ્રહ અવશ્ય કરાય છે. આથી તેઓ વિચાર્યા વિના પરને ઠપકો આપવાને નીકળ્યા છે તે જરા પણ ઉચિત નથી.

**પૂર્વપક્ષ–** ઓછો-વધારે હોવાથી બંનેમાં ભેદ છે.

**ઉત્તરપક્ષ–** આ પણ સત્ય નથી. દરિદ્રની પાસે ધન અલ્પ હોય, મહર્ધિકની પાસે ધન ઘણું હોય આથી દરિદ્ર અપરિગ્રહી નથી કહેવાતો. આથી મૂર્છારૂપ જ પરિગ્રહ છે, અન્ય નહિ એમ સ્વતંત્રપણે પણ સ્વીકારવું જોઇએ.

હવે પ્રસ્તુત કહેવાય છે. મૂર્છાથી ઓળખાયેલા પરિગ્રહનો નિર્દેશ કરવાની ઇચ્છાથી ભાષ્યકાર કહે છે- 'चेतनावत्सु' इत्यादि, ચેતના એટલે ચૈતન્ય. ચૈતન્ય એટલે જ્ઞાન-દર્શનનો ઉપયોગ. જ્ઞાન-દર્શનનો ઉપયોગ જેમનામાં હોય તે ચેતનાવાળા. એકેંદ્રિય-બેઇંદ્રિય-તેઇંદ્રિય-ચઉરિંદ્રિય-પંચેંદ્રિય ચેતનાવાળા છે. વાસ્તુ વગેરે પ્રાયઃ ચેતનારહિત છે. બાહ્ય-અભ્યંતર ભેદવાળા દ્રવ્યોમાં મૂર્છા એ પરિગ્રહ છે. (વાસ્તુ વગેરે બાહ્યદ્રવ્યો છે. આત્માના પરિણામરૂપ રાગાદિ અભ્યંતર છે.) આત્મપરિણામરૂપ રાગાદિમાં મૂર્છા એ પરિગ્રહ છે. દ્રવ્યેષુ એ પ્રમાણે વિષયનો નિર્દેશ કર્યો છે. ક્યાંક શુદ્ધ પુદ્ગલદ્રવ્ય જ વિષય છે, ક્યાંક આત્મપ્રદેશોથી સંયુક્તદ્રવ્ય વિષય છે.

[1]દ્રવ્ય શબ્દના ઉલ્લેખથી ચાર પ્રકારના પરિગ્રહનું સૂચન કરે છે. **ક્ષેત્રથી**- દ્રવ્યની ગામ-નગર આદિની મર્યાદા છે, અર્થાત્ ક્ષેત્રથી પરિગ્રહ ગામ-નગરાદિમાં છે. **કાળથી**- રાત્રિ-દિવસની મર્યાદા છે, અર્થાત્ કાળથી પરિગ્રહ રાતે કે દિવસે છે. **ભાવથી**- ભાવથી પરિગ્રહ આ પ્રમાણે છે- વિશિષ્ટ દ્રવ્ય પ્રાપ્ત થતાં જો એ દ્રવ્ય બહુ કિંમતી હોય તો અતિશય મૂર્છા થાય, મધ્યમ હોય તો મધ્યમ મૂર્છા થાય, જઘન્ય હોય તો જઘન્ય મૂર્છા થાય.

મૂર્છાના અર્થમાં અજ્ઞાનતા ન રહે એ માટે મૂર્છા શબ્દના ઇચ્છા વગેરે પર્યાયોને કહે છે–

**ઇચ્છા–** જેની પાસે સો રૂપિયા છે તે હજારને ઇચ્છે છે. જેની પાસે હજાર છે તે લાખને ઇચ્છે છે. ઇત્યાદિ પરંપરાથી સંપૂર્ણ ત્રણ લોકથી ધરાતો નથી.

૧. દ્રવ્યથી પરિગ્રહ ઉપર બતાવી દીધેલ છે.

**પ્રાર્થના–** પ્રકર્ષથી અર્થના(=યાચના) કરવી તે પ્રાર્થના. યાચનામાં જ શ્રદ્ધા હોવાથી જેની પાસે કંઇ પણ નથી, તૃષ્ણાથી વશ કરાયેલ તે પણ અધિકની જ યાચના કરે છે.

**કામ–** ઇચ્છવું તે કામ. જે પ્રમાણે ઉત્તમદ્રવ્ય હોય તેની કામના કરવી, અર્થાત્ જે જે ગુણવાનદ્રવ્ય હોય તેની તેની આશા રાખે છે.

**અભિલાષ–** અભિલાષ માનસિક જ વ્યાપાર છે. પરની ઋદ્ધિ જોવાથી જેની ચિત્તવૃત્તિ ઋદ્ધિ તરફ ખેંચાણી છે એવો જીવ અભિલાષા રાખે છે કે આ પ્રમાણે મારી પણ સંપત્તિ થાઓ.

**કાંક્ષા–** काङ्क्षणं काङ्क्षा । કાંક્ષા એટલે મેળવવાની મતિના પરિણામનો વિચ્છેદ ન થવો.

**ગાર્ધ્ય–** જે ગૃદ્ધિ(=આસક્તિ) કરે તે ગર્ધ. "पचाद्यच्" એ સૂત્રથી अच् પ્રત્યય થયો છે. ગર્ધ અને ગૃધ એ બંને શબ્દોનો એક અર્થ છે. જેવી રીતે માંસનો અર્થી ગીધપક્ષી આંખથી દૂરથી જ જોઇને ત્યાં આવી પડે છે. તેવી રીતે લોભ કષાયને આધીન બનેલા જીવો દ્રવ્યોત્પત્તિના જે જે સ્થાનો હોય તે સ્થાનોમાં આવીને કંઇક મેળવે છે. આથી ગર્ધનો ભાવ કે ક્રિયા તે ગાર્ધ્ય.

**મૂર્છા–** મૂર્છાનું વ્યાખ્યાન પહેલાં કરેલું જ છે.

અર્થથી અન્ય તે અર્થાન્તર. અર્થાન્તર નહિ તે અનર્થાન્તર.

સઘળો ય આ આવા પ્રકારનો લોભકષાયરૂપ કલિયુગ વિકાસ પામે છે, કલિયુગ અને લોભકષાયમાં કોઇ ભેદ નથી. (૭-૧૨)

**भाष्यावतरणिका–** अत्राह– गृह्णीमस्तावद् व्रतानि । अथ व्रती क इति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–** અહીં કહે છે. વ્રતોને અમે સ્વીકારીએ છીએ= જાણીએ છીએ. હવે વ્રતી કોણ છે ? અહીં કહેવાય છે–

**टीकावतरणिका–** अत्राहेत्यादिना सम्बन्धमुपपादयति, अत्र हिंसादिलक्षणपरिसमाप्त्यवसरे पर आह–गृह्णीमस्तावदित्यादि, गृह्णीम इत्यवगच्छामः, इदं हिंसादिविरतयो व्रतानीति, तावच्छब्दः क्रमावद्योतनार्थः, क्रमश्चायं प्राग्व्रतपरिज्ञानं पश्चात् तत्सम्बन्धमात्रादेव किं व्रतित्वमथ प्रतिविशिष्टसम्बन्धाद् व्रतित्वमिति संदिहानस्य प्रश्नः, ननु च यस्योक्तलक्षणानि तानि सन्ति स व्रती, किमास्पदः सन्देहः ?, उच्यते विशिष्ट एव सम्बन्धे व्रतित्वं, नात्र मत्वर्थीयः सम्बन्धसामान्यमात्रविवक्षायां, किं तर्हि ?, विशिष्टस्य सम्बन्धिनो व्रताभिसम्बन्धाद् व्रतित्वं, तथा चाह–

"भूमनिन्दाप्रशंसासु, नित्ययोगातिशायने ।
संसर्गेऽस्ति विवक्षायां, भवन्ति मतुबादयः ॥१॥"

इति प्रशंसायामिनिः प्रत्ययो भूमार्थेऽतिशायने वा, तत्र प्रशंसार्थे मिथ्यादर्शननिदानमायाशल्यादिरहितत्वात् प्रशस्तस्य सम्बन्धिनो व्रताभिसम्बन्धाद् व्रतित्वम्, अतिशायनार्थेऽप्ययमेव, मिथ्यादर्शनाद्यपगमात् प्रकृष्टस्य सम्बन्धिनो व्रताभिसम्बन्धात् व्रतित्वम्, भूमार्थेऽपि पूर्वोक्तभावनाभिः स्थिरीकृतचेतसोऽपायावद्यदर्शिनो विचक्षणस्य सर्वसंसारिक्रियाकलापदुःखबुद्ध्या निरुत्सुकविषयकुतूहलस्य मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यप्रणिधानापादितसौहार्दस्य जन्ममरणपरिखेदितमतेरवलोकितशरीरस्वभावस्य मुक्तिं प्रत्यवहितचेतसो मायानिदानमिथ्यादर्शनशल्यशून्यस्य व्रताभिसम्बन्धाद् व्रतित्वमिति चेतसि सन्निवेश्याचार्यः अत्रोच्यत इत्याह–

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિથી આગળના સૂત્રની સાથે સંબંધને ઘટાવે છે. અહીં=હિંસાદિના લક્ષણની સમાપ્તિના અવસરે બીજો કહે છે. 'गृह्णीमस्तावद्' इत्यादि, હિંસાદિથી વિરતિ એ વ્રતો છે એમ અમે સ્વીકારીએ છીએ=જાણીએ છીએ.

તાવત્ શબ્દ ક્રમને જણાવવા માટે છે. ક્રમ આ છે- પહેલાં વ્રતનું સૂક્ષ્મ જ્ઞાન થાય, પછી વ્રતના માત્ર સંબંધથી વ્રતિપણું થાય કે વિશિષ્ટ સંબંધથી વ્રતિપણું થાય ? આ પ્રમાણે સંદેહ પામનારનો પ્રશ્ન છે.

**પૂર્વપક્ષ–** જેને ઉક્ત લક્ષણવાળા વ્રતો હોય તે વ્રતી. આમાં સંદેહને સ્થાન ક્યાં છે ?

**ઉત્તરપક્ષ–** અહીં વિશિષ્ટ જ સંબંધમાં વ્રતિપણું છે. માત્ર સામાન્ય સંબંધની વિવક્ષામાં મત્વર્થનો इन् પ્રત્યય નથી. તો શું છે ? વિશિષ્ટ સંબંધીનું વ્રતના સંબંધથી વ્રતિપણું છે. તે પ્રમાણે કહ્યું છે કે- "ભૂમન્, નિંદા, પ્રશંસા, નિત્યયોગ, અતિશાયન અને સંસર્ગમાં अस्ति(=છે)ની વિવક્ષામાં मतुप् વગેરે પ્રત્યયો થાય છે."

**અર્થ– ભૂમન્** એટલે ઘણુંપણું-પુષ્કળપણું. જેમ કે ધનવાન. જેની પાસે ઘણું ધન હોય તેને ધનવાન કહેવાય. સો-બસો રૂપિયા જેની પાસે હોય તેને ધનવાન ન કહેવાય.

**નિંદા–** શંખાદકી. શંખાદક આવર્તવિશેષ છે, તે આવર્ત અશુભ ગણાય છે માટે નિંદા અર્થમાં इन् પ્રત્યય છે.

**પ્રશંસા–** रूपवती कन्या । કન્યા શ્રેષ્ઠ રૂપવાળી હોવાથી પ્રશંસા અર્થમાં वत् પ્રત્યય છે.

**નિત્યયોગ–** क्षीरिणो वृक्षाः । ક્ષીરવાળા વૃક્ષોમાં સદા ક્ષીર હોય છે. માટે નિત્યયોગમાં इन् પ્રત્યય છે.

**અતિશાયન–** बलवान् मल्लः મલ્લમાં બળ અતિશય હોવાથી અતિશાયન અર્થમાં वत् પ્રત્યય છે.

**સંસર્ગ–** दण्डी । અહીં દંડનો સંસર્ગ=સંયોગ હોવાથી સંસર્ગમાં इन् પ્રત્યય છે.

અહીં इन् પ્રત્યય પ્રશંસામાં ભૂમાર્થમાં કે અતિશાયનમાં છે.

**પ્રશંસામાં–** મિથ્યાત્વ-નિદાન-માયાશલ્યાદિથી રહિત હોવાથી પ્રશસ્ત સંબંધીનો વ્રતની સાથે સંબંધ હોવાથી વ્રતિપણું છે.

**અતિશાયન–** અતિશાયન અર્થમાં પણ એ પ્રમાણે જ છે. મિથ્યાત્વાદિ દૂર થવાથી પ્રકૃષ્ટ સંબંધનો વ્રતની સાથે સંબંધ હોવાથી વ્રતિપણું છે.

**ભૂમાર્થ–** ભૂમાર્થમાં પણ પૂર્વોક્ત ભાવનાઓથી જેણે ચિત્તને સ્થિર કર્યું છે તેવા, અપાયઅવદ્યનું દર્શન કરનાર, બુદ્ધિમાન, સંસારની સર્વ ક્રિયાસમૂહમાં દુ:ખબુદ્ધિ હોવાથી વિષયોના કુતૂહલની ઉત્સુકતાથી રહિત, મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ્યમાં ચિત્તની એકાગ્રતાના કારણે જેણે મિત્રતા પ્રાપ્ત કરી છે તેવા, જેની મતિ જન્મ-મરણથી ખેદ પામેલી છે તેવા, જેણે શરીરનો સ્વભાવ જોયો-જાણ્યો છે તેવા, મુક્તિ પ્રત્યે સાવધ ચિત્તવાળા અને માયા-નિદાન-મિથ્યાત્વશલ્યથી રહિતનો વ્રતોની સાથે સંબંધ થવાથી વ્રતિપણું છે, આ પ્રમાણે ચિત્તમાં રાખીને આચાર્ય "અહીં કહેવાય" છે એમ કહે છે–

**વ્રતીની વ્યાખ્યા–**

## निःशल्यो व्रती ॥७-१३॥

**સૂત્રાર્થ–** અહિંસાદિ વ્રતસહિત જે શલ્યરહિત હોય તે વ્રતી કહેવાય છે. (૭-૧૩)

**भाष्यं–** मायानिदानमिथ्यादर्शनशल्यैस्त्रिभिर्वियुक्तो निःशल्यो व्रती भवति । व्रतान्यस्य सन्तीति व्रती । तदेवं निःशल्यो व्रतवान् व्रती भवतीति ॥७-१३॥

**ભાષ્યાર્થ–** માયા-નિદાન-મિથ્યાદર્શન શલ્યોથી વિમુક્ત નિ:શલ્ય વ્રતી છે. વ્રતો જેને છે તે વ્રતી. આ પ્રમાણે શલ્યરહિત વ્રતવાળો જીવ વ્રતી છે.(૭-૧૩)

**टीका–** शलतीति शल्यमौणादिको यः प्रत्ययः, अन्तर्भिनत्ति कण्टकादि, तच्चावतिष्ठमानं वपुषि बलारोग्यपरिहाणिमापादयति शरीरिणस्तद्वन्मायानिदानमिथ्यात्वान्यन्तरात्मनि वर्त्तमानानि संयमस्वरूप-भेदित्वादनारोग्यमात्मनः क्लेशज्वरलक्षणं ज्ञानचरणवीर्यहानिं च

विदधतीत्यतः शल्यानीव शल्यानि, निष्क्रान्तः शल्येभ्यः प्राणातिपातादिविरतियुक्तो व्रती भवति, न शल्यवानिति, शल्यवतो व्रतित्वं नास्तीति सूत्रार्थः, न चात्र विकल्पः समुच्चयो वा वाक्यार्थः, विकल्पस्तावत् न भवति, निःशल्यो वा व्रती वेति, यतः समानकालानां निर्विकल्पेन प्रवृत्तिरिन्द्रियादिशब्दवत्, अभिधेयभेदश्चानयोर्निःशल्यव्रतिशब्दयोरतो न विकल्पः, नापि समुच्चयः समुच्चये हि कालभेदो दृश्यते, अहरहर्नीयमान इत्यादौ, तथेहाप्यन्यस्मिन् काले निःशल्योऽन्यत्र काले व्रती स्याद्, अनिष्टं चैतद्, इष्यते चैककालेन तदुभयमतोऽङ्गाङ्गीभावोऽत्राश्रीयते, निःशल्यताऽङ्ग अङ्गी व्रतीति, वाक्यार्थश्चायं-न हिंसादिविरमणमात्रसम्बन्धाद् व्रतीति, किं तर्हि ?, शल्यापगमे सति व्रतसम्बन्धाद् व्रतीति, बहुक्षीरघृतो गोमानिति यथा, तदभावे सतीष्वपि गोषु न गोमान् इति प्रधानानुविधायी च गुणो भवतीति, प्रधानमङ्गी व्रती निःशल्यता गुणोऽप्रधानमिति, तस्मादङ्गाङ्गीभावाभ्युपगमाददोष इति, आह च-

"निःशल्यस्यैव पुनः सर्वं व्रतमिष्यतेऽर्हता लोके ।
अभिहन्यते व्रतं खलु निदानमिथ्यात्वमायाभिः ॥१॥

एनमेवार्थं भाष्येण प्रतिपादयति मायेत्यादिना माया शाठ्यमुपधिः छद्म कषायविशेषः, शल्यशब्दः प्रत्येकमभिसम्बध्यते, मायाशल्यं निदानशल्यं मिथ्यादर्शनशल्यमिति, मिमीते परानिति माया तेन शल्येन परेषां सारासारप्रमाणमादत्त इति, इयन्त एत इति, सुखसाध्या गृहीतहृदयावष्टम्भानवष्टम्भाः, निदायते-लूयतेऽनेनेति निदानं-अध्यवसायविशेषो, देवेश्वरचक्रवर्तिकेशवादीनामृद्धीर्विलोक्य तदीययोषितां वा सौभाग्यगुणसम्पदमार्त्तध्यानाभिमुखीकृतः महामोहपाशसम्भूतः भूरितपस्वितापरिखेदितमनसाऽध्यवस्यति-ममाप्यमुष्य तपसः प्रभावादेवंविधा एव भोगा भवेयुर्जन्मान्तरे सौभाग्यादिगुणयोगश्चेत्येवं निदाति-लुनाति क्षुद्रत्वात् छिनत्ति मौक्त्यं सुखमिति, तच्च शल्यं

महदन्तर्व्यवस्थितमनेकेन शारीरेण मानसेन च दुःखेन योजयत्यात्मानं अतिभूरिभूतोपमर्दनादारम्भपरिग्रहत्वादिदोषापत्तिश्चेति, तत्त्वार्थाश्रद्धानं मिथ्यादर्शनं अभिगृहीतानभिगृहीतसन्देहभेदात्त्रिधा, तदेव शल्यं व्यालाग्निविषसमुद्रव्याधिकुपितनृपतिशत्रुवर्गादप्यधिकभयकारि जन्मान्तरशतसहस्रेष्वागामिष्वविच्छिन्नदुःखसन्तानसङ्कटप्रपातकारित्वात् संसारसागरपरिभ्रमणमूलकारणमशेषापायप्रभवमाजवंजवीभावविधायि गूढकर्म्मग्रन्थिविजृम्भमाणदुश्चिकित्सत्वविपाकमात्मसात् करोति, सर्वशल्यातिशायि मिथ्यादर्शनशल्यं, एवमेभिर्मायादिशल्यैः त्रिभिरिति त्रीण्येव शल्यानि तैर्वियुक्तो-विमुक्तोऽन्तर्विशुद्धिप्राशस्त्यान्निःशल्यो व्रती भवतीति, तदेतदनेन प्रतिपादयति-अन्तर्विशुद्धस्य मार्गवर्तिनो यथाशक्ति क्रियानुष्ठायिनः सम्यक्त्वार्जवानाशंसावतः सम्पूर्णव्रतित्वमिति, व्रते विशुद्धे च भाविन्यन्तर्विशुद्धिरिति, ननु च कषायाः कोपादयः सर्व एव शल्यं, मायैव निष्कृष्य किमिति शल्यतया नियम्यत इति, उच्यते, एषा हि लब्धात्मलाभा तिरोधाय कोपादीन् सतोऽप्यात्मसामर्थ्येन वर्त्तते, भुजङ्गीवोपचितविषा छलशतैर्निर्दयं दशति तथा यथा नास्याः कश्चित् साधुवर्गादृते सुकुशलोऽपि विषवेगं रुणद्धीत्यतः सकलदोषजातप्रच्छादन-निपुणकुलटाभा मायैव शल्यं, न शेषाः कषाया इति, प्रधानत्वा-त्तन्मूलत्वाच्च मायाशल्यग्रहणमतः शठतारहितो व्रतीति स्फुटमिदम्, आह च-

निःशल्यस्यैव पुनः सर्वं व्रतमिष्यतेऽर्हता लोके ।
उपहन्यते व्रतं खलु निदानमिथ्यात्वमायाभिः ॥१॥

निःशल्यतापूर्वकं व्रतित्वमिति प्रदर्शयन्नाह-व्रतान्यस्य सन्तीति व्रती, व्रतानि हिंसाविरमणादीनि तानि व्रतित्वमश्नुवते निःशल्यता आधार इति प्रागभिहितं, भूमप्रशंसातिशयनेषु मत्वर्थीयप्रत्ययविधानात् व्रतीति । तदेवमित्यादिना भाष्येण निगमयति प्रकृतमर्थं, निःशल्यो व्रतवान् व्रती भवतीति निःशल्यस्यैव व्रतित्वं, न सशल्यस्येति, उक्तमप्यर्थं भूय

आदराभिधानार्थमभिधत्ते, मतुबिनोश्च समावेशार्थं व्रती व्रतवानित्येकोऽर्थ इति ॥७-१३॥

**ટીકાર્થ–** જે પીડા કરે તે શલ્ય. અહીં શલ્ ધાતુથી ઉણાદિનો ય પ્રત્યય થયો છે. અંદર તૂટી જાય તે કાંટો વગેરે શલ્ય છે. શરીરમાં રહેલું શલ્ય જીવના બલ-આરોગ્યને હાનિ પહોંચાડે છે. તેવી રીતે અંતરમાં વર્તમાન માયા-નિદાન-મિથ્યાત્વ સંયમના સ્વરૂપને ભેદનારા હોવાથી (ક્લેશરૂપ જ્વર તે ક્લેશજ્વર) ક્લેશજ્વરરૂપ અનારોગ્યને અને જ્ઞાન-ચારિત્ર-વીર્યની હાનિને કરે છે. આથી (માયા આદિ) શલ્ય જેવા હોવાથી શલ્ય છે. શલ્યોમાંથી નીકળી ગયેલ અને પ્રાણાતિપાતાદિની વિરતિથી યુક્ત વ્રતી છે, શલ્યવાળો વ્રતી નથી. શલ્યવાળાને વ્રતિપણું નથી. એ પ્રમાણે સૂત્રાર્થ છે.

અહીં વિકલ્પ કે સમુચ્ચય વાક્યાર્થ નથી. નિઃશલ્ય હોય કે વ્રતી હોય એવો વિકલ્પ ન થાય. કારણ કે સમાનકાલીન પદાર્થોની વિકલ્પ વિના પ્રવૃત્તિ થાય છે. જેમકે ઇંદ્રિય વગેરે શબ્દ (પંચેંદ્રિય જીવને આશ્રયીને આંખ હોય કે કાન હોય ઇત્યાદિ વિકલ્પ ન હોય. આંખ વગેરે બધી ઇંદ્રિયો હોય.) નિઃશલ્ય અને વ્રતી એ બે શબ્દોનું અભિધેય ભિન્ન છે. (નિઃશલ્ય શબ્દનું અભિધેય શલ્યનો અભાવ છે, વ્રતી શબ્દનું અભિધેય વ્રતસહિતપણું છે.) આથી વિકલ્પ નથી. સમુચ્ચય પણ નથી. સમુચ્ચયમાં કાળભેદ જોવામાં આવે છે. જેમકે દિવસે દિવસે લઇ જવાતો. તેવી રીતે અહીં પણ (સમુચ્ચય અર્થ હોય તો) અન્યકાળે નિઃશલ્ય હોય અને અન્યકાળે વ્રતી હોય આ ઇષ્ટ નથી. બંને એકકાળે હોય એ ઇષ્ટ છે. આથી અંગાંગી ભાવનો આશ્રય કરવામાં આવેલ છે. નિઃશલ્યતા અંગ છે. વ્રતી અંગ છે. વાક્યાર્થ આ થાય- માત્ર હિંસાદિ વિરમણના સંબંધથી વ્રતી ન થાય. તો કેવી રીતે વ્રતી થાય ? શલ્ય દૂર થયે છતે વ્રતના સંબંધથી વ્રતી છે. જેમકે બહુ દૂધ-ઘીવાળો એવો ગાયવાળો. બહુ દૂધ-ઘીના અભાવમાં ગાયો હોય તો પણ ગાયવાળો ન કહેવાય. ગુણપ્રધાનની પાછળ કરનાર હોય=મુખ્યને અનુસરનારો હોય. અંગી વ્રતી મુખ્ય છે.

નિઃશલ્યતા ગુણ અપ્રધાન છે. તેથી અંગાંગીભાવનો સ્વીકાર કરવાથી દોષ નથી. કહ્યું છે કે- "તીર્થંકર વડે લોકમાં શલ્ય રહિતને જ સર્વવ્રત ઇચ્છાય છે, અર્થાત્ શલ્યરહિતને જ વ્રત હોય એમ તીર્થંકર કહે છે. નિદાન-મિથ્યાત્વ-માયાથી વ્રત હણાય છે."

આ જ અર્થને 'माया' ઇત્યાદિથી ભાષ્યથી જણાવે છે-

**માયા–** માયા, શાઠ્ય, ઉપધિ અને છદ્મ આ શબ્દો માયાના પર્યાયો છે. માયા કષાયવિશેષ છે. શલ્ય શબ્દનો માયાદિ પ્રત્યેક શબ્દની સાથે સંબંધ છે. માયા શલ્ય, નિદાન શલ્ય અને મિથ્યાદર્શન શલ્ય. બીજાઓને માપે તે માયા. માયા શલ્ય વડે બીજાઓના આ આટલા(=આવા) છે એમ સાર-અસારના પ્રમાણને ગ્રહણ કરે છે. જેમના હૃદયના અભિમાન અને નમ્રતા જણાઇ ગયા છે તે જીવો સુખેથી સાધી શકાય છે.

**નિદાન–** જેનાથી લણાય=કપાય તે નિદાન. નિદાન અધ્યવસાયવિશેષ છે. દેવેંદ્ર-ચક્રવર્તી-વાસુદેવ વગેરેની ઋદ્ધિને જોઇને અથવા તેમની સ્ત્રીઓની સૌભાગ્યગુણરૂપ સંપત્તિને જોઇને આર્તધ્યાનની સન્મુખ કરાયેલો જીવ અને મહામોહના પાશમાં જકડાયેલો જીવ ઘણા તપથી ખિન્ન કરાયેલા મનથી દૃઢ સંકલ્પ કરે છે કે- આ તપના પ્રભાવથી મને પણ ભવાંતરમાં આવા જ ભોગો અને સૌભાગ્યાદિ ગુણોનો યોગ થાઓ. આ પ્રમાણે ભૌતિકસુખ ક્ષુદ્ર હોવાના કારણે મુક્તિસુખને[૧] કાપે છે=છેદે છે. અંતરમાં રહેલું તે મોટું શલ્ય અતિશય ઘણા જીવોનો વિનાશ થવાથી અને આરંભ-પરિગ્રહ વગેરે દોષોની પ્રાપ્તિથી અનેક શારીરિક-માનસિક દુઃખોની સાથે આત્માને જોડે છે.

**મિથ્યાદર્શન–** તત્ત્વરૂપ જીવાદિ પદાર્થોની શ્રદ્ધા ન કરવી તે મિથ્યાદર્શન. મિથ્યાદર્શન અભિગૃહીત, અનભિગૃહીત અને સંદેહ એ ત્રણ ભેદથી ત્રણ પ્રકારે છે. મિથ્યાદર્શન એ જ શલ્ય છે. મિથ્યાદર્શન

૧. મુક્તિ શબ્દથી "તેનું આ" અર્થમાં (સિદ્ધહેમ ૬-૩-૧૬૦ સૂત્રથી) अण् પ્રત્યય થયો છે. मुक्ति+अण्=मौक्तम्

શલ્ય આગામી લાખો અન્ય જન્મોમાં અવિચ્છિન્ન દુઃખપ્રવાહના સંકટમાં પાડનારું હોવાથી સર્પ-અગ્નિ-વિષ-સમુદ્ર-વ્યાધિ-કુપિતરાજા-શત્રુવર્ગથી પણ અધિક ભય કરનારા સંસારસાગરમાં પરિભ્રમણનું મૂળકારણ, સઘળા અનર્થોની ઉત્પત્તિનું સ્થાન, સતત[1] (થનારા) ગૂઢ કર્મગ્રંથિથી વિકસતા અને દુઃખેથી જેનો પ્રતીકાર કરી શકાય તેવા કર્મવિપાકને આત્માને આધીન કરનારું અને સર્વ શલ્યોથી ચઢિયાતું છે.

'एभिः' इति આ ત્રણ જ શલ્યો છે. અંતરની વિશુદ્ધિરૂપ પ્રશસ્તતાના કારણે તે ત્રણ શલ્યોથી વિમુક્ત થયેલો નિઃશલ્ય જીવ વ્રતી છે.

આનાથી આનું પ્રતિપાદન કરે છે- અંતરમાં વિશુદ્ધ, માર્ગમાં રહેલ, યથાશક્તિ ક્રિયા કરનાર, સમ્યક્ત્વવાન, સરળ અને આશંસાથી રહિતને સંપૂર્ણ વ્રતીપણું હોય. વ્રત વિશુદ્ધ થયે છતે અંતરની વિશુદ્ધિ અવશ્ય[2] થાય.

**પ્રશ્ન–** ક્રોધ વગેરે બધા જ કષાયો શલ્ય છે. તો પછી માયાને જ ખેંચીને શલ્ય તરીકે માયાનું જ નિયમન કેમ કરાય છે ?

**ઉત્તર–** આત્મલાભને પામેલી(=ઉદયમાં આવેલી) માયા વિદ્યમાન પણ ક્રોધાદિને છૂપાવીને સામર્થ્યથી વર્તન કરે છે. સાપણની જેમ જેણે વિષને એકઠું કર્યું છે એવી માયા સેંકડો છળોથી નિર્દયપણે તે રીતે દંશે છે કે જેથી સાધુવર્ગ સિવાય સુકુશળ પણ કોઈ જીવ એના વિષવેગને રોકી શકતો નથી. આથી સર્વદોષસમૂહને ઢાંકવામાં કુશળ કુલટા સ્ત્રી જેવી માયા જ શલ્ય છે, શેષ કષાયો નહિ. સર્વ શલ્યોમાં માયા મુખ્ય હોવાથી અને અન્ય શલ્યોનું મૂળ માયા હોવાથી માયા શલ્યનું ગ્રહણ કર્યું છે. આથી શઠતાથી રહિત જીવ વ્રતી છે એ સ્પષ્ટ થયું.

---

૧. આજંજવીભાવ શબ્દનો અર્થ સતતપણે થવું એવો 'સિદ્ધાંતવિષમપદપર્યાય' પુસ્તકમાં છે. 'લિંગાનુશાસન' વિવરણમાં તો સંસારના પર્યાય તરીકે જોવામાં આવ્યો છે એમ સેનપ્રશ્ન ગ્રંથમાં ઉલ્લાસ-૧ પ્રશ્ન નં.૧૦૬માં જણાવ્યું છે.

૨. અવશ્ય અર્થમાં (સિદ્ધહેમ ૫-૪-૩૬ સૂત્રથી) णिन् પ્રત્યય થયો છે. अवश्यं भवतीति भावी। સ્ત્રીલિંગમાં भाविनी થાય.

કહ્યું છે કે- "તીર્થંકર વડે લોકમાં શલ્યરહિતને જ સર્વવ્રત ઇચ્છાય છે, અર્થાત્ શલ્યરહિતને જ વ્રત હોય એમ તીર્થંકર કહે છે. નિદાન-મિથ્યાત્વ-માયાથી વ્રત હણાય છે."

વ્રતિપણું નિઃશલ્યતાપૂર્વક હોય એમ બતાવતા ભાષ્યકાર કહે છે- વ્રતો એને છે એથી વ્રતી છે. વ્રતો તે હિંસાવિરમણ આદિ છે. વ્રતિપણું પામનારને નિઃશલ્યતા આધાર છે. પૂર્વે કહ્યું છે કે ભૂમ-પ્રશંસા-અતિશાયનમાં મત્વર્થના પ્રત્યયોનું વિધાન હોવાથી વ્રતી છે.

तदेव ઇત્યાદિ ભાષ્યથી પ્રસ્તુત અર્થનો ઉપસંહાર કરે છે-

શલ્યરહિતનું જ વ્રતિપણું છે, શલ્યસહિતનું નહિ. કહેલા પણ અર્થને આદર કહેવા(=બતાવવા) માટે કહે છે. मतुब् અને इन् પ્રત્યયનો સમાવેશ કરવા માટે व्रतवान् व्रती એમ કહ્યું છે. બંનેનો અર્થ એક છે. (૭-૧૩)

**टीकावतरणिका—** सूत्रसम्बन्धो मुक्तक एव, किमेष व्रती व्यपगतशल्यत्रयो हिंसाद्यभावात् यथोक्तक्रियासमूहविजृम्भितपरिणामः परित्यक्तगृहस्थव्यापारः सर्वान्यागारसम्बन्धेष्वतिनिवृत्तौत्सुक्यः प्रतिज्ञायते उताविरतोऽपि सर्वतः कश्चिद् गृही निश्चीयत इति, अत्रोच्यते- सामान्येन व्रतिनो लक्षणमभिधायामीषामेवा हिंसादीनां सकलदेशविरतिविशेषादधिकृतो द्वेधा भवति ।

**ટીકાવતરણિકાર્થ—** સૂત્રનો સંબંધ સ્પષ્ટ જ છે.

**પ્રશ્ન—** જેના ત્રણ શલ્ય દૂર થયા છે તેવો હિંસા વગેરે ન હોવાથી યથોક્ત ક્રિયાસમૂહથી વિકાસને પામેલા પરિણામવાળો, ગૃહસ્થના વ્યાપારો જેણે છોડી દીધા છે તેવો, સર્વ અન્ય ઘરના સંબંધોમાં જેની ઉત્સુકતા અત્યંત નિવૃત્ત થઇ ગઇ છે તેવો આ વ્રતી પ્રતિજ્ઞા કરાય છે? કે સર્વથી અવિરત પણ કોઇ કોઇ ગૃહસ્થ પ્રતિજ્ઞા કરાય છે?

**ઉત્તર—** વ્રતીનું સામાન્યથી લક્ષણ કહીને આ અહિંસાદિના સર્વવિરતિ અને દેશવિરતિ એવા ભેદથી પ્રસ્તુત વ્રતી બે પ્રકારે છે—

વ્રતીના બે ભેદ–

**अगार्यनगारश्च ॥७-१४॥**

**સૂત્રાર્થ–**વ્રતીના અગારી અને અનગાર એમ મુખ્ય બે ભેદ છે. (૭-૧૪)

**भाष्यं–** स एष व्रती द्विविधो भवति । अगारी अनगारश्च । श्रावकः श्रमणश्चेत्यर्थः ॥७-१४॥

**ભાષ્યાર્થ–** તે આ વ્રતી અગારી અને અણગાર, અર્થાત્ શ્રાવક અને શ્રમણ એમ બે પ્રકારનો છે. (૭-૧૪)

**टीका–** अगारं-वेश्म तदुपलक्षणमारम्भपरिग्रहवत्तायाः, आरम्भः सूनापञ्चकं पृथिव्यादिजीवकायोपमर्दहेतुः परिग्रहश्चेतनाचेतनो द्विपद-चतुष्पदादिहिरण्यकनकमणिमुक्ताप्रवालादिः, एतद्द्वयमप्यगारशब्देनोप-लक्ष्यते, तदेतदारम्भपरिग्रहावगारं यथासम्भवमस्ति यस्य भविष्यतीति जाताशः अपरित्यक्ततत्सम्बन्धः सर्वोऽप्यगारी तदभिसम्बन्धाद् गृहस्थ इत्यर्थः, परित्यक्तारम्भपरिग्रहो भावतस्तद्विपरीतोऽनगारः प्रतिपन्न-मूलोत्तरगुणकलापः, चशब्दादगारिणोऽनगारस्य च बहुभेदत्वं प्रतिपाद-यिषितमिति, अगारिणस्तावद् द्विविधाः सम्यग्दर्शनसम्पन्नत्वे सति गृहीताणुव्रताः प्रतिपन्नोत्तरगुणाश्च, अपरे सम्यग्दर्शनमात्रभाजो, वक्ष्य-माणषड्विकल्पाः सम्यक्त्वोत्तरगुणप्रतिपत्ती चाष्टौ विकल्पाः तथा द्वात्रिंशद्विकल्पाः, तत्र यैर्गृहिभिस्तान्यणुव्रतानि षड्भिः प्रकारैरात्तानि १-द्विविधं त्रिविधेन २-द्विविधं द्विविधेन ३-द्विविधमेकविधेन ४-एकविधं त्रिविधेन ५-एकविधं द्विविधेन ६-एकविधमेकविधेनेति एकैकस्मिन् अणुव्रते षड् विकल्पाः, षड् पञ्चकास्त्रिंशत्, प्रतिपन्नोत्तरगुणेन सहैकत्रिंशत्, सम्यग्दर्शनिना सह द्वात्रिंशत्, ननु च नवविकल्पास्त्रिविधं त्रिविधेनेत्यादयः, सप्तचत्वारिंशदुत्तरशतभेदनिष्पत्तेः, सत्यं, सम्भवति साधोर्न त्वगारिणः, सर्वसावद्ययोगप्रत्याख्यानप्रस्तावाभिधानात्, विशिष्टविषयं तत्, सर्वसावद्यव्यापारप्रत्याख्यानमनुमतेरसम्भवान्नास्ति

गेहिनः तत्पूर्वप्रयुक्तसावद्यकर्मारम्भानुमतिमपहायैवासौ शेषं प्रत्याचष्ट इति, अत एव निर्युक्तिकारेण षड्विधो विकल्प उपन्यस्तः द्विविधं त्रिविधेनेत्यादि, द्विविधमिति न करोमि न कारयामि, त्रिविधेनेति मनोवाक्कायत्रयेण, एवं शेषविकल्पा अपि भावनीयाः, त्रिविधं त्रिविधेनेत्यादिषु च त्रिषु विकल्पेषु सहानुमत्या करणत्रयमित्युक्तं निर्युक्तिकारेण, ननु च भगवत्यादावागमे त्रिविधं त्रिविधेनेत्यपि विकल्पेऽस्ति प्रत्याख्यानमगारिणोऽङ्गगतश्रुतप्रतिबद्धं च, तदेतन्निर्युक्ति-कारवचनविघातकारि, उच्यते, नास्ति विघातः, उत्सर्गापवादद्वारेण प्रवृत्तेः, द्विविधं त्रिविधेनेत्यादिरुत्सर्गः, सर्वस्य अगारिण एभिः षड्भिर्विकल्पैः सर्वमेव प्रत्याख्यानं प्राप्तमपोद्यते क्वचिद्विषये, यः किल प्रविव्रजिषुः प्रतिमां प्रतिपद्यते पुत्रादिसन्ततिपरिपालनार्थं तस्यैष संगच्छते विकल्पः, अथवा अत्यल्पं विशेष्य किञ्चिद्वस्तु यदि त्रिविधं त्रिविधेन प्रत्याचक्षीत स्वयम्भूरमणमत्स्यादिकमपि उपपद्यते, स्थूल-प्राणातिपातादिविषयं वा, न सकलसावद्यव्यापारविषयमिति, ननु च निर्युक्तिकारेण स्थूलप्राणातिपातादिविषयत्वेन नोपन्यस्तस्त्रिविधं त्रिविधेनेत्यादिर्विकल्पः, सत्यमेतद्, उत्सर्ग एव बहुलं प्रसिद्धत्वा-न्निर्युक्तिकारेणावाचि, यत् पुनः क्वचिदवस्थाविशेषे कदाचिदेव समाचर्यते न सुष्ठु समाचारानुपाति तन्नोक्तम्, विधिसूत्रेषु च विधिमेव भूयसाऽनुरुध्यन्त इति न कश्चिद्दोषः, प्रकृतमुच्यते-भूयोऽगारिणां भेदः-

"सोलस चेव सहस्सा अट्ठेव सया हवंति अट्ठहिया ।
एसो उवासयाणं वयगहणविही समासेणं ॥१॥"

अनगारभेदास्तु गच्छवासिनो गच्छनिर्गताश्च, आचार्यादिभेदात् पञ्चधा गच्छवासिनः पुरुषाः, साध्व्योऽपि प्रवर्त्तिन्यादिभेदात् पञ्चधैव सदा गच्छवासिन्य एवैताः, गच्छनिर्गताः पुनर्जिनकल्पिकपरिहारविशुद्धिक-प्रतिमाप्रतिपन्नकादयः, अत्र गच्छवास्यादिषु नास्ति व्रतभेदः,

सामाचारीकृतस्तु महान् विशेषोऽस्तीति तदाश्रयो भेदः सूत्रकारेण न विवक्षित इति,

अधुना भाष्येण सूत्रार्थं स्पष्टीकुर्वन्नाह-स एष व्रतीत्यादि अनन्तरसूत्रार्थेन सहामुं सूत्रार्थमनुसन्धत्ते, योऽनन्तरसूत्रे निःशल्यो व्रत्याख्यातः सामान्येन स एष व्रती द्विविधो-द्विप्रकार एव मूलभेदतो भवति, मूलभेद-द्वयनिर्दिदिक्षया चाह-अगारी अनगारश्चेति, अगारमस्यास्तीत्यगारी परिग्रहारम्भवानिति, गृहस्थ इत्यर्थः, अविद्यमानागारोऽनगारः, परित्य-क्तारम्भपरिग्रह इत्यर्थः, एतयोरेव पर्यायकथनेन व्याख्यानं तनोति-श्रावकः श्रमणश्चेत्यर्थः, अभ्युपेतसम्यक्त्वः प्रतिपन्नाणुव्रतोऽपि प्रतिदिवसं यतिभ्यः सकाशात् साधूनामगारिणां च सामाचारीं श्रृणोतीति श्रावकः, श्राम्यतीति श्रमणः 'कृत्यलुटो बहुले'ति वचनात् कर्त्तरि ल्युट्, श्राम्यतीति-तपस्यति तपश्चरति प्रव्रज्यादिवसादारभ्य सकलसावद्ययोग-विरतो गुरूपदेशात् स्वाध्यायिकं यथाशक्ति समाचरत्याप्राणपरिक्षयादिति, एवं च श्रावकोऽगारी श्रमणश्चानगार इति प्रसिद्धाभ्यामत्यन्तं पर्यायशब्दाभ्यां अगारिसामान्यमनगारसामान्यं च व्यवच्छिन्नं दर्शितमिति ॥७-१४॥

**ટીકાર્થ–** અગાર એટલે ઘર. અગાર શબ્દ આરંભ-પરિગ્રહનું ઉપલક્ષણ છે. પૃથ્વી આદિ જીવકાયના વિનાશનું કારણ સૂના પંચક[1] આરંભ છે. પરિગ્રહ ચેતન-અચેતન એમ બે પ્રકારનો છે. દ્વિપદ-ચતુષ્પદ વગેરે ચેતન છે. ચાંદી-સુવર્ણ-મણિ-મોતી-પ્રવાલ વગેરે અચેતન છે. આ બંને(=આરંભ-પરિગ્રહ) અગાર શબ્દથી જણાય છે. તેથી આ આરંભ-પરિગ્રહરૂપ અગાર યથાસંભવ જેને છે અથવા જે ભવિષ્યમાં થશે એવી આશાવાળો છે તથા ઘરનો સંબંધ જેમણે છોડ્યો નથી તે બધાય ઘરના સંબંધના કારણે અગારી છે. અગારી એટલે ગૃહસ્થ. જેણે ભાવથી આરંભ પરિગ્રહ છોડી દીધા છે અને મૂલગુણ-

૧. ગૃહસ્થના ઘરમાં ચૂલો-ઘંટી-સાવરણી-ખાંડણિયું-પાણિયારું એ પાંચ હિંસાના સ્થાન છે. આથી આ પાંચને સૂનાપંચક કહેવાય છે. સૂના એટલે જીવોનું વધસ્થાન.

ઉત્તરગુણના સમૂહનો જેણે સ્વીકાર કર્યો છે. અગારીથી વિપરીત તે અણગાર છે. च શબ્દથી અગારી અને અણગારના ઘણા ભેદોનું પ્રતિપાદન કરવાનું ઇચ્છ્યું છે.

અગારીના બે ભેદ છે. સમ્યગ્દર્શનપૂર્વક જેમણે અણુવ્રતો અને ઉત્તરગુણો સ્વીકાર્યા છે તે એક પ્રકારના અગારી છે. માત્ર સમ્યગ્દર્શનને ધારણ કરનારા બીજા પ્રકારના અગારી છે. મૂલગુણના સ્વીકારમાં હવે કહેવાશે તે છ ભાંગા છે. સમ્યક્ત્વનો અને ઉત્તરગુણનો સ્વીકાર એમ (૬+૨)=૮ ભાંગા થાય. કુલ બત્રીસ ભાંગા થાય. તે આ પ્રમાણે- છ પ્રકારોથી અણુવ્રતોનો સ્વીકાર ગૃહસ્થની અપેક્ષાએ છ ભાંગે થાય. દ્વિવિધ-ત્રિવિધથી, દ્વિવિધ-દ્વિવિધથી, દ્વિવિધ-એકવિધથી, એકવિધ-ત્રિવિધથી, એકવિધ-દ્વિવિધથી, એકવિધ-એકવિધથી. એક એક અણુવ્રતમાં છ ભાંગા થાય. છ સંખ્યાને પાંચથી ગુણતા ત્રીસ થાય. ઉત્તરગુણના સ્વીકારની સાથે એકત્રીસ અને સમ્યગ્દર્શનના સ્વીકારની સાથે બત્રીસ ભાંગા થાય.

**પૂર્વપક્ષ–** ત્રિવિધ-ત્રિવિધથી વગેરે મૂળ નવ વિકલ્પો છે. તેના ૧૪૭[1] ભેદોની સિદ્ધિ થાય છે.

**ઉત્તરપક્ષ–** તમારું કથન સત્ય છે, પણ એ ભેદો સાધુને સંભવે છે, ગૃહસ્થને[2] નહિ. કારણ કે એ ભેદો સર્વસાવદ્ય યોગોના પ્રત્યાખ્યાનના અવસરે કહ્યા છે. (ગૃહસ્થને) ત્રિવિધ-ત્રિવિધથી પ્રત્યાખ્યાન વિશિષ્ટ વિષયવાળું છે. ગૃહસ્થને અનુમતિના પ્રત્યાખ્યાનનો સંભવ ન હોવાથી સર્વસાવદ્ય વ્યાપારનું પ્રત્યાખ્યાન નથી. ગૃહસ્થ પ્રત્યાખ્યાનની પૂર્વે યોજેલા સાવદ્યકાર્યના આરંભની અનુમતિને છોડીને જ શેષપચ્ચક્ખાણ કરે છે. આથી જ નિર્યુક્તિકારે દ્વિવિધ-ત્રિવિધથી ઇત્યાદિ છ પ્રકારના વિકલ્પનો ઉલ્લેખ કર્યો છે. દ્વિવિધ એટલે ન કરું, ન કરાવું, ત્રિવિધથી એટલે મન-વચન-કાયાથી. એ પ્રમાણે બીજા વિકલ્પો પણ વિચારવા.

---

૧. ૧૪૭ ભાંગા પૂર્વે સાતમાં અધ્યાયના બીજા સૂત્રના અનુવાદમાં ટીપ્પણીમાં જણાવ્યા છે.
૨. શ્રાવકધર્મવિધિપ્રકરણ ગ્રંથમાં ગાથા ૭૩-૭૪માં ગૃહસ્થને આશ્રયીને ૧૪૭ ભાંગા જણાવ્યા છે.

ત્રિવિધ-ત્રિવિધથી ઇત્યાદિ ત્રણ વિકલ્પોમાં ભાષ્યકારે અનુમતિની સાથે ત્રણ કરણ કહ્યાં છે.

**પૂર્વપક્ષ–** ભગવતી આદિ આગમમાં ત્રિવિધ-ત્રિવિધથી એવા વિકલ્પમાં પણ ગૃહસ્થને પચ્ચક્ખાણ છે અને તે પચ્ચક્ખાણ અંગગત શ્રુતમાં ગુંથાયેલું છે. તેથી ત્રિવિધ-ત્રિવિધથી પ્રત્યાખ્યાન નિર્યુક્તિકારવચનના વિઘાતને કરનારું છે.

**ઉત્તરપક્ષ–** વિઘાત (કરનારું) નથી. કેમકે શાસ્ત્રની પ્રવૃત્તિ ઉત્સર્ગ-અપવાદથી થાય છે, અર્થાત્ શાસ્ત્રમાં કોઇ વિષયનું વર્ણન ઉત્સર્ગથી હોય છે, તો કોઇ વિષયનું વર્ણન અપવાદથી હોય છે. દ્વિવિધ-ત્રિવિધથી ઇત્યાદિ ઉત્સર્ગ છે. સઘળાય ગૃહસ્થોને સઘળું ય પ્રત્યાખ્યાન આ છ ભાંગાથી હોય છે. તેમાં કોઇક વિષયમાં અપવાદ કરાય છે. દીક્ષા લેવાની ઇચ્છાવાળો જે ગૃહસ્થ પુત્રાદિ સંતતિના પાલન માટે સંસારમાં રહીને શ્રાવકની પ્રતિમાને સ્વીકારે છે તેને આ વિકલ્પ ઘટે છે. અથવા જો વિશેષથી અતિશય અલ્પ કોઇ વસ્તુનું ત્રિવિધ-ત્રિવિધથી પ્રત્યાખ્યાન કરે તો સ્વયંભૂરમણ સમુદ્રના માછલાનું માંસ ન ખાવું ઇત્યાદિ પણ ઘટે છે અથવા સ્થૂલપ્રાણાતિપાત આદિ સંબંધી પચ્ચક્ખાણ ત્રિવિધ-ત્રિવિધથી ઘટે છે. સર્વસાવદ્ય વ્યાપાર સબંધી પચ્ચક્ખાણ ત્રિવિધ-ત્રિવિધથી ન ઘટે.

**પૂર્વપક્ષ–** નિર્યુક્તિકારે ત્રિવિધ-ત્રિવિધથી ઇત્યાદિ વિકલ્પનો સ્થૂલપ્રાણાતિપાત આદિના વિષય તરીકે ઉલ્લેખ કર્યો નથી.

**ઉત્તરપક્ષ–** તમારું કહેવું સાચુ છે. મોટા ભાગે ઉત્સર્ગ જ પ્રસિદ્ધ હોવાથી નિર્યુક્તિકારે ઉત્સર્ગને જ કહ્યો છે. પણ જે ક્યાંક અવસ્થા-વિશેષમાં ક્યારેક જ આચરાય છે અને આચારોને સારી રીતે અનુસરનારું ન હોય(=બહુ પ્રસિદ્ધ ન હોય) તે કહ્યું નથી. વિધિસૂત્રો મોટાભાગે (પ્રસિદ્ધ) વિધિને જ અનુસરે છે. આ પ્રમાણે કોઇ દોષ નથી.

હવે પ્રસ્તુત કહેવાય છે- "બીજી રીતે ગૃહસ્થોના વ્રતના ભેદો-(ગૃહસ્થોના પાંચ અણુવ્રતોનાં) સોળ હજાર આઠસો આઠ ભાંગા થાય. ઉપાસકોનો સંક્ષેપથી આ વ્રતગ્રહણનો વિધિ છે."

(એક સંયોગી ૩૦, દ્વિસંયોગી ૩૬૦, ત્રિસંયોગી ૨૧૬૦, ચતુઃસંયોગી ૬૪૮૦, પંચસંયોગી ૭૭૭૬ ભાંગા થાય. કુલ ૧૬૮૦૬ ભાંગા થાય, તેમાં ઉત્તરગુણ અને અવિરતસમ્યગ્દૃષ્ટિને મેળવતાં ૧૬૮૦૮ ભાંગા થાય.)

અણગારના ગચ્છવાસી અને ગચ્છનિર્ગત એમ બે ભેદો છે. ગચ્છવાસી પુરુષો આચાર્યાદિના ભેદથી પાંચ પ્રકારે છે. સાધ્વીઓ પણ પ્રવર્તિની[1] આદિ ભેદથી પાંચ પ્રકારે જ છે. સાધ્વીઓ સદા ગચ્છમાં રહેનારી જ હોય. જિનકલ્પિક, પરિહારવિશુદ્ધિ, પ્રતિમાને સ્વીકારનારા વગેરે ગચ્છનિર્ગત છે. અહીં ગચ્છવાસી આદિમાં વ્રતભેદ નથી. સામાચારીથી કરાયેલી ઘણી વિશેષતા છે. સામાચારીને આશ્રયીને રહેલા ભેદની સૂત્રકારે વિવક્ષા કરી નથી.

હવે ભાષ્યથી સૂત્રના અર્થને સ્પષ્ટ કરતા ભાષ્યકાર કહે છે- 'स एष व्रती' इत्यादि, અનંતર સૂત્રાર્થમાં આ સૂત્રનું અનુસંધાન કરે છે. અનંતર સૂત્રમાં સામાન્યથી જે નિઃશલ્ય વ્રતી કહ્યો છે તે આ વ્રતી મૂલભેદથી બે પ્રકારનો જ છે. મૂળ બે ભેદનો નિર્દેશ કરવાની ઇચ્છાથી કહે છે- અગારી અને અણગાર. જેને અગાર છે તે અગારી=પરિગ્રહ-આરંભવાળો, અર્થાત્ ગૃહસ્થ. જેને અગાર નથી તે અણગાર, અર્થાત્ જેણે આરંભ-પરિગ્રહનો ત્યાગ કર્યો છે તે. આ બેનું જ પર્યાયશબ્દ કહેવા દ્વારા વ્યાખ્યાન કરે છે- શ્રાવક અને શ્રમણ. સમ્યક્ત્વનો અને પાંચ અણુવ્રતોનો સ્વીકાર કરનાર જે સાધુઓની પાસે દરરોજ સાધુઓની અને અગારીઓની સામાચારીને સાંભળે તે શ્રાવક. જે તપ કરે તે શ્રમણ. कृत्यल्युटो बहुलं (પા.અ.૩ પા.૩ સૂ.૧૧૧) એ સૂત્રથી કર્તા અર્થમાં અન પ્રત્યય થયો છે. શ્રમણ પ્રવ્રજ્યાદિવસથી આરંભી તપ કરે છે, સકળ સાવદ્યયોગોથી વિરત છે. ગુરુના ઉપદેશથી યથાશક્તિ સ્વાધ્યાય વગેરે જીવનપર્યંત સમ્યક્ આચરે છે=કરે છે. આ પ્રમાણે શ્રાવક અને અગારી તથા શ્રમણ અને અનગાર એ પ્રમાણે અત્યંત પ્રસિદ્ધ-પર્યાયવાચી બે

૧. પ્રવર્તિની, અભિષેકા(=પ્રવર્તિનીપદને યોગ્ય હોય તેવી), ગણાવચ્છેદિકા, સ્થવિરા અને રત્નાધિકા એ પાંચ પ્રકાર હોય તેમ જણાય છે.

શબ્દોથી અગારિસામાન્ય અને અનગારસામાન્ય એ બે ભિન્ન છે એમ બતાવ્યું છે. (૭-૧૪)

**भाष्यावतरणिका—**अत्राह- कोऽनयोः प्रतिविशेष इति। अत्रोच्यते—

**ભાષ્યાવતરણિકાર્થ—** અહીં કહે છે કે આ બેમાં વિશેષ(=ભેદ) શો છે ? અહીં કહેવાય છે—

**टीकावतरणिका—** अत्राहेत्यादिना सम्बन्ध्नाति, अगार्यनगारश्च व्रती भवतीत्युक्तेऽत्र परः प्रश्नयति-कोऽनयोरगार्यनगारिव्रतिनोः प्रतिविशेषो, भेद इत्यर्थः, आचार्यस्तु तं विशेषमभिधातुकामः अत्रोच्यत इत्याह, योऽनयोर्विशेषः सोऽभिधीयते—

**ટીકાવતરણિકાર્થ—** अत्राह ઇત્યાદિથી સંબંધને જોડે છે. અગારી અને અનગાર વ્રતી છે એમ કહ્યે છતે અન્ય પ્રશ્ન કરે છે કે- અગારી અને અનગાર એ બે વ્રતીઓમાં વિશેષ=ભેદ શો છે ? તે વિશેષને કહેવાની ઇચ્છાવાળા આચાર્ય "અહીં કહેવાય છે" એમ કહે છે. આ બેમાં જે વિશેષ છે તે કહેવાય છે—

**અગારી વ્રતીની વ્યાખ્યા—**

## अणुव्रतोऽगारी ॥७-१५॥

**સૂત્રાર્થ—** અગારી વ્રતીને અણુવ્રતો હોય છે. (૭-૧૫)

**भाष्यं—** अणून्यस्य व्रतानीत्यणुव्रतः। तदेवमणुव्रतधरः श्रावकोऽगारी व्रती भवति ॥७-१५॥

**ભાષ્યાર્થ—** આને અણુવ્રતો છે તેથી અણુવ્રત છે. આ પ્રમાણે અણુવ્રતને ધારણ કરનાર જીવ શ્રાવક અગારી અને વ્રતી છે. (૭-૧૫)

**टीका—** महाव्रतापेक्षयाऽणु-स्तोकमल्पं देश इति पर्यायाः, महाव्रतानि सर्वपापभेदविरतिलक्षणानि सर्वस्मात् प्राणातिपातात् विरमामीत्यादि, अयं तु न सर्वतो विरतिमातिष्ठते, किं तर्हि ?, कुतश्चिदेव प्राणिघातात् यत एकेन्द्रियाः पृथिव्यादिकायाः पञ्च प्रायो दुष्परिहाराः सद्मवासिनां,

स्थूलाश्च द्वित्रिचतुःपञ्चेन्द्रियाः, स्थूलत्वं सकललौकिकजीवत्वप्रसिद्धेः, सूक्ष्मत्वं विगानेन जीवत्वप्रसिद्धेर्लोके, तत्रापि सङ्कल्पजं प्राणातिपातं प्रत्याख्याति, नारम्भजम्, आरम्भो हि हल दन्ताल खनन सूनापञ्चकप्रकारः, तत्रावश्यंतयैव शङ्खणकपिपीलिकाधान्यगृहकारिकामण्डूकादयः सङ्घट्टपरितापापद्रावणक्रियाभिः स्पृश्यन्ते, तस्मान्न समस्ति प्रत्याख्यानं तद्विषयं, सङ्कल्पजस्य तु सम्भवति, मनसा सङ्कल्प्य द्वीन्द्रियादिप्राणिनो मांसास्थिचर्मनखवालदन्ताद्यर्थं न हन्मीत्यसुमतो निवर्त्तते सङ्कल्पकृतात् प्राणातिपातात् न करोमि न कारयामि मनसा वाचा कायेनेत्वेवंविषयं प्राणातिपातमित्यादिविकल्पानामन्यतमेन प्रत्याचष्टे, तथा मृषावादात्, न सर्वस्मात्, किं तर्हि ? स्थूलाद् अभिन्नकन्यकां असतीमुर्वरां भूमीम-भूमिमल्पक्षीरामेव बहुक्षीरां गां नाभिदधेऽहमित्यादिकात्, तथा कूटसाक्षित्वदानादेश्च व्यावर्त्तते, न पुनः स्नेहद्वेषमोहाभिभवात् विपरीतभाषी भवति, प्रत्याख्यानविधिस्तु पूर्ववत् । तथाऽदत्तादानात् न सर्वस्मात्, किन्तु ?, स्थूलाच्चौर्यारोपणहेतुत्वेन प्रसिद्धाद् द्विपदचतुष्पदापदविषयात् निवर्त्तते, न पुनरल्पतृणेन्धनगोमयादिग्रहणात्, प्रत्याख्यानं पूर्ववत्, तथा मैथुनात् न सर्वस्मात्, किन्तु, स्थूलात्, स्थूलं च परदारगमनं, तद्विषयमस्य प्रत्याख्यानं, अन्यपक्षे न, प्रत्याख्यानविधिश्च पूर्ववत्, तथेच्छापरिमाणं प्रतिजानीते, अन्यतः परिग्रहाद्विरमति, सचित्तादेः स्थूलात्, [१]स्थूलश्चापरिमाणतः, सर्वेषां क्षेत्रवास्त्वादीनामभिलषित-परिमाणव्यतिरेकं प्रत्याचष्टे, कालनियमेन भक्तवस्त्रभृत्यदारादीनामेतावता मम कार्यमिति शेषात् प्रत्याख्यानं, तद्विधिश्च पूर्ववत्, एवमेतानि पञ्चाप्यणूनि स्वल्पविषयाणि, न यथोक्तसमस्तविषयाणि, व्रतानि यस्य सोऽणुव्रतोऽगारी व्रती भवतीति, ननु च सोऽणुव्रत इत्येवं सूत्रं कार्यं, उच्यते, सत्यमेवमनगारिव्रतिपरामर्शः स्यात्, तच्छब्देनानन्तरस्य विधिः प्रतिषेधो वेति वचनात्, अगारिणश्च महाव्रतधारित्वप्रसङ्गः, तच्चासमीचीनं,

१. स्थूलाच्चापरिमाणतः इति पाठान्तरम् ।

अथ द्वयमभिसम्बन्ध्यते अगार्यनगारश्च सोऽणुव्रतो भवतीति, सुतरां महाव्रतानि निराधाराणि स्युः, अतः अगारिग्रहणं कार्यं, न कार्यं, महदित्यनेन शब्देन विशेषितानि व्रतानि यस्य सोऽनगारो महाव्रतीत्युपर्युक्तत्वात्, पारिशेष्यादगार्येव सम्भत्स्यते सोऽणुव्रत इति, एवं तर्हि अधिकारार्थमगारिग्रहणम्, अतः प्रभृति यद्वक्ष्यते तत् सर्वमगारिणो भवति, आ अध्यायपरिसमाप्तेरिति । सम्प्रति भाष्यमुक्तार्थानुसारेणाश्रीयते-अणून्यस्य व्रतानीत्यणुव्रत इत्यादिवृत्त्याऽर्थं दर्शयति अनेन बहुव्रीहिवाक्येन, अणूनि देशविषयाणि, न समस्तविषयाणीति प्रतिपादयति, अस्येत्यन्यपदार्थप्राधान्यख्यापनं, व्रतशब्दः प्राग्व्याख्यातो निवृत्तिपर्यायः, तदेवमित्यादिना निगमयति सामान्यार्थेन शब्देनानेकभेदसङ्ग्राहिणा, यत्तदोर्नित्यसम्बन्धात् यस्मादणूनि व्रतान्यस्य तस्मादेवमुक्तेन प्रकारेणाणुव्रतधरः प्रतिपन्नाणुव्रत इति, धरणं यथागृहीतव्रताविस्मरणं वक्ष्यमाणातिचारपरिहारेण चानुपालनमत एवंविधः श्रावक इति अगारी व्रती च भवति, पर्यायकथनं चेदं भेदबहुत्व-प्रतिपादनार्थम्, एकादशोपासकभेदाः सम्यग्दर्शनप्रभृतयः सकलश्रावक-भेदाधारभूता इति, आगमश्च-

"१-दंसण २-वय ३-सामाइअ ४-पोसह ५-पडिमा ६-अबंभ ७-सच्चित्ते ।
८-आरंभ ९-पेस १०-उद्दिट्ठवज्जए ११-समणभूए य ॥१॥"

दर्शनप्रतिपत्तेरारभ्य स्वशक्त्यपेक्षया व्रतधारणादिष्वध्यवसायक्रिया-विशेषेषु, प्रवर्त्तते प्रवर्धमानश्रद्धः श्रमणभूतान्तेषु स्थानेषु इत्येव-मणुव्रतोऽगारी व्रती भवतीति ॥७-१५॥

**ટીકાર્થ–** મહાવ્રતોની અપેક્ષાએ અણુ છે. અણુ, સ્તોક, અલ્પ, દેશ એ પ્રમાણે પર્યાયવાચી શબ્દો છે. મહાવ્રતો સર્વપ્રાણાતિપાતથી વિરમું છું, ઇત્યાદિ સર્વપાપભેદોથી વિરતિરૂપ છે. આ તો સર્વથી વિરતિને કરતો નથી. તો શું કરે છે ? કોઇક જ પ્રાણાતિપાતથી વિરતિ કરે છે. કારણ

કે ઘરમાં રહેનારાઓને પૃથ્વીકાયાદિ પાંચ એકેંદ્રિયોનો ત્યાગ પ્રાયઃ દુષ્કર છે. બેઇંદ્રિય-તેઇંદ્રિય-ચઉરિંદ્રિય-પંચેંદ્રિય જીવો સ્થૂલ છે. એ જીવો સઘળા લોકમાં જીવ તરીકે પ્રસિદ્ધ હોવાથી સ્થૂલ કહેવાય છે. એકેંદ્રિય જીવો લોકમાં વિવાદથી જીવ તરીકે પ્રસિદ્ધ હોવાથી સૂક્ષ્મ કહેવાય છે. તેમાં પણ સંકલ્પજ(=સંકલ્પથી થનાર) પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરે છે, આરંભજનું(=આરંભથી થનારનું) નહિ. હળ-દંતારી-ખનન-સૂનાપંચક જેવા સાધનોનો ઉપયોગ કરવો એ આરંભ છે. તેમાં અવશ્ય નાનાશંખ, કીડી, ધનેરા, નાનાકીડા અને દેડકા વગેરે જીવોનો સંઘટ્ટ-પરિતાપ-વિનાશ થાય છે. માટે આરંભથી થનાર હિંસાનું પ્રત્યાખ્યાન તેમને ન હોય, સંકલ્પથી થનાર હિંસાનું પ્રત્યાખ્યાન સંભવે છે. મનથી સંકલ્પ કરીને માંસ, હાડકા, ચામડું, નખ, વાળ અને દાંત વગેરે માટે બેઇંદ્રિય આદિ પ્રાણીઓને હું ન હણું એ પ્રમાણે જીવના સંકલ્પકૃત પ્રાણાતિપાતથી નિવૃત્ત થાય. પ્રાણાતિપાતને ન કરું, ન કરાવું, મન-વચન-કાયાથી ઇત્યાદિ વિકલ્પોમાંથી કોઇ એક વિકલ્પથી પ્રત્યાખ્યાન કરે છે.

તથા સર્વમૃષાવાદથી વિરમતો નથી. તો કયા મૃષાવાદથી વિરમે છે ? અખંડિત શીલવાળી કન્યાને અસતી, રસાળભૂમિને હલકી ભૂમિ, અલ્પ દૂધવાળી ગાયને બહુ દૂધવાળી ગાય હું ન કહું ઇત્યાદિથી તથા ખોટી સાક્ષી આપવી વગેરેથી નિવૃત્ત થાય. સ્નેહ-દ્વેષ-મોહથી પરાજય પામીને વિપરીત ન બોલે. પ્રત્યાખ્યાનવિધિ પૂર્વવત્ જાણવો.

તથા સર્વઅદત્તાદાનથી વિરમતો નથી, કિંતુ જેનાથી ચોરીનો આરોપ આવે તેવી પ્રસિદ્ધ દ્વિપદ-ચતુષ્પદ-અપદ સંબંધી અદત્તાદાનથી વિરમે છે. પણ અલ્પઘાસ, અલ્પકાષ્ઠ, અલ્પછાણ આદિના ગ્રહણથી વિરમતો નથી. પ્રત્યાખ્યાન પૂર્વવત્ જાણવું.

તથા સર્વમૈથુનથી વિરમતો નથી. કિંતુ સ્થૂલમૈથુનથી વિરમે છે. પરસ્ત્રીગમન સ્થૂલ છે. પરસ્ત્રીગમનનું એને પ્રત્યાખ્યાન છે. સ્વસ્ત્રીમાં એને પ્રત્યાખ્યાન નથી.

તથા ઇચ્છાપરિમાણનું પ્રત્યાખ્યાન કરે છે. અન્ય સચિત્તાદિ સ્થૂલ-પરિગ્રહથી વિરમે છે. પરિમાણ ન કરવું એ સ્થૂલ છે. ક્ષેત્ર-વાસ્તુ વગેરે સર્વના ઇચ્છેલા પરિમાણથી અધિકનું પ્રત્યાખ્યાન કરે છે. ભક્ત-વસ્ત્ર-નોકર-સ્ત્રી વગેરેમાંથી મારે આટલાનું પ્રયોજન છે તે સિવાયની વસ્તુઓનું પ્રત્યાખ્યાન કરું છું. પ્રત્યાખ્યાનનો વિધિ પૂર્વવત્ જાણવો.

આ પ્રમાણે આ પાંચ વ્રતો અત્યંત અલ્પવિષયવાળા છે, યથોક્ત સર્વ-વિષયવાળા નથી. જેને વ્રતો છે તે અણુવ્રતવાળો અગારી વ્રતી છે.

**પૂર્વપક્ષ–** સોऽणुव्रतः એવું સૂત્ર બનાવવું જોઇએ.

**ઉત્તરપક્ષ–** તમારું કથન સાચું છે. પણ એમ કરવામાં અનગારીના વ્રતનો પરામર્શ થાય. કેમકે तद् શબ્દથી વિધિ કે પ્રતિષેધ અનંતરનો થાય એવું વચન છે. એથી અગારીને મહાવ્રત ધારણ કરવાનો પ્રસંગ આવે તે યોગ્ય નથી. હવે જો અગારી અને અનગાર એ બેનો સંબંધ કરવામાં આવે તો તે અગારી અને અનગાર અણુવ્રતી છે એવો અર્થ થાય.તેથી મહાવ્રતો સુતરાં નિરાધાર થાય. (કારણ કે બંને અણુવ્રતી છે.) તેથી અગારી શબ્દનું ગ્રહણ કરવું જોઇએ.

**પૂર્વપક્ષ–** અગારી શબ્દનું ગ્રહણ કરવાની જરૂર નથી. કારણ કે પૂર્વે महत् શબ્દથી વિશેષ કરાયેલા વ્રતો, અર્થાત્ મહાવ્રતો જેને છે તે અનગાર મહાવ્રતી છે એ પ્રમાણે કહ્યું છે. આથી સોऽणुव्रतः એ સૂત્રમાં तद् શબ્દથી બાકી રહેલા અગારી શબ્દનો જ સંબંધ થશે.

**ઉત્તરપક્ષ–** જો એમ છે તો અધિકાર માટે 'અગારી' શબ્દનું ગ્રહણ કર્યું છે. હવેથી અધ્યાય પૂર્ણ થાય ત્યાં સુધી જે કહેવાશે તે બધું અગારી સંબંધી=અગારીને આશ્રયીને કહેવાશે.

હવે ઉક્ત અર્થના અનુસારે ભાષ્યનો આશ્રય કરવામાં આવે છે–

આને અણુવ્રતો છે તેથી અણુવ્રત છે ઇત્યાદિ વૃત્તિ(=ભાષ્ય) દ્વારા આ બહુવ્રીહિ વાક્યથી અર્થને જણાવે છે. अणूनि એવા પ્રયોગથી વ્રતો

દેશ સંબંધી છે, સર્વ સંબંધી નથી એમ જણાવે છે. अस्य એ પદ અન્ય પદાર્થની પ્રધાનતાને જણાવે છે. (બહુવ્રીહિ સમાસમાં અન્ય પદાર્થની પ્રધાનતા હોય છે.) વ્રત શબ્દનું વ્યાખ્યાન પૂર્વે કર્યું છે. વ્રત શબ્દનો પર્યાયવાચી શબ્દ નિવૃત્તિ છે. અનેક ભેદોનો સંગ્રહ કરનાર અને સામાન્ય અર્થવાળા तदेवम् ઇત્યાદિ શબ્દોથી ઉપસંહાર કરે છે. यत् અને तत् શબ્દોનો નિત્ય સંબંધ હોવાથી જે કારણથી આને અણુવ્રતો છે તેથી આ પ્રમાણે=ઉક્ત રીતે અણુવ્રતધર છે=અણુવ્રતોને સ્વીકાર્યા છે. ધરણ એટલે વ્રતો જે રીતે લીધા છે તે રીતે ભૂલવા નહિ અને હવે કહેવાશે તે અતિચારોના ત્યાગથી વ્રતોનું પાલન કરવું. આથી આવા પ્રકારનો જીવ શ્રાવક, અગારી અને વ્રતી છે. પર્યાયવાચી શબ્દોનું કથન ઘણા ભેદોનું પ્રતિપાદન કરવા માટે છે. સમ્યગ્દર્શન વગેરે અગિયાર ઉપાસક ભેદો સર્વશ્રાવક ભેદોના આધારરૂપ છે. આગમ આ પ્રમાણે છે- દર્શન, વ્રત, સામાયિક, પૌષધ, પ્રતિમા(=કાયોત્સર્ગ), અબ્રહ્મત્યાગ, સચિત્તત્યાગ, આરંભત્યાગ, પ્રેષ્યત્યાગ, ઉદ્દિષ્ટત્યાગ અને શ્રમણભૂત[1] એમ અગિયાર પ્રતિમાઓ છે.

અતિશય વધતી શ્રદ્ધાવાળો જીવ સ્વશક્તિ પ્રમાણે દર્શન સ્વીકારથી પ્રારંભી શ્રમણભૂત સુધીના સ્થાનોમાં શુભાધ્યવસાયવાળી વિશેષ પ્રકારની વ્રતધારણાદિ રૂપ ક્રિયામાં પ્રવર્તે છે. આ પ્રમાણે અણુવ્રતધારી અગારી વ્રતી છે. (૭-૧૫)

**भाष्यावतरणिका–** किञ्चान्यत्–

**ભાષ્યાવતરણિકાર્થ–** વળી બીજું–

**टीकावतरणिका–** किञ्चान्यदित्यनेन प्रस्तुतस्यार्थस्य सम्बन्धं कथयति, गृहीतमिदमुक्तलक्षणान्यणुव्रतानि धारयति गृहीति, किञ्चान्यत् प्रतिपाद्यते, आह–

૧. આ પ્રતિમાઓનું વિસ્તૃત વર્ણન પંચાશક ગ્રંથમાં દશમા પંચાશકમાં અને દશાશ્રુત સ્કંધ વગેરે ગ્રંથોમાં છે, સંક્ષિપ્ત વર્ણન ધર્મસંગ્રહ ભાગ પહેલામાં છે.

**ટીકાવતરણિકાર્થ–** વળી બીજું એવા ઉલ્લેખથી પ્રસ્તુત અર્થના સંબંધને કહે છે. ગૃહસ્થ, ઉક્ત લક્ષણવાળા અણુવ્રતોને ધારણ કરે છે એ જાણ્યું. વળી બીજું પ્રતિપાદન કરાય છે. સૂત્રકાર કહે છે–

**અણુવ્રત-શિક્ષાવ્રતોનો નિર્દેશ–**

**दिग्देशानर्थदण्डविरतिसामायिकपौषधोपवासोपभोगपरिभोग-परिमाणातिथिसंविभागव्रतसम्पन्नश्च ॥७-१६॥**

**સૂત્રાર્થ–** અગારી વ્રતી (પાંચ અણુવ્રતો ઉપરાંત) દિગ્વ્રત, દેશવ્રત, અનર્થદંડવ્રત, સામાયિક, પૌષધોપવાસ, ઉપભોગ-પરિભોગવ્રત અને અતિથિસંવિભાગથી યુક્ત હોય. (૭-૧૬)

**भाष्यं–** एभिश्च दिग्व्रतादिभिरुत्तरव्रतैः सम्पन्नोऽगारी व्रती भवति । तत्र दिग्व्रतं नाम तिर्यगूर्ध्वमधो वा दशानां दिशां यथाशक्ति गमन-परिमाणाभिग्रहः । तत्परतश्च सर्वभूतेष्वर्थतोऽनर्थतश्च सर्वसावद्ययोग-निक्षेपः । देशव्रतं नामापवरकगृहग्रामसीमादिषु यथाशक्ति प्रविचाराय परिमाणाभिग्रहः । तत्परतश्च सर्वभूतेष्वर्थतोऽनर्थतश्च सर्वसावद्ययोग-निक्षेपः । अनर्थदण्डो नाम उपभोगपरिभोगावस्यागारिणो व्रतिनोऽर्थः, तद्व्यतिरिक्तोऽनर्थः, तदर्थो दण्डोऽनर्थदण्डः । तद्विरतिर्व्रतम् । सामायिकं नामाभिगृह्य कालं सर्वसावद्ययोगनिक्षेपः । पौषधोपवासो नाम पौषधे उपवासः पौषधोपवासः । पौषधः पर्वेत्यनर्थान्तरम् । सोऽष्टमीं चतुर्दशीं पञ्चदशीमन्यतमां वा तिथिमभिगृह्य चतुर्थाद्युपवासिना व्यपगतस्नानानुलेपनगन्धमाल्यालङ्कारेण न्यस्तसर्वसावद्ययोगेन कुश-संस्तारफलकादीनामन्यतमं संस्तारकमास्तीर्य, स्थानं वीरासननिषद्यानां वाऽन्यतममास्थाय धर्मजागरिकापरेणानुष्ठेयो भवति । उपभोगपरिभोगव्रतं नामाशनपानखाद्यस्वाद्यगन्धमाल्यादीनामाच्छादनप्रावरणालङ्कारशयनासन-गृहयानवाहनादीनां च बहुसावद्यानां वर्जनम् । अल्पसावद्यानामपि परिमाणकरणमिति । अतिथिसंविभागो नाम न्यायागतानां कल्पनी-

यानामन्नपानादीनां द्रव्याणां देशकालश्रद्धासत्कारक्रमोपेतं परयात्मानुग्रहबुद्ध्या संयतेभ्यो दानमिति ॥७-१६॥

**ભાષ્યાર્થ–** આ દિગ્વ્રત વગેરે ઉત્તરગુણોથી યુક્ત અગારી વ્રતી થાય છે. તેમાં દિગ્વ્રત એટલે તિર્યગ્-ઊર્ધ્વ-અધો અથવા દશેય દિશાઓમાં યથાશક્તિ ગમન પરિમાણનો અભિગ્રહ કરવો.

તેનાથી પછી સર્વ જીવોમાં અર્થથી અને અનર્થથી સર્વસાવદ્યયોગનો અભાવ થાય છે.

દેશવ્રત એટલે ઓરડો, ઘર, ગામ અને સીમા વગેરેમાં યથાશક્તિ પ્રવિચાર માટે પરિમાણનો અભિગ્રહ કરવો. તેની પછી સર્વસાવદ્યયોગનો અભાવ થાય.

આ અગારી વ્રતીના ઉપભોગ અને પરિભોગ અર્થ છે. તેનાથી અન્ય અનર્થ છે. અનર્થ માટે દંડ અનર્થદંડ છે. અનર્થદંડની વિરતિ એ અનર્થદંડવ્રત છે.

કાળનું નિયમન કરીને સર્વસાવદ્યયોગનો ત્યાગ એ સામાયિક છે.

પૌષધમાં ઉપવાસ તે પૌષધોપવાસ. પૌષધ અને પર્વ અનર્થાંતર છે. તે આઠમ, ચૌદશ, પૂનમ (કે અમાસ)ને અથવા બીજી કોઈ એક તિથિને નિશ્ચિત કરીને ચતુર્થ વગેરે ઉપવાસી સ્નાન-અનુલેપન-ગંધ-માલ્ય-અલંકારના ત્યાગી અને સર્વસાવદ્યયોગના ત્યાગી ગૃહસ્થે કુશસંસ્તાર અને ફલક વગેરેમાંથી કોઈપણ સંથારાને પાથરીને અથવા વીરાસન અને નિષદ્યા (આદિ)માંથી કોઈ એક આસન કરીને ધર્મજાગરિકામાં તત્પર બનીને પૌષધોપવાસ કરવો જોઈએ.

અશન-પાન-ખાદિમ-સ્વાદિમ-ગંધ-માલ્ય વગેરેનો, પ્રાવરણ-અલંકાર-શયન-આસન-ગૃહ-યાન-વાહન વગેરેનો અને બહુ સાવદ્યનો ત્યાગ કરવો તથા અલ્પસાવદ્યોનું પણ પરિમાણ કરવું તે ઉપભોગ-પરિભોગપરિમાણ વ્રત છે.

ન્યાયથી આવેલા અને કલ્પનીય એવા અન્નપાનાદિ દ્રવ્યોનું દેશ-કાળ-શ્રદ્ધા-સત્કાર-ક્રમથી યુક્ત પ્રકૃષ્ટ-આત્માનુગ્રહબુદ્ધિથી સંયતોને દાન કરવું તે અતિથિસંવિભાગ વ્રત છે. (૭-૧૬)

**टीका–** कृतद्वन्द्वा दिगादयस्तैः सम्पन्नः-समृद्धः संयुक्तः, चशब्दः समुच्चयवचनः, प्रतिपन्नाणुव्रतस्यागारिणस्तेषामेवाणुव्रतानां दार्ढ्यापादनाय शीलोपदेशः, शीलं च गुणशिक्षाव्रतं, तत्र गुणव्रतानि त्रीणि दिग्भोगपरिभोगपरिमाणानर्थदण्डविरतिसंज्ञान्यणुव्रतानां भावनाभूतानि, यथाऽणुव्रतानि तथा गुणव्रतान्यपि सकृत् गृहीतानि यावज्जीवं भावनीयानि, शिक्षापदव्रतानि सामायिकदेशावकाशिकपौषधोपवासातिथिसंविभागाख्यानि चत्वारि, प्रतिदिवसमनुष्ठेये द्वे सामायिकदेशावकाशिके, पुनः पुनरुच्चार्येते इतियावत्, पौषधोपवासातिथिसंविभागौ तु प्रतिनियतदिवसानुष्ठेयौ, न प्रतिदिवससमाचरणीयौ, पुनः पुनरष्टम्यादितिथिष्वनुष्ठीयेते इति, शिक्षाऽभ्यासस्तस्याः पदानि-स्थानानि अभ्यासविषयास्तान्येव व्रतानि शिक्षापदव्रतानीति, गुणव्रतानि तु न प्रतिदिवसग्राह्याणि, सकृद्ग्रहणान्येव, गुण्यन्ते-सङ्ख्यायन्त इति गुणा-दिगादयो, दिशापरिमाणं पूर्वादिका दिशः तासामिष्टसङ्ख्याव्यवच्छेदेन परतः प्रत्याख्यानमातिष्ठते, एवमुपभोगपरिभोगमपरिमितं सङ्ख्याय परिमाणेऽवस्थापयति, शेषं प्रत्याचष्टे, तथाऽनर्थदण्डमुपयोगमात्रव्यतिरिक्तस्य सकलस्य निवृत्तिमभ्युपैति, परिगुणयतो गुणव्रतसंज्ञा, एवमेतानि शिक्षाव्रतादीनि देशकालावस्थापेक्षाणि शीलमुत्तरगुणाख्यानि अणुव्रतपरिवृद्ध्यर्थमेव भावनीयानीति।

'एभिश्चे'त्यादि भाष्यं, एभिरिति दिगादिव्रतैः आदिग्रहणात् शिक्षापदव्रतैश्च सम्पन्नोऽगारी व्रती भवति,

कानि पुनस्तानि दिगादीनि व्रतानीत्याह-तत्र दिग्व्रतं नामेत्यादि, तत्र-तेषु उत्तरगुणेषु सप्तसु दिग्व्रतं नाम दिशोऽनेकप्रकाराः शास्त्रेऽभिहिताः, तत्र सूर्योदयोपलक्षिता पूर्वा शेषाश्च पूर्वदक्षिणादिकास्तदनु क्रमेण, दिशां

सम्बन्धि दिक्षु वा व्रतं एतावत्सु पूर्वादिदिग्भागेषु मया गमनाद्यनुष्ठेयं, न परत इति, नामशब्दो वाक्यालङ्कारार्थः, एतदेव स्पष्टतरं विवृणोति-तिर्यगित्यादिना तिर्यगिति पूर्वादिका दिशोऽष्टौ निर्दिष्टाः, ऊर्ध्वमिति नवमी दिक्, अध इति दशमी, एवमासां दशानां दिशां यथाशक्ति गमनपरिमाणाभिग्रह इति, यथाशक्तीति यथासामर्थ्यं कार्यापेक्षया गमिक्रियादिपरिमाणं एतावती दिक् पूर्वेणावगाहनीया, एतावती च पूर्वदक्षिणेनेत्यादि, अभिग्रहोऽभिमुखग्रहणं, आभिमुख्यं तु निश्चित्य ज्ञानेन गुणदोषाविति गृह्णाति, ततः को गुणोऽवाप्यत इत्याह-तत्परतश्चेत्यादि, गुणमुपदर्शयति प्रष्टुः, चशब्दः क्रमावद्योतनार्थः, तस्माद्गमनपरिमाणात् परतः सर्वभूतेषु स्थावरजङ्गमाख्येषु पृथिव्यादिद्वीन्द्रियादिषु अर्थः-प्रयोजनमतिशयोपकारि, सत्यपि तस्मिन् न तत्र गमनाद्यनुतिष्ठति, अतस्तत्रत्यभूतानामनुपमर्दः अर्थतः अनर्थतश्चेति, चशब्दः समुच्चये-ऽनर्थः-अप्रयोजनं विना प्रयोजनेन भूखननोल्लिखनजलावगाहनवनस्पतिच्छेदकृकलासादिव्यापादनादिरनेकविधः, स एष सर्वः सावद्यः सपापो योगो व्यापारः कायादिकस्तेन चैव परिमाणात् परतो निरस्तेन निक्षिप्तो निरस्तो भवतीति गुणावाप्तिः । सम्प्रति क्रमनिर्दिष्टं देशव्रतमुच्यते-अत्राह-वक्ष्यति भवान् देशव्रतं, पारमर्षप्रवचनक्रमः कैमर्थ्याद्भिन्नः सूत्रकारेण ? आर्षे तु गुणव्रतानि क्रमेणोद्दिश्य शिक्षाव्रतान्युपदिष्टानि, सूत्रकारेण त्वन्यथा, तत्रायमभिप्रायः-पूर्वतो योजनशतपरिमितं गमनमभिगृहीतं, न चास्ति सम्भवो यत् प्रतिदिवसं तावती दिगवगाह्या, ततस्तदनन्तरमेवोपदिष्टं देशव्रतमिति, देशे-भागेऽवस्थापनं प्रतिदिनं प्रतिप्रहरं प्रतिक्षणमिति सुखावबोधार्थमन्यथाक्रमः,

सम्प्रति भाष्येण स्पष्टयत्येनमेवार्थं-देशव्रतं नामेत्यादि, दिक्परिमाणस्यैकदेशो देशस्तद्विषयं व्रतं देशनियमस्तच्च प्रयोजनापेक्षमेकादिदिक्कं सर्वदिक्कं वा, नामशब्दो वाक्यभूषणार्थः, देशनिरूपणार्थमाह-अपवरक

इत्यादि अपवरको विशिष्ट एव गृहैकदेशः, तत्रैवं नियमः प्रवेशादिकाले-आप्रभातसमयादर्वाक् न मया निर्गन्तव्यममुतो देशादन्यत्र अनाभोगादिभ्य इति, एवं कुड्यमर्यादावच्छिन्नाद्गेहात् तथा वृत्तिपरिक्षेपावच्छिन्नात् क्षेत्रात् ग्रामाद्वा सीमावच्छेदाच्च, आदिग्रहणं नगरखेटकर्बटविषयजन-खण्डपदार्थं, एतत् प्रदर्शनार्थमात्रं, एवं च यत्र देशे यावन्तं कालमिच्छति स्थातुं विहर्त्तुं वा तत्र विवक्षितदेशात् परतो निवृत्तिरित्येवम्, अस्यैवार्थस्य प्रतिपादनार्थमिदमाह-यथाशक्तीत्यादि, यथाशक्तीति कारणापेक्षया यावति देशे प्रविचारो गमनादिक्रिया समस्ति गृहिणस्तदर्थः परिमाणाभिग्रहः प्रविचारनियमार्थ इतियावत् । ततश्च तत्परतः प्रविचारजनितसूक्ष्मस्थूलभूतग्रामोपमर्दपरिहारः कृतो भवतीति दर्शयति ततः परतश्चेत्यादिना, प्राग्व्याख्यातार्थमेतद्भाष्यमिति ।

अनर्थदण्डो नामेत्यादि, अर्थः-प्रयोजनं गृहस्थस्य क्षेत्रवास्तुधन-शरीरपरिजनादिविषयस्तदर्थ आरम्भो-भूतोपमर्दोऽर्थदण्डः, दण्डो निग्रहो यातना विनाशनमिति पर्यायाः, अर्थेन-प्रयोजनेन दण्डोऽर्थदण्डः स चैष भूतविषय उपमर्दलक्षणो दण्डः क्षेत्रादिप्रयोजनमपेक्षमाणोऽर्थदण्ड उच्यते, तद्विपरीतोऽनर्थदण्डः प्रयोजननिरपेक्षः अनर्थोऽप्रयोजनमनुपयोगो निष्कारणता, विनैव कारणेन भूतानि दण्डयति यथा कुठारेण प्रहृष्टः तरुस्कन्धशाखादिषु प्रहरति कृकलासपिपीलिकादि व्यापादयति, नामशब्दः पूर्ववत्, अनर्थदण्डस्वरूपनिरूपणायाह-उपभोगेत्यादि, उपभुज्यत इत्युप-भोगः, उपशब्दः सकृदर्थे, सकृद्भोगः उपभोगः पुष्पाहारादि, अथवा आन्तरभोगः उपभोगः आहारादिः, अत्रान्तर्वचनः उपशब्दः, परिभुज्यत इति परिभोगः, परिशब्दोऽभ्यावृत्तौ वर्त्तते, पुनः पुनः भोगो वस्त्रादेः तस्माद् विरतिर्व्रतमगारिणो भवति । ननु च व्रतग्रहणाद्विरतिशब्दो गम्यत एव किमर्थं विरतिग्रहणं, उच्यते, आदरार्थं, दूरतश्चायम्, अत आदृतः कथं नाम परिहरेदिति ।

सामायिकं नामेत्यादि सामायिकमिति समो-रागद्वेषविमुक्तः आयो-लाभः प्राप्तिः, समस्यायः समायः तत्र भवं सामायिकं, समाय एव वा सामायिकं, नामशब्दोऽलङ्कारार्थः, अभिगृह्य कालमिति कालं नियम्य यावच्चैत्यानि पर्युपासे साधून् वा अन्यद्वा किञ्चिदुपलक्षणमास्थाय कालस्य गोदोहिकादि स्थिरचित्तवृत्तिः, गृहपौषधशालादिषु निर्व्यापारः सन् सर्वत्र सामायिकमातिष्ठते, अमुना विधानेन-करोमि भदन्त ! सामायिकं द्विविधं त्रिविधेनेति, प्रतिपद्य चैवं ततश्चैत्यादि पर्युपास्ते, निक्षिप्तसावद्ययोगः अवद्यं गर्हितं पापं सहावद्येन सावद्यः योगो व्यापारः कायिकादिस्तस्य सावद्यव्यापारस्य निक्षेपः-परित्यागः प्रोज्झनं, न करोमि न कारयामि मनोवाक्कायैरिति भावस्तद्विशेषणं सावद्यमिति ॥ सर्वशब्दः प्रकृतविकल्पापेक्षया, अतः सर्वसावद्ययोग इति न करोमि न कारयामि तस्य विकल्पस्य प्रत्याख्येयो यः सावद्ययोगः स सर्व इत्यनेन विशेष्यते, न पुनः सामान्येन सर्वसावद्ययोगनिक्षेपणमिति, असम्भवात् तस्यागारिण इति ।

'पौषधोपवासो नामे'त्यादिना पौषधस्वरूपं निरूपयति, रूढ्या पौषधशब्दः पर्वसु वर्त्तते, पर्वाणि च अष्टम्यादितिथयः, पूरणात् पर्व, धर्मोपचयहेतुत्वात्, तत्र पौषधे पर्वण्युपवासः त्रिविधस्य चतुर्विधस्य वाऽऽहारस्य छेदः, नामशब्दो वाक्यालङ्कारार्थः, अनर्थान्तरमित्येकार्थता, सोऽष्टमीमित्यादि, स पौषधोपवासः उभयपक्षयोरष्टम्यादितिथिमभिगृह्य निश्चित्य बुद्ध्याऽन्यतमां वेति प्रतिपदादितिथिम्, अनेन चान्यासु तिथिषु अनियमं दर्शयति, अष्टम्यादिषु नियमः, चतुर्थाद्युपवासिनेति, कर्तृलक्षणा तृतीया, मुमुक्षूणां सकृद्भोजनं मध्यमजनस्य भक्तद्वयं, तत्र मध्यमां प्रतिपत्तिमाश्रित्य चतुर्थादितपोगणना, अतीतेऽहनि भुक्त्वा प्रत्याख्यान-मित्येको भोजनकालः, द्वितीयेऽहनि भक्तद्वयच्छेदः, तृतीयेऽहनि भुक्तिकाले भुङ्क्त इति चतुर्थमुच्यते, एक उपवासः चतुर्थं, तदाद्युप-

वसति यस्तच्छीलश्च स चतुर्थाद्युपवासी, आदिग्रहणात् पूर्वगणनयैव षष्ठाष्टमादिसमस्ततपोविकल्पग्रहणं, स्नानमुदकेन अनुलेपनं चन्दनादिना गन्धा वासादयः मालार्हं माल्यं पुष्पप्रकरः, अलङ्कारो वस्त्रकेशकटकादि व्यपगताः स्नानादयो यस्येति, न्यस्तो निक्षिप्तः सर्वसावद्ययोगो येन, सर्वशब्दः पूर्ववत्, कुशास्तृणजातिरशुषिराः तत्कृतः संस्तारः, संस्तीर्यते-ऽसाविति संस्तारः फलकमप्यशुषिरं चम्पकादिपट्टखण्डं, आदिग्रहणात् द्विदलवस्त्रकम्बलीपरिग्रहः अन्यतममिति उक्तानां मध्ये यथालाभमास्तीर्य विरचय्य प्रतनुनिद्रेण अनुष्ठेयः, अथवा स्वशक्त्यपेक्षया स्थानादिविधिना-ऽनुष्टेयस्तदाह-स्थानमूर्ध्वलक्षणं कायोत्सर्गाख्यं वीराणां संहननयुक्ता-नामासनं जान्वधोभागतुल्यमञ्चिकादिनिविष्टस्यापनीताधोमञ्चिकस्य तथाऽवस्थानं वीरासनमुच्यते, निषद्यासनं हि समस्फिग्निवेशनं पर्यङ्क-बन्धादिः, वाशब्दो विकल्पार्थः, स्थानादि वा शयनं वा अन्यतममिति यदेवाभ्यस्तं आस्थायेति परिगृह्य धर्मस्तु श्रुतचरणभेदाद् द्विधा, तत्र श्रुतधर्मो वाचनाप्रच्छनाऽनुप्रेक्षास्वाध्यायधर्मोपदेशलक्षणः चरणधर्मो महा-व्रताणुव्रतोत्तरगुणभेदतः तद्विषयं जागरणं जागरिका, नत्वार्तरौद्रविकथा-द्याश्रिता जागरेति, एवमयं पौषधोपवासः सम्यग् गृहिणाऽनुष्ठेय इति ।

उपभोगपरिभोगव्रतं नामेत्यादि उपभोगपरिभोगशब्दार्थौ व्याख्यातौ, तच्च द्विविधं व्रतं भोजनकर्मविषयत्वात्, तत्राशनाद् मांसानन्तकायादे-र्निवर्तते पानतो मद्यसुरामांसरसकादेः खाद्याद् बहुबीजसत्त्वोदुम्बरफलादेः स्वाद्यात् माक्षिकादिमधुप्रभृतेः एवं यथासम्भवमन्यदपि सचित्तमाहारजातं परिहरति प्रतिदिवसं, कर्म्मतः पञ्चदश कर्म्मादानानि अङ्गारकरणादीनि ज्ञानावरणादिकर्मणां हेतुत्वात् आदानात् कर्म्मादानानीत्युच्यन्ते, तानि चाङ्गारवनशकटभाटकस्फोटनदन्तलाक्षारसविषकेशवाणिज्ययन्त्रपीडन-निर्लाञ्छनदवदानसरोह्रदादिपरिशोषणासतीपोषणकर्म्माणि, प्रदर्शनं चैतद् बहुसावद्यानां कर्मणां, न परिगणनमित्यागमार्थः, ननु च भाष्यकृता न

कर्म्मादानग्रहणमकारि साक्षात्, सत्यं, आदिग्रहणाद् व्याख्येयानि, प्रवचने तथोपदिष्टत्वात्, गन्धमाल्यादीनामित्यादिशब्दात् पटवासधूप-प्रकर्षताम्बूलग्रहणं, समासतो यानि बहुसावद्यानि तानि यावज्जीवं वर्जनीयानि, अल्पसावद्यानां तु कर्म्मणां परिमाणं कार्यं, शेषाणि प्रत्याख्येयानि ।

अतिथिसंविभागो नामेत्यादि अतिथिर्भोजनार्थं भोजनकालोपस्थायी स्वार्थं निर्वर्त्तिताहारस्य गृहिव्रतिनः साधुरेवातिथिः तस्य संविभागो-ऽतिथिसंविभागः, संविभागग्रहणात् पश्चात्कर्म्मादिदोषपरिहारः, अत्र च पौषधोपवासपारणकाले नियमः, 'अदत्त्वा साधुभ्यो न स्वयं पारणीय'-मिति, अन्यदा तु दत्त्वा पारयति पारयित्वा वा ददाति इत्यनियमः, तच्च देयं देशकालाद्यपेक्षं सर्वमेवोद्गमादिविशुद्धं मोक्षफलमभिलषता संयता-संयतेन, कदाचित् किञ्चिदाधाकर्म्माद्यपि देशकालापेक्षं स्वर्गादिफलमेव भवतीति विजानता देयमेव, उत्सर्गापवादप्रपञ्चस्वभावत्वाद्भगवदर्हत्-प्रणीतप्रवचनस्येति, नामशब्दः पूर्ववत्, न्यायागतानामिति न्यायो द्विजक्षत्रियविट्शूद्राणां स्ववृत्त्यनुष्ठानं, स्ववृत्तिश्च प्रसिद्धैव प्रायो लोकरूढ्या, तेन तादृशेन न्यायेन आगतानां प्राप्तानां कल्पनीयानामिति उद्गमादिदोषवर्जितानामशनीयपानीयखाद्यस्वाद्यवस्त्रपात्रप्रतिश्रयसंस्तार-भेषजादीनां द्रव्याणामिति पुद्गलविशेषाणां देशो नानाव्रीहिकोद्रवकङ्गुगो-धूमादिनिष्पत्तिकः कालः सुभिक्षदुर्भिक्षादिः श्रद्धा विशुद्धचित्तपरिणामः पात्राद्यपेक्षः सत्कारोऽभ्युत्थानासनदानवन्दनानुव्रजनादिः क्रमः परिपाटी देशकालापेक्षो यः पाको निर्वृत्तः स्वगेहे तस्य पेयादिक्रमेण दानं, यो वा यत्र देशे काले वा क्रमः प्रसिद्धः तैर्देशादिभिरुपेतं, उपेतशब्दः प्रत्येकमभिसम्बध्यते, परयेति प्रकृष्टया आत्मनोऽनुग्रहबुद्ध्या ममायमनुग्रहो महाव्रतयुक्तैः साधुभिः क्रियते यदशनीयाद्यादीयत इति, अतः संयता मूलोत्तरगुणसम्पन्नास्तेभ्यः संयतात्मभ्यो दानमिति ॥७-१६॥

**ટીકાર્થ–** દિગ્ આદિ શબ્દોનો દ્વન્દ્વ સમાસ છે. સંપન્ન એટલે સંયુક્ત. च શબ્દ સમુચ્ચય વચનવાળો છે, અર્થાત્ च શબ્દનો સમુચ્ચય અર્થ છે. જેણે અણુવ્રતો સ્વીકાર્યા છે તે અગારીના તે જ અણુવ્રતોમાં દઢતા પ્રાપ્ત કરાવવા માટે શીલનો ઉપદેશ છે. શીલ એટલે ગુણવ્રતો અને શિક્ષાવ્રતો. તેમાં ગુણવ્રતો દિગ્વ્રત, ઉપભોગ-પરિભોગપરિમાણ, અનર્થદંડ નામના ત્રણ છે. ગુણવ્રતો અણુવ્રતોની ભાવનારૂપ છે. અણુવ્રતોની જેમ ગુણવ્રતો પણ એકવાર ગ્રહણ કરીને યાવજ્જીવ ભાવવા=પાળવા જોઈએ. શિક્ષાપદવ્રતો સામાયિક-દેશાવગાશિક-પૌષધોપવાસ-અતિથિસંવિભાગ નામવાળા ચાર છે. સામાયિક અને દેશાવગાશિક એ બે વ્રતો પ્રતિદિન આચરવા(=કરવા) યોગ્ય છે, અર્થાત્ ફરી ફરી ઉચ્ચરવામાં આવે છે. પૌષધોપવાસ અને અતિથિ સંવિભાગ એ બે વ્રતો પ્રતિનિયત દિવસોમાં આચરવા યોગ્ય છે, પ્રતિદિન આચરવા યોગ્ય નથી, ફરી ફરી અષ્ટમી આદિ તિથિઓમાં આચરાય છે. શિક્ષા એટલે અભ્યાસ, શિક્ષાના પદો=સ્થાનો, સ્થાનો એટલે અભ્યાસના વિષયો. શિક્ષાપદો એ જ વ્રતો=શિક્ષાપદવ્રતો, ગુણવ્રતો પ્રતિદિન ગ્રહણ કરવા યોગ્ય નથી એક જ વાર ગ્રહણ કરાય છે.

જે ગુણાય છે=સંખ્યા કરાય છે તે ગુણો. દિગ્વિરતિ વગેરે ગુણો=ગુણવ્રતો છે.

**દિશાપરિમાણ–** પૂર્વ વગેરે દિશાઓની ઈષ્ટ સંખ્યાને બાદ કરીને પછીની દિશાનું પ્રત્યાખ્યાન કરે તે દિશાપરિમાણ છે.

**ઉપભોગપરિભોગપરિમાણ–** અપરિમિત ઉપભોગ-પરિભોગને સંખ્યા કરીને પરિમાણમાં સ્થાપે છે. બાકીનાનું પ્રત્યાખ્યાન કરે છે.

**અનર્થદંડ–** જેટલું ઉપયોગી હોય તે સિવાય સઘળાની નિવૃત્તિને સ્વીકારે છે=ત્યાગ કરે છે. વિશેષથી ગુણ કરનાર વ્રતની ગુણવ્રત સંજ્ઞા છે.

આ પ્રમાણે દેશ-કાલ-અવસ્થાની અપેક્ષાવાળા આ શિક્ષાવ્રતો વગેરે શીલ છે, તેમની ઉત્તરગુણ એવી સંજ્ઞા છે. ઉત્તરગુણો અણુવ્રતોની વિશેષથી વૃદ્ધિ થાય એ માટે જ પાળવા જોઈએ.

## દિગ્વ્રત

'एभिश्च' ઇત્યાદિ ભાષ્ય છે. एभिः પદનો સંબંધ દિશાદિ વ્રતોની સાથે છે. દિશાદિ ઉત્તર વ્રતોથી અને આદિ શબ્દના ગ્રહણથી શિક્ષાપદ વ્રતોથી યુક્ત અગારી વ્રતી થાય છે.

તે દિશાદિ વ્રતો કયા છે એમ કહે છે- તે સાત ઉત્તરગુણોમાં દિગ્વ્રત એટલે દશ દિશાઓમાં યથાશક્તિ ગમન પરિમાણનો અભિગ્રહ કરવો.

**દિગ્વ્રત–** દિશા સંબંધી વ્રત કે દિશાઓમાં વ્રત તે દિગ્વ્રત. પૂર્વ આદિ દિશાઓના આટલા ભાગોમાં મારે ગમનાદિ કરવું તેનાથી આગળ નહિ.

**દિશા–** શાસ્ત્રમાં દિશાઓ અનેક પ્રકારની કહી છે. તેમાં સૂર્યોદયથી ઓળખાયેલી દિશા પૂર્વ દિશા છે. ત્યાર પછી ક્રમશઃ અગ્નિ ખૂણો વગેરે શેષ દિશાઓ છે.

### દશદિશાનું યંત્ર



**તિર્યગ્-ઊર્ધ્વ-અધો–** પૂર્વાદિ આઠ દિશાઓ તિર્યગ્ દિશા છે. નવમી ઊર્ધ્વ દિશા છે. દશમી અધોદિશા છે.

**યથાશક્તિ–** યથાશક્તિ એટલે યથાસામર્થ્ય.

**ગમનપરિમાણ–** પૂર્વમાં આટલી દિશા સુધી જવું, અગ્નિ ખૂણામાં આટલી દિશા સુધી જવું એ પ્રમાણે કાર્યની અપેક્ષાએ જવાની ક્રિયા આદિનું પરિમાણ કરવું.

**અભિગ્રહ–** અભિમુખ ગ્રહણ=અભિગ્રહ. જ્ઞાનથી ગુણ-દોષનો નિશ્ચય કરીને ગ્રહણ કરવું તે આભિમુખ્ય છે.

તેનાથી કયો ગુણ પ્રાપ્ત કરાય છે(=કયો લાભ થાય છે) તે કહે છે-

'तत्परतश्च' इत्यादि પૂછનારને લાભ બતાવે છે. च શબ્દ ક્રમને જણાવવા માટે છે.

**તેનાથી પછી–** તે ગમનપરિમાણથી પછી.

**સર્વજીવોમાં–** સ્થાવર-જંગમ નામના પૃથ્વી આદિ અને બેઇન્દ્રિયાદિ સર્વ જીવોમાં.

**અર્થથી–** અર્થ એટલે અતિશય સહાય કરે તેવું પ્રયોજન. પ્રયોજન હોવા છતાં ત્યાં ગમન વગેરે ન કરે. આથી ત્યાં રહેલા જીવોની હિંસા ન થાય.

'अनर्थतश्च' इति, च શબ્દ સમુચ્ચયમાં છે. અનર્થ એટલે પ્રયોજનનો અભાવ. પ્રયોજન વિના જમીનને ખોદવી, ઉખેડવી, પાણીમાં પ્રવેશવું, વનસ્પતિને છેદવી, કાચિંડા આદિને મારવા વગેરે અનેક પ્રકારનો અનર્થ સાવદ્યયોગ છે.

**સાવદ્યયોગ–** સાવદ્યયોગ એટલે પાપવાળો કાયિક વગેરે વ્યાપાર.(=પાપવાળી પ્રવૃત્તિ).

**અભાવ–** પરિમાણથી પછી બંધ થયેલા કાયિક વગેરે વ્યાપારથી સાવદ્યયોગનો અભાવ થાય છે.

આ પ્રમાણે દિગ્વ્રતથી ગુણની(=લાભની) પ્રાપ્તિ થાય છે.

## દેશાવગાશિકવ્રત

હવે ક્રમથી નિર્દેશેલા દેશાવગાશિક વ્રતને કહેવાય છે–

**પ્રશ્ન–** અહીં કહે છે- આપ દેશાવગાશિક વ્રતને કહેશો. પરમર્ષિઓના પ્રવચનમાં કહેલો ક્રમ સૂત્રકારે શા માટે અલગ કર્યો? આર્ષમાં તો ક્રમથી ગુણવ્રતોના નામો કહીને પછી શિક્ષાવ્રતો કહ્યા છે. સૂત્રકારે તો બીજી રીતે નામો કહ્યા છે.

**ઉત્તર–** તેમાં આ અભિપ્રાય છે- (દિગ્વ્રતમાં) પૂર્વ તરફ સો યોજન જેટલું ગમનપરિમાણનો અભિગ્રહ કર્યો. પણ દરરોજ તેટલી દિશામાં જવાનો સંભવ નથી. તેથી દિગ્વ્રતની પછી તુરત જ દેશાવગાશિક વ્રત કહ્યું. દેશમાં=ભાગમાં પ્રતિદિન, પ્રતિપ્રહર અને પ્રતિક્ષણ સ્થાપન થાય એમ સુખપૂર્વક બોધ થાય એ માટે બીજી રીતે ક્રમ કહ્યો છે.

હવે આ જ અર્થને ભાષ્યથી સ્પષ્ટ કરે છે-

'देशव्रतं नाम' इत्यादि દિશાપરિમાણનો એક દેશ એ દેશ છે. તેના સંબંધી વ્રત તે દેશનિયમ(=દેશવ્રત) છે. તે પ્રયોજનની અપેક્ષાએ એક દિશાનું હોય કે સર્વ દિશાનું હોય. દેશના નિરૂપણ માટે કહે છે- 'अपवरक' इत्यादि અપવરક એટલે ઘરનો વિશિષ્ટ જ એક ભાગ(=ઓરડો). તેમાં પ્રવેશાદિકાળે આ નિયમ(કરે)-પ્રભાતનો સમય થાય એ પહેલાં મારે અનાભોગાદિ સિવાય આ દેશમાંથી નીકળવું નહિ. એ પ્રમાણે ભીંતની મર્યાદાથી નિશ્ચિત કરાયેલ ઘરથી, વાડના વલયથી નિશ્ચિત કરાયેલ ક્ષેત્રથી, ગામથી અને સીમાના ભાગથી જાણવું. आदि શબ્દનું ગ્રહણ નગર, ગામ, કુનગર અને જેમાં લોક રહેતા હોય તેવા નાના વિભાગવાળા સ્થાનો માટે છે. આ માત્ર બતાવવા(=દિગ્દર્શન) માટે છે. આ પ્રમાણે જે દેશમાં જેટલો કાળ રહેવા માટે, ફરવા માટે ઇચ્છે ત્યાં વિવક્ષિત દેશથી પછીના દેશમાં નિવૃત્તિ થાય છે.

આ જ અર્થનું પ્રતિપાદન કરવા માટે આ કહે છે- 'यथाशक्ति' इत्यादि, યથાશક્તિ કારણની અપેક્ષાએ સમજવું.

પ્રવિચાર એટલે ગમનાદિની ક્રિયા. પ્રવિચાર માટે એટલે ગૃહસ્થની જેટલા પ્રદેશમાં ગમનાદિની ક્રિયા છે તેટલા પ્રદેશમાં જ ગમનાદિ માટે પરિમાણનો અભિગ્રહ છે, અર્થાત્ પ્રવિચારનું નિયમન કરવા માટે પરિમાણનો અભિગ્રહ છે. તેથી તેના પછી પ્રવિચારથી થયેલ સૂક્ષ્મ-સ્થૂલ-જીવસમૂહની હિંસાનો ત્યાગ કરેલો થાય છે એમ ततः परतश्च ઈત્યાદિથી બતાવે છે. આ ભાષ્યના અર્થનું વ્યાખ્યાન પૂર્વે કર્યું છે.

### અનર્થદંડ

'अनर्थदण्डो नाम' इत्यादि અર્થ એટલે પ્રયોજન. ગૃહસ્થનો ક્ષેત્ર-વાસ્તુ-ધન-શરીર-પરિજન આદિ માટે થતો આરંભ=જીવહિંસા એ અર્થદંડ છે. દંડ, નિગ્રહ, યાતના અને વિનાશ એ પર્યાયવાચી શબ્દો છે. અર્થથી=પ્રયોજનથી થતો દંડ તે અર્થદંડ. આ અર્થદંડ જીવોની હિંસા-રૂપ છે. ક્ષેત્ર આદિના પ્રયોજનની અપેક્ષા રાખતો દંડ અર્થદંડ છે. તેનાથી વિપરીત પ્રયોજનથી નિરપેક્ષ દંડ અનર્થદંડ છે. અનર્થ, અપ્રયોજન, અનુપયોગ, નિષ્કારણતા આ શબ્દો એક અર્થવાળા છે. કારણ વિના જ જીવોને દંડે છે. જેમ કે, હર્ષ પામેલો જીવ કુહાડાથી વૃક્ષ-સ્કંધ-શાખા આદિમાં પ્રહાર કરે છે. કાચિંડા અને કીડી આદિને મારે છે. નામ શબ્દ પૂર્વવત્ (વાક્યાલંકારમાં) છે.

અનર્થદંડના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે કહે છે- उपभोग इत्यादि, જે એકવાર ભોગવાય તે ઉપભોગ. उप શબ્દ એકવાર અર્થમાં છે. એકવાર ભોગ તે પુષ્પ અને આહાર વગેરે ઉપભોગ છે. અથવા અંદર ભોગ તે ઉપભોગ. જેમકે આહાર વગેરે. અહીં ઉપ શબ્દ 'અંદર' અર્થમાં છે. જે વારંવાર ભોગવાય તે પરિભોગ. પરિ શબ્દ ફરી ફરી અર્થમાં છે. વસ્ત્રાદિનો ફરી ફરી ભોગ તે પરિભોગ. તેનાથી વિરતિ એ અગારીનું વ્રત છે.

**પ્રશ્ન–** વ્રત શબ્દના ગ્રહણથી વિરતિ શબ્દ જાણી જ શકાય છે તો પછી શા માટે વિરતિ શબ્દનું ગ્રહણ કર્યું ?

**ઉત્તર–** આદર માટે. આ બહુ દૂરથી છે, અર્થાત્ અનર્થદંડનો ત્યાગ બહુ કઠીન છે. આથી આદરવાળો થયેલો તે કેવી રીતે અનર્થદંડને છોડે એવા ભાવથી વિરતિ શબ્દનો ઉલ્લેખ કર્યો છે.

### સામાયિક

'सामायिकं नाम' इत्यादि (સામાયિક શબ્દનો અર્થ-) સમ એટલે રાગ-દ્વેષથી મુક્ત. આય એટલે લાભ. સમનો લાભ તે સમાય. સમાયમાં થયેલું સામાયિક, અથવા સમાય એ જ સામાયિક. નામ શબ્દ વાક્યના અલંકાર માટે છે. "अभिगृह्य कालम्" इति કાળનું નિયમન કરીને. જ્યાં સુધી ચૈત્યોની અથવા સાધુઓની ઉપાસના કરું અથવા એના જેવું બીજું કંઈક ગોદોહિકા વગેરે કાળનું આલંબન લઈને સ્થિર ચિત્તવૃત્તિવાળો જીવ ઘરમાં કે પૌષધશાળા વગેરેમાં બધા સ્થળે સાવદ્યવ્યાપારથી રહિત બનીને સામાયિકનું આલંબન લે=સામાયિક કરે. હે ભગવંત ! હું દ્વિવિધ-ત્રિવિધથી સામાયિક કરું છું. એ રીતે સામાયિક કરે. આ પ્રમાણે સામાયિકનો સ્વીકાર કર્યા પછી સાવદ્યયોગત્યાગી તે ચૈત્ય વગેરેની ઉપાસના કરે.

**सावद्ययोगनिक्षेपः** અવદ્ય એટલે નિંદ્ય-પાપ. અવદ્યથી સહિત તે સાવદ્ય. યોગ એટલે કાયિકાદિ વ્યાપાર. નિક્ષેપ એટલે ત્યાગ. સાવદ્ય વ્યાપારનો ત્યાગ તે સાવદ્યયોગનિક્ષેપ.

મન-વચન-કાયાથી ન કરું અને ન કરાવું એવો ભાવ છે. તેનું વિશેષણ સાવદ્ય છે, અર્થાત્ મન-વચન-કાયાથી સાવદ્ય ન કરું અને ન કરાવું.

સર્વ શબ્દ પ્રસ્તુત વિકલ્પની અપેક્ષાએ છે. એથી "ન કરું અને ન કરાવું" એ વિકલ્પમાં સર્વસાવદ્યયોગ પ્રત્યાખ્યાન કરવા યોગ્ય છે. જે સાવદ્યયોગ છે તે સર્વ એવા શબ્દથી વિશેષ કરાય છે. પણ સામાન્યથી સર્વસાવદ્યયોગનો ત્યાગ થતો નથી. કારણ કે તે અગારીને સર્વ-સાવદ્યયોગના ત્યાગનો અસંભવ છે.

### પૌષધોપવાસ

**पौषधोपवास** नाम ઇત્યાદિથી પૌષધના સ્વરૂપનું નિરૂપણ કરે છે. રૂઢિથી પૌષધ શબ્દ પર્વોમાં વર્તે છે, અર્થાત્ પૌષધ શબ્દ પર્વવાચી છે.

અષ્ટમી આદિ તિથિઓ પર્વો છે. પૂરણ કરવાના કારણે પર્વ કહેવાય છે. કારણ કે પર્વ ધર્મપુષ્ટિનું કારણ છે. પૌષધમાં=પર્વમાં ઉપવાસ તે પૌષધોપવાસ. ઉપવાસ એટલે ત્રણ પ્રકારના કે ચાર પ્રકારના આહારનો ત્યાગ. નામ શબ્દ વાક્યાલંકાર માટે છે. અનર્થાન્તર એટલે એક અર્થ. (પૌષધ અને પર્વનો એક જ અર્થ છે.)

'सोऽष्टमीम्' इत्यादि તે પૌષધોપવાસ ઉભયપક્ષમાં અષ્ટમી આદિ તિથિને બુદ્ધિથી નિશ્ચિત કરીને અથવા એકમ આદિ કોઇ એક તિથિને નિશ્ચિત કરીને, આનાથી અન્ય તિથિઓમાં અનિયમ બતાવે છે. અષ્ટમી આદિમાં નિયમ છે. चतुर्थाद्युपवासिना इति, અહીં કર્તા અર્થમાં ત્રીજી વિભક્તિ છે. મુમુક્ષુઓને એકવાર ભોજન હોય, મધ્યમ લોકને બે વાર ભોજન હોય. તેમાં મધ્યમનો સ્વીકાર કરીને ચતુર્થ આદિ તપની ગણના છે. ગતદિવસે ભોજન કરીને પ્રત્યાખ્યાન કરે એ પ્રમાણે એક ભોજન કાળ થાય. બીજા દિવસે બે ભોજનનો છેદ થાય. ત્રીજા દિવસે ભોજનકાળે ભોજન કરે. એ પ્રમાણે ચોથું ભોજન કહેવાય છે. એક ઉપવાસ એટલે ચતુર્થ. જે ચતુર્થ વગેરે ઉપવાસ કરે છે અને તેના(=ચતુર્થ વગેરે કરવાના) સ્વભાવવાળો છે તે ચતુર્થાદ્યુપવાસી. આદિ શબ્દના ગ્રહણથી પૂર્વની ગણનાથી જ છટ્ઠ-અટ્ઠમ વગેરે સઘળા તપભેદોનું ગ્રહણ કરવું.

**સ્નાન–** પાણીથી સ્નાન કરવું. **અનુલેપન-** ચંદન આદિથી વિલેપન કરવું. **ગન્ધ**=વાસ. (સુગંધિ દ્રવ્યવિશેષ.) **માલ્ય-** માળાને યોગ્ય હોય તે માલ્ય, અર્થાત્ પુષ્પસમૂહ. **અલંકાર-** વસ્ત્ર-કેશ-કડું વગેરે. સ્નાન વગેરે જેના દૂર થયા છે તે. સર્વસાવદ્યયોગોનો જેણે ત્યાગ કર્યો છે તે. સર્વ શબ્દ અંગે પૂર્વવત્ (સામાયિકના વર્ણનમાં કહ્યું છે તેમ) જાણવું.

**કુશસંસ્તાર–** કુશ તૃણની જાતિ છે. પોલાણ વગરના કુશતૃણથી કરાયેલ સંસ્તાર તે કૃશસંસ્તાર. પથરાય છે તેથી સંસ્તાર(=શય્યા) છે.

**ફલક–** ચંપકાદિ વૃક્ષનું પટ્ટખંડ(=પાટિયું કે પાટ). તે પણ પોલાણ (=કાણા વગેરે)થી રહિત હોવું જોઇએ. આદિ શબ્દના ગ્રહણથી વિદલ (=વાંસમાંથી બનેલ આસન વગેરે વસ્ત્ર અને કામળીનું ગ્રહણ કરવું.)

**અન્યતમ–** ઉક્ત સંથારાઓમાં જે પ્રમાણે મળે તે પ્રમાણે, અર્થાત્ જે મળે તેને પાથરીને અલ્પનિદ્રાવાળા બનીને પૌષધોપવાસ કરવો જોઇએ અથવા સ્વશક્તિની અપેક્ષાએ 'સ્થાન' આદિ વિધિથી પૌષધોપવાસ કરવો જોઇએ. તેને કહે છે- સ્થાન એટલે કાયોત્સર્ગ. ઊભા રહીને કાયોત્સર્ગ કરવો તે સ્થાન.

**વીરાસન–** વીરોનું=સંહનનથી યુક્ત પુરુષોનું આસન તે વીરાસન. ઘુંટણની નીચેનો ભાગ તુલ્ય રહે, માંચા ઉપર બેઠેલો હોય, હવે નીચેથી માંચો લઇ લેવામાં આવે ત્યારે જે સ્થિતિ હોય તે સ્થિતિમાં રહેવું તે વીરાસન.

**નિષદ્યાસન–** પગની ઘૂંટી સમાન રહે તેવી સ્થિતિએ પર્યંકબંધ વગેરે નિષદ્યાસન છે.

वा શબ્દ વિકલ્પના અર્થવાળો છે. સ્થાનાદિ કરે કે શયન કરે. अन्यतमम् इति, જેનો અભ્યાસ કર્યો હોય તેને સ્વીકારીને.

**ધર્મજાગરિકા–** ધર્મ શ્રુત-ચારિત્રના ભેદથી બે પ્રકારે છે. તેમાં શ્રુતધર્મ વાચના-પ્રચ્છના-અનુપ્રેક્ષા-સ્વાધ્યાય-ધર્મોપદેશરૂપ છે. ચારિત્રધર્મના મહાવ્રત-અણુવ્રત-ઉત્તરગુણ એ (ત્રણ) ભેદો છે. શ્રુત-ચારિત્રધર્મ માટે જાગવું તે ધર્મજાગરિકા. ધર્મજાગરિકા આર્ત-રૌદ્રધ્યાન અને વિકથા આદિ માટે નથી. આ પ્રમાણે આ પૌષધોપવાસને ગૃહસ્થે સારી રીતે કરવો જોઇએ.

## ઉપભોગ-પરિભોગપરિમાણ

उपभोग-परिभोगव्रतं नाम इत्यादि, ઉપભોગ-પરિભોગ શબ્દોના અર્થોનું વ્યાખ્યાન (પૂર્વે આ જ સૂત્રમાં) કર્યું છે. તે વ્રત ભોજન અને કર્મને આશ્રયીને બે પ્રકારનું છે. તેમાં માંસ અને અનંતકાય આદિ અશનથી નિવૃત્ત થાય. દારૂ-સુરા-માંસરસ આદિ પાનથી નિવૃત્ત થાય. બહુબીજો અને જીવોથી ભરેલા ઉદુંબરફળ આદિ ખાદિમથી નિવૃત્ત થાય. માખીઓ વગેરેએ બનાવેલ દરેક પ્રકારના મધ-આદિ સ્વાદિમથી નિવૃત્ત થાય. એ પ્રમાણે યથાસંભવ બીજા પણ સચિત્ત આહારસમૂહનો દરરોજ ત્યાગ કરે. કર્મથી અંગારા કરવા વગેરે પંદર કર્માદાનોનો ત્યાગ કરે.

જ્ઞાનાવરણીયાદિ કર્મોના હેતુ હોવાથી=કર્મોને ગ્રહણ કરતા હોવાથી કર્માદાન કહેવાય છે. તે કર્માદાન આ છે- અંગાર-વન-શકટ-ભાટક-સ્ફોટન-દંત-લાક્ષા-રસ-વિષ-કેશવાણિજ્ય-યંત્રપીલણ-નિર્લાંછન-દવદાન-સરોહ્રદાદિ પરિશોષણ-અસતીપોષણ કર્મ. આ પંદર કર્માદાન બહુ સાવદ્ય કાર્યોને બતાવે છે. એથી કર્માદાનની કોઇ ગણના નથી. (જેમાં સતત જીવહિંસા થતી હોય તે બધા ધંધા કર્માદાન છે.) આ પ્રમાણે આગમમાં અર્થ છે.

**પૂર્વપક્ષ–** ભાષ્યકારે કર્માદાનનું સાક્ષાત્ ગ્રહણ કર્યું નથી.

**ઉત્તરપક્ષ–** તમારું કથન સત્ય છે. આદિ શબ્દનો ઉલ્લેખ કર્યો હોવાથી કર્માદાનોનું વ્યાખ્યાન કરવા યોગ્ય છે. કેમકે પ્રવચનમાં તે પ્રમાણે (પંદર કર્માદાનોનો) ઉપદેશ કર્યો છે.

गन्ध-माल्यादीनाम् એ સ્થળે આદિ શબ્દથી સુગંધિચૂર્ણ-ઉત્તમધૂપ-તાંબૂલનું ગ્રહણ કરવું. સંક્ષેપમાં જે બહુ સાવદ્ય હોય તેમનો જીવનપર્યંત ત્યાગ કરવો જોઇએ. અલ્પસાવદ્યવાળા ધંધાઓનું પરિમાણ કરવું જોઇએ. બાકીના ધંધાઓનું પચ્ચક્ખાણ કરવું જોઇએ.

## અતિથિસંવિભાગ

'अतिथिसंविभागो नाम' इत्यादि અતિથિ એટલે ભોજન માટે ભોજન કાળે ઉપસ્થિત રહેનાર. જેમણે પોતાના માટે આહાર બનાવ્યો છે તેવા ગૃહસ્થવ્રતીના અતિથિ સાધુ જ છે. તેનો સંવિભાગ તે અતિથિસંવિભાગ. સંવિભાગ શબ્દનું ગ્રહણ કર્યું હોવાથી પશ્ચાત્કર્મ આદિ દોષોનો ત્યાગ થાય છે. અહીં પૌષધોપવાસના પારણાના કાળે આ નિયમ છે કે "સાધુઓને આપ્યા વિના પોતે પચ્ચક્ખાણ ન પારવું." તે સિવાય તો આપીને પારે કે પારીને આપે. આપીને જ પારવું એવો નિયમ નથી. દેશ-કાળાદિની અપેક્ષાએ(=દેશકાળાદિ પ્રમાણે) આપવું જોઇએ. મોક્ષફળને ઇચ્છતા દેશવિરતિ શ્રાવકે સઘળું ય ઉદ્ગમાદિ દોષોથી વિશુદ્ધ આપવું જોઇએ. ક્યારેક દેશકાળ પ્રમાણે કંઇક આધાકર્માદિ દોષવાળું

પણ સ્વર્ગાદિના ફળવાળું થાય છે એમ જાણતા શ્રાવકે દોષવાળું પણ આપવું જ જોઇએ. કારણ કે અરિહંત ભગવાને રચેલ પ્રવચન ઉત્સર્ગ-અપવાદના વિસ્તારના સ્વરૂપવાળું છે, અર્થાત્ પ્રવચનમાં ઉત્સર્ગ-અપવાદ વિસ્તારથી જણાવ્યા છે. નામ શબ્દ પૂર્વવત્ જાણવો.

**ન્યાયથી આવેલા–** બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્રો પોતપોતાનો ધંધો કરે તે ન્યાય છે.

પોતપોતાનો ધંધો લોકરૂઢિથી પ્રાયઃ પ્રસિદ્ધ જ છે. આવેલા એટલે પ્રાપ્ત થયેલા.

**કલ્પનીય–** ઉદ્ગમ આદિ દોષોથી રહિત.

**દ્રવ્યો–** અશન-પાન-ખાદિમ-સ્વાદિમ વસ્ત્ર-પાત્ર-ઉપાશ્રય-સંથારો-ઔષધ આદિ પુદ્ગલવિશેષો.

**દેશ–** વિવિધ જાતિના ચોખા-કોદરા-કાંગ-ઘઉં વગેરે જેમાં થતા હોય તેવો દેશ.

**કાળ–** સુકાળ અને દુકાળ વગેરે.

**શ્રદ્ધા–** પાત્રાદિની અપેક્ષાએ વિશુદ્ધ ચિત્તપરિણામ.

**સત્કાર–** સાધુ પધારે ત્યારે ઊભા થવું, બેસવા આસન આપવું, વંદન કરવું, જાય ત્યારે થોડે સુધી પાછળ જવું વગેરે સત્કાર છે.

**ક્રમ–** ક્રમ એટલે અનુક્રમ. દેશ-કાળની અપેક્ષાએ પોતાના ઘરે જે રસોઇ તૈયાર થઇ હોય તેનું રાબ (કે ખીર) આદિના ક્રમથી દાન કરવું. અથવા જે દેશમાં જે કાળમાં જે ક્રમ પ્રસિદ્ધ હોય તે ક્રમથી દાન કરવું.

**પ્રકૃષ્ટ આત્માનુગ્રહ બુદ્ધિથી–** મહાવ્રતોથી યુક્ત સાધુઓ અશનાદિ ગ્રહણ કરી મારા ઉપર અનુગ્રહ કરે છે.

**સંયત–** સંયત એટલે મૂલ-ઉત્તરગુણોથી યુક્ત. સંયત આત્માઓને દાન કરવું. (૭-૧૬)

**भाष्यावतरणिका–** किञ्चान्यदिति ।

**ભાષ્યાવતરણિકાર્થ–** વળી બીજું.

**टीकावतरणिका–** किञ्चान्यदित्यनेनाभिसम्बध्नातीति, सम्यक्त्वसम्पन्नो अणुव्रतधरः शीलसम्पदा युक्तः ॥ किञ्चान्यत् पालयेदित्याह–

**ટીકાવતરણિકાર્થ–** વળી બીજું એ ઉલ્લેખથી સંબંધને જોડે છે. સમ્યક્ત્વથી યુક્ત અણુવ્રતધારી અને શીલરૂપ સંપત્તિથી યુક્ત. વળી બીજું પાળે એમ કહે છે–

**સંલેખનાનું વિધાન–**

**मारणान्तिकीं संलेखनां जोषिता ॥७-१७॥**

**સૂત્રાર્થ–** વ્રતી મરણના અંતે સંલેખના કરે. (૭-૧૭)

**भाष्यं–** कालसंहननदौर्बल्योपसर्गदोषाद्धर्मावश्यकपरिहाणिं मरणं वाऽभितो ज्ञात्वा, अवमौदर्यचतुर्थषष्ठाष्टमभक्तादिभिरात्मानं संलिख्य, संयमं प्रतिपद्य, उत्तमव्रतसम्पन्नश्चतुर्विधाहारं प्रत्याख्याय, यावज्जीवं भावनानुप्रेक्षापरः स्मृतिसमाधिबहुलो मारणान्तिकीं संलेखनां जोषिता उत्तमार्थस्याराधको भवतीति ॥७-१७॥

**ભાષ્યાર્થ–** કાળ-સંહનન દુર્બળતા-ઉપસર્ગદોષથી ધર્માવશ્યકની પરિહાનિને કે મરણને નજીકમાં જાણીને ઊણોદરી-ચતુર્થ-ષષ્ઠ-અષ્ટમભક્ત આદિથી આત્માની સંલેખના કરીને સંયમ સ્વીકારીને ચાર પ્રકારના આહારનું જાવજ્જીવ પ્રત્યાખ્યાન કરીને, મહાવ્રતોથી યુક્ત, ભાવનામાં અને અનુપ્રેક્ષામાં તત્પર, સ્મૃતિબહુલ, સમાધિબહુલ અને મારણાંતિકી સંલેખનાને કરનારો તે ઉત્તમાર્થનો આરાધક થાય છે. (૭-૧૭)

**टीका–** यद्यपि प्रतिक्षणमावीचिकमरणमस्ति तथापि न तद्ग्रहणं, किं तर्हि ?, सर्वायुषः क्षयो मरणम् । मरणमेवान्तो मरणान्तः-मरणकालः प्रत्यासन्नं मरणमितियावत् । जन्मनः पर्यवसानं तत्र भवा मारणान्तिकी, संलेखना हि सम्बध्यते, संलिख्यन्तेऽनया शरीरकषाया इति संलेखना-तपोविशेषः, यथोक्तमार्षे-

"चत्तारि विचित्ताइं विगईणिज्जूहिआइं चत्तारि ।
एगंतरमायामं अविगिट्ठविगिट्ठ कोडिक्कं ॥१॥"

द्वादश वर्षाण्युत्कर्षतः संलेखनाकालः, तदनु स्वशक्त्यपेक्षो मासार्द्धमासपरिमाणः संलेखनाकालोऽवसेयः, संलेखना चावश्यं समाधिमरणाय पर्यन्ते विधेयाऽनगारागारिभ्यां, जोषितेति कर्त्तरि ताच्छीलिकस्तृन्, मारणान्तिकीं संलेखनां जोषिता सेविता कर्ता इति, एनमेवार्थं भाष्येण स्पष्टयति कालसंहननेत्यादिना कालदोषाद्दुष्षमायां दुःशक्यं बहूनि वर्षाणि साधुगृहिधर्मानुष्ठानं कर्त्तुं, संहननं वज्रर्षभनाराचादि षोढा संहननस्य दौर्बल्यं दुर्बलता, हीयमानमित्यर्थः, उपसर्गास्तु दिव्यमानुषतिर्यक्कृतात्मसमुत्थाः, दोषशब्दः प्रत्येकमभिसम्बध्यते, कालदोषात् संहननदौर्बल्यदोषादुपसर्गदोषाद्वा, धर्मो दशलक्षणकः तद्विषयाण्यवश्यंकर्त्तव्यान्यावश्यकानि साधोः प्रत्युपेक्षणादीनि अगारिणोऽपि चैत्यवन्दनवैयावृत्त्यपौषधप्रतिपत्त्यादीनि तेषां परिहाणिः- अवसादः कालादिदोषात् तामवगम्य कालादिदोषमन्तरेण वा मरणम् - अभितः प्रत्यासन्नमवबुद्ध्येदं च कर्त्तव्यमित्याह-अवमौदर्येत्यादि अवमं न्यूनमुदरमवमोदरं तद्भावावमौदर्यं-अविकृतवदनकुक्कुड्यण्डकमानेन द्वात्रिंशत्कवलाहारः पुरुषः स्त्री वा, ततः किञ्चिदूनतादिभेदेनावमौदर्यम-नेकविधमागमेऽभिहितं, चतुर्थादिभक्तभावना पूर्वोक्ता, आदिग्रहणा-दर्धमासक्षपणादिपरिग्रहः, एभिस्तपोविशेषैरात्मानं संलिख्य-तनूकृत्य विरूक्ष्य-रुधिरमेदोमांसाद्यपचयं कृत्वा कषायांश्चापास्य-प्रोज्झ्य च गृहिव्रतत्वमभ्युपगम्य संयमं सर्वसावद्यविरतिलक्षणमुत्तमैर्महाव्रतैः सम्पन्नः चतुर्विधमशनादिकमाहारं प्रत्याख्याय त्रिविधं वा यथासमाधि यावज्जीवमिति विशिष्टावधिकं भावनानुप्रेक्षापरः भावनाः पूर्वोक्ताः अनुप्रेक्षास्तु वक्ष्यमाणा नवमे तत्पर इति तत्र निहितचेतास्तदध्यवसानः स्मृतिबहुलः सर्वं स्मरति यत् प्रतिज्ञातं महाव्रतादि, मुषितस्मृतेर्न

निर्जराऽस्ति प्रमादवतः, समाधिरिति चेतसः स्वस्थता तद्बहुलः समाधिबहुलः, नार्त्तरौद्रध्यानयुक्तः, एवं कुर्वन्नुत्तमार्थस्येति प्रकृष्ट-पुरुषार्थस्य मोक्षस्याराधको भवतीति ॥७-१७॥

**ટીકાર્થ–** જો કે પ્રતિક્ષણ આવીચિ મરણ થઇ રહ્યું છે, તો પણ અહીં તેનું ગ્રહણ કર્યું નથી. તો કયા મરણનું ગ્રહણ કર્યું છે ? સર્વ આયુષ્યના ક્ષય-રૂપ મરણનું ગ્રહણ કર્યું છે. મરણ એ જ અંત તે મરણાંત. મરણાંત એટલે મરણનો કાળ, અર્થાત્ નજીકનું મૃત્યુ. મરણાંત એટલે જન્મનો અંત. જન્મના અંતે થયેલી મારણાંતિકી. મારણાંતિકી શબ્દની સાથે સંલેખના શબ્દનો સંબંધ છે. જેનાથી શરીર અને કષાયો કૃશ કરાય તે સંલેખના. સંલેખના તપવિશેષ(=વિશેષ પ્રકારનો તપ) છે. શાસ્ત્રમાં કહ્યું છે–

(૧) (चत्तारि विचित्ताइं=) ચાર વર્ષ સુધી ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ વગેરે વિવિધ તપ કરે. પારણે સર્વકામગુણવાળા(=પાંચે ઇન્દ્રિયોને પોષક) અને ઉદ્ગમ આદિ દોષોથી રહિત વિશુદ્ધ આહાર વાપરે.

(૨) (विगईणिज्जूहिआइं चत्तारि=) બીજા ચાર વર્ષ સુધી વિવિધ પ્રકારનો તપ કરે અને પારણામાં વિગઇ રહિત=નિવિનો આહાર વાપરે.

(૩) (एगंतरयायामं=) ત્યારબાદ બે વર્ષ સુધી એકાંતરે આયંબિલ કરે, અર્થાત્ ઉપવાસના પારણે આયંબિલ કરે.

(૪) (अविगिट्ठ=) અગિયારમા વર્ષે પહેલા છ મહિના સુધી વિકૃષ્ટ તપ ન કરે, અર્થાત્ ઉપવાસ કે છઠ્ઠ કરે પણ અઠ્ઠમ વગેરે તપ ન કરે. પારણે ઊણોદરીપૂર્વક આયંબિલ કરે.

(૫) (विगिट्ठ=) બીજા છ મહિનામાં અઠ્ઠમ વગેરે વિકૃષ્ટ તપ કરે પારણે ઊણોદરી વિના આયંબિલ કરે.

(૬) (कोडिक्कं=) બારમા વર્ષે કોટિ સહિત આયંબિલ કરે. કોટિ એટલે આયંબિલની સાથે આયંબિલનું મળવું, અર્થાત્ નિરંતર આયંબિલ કરે.

સંલેખનાનો ઉત્કૃષ્ટ કાળ બાર વર્ષ છે. (तदनु=) આટલા કાળ સુધી સંલેખના ન થઇ શકે તો છેવટે સ્વશક્તિની અપેક્ષાએ માસ-અર્ધમાસ જેટલો સંલેખનાકાળ જાણવો.

સમાધિમરણ માટે અંતે સંલેખના સાધુએ અને ગૃહસ્થે અવશ્ય કરવી જોઇએ. जोषिता પ્રયોગમાં 'તેનો સ્વભાવ' એ અર્થમાં तृन् પ્રત્યય થયો છે. જોષિતા એટલે સેવનાર=કરનાર.

આ જ અર્થને ભાષ્યથી 'कालसंहनन' इत्यादि થી સ્પષ્ટ કરે છે.

**કાળદોષ–** દુષ્ષમા કાળમાં(=પાંચમાં આરામાં) ઘણા વર્ષો સુધી સાધુધર્મના કે ગૃહસ્થધર્મના અનુષ્ઠાનો કરવાનું દુઃશક્ય(=કઠીન) છે.

**સંહનનદુર્બલતાદોષ–** સંહનન વજ્રઋષભનારાચ વગેરે છ પ્રકારે છે. સંહનનની દુર્બલતા એટલે હીન થતું સંહનન.

**ઉપસર્ગદોષ–** ઉપસર્ગો દેવ-મનુષ્ય-તિર્યંચકૃત અને આત્મસમુત્થ છે.

**ધર્માવશ્યકપરિહાનિ–** ધર્મ (ક્ષમાદિ) દશ પ્રકારે છે. ધર્મ સંબંધી અવશ્ય કર્તવ્યો તે ધર્માવશ્યકો. સાધુના પડિલેહણા વગેરે ધર્માવશ્યકો છે. ગૃહસ્થના પણ ચૈત્યવંદન-વૈયાવૃત્ત્ય-પૌષધ સ્વીકાર વગેરે ધર્માવશ્યકો છે. તેમની પરિહાનિ=વિનાશ.

કાળાદિના દોષથી ધર્માવશ્યકોની પરિહાનીને જાણીને અથવા કાળાદિ દોષ વિના મરણને નજીકમાં જાણીને આ કરવું જોઇએ. એમ કહે છે- 'अवमौदर्य' इत्यादि અવમ એટલે ન્યૂન. ન્યૂન ઉદર તે અવમોદર. તેનો ભાવ અવમૌદર્ય(=ઊણોદરી). મુખને વિકૃત કર્યા વિના કુકડીના ઈંડાના માનથી પુરુષનો બત્રીસ કોળિયા અને સ્ત્રીનો અઠ્ઠાવીસ કોળિયા આહાર હોય તેનાથી કંઇક ન્યૂન આહાર વગેરે ભેદથી આગમમાં અવમૌદર્યને(=ઊણોદરીને) અનેક પ્રકારનું કહ્યું છે. ચતુર્થભક્ત વગેરેની ભાવના (પૂર્વે પૌષધોપવાસ વ્રતમાં) કહી છે. આદિ શબ્દના ગ્રહણથી અર્ધમાસખમણ આદિનું ગ્રહણ કરવું.

**સંલેખના કરીને–** આ તપોથી આત્માને (શરીરને) પાતળું કરીને વિશેષથી રૂક્ષ કરીને લોહી-મેદ-માંસ આદિની હાનિ કરીને, કષાયોને દૂર કરીને, ગૃહસ્થવ્રતોને છોડીને, સંયમને સ્વીકારીને અશનાદિ ચાર પ્રકારના કે સમાધિ રહે તે રીતે ત્રણ પ્રકારના આહારનું પ્રત્યાખ્યાન કરીને.

**યાવજ્જીવ–** વિશિષ્ટ અવધિ સુધી.

**ભાવના-અનુપ્રેક્ષામાં તત્પર–** ભાવનાઓ પૂર્વે (પ્રસ્તુત અધ્યાયના છઠ્ઠા સૂત્રમાં) કહી છે. અનુપ્રેક્ષાઓ નવમા અધ્યાયમાં (૭મા સૂત્રમાં) કહેવાશે. તેમાં તત્પર એટલે તેમાં જ ચિત્તને રાખનારો અને તેના જ અધ્યવસાયવાળો થાય.

**સ્મૃતિબહુલ–** મહાવ્રત વગેરે જેની પ્રતિજ્ઞા કરી છે તે સર્વનું સ્મરણ કરે. જેની સ્મૃતિ ચોરાઇ ગઇ છે(=જતી રહી છે) એવા પ્રમાદીને નિર્જરા ન થાય.

**સમાધિબહુલ–** સમાધિ એટલે ચિત્તની સ્વસ્થતા. ચિત્તની સ્વસ્થતા જેને ઘણી છે તે સમાધિબહુલ છે, આર્ત-રૌદ્રધ્યાનથી યુક્ત નથી.

**ઉત્તમાર્થ-આરાધક–** આ પ્રમાણે કરતો તે ઉત્તમાર્થનો=પ્રકૃષ્ટ પુરુષાર્થનો, અર્થાત્ મોક્ષનો આરાધક થાય છે. (૭-૧૭)

**भाष्यावतरणिका–** एतानि दिग्व्रतादीनि शीलानि भवन्ति । 'निःशल्यो व्रती'ति वचनादुक्तं भवति व्रती नियतं सम्यग्दृष्टिरिति तत्र–

**ભાષ્યાવતરણિકાર્થ–** આ દિગ્વ્રતાદિ વ્રતો શીલ છે. નિઃશલ્યો વ્રતી (સૂ.૧૩) એવા સૂત્રથી વ્રતી નિયમા સમ્યગ્દષ્ટિ હોય એમ કહેલું થાય છે. તેમાં–

**टीकावतरणिका–** सम्प्रति व्याख्यातस्वरूपाणि शीलानि निगमयति– 'एतानी'त्यादिना उत्तरसूत्रस्य च सम्बन्धमाचष्टे, दिक्षु व्रतं दिग्व्रतं, तदादौ येषां तान्येतानि दिग्व्रतादीनि सप्तापि सह संलेखनया शीलानि भवन्ति, शील्यन्ते-अभ्यस्यन्ते समाचीयन्ते आत्मनि पुनः पुनरिति

शीलानि, एवमयमगार्यणुव्रतशीलसम्पन्नो व्रतीत्युच्यते, स च व्रतीति निःशल्य इत्यमुष्माद्धि वचनादिदमपि सामर्थ्यतः प्रतिपादितं भवति व्रती नियतं सम्यग्दृष्टिरिति, व्रतिलक्षणादेव विशिष्टावधारणं यो व्रती सोऽवश्यंतया सम्यग्दृष्टिः-सम्यग्दर्शनी भवतीति, यतः शङ्कादिदोष-दूषितमनसो मिथ्यादर्शनशल्यत्रुट्यमानसकलमूलोत्तरगुणाधारतत्त्वार्थ-श्रद्धानस्य नियमत एव नास्ति व्रतित्वमतो व्रती नियतं सम्यग्दृष्टिरिति, तत्र तेषु सम्यक्त्वाणुव्रतगुणव्रतशिक्षाव्रतेषु सम्यग्दर्शनातिचारः पञ्चधाऽयं–

**ટીકાવતરણિકાર્થ–** હવે જેમના સ્વરૂપનું વ્યાખ્યાન પૂર્વે કર્યું છે તે શીલોનો ઉપસંહાર કરે છે– 'एतानि' ઇત્યાદિથી પછીના સૂત્રના સંબંધને પણ કહે છે.

**દિગ્વ્રતાદિ–** દિશાઓમાં વ્રત તે દિગ્વ્રત. દિગ્વ્રત જેમની આદિમાં છે તે દિગ્વ્રતાદિ. સંલેખનાની સાથે આ સાતેય દિગ્વ્રતાદિ શીલ છે.

**શીલ–** જેનો અભ્યાસ કરાય છે-જે આત્મામાં વારંવાર એકઠું કરાય છે તે શીલ.

આ પ્રમાણે અણુવ્રતો અને શીલથી યુક્ત આ અગારી 'વ્રતી' એમ કહેવાય છે.

व्रती निःशल्यः એ સૂત્રથી સામર્થ્યથી આ પણ પ્રતિપાદન કરેલું થાય છે કે, તે વ્રતી નિયમા સમ્યગ્દૃષ્ટિ હોય. વ્રતીના લક્ષણથી જ અવધારણ થાય છે કે જે વ્રતી હોય તે નિયમા સમ્યગ્દૃષ્ટિ હોય. કારણ કે શંકાદિ દોષોથી દૂષિત મનવાળા અને મિથ્યાદર્શનશલ્યથી સકળ મૂલોત્તરગુણોનો આધાર એવી તત્ત્વાર્થશ્રદ્ધા જેની તૂટી રહી છે એવા વ્રતીને નિયમા વ્રતિપણું ન હોય. આથી વ્રતી નિયમા સમ્યગ્દૃષ્ટિ હોય. સમ્યક્ત્વ-અણુવ્રત-ગુણવ્રત-શિક્ષાવ્રતોમાં સમ્યગ્દર્શનનો પાંચ પ્રકારનો અતિચાર આ છે–

**સમ્યગ્દર્શનના અતિચારો–**

**शङ्काकाङ्क्षाविचिकित्साऽन्यदृष्टिप्रशंसासंस्तवाः सम्यग्दृष्टेरतिचाराः ॥७-१८॥**

**સૂત્રાર્થ–** શંકા, કાંક્ષા, વિચિકિત્સા, અન્યદષ્ટિપ્રશંસા અને અન્યદષ્ટિ-સંસ્તવ એ પાંચ સમ્યગ્દર્શનના અતિચારો છે. (૭-૧૮)

**भाष्यं–** शङ्का काङ्क्षा विचिकित्सा अन्यदृष्टिप्रशंसा संस्तवः इत्येते पञ्च सम्यग्दृष्टेरतिचारा भवन्ति । अतिचारो व्यतिक्रमः स्खलनमित्य-नर्थान्तरम् । अधिगतजीवाजीवादितत्त्वस्यापि भगवतः शासनं भावतो-ऽभिप्रपन्नस्यासंहार्यमतेः सम्यग्दृष्टेरर्हत्प्रोक्तेषु अत्यन्तसूक्ष्मेष्वतीन्द्रियेषु केवलागमग्राह्येष्वर्थेषु यः सन्देहो भवति, एवं स्यादेवं न स्यादिति सा शङ्का । ऐहलौकिकपारलौकिकेषु विषयेष्वाशंसा काङ्क्षा । सोऽतिचारः सम्यग्दृष्टेः । कुतः । काङ्क्षिता ह्यविचारितगुणदोषः समयमतिक्रामति । विचिकित्सा नाम इदमप्यस्तीदमपीति मतिविप्लुतिः । अन्यदृष्टिरित्य-र्हच्छासनव्यतिरिक्तां दृष्टिमाह । सा द्विविधा । अभिगृहीता अनभिगृहीता च । तद्युक्तानां क्रियावादिनामक्रियावादिनामज्ञानिकानां वैनयिकानां च प्रशंसासंस्तवौ सम्यग्दृष्टेरतिचार इति । अत्राह– प्रशंसासंस्तवयोः कः प्रतिविशेष इति । अत्रोच्यते– ज्ञानदर्शनगुणप्रकर्षोद्भावनं भावतः प्रशंसा। संस्तवस्तु सोपधं निरुपधं भूताभूतगुणवचनमिति ॥७-१८॥

**ભાષ્યાર્થ–** શંકા, કાંક્ષા, વિચિકિત્સા, અન્યદષ્ટિપ્રશંસા અને સંસ્તવ એ પાંચ સમ્યગ્દષ્ટિના અતિચારો છે. અતિચાર, વ્યતિક્રમ, સ્ખલિત આ શબ્દોનો એક અર્થ છે. જેણે જીવ-અજીવાદિ તત્ત્વોને જાણ્યા છે, જેણે ભગવાનના શાસનને ભાવથી સ્વીકાર્યું છે, જેની મતિ (શ્રદ્ધાથી) ચલિત ન કરી શકાય તેવી છે તેવા પણ સમ્યગ્દષ્ટિને અરિહંતે કહેલા, અત્યંત સૂક્ષ્મ અતીન્દ્રિય અને કેવળજ્ઞાનથી અને આગમથી જાણી શકાય તેવા અર્થોમાં "આ પદાર્થ આ પ્રમાણે હોય કે આ પ્રમાણે ન હોય" એવો સંદેહ તે શંકા છે.

આ લોક સંબંધી અને પરલોક સંબંધી વિષયોમાં આશંસા તે કાંક્ષા. તે અતિચાર સમ્યગ્દષ્ટિને છે. શાથી ? જેણે ગુણ-દોષનો વિચાર નથી કર્યો એવો કાંક્ષા કરનાર જીવ સિદ્ધાંતનું ઉલ્લંઘન કરે છે.

વિચિકિત્સા એટલે આ પણ છે, આ પણ છે એ પ્રમાણે મતિની અસ્થિરતા.

અન્યદૃષ્ટિ એટલે જૈનશાસનથી ભિન્ન(=અન્ય)દૃષ્ટિ. તે અભિગૃહીત અને અનભિગૃહીત એમ બે પ્રકારે છે. અભિગૃહીતદૃષ્ટિથી યુક્ત એવા ક્રિયાવાદીઓની, અક્રિયાવાદીઓની, અજ્ઞાનિકોની અને વૈનયિકોની પ્રશંસા અને સંસ્તવ સમ્યગ્દૃષ્ટિના અતિચાર છે.

અહીં કહે(=પૂછે) છે, પ્રશંસા-સંસ્તવમાં શો ભેદ છે ?

અહીં કહેવાય છે- જ્ઞાન-દર્શનગુણોના પ્રકર્ષનું ભાવથી પ્રકાશન કરવું તે પ્રશંસા છે. માયાથી કે માયા વિના સત્ય-અસત્ય ગુણોનું કથન એ સંસ્તવ છે. (૭-૧૮)

**टीका–** कृतद्वन्द्वाः शङ्कादयो प्रथमविभक्त्या निर्दिष्टाः, सम्यग्दृष्टेरिति सम्यग्दर्शनभाजोऽतीचारा भवन्ति, मोहनीयकर्मणो वैचित्र्यादात्मनः परिणतिविशेषाः, तानि द्वन्द्वपदानि पञ्चापि वृत्त्या दर्शयति–शङ्केत्यादिकया, अतिचारो व्यतिक्रमः स्खलनमित्येकोऽर्थः, अधिगतेत्यादि, अधिगतं–सुपरिज्ञातं जीवाजीवादि तत्त्वं यस्य तस्याप्येवंविधस्य भगवत इति श्रीवर्द्धमानस्य शासनं प्रवचनमभिप्रपन्नस्य–अभिमुखं भावतः प्रतिपन्नस्येतियावद् असंहार्यमतेरिति संहार्या–आक्षेप्या परकीयागमप्रक्रियाभिरसमञ्जसाभिर्बुद्धिर्यस्य स संहार्यमतिः न संहार्यमतिर्भगवदर्हत्प्रणीततत्त्वश्रद्धा या तस्य सम्यग्दृष्टेरर्हत्प्रोक्तेषु जीवादिष्वर्थेषु, यथाऽऽत्मा लोकाकाशतुल्यप्रदेशः, गतिस्थितिहेतू जीवपुद्गलानां धर्माधर्मावपेक्षाकारणमित्येवमादिरनेकः पदार्थोऽत्यन्तः सूक्ष्मस्तेषु अत्यन्तलिङ्गागमगम्येषु, यतः परमाणवः सूक्ष्माश्चातीन्द्रियाश्च तथापि लिङ्गेन–कार्येणागमेन वाऽवगम्यन्ते केवलागमग्राह्येष्विति केवलं एकमसहायं मत्यादिविनिर्मुक्तं आत्यन्तिकज्ञानावरणक्षयप्रभवं आत्मस्वरूपं सकलज्ञेयग्राहि ज्ञानं तेन गृह्यन्ते, आगमो द्वादशाङ्गं गणिपिटकं

तेन च गृह्यन्ते, अत आगमपरिच्छेद्येषु प्रज्ञापनीयेष्वर्थेषु यः संशयो भवति, एवं स्यादसङ्ख्येयप्रदेश आत्मा नैव स्यादिति वा, सेयमेवंविधा शङ्का, तथा चागमः-"संसयकरणं संका" तथा संशयो मिथ्यात्वमेव, यथाह-

"पयमक्खरंपि एक्कंपि जो न रोएइ सुत्तनिद्दिट्ठं ।
सेसं रोयंतोऽवि हु मिच्छद्दिट्ठी मुणेअव्वो ॥१॥"

काङ्क्षास्वरूपमभिधातुकाम आह-'ऐहलौकिकपारलौकिकेषु' इत्यादि इहलोके भवा ऐहलौकिकाः शब्दादयो विषयाः, सुगतेन हि भिक्षूणामक्लेशको धर्म उपदिष्टः, असावपि घटमान एव, तथा परिव्राड्भौतब्राह्मणानामपि, तथा परलोके भवाः पारलौकिकाः स्वर्गमानुषजन्मप्रभवाः शब्दादयो विषयास्तेष्वभिलाषस्तद्विषयाऽऽशंसा प्रीतिरभिलाषः काङ्क्षेत्यनर्थान्तरं, दर्शनेषु वा, तथा चागमः-"कंखा अण्णण्णदंसणग्गाहो" प्रस्तुतोऽतीचारः तत्शब्देन तस्य परामर्शः, सोऽतीचारो मलीमसता ध्यामलता, कस्य ?, सम्यग्दृष्टेरित्याह, न निर्मूलमेव सम्यक्त्वं भवति, मलिनता तु तस्य जायत इति, कस्मात् पुनः काङ्क्षा अतीचार इति प्रश्नेनोपक्रमते-कुत इति, एवं मन्येत-जिनवचनं श्रद्धत्त एव, अश्रद्दधतश्च मिथ्यादर्शनं, आचार्यस्त्वाह-काङ्क्षिता इत्यादि यस्मादन्यशासनतत्त्वाभिलाषी काङ्क्षिता, न विचारिता गुणदोषा येनासावविचारितगुणदोषो यतः सांसारिकसुखमल्पं विपाककटुकं तदप्यभिलषति, एतच्च भगवद्भिः प्रतिषिद्धं, प्रतिषिद्धानुष्ठानाच्च भावतो दूषयति सम्यक्त्वं, अतः समयमतिक्रामतीति समयः-सिद्धान्तः अतिक्रमणमुल्लङ्घनं, कः पुनरसौ समयः 'णो इहलोगट्ठयाए' इत्यादि, केवलं कर्मनिर्जरणायैवेति ।

'विचिकित्सा नामे'त्यादि, मतिविभ्रमो विचिकित्सा-युक्त्यागमोपपन्नेऽप्यर्थे भ्राम्यति मतिः, यथाऽस्य महतस्तपःक्लेशस्य लोचमौण्ड्या-

देरायत्यां फलसम्पद् भवित्री, अथ च क्लेशमात्रमेवेदं निर्जराफल-विकलमिति, नामशब्दो वाक्यालङ्कारार्थः, इदमप्यस्ति इत्यादि, उभयथेह क्रिया-फलवती निष्फला च, कृषीवलानां कर्षणादिक्रिया कदाचित् फलवती जातुचित् निष्फलेति, अत इदमस्तीदमप्यस्ति एवं परलोकक्रियायामप्यस्तितामतिविप्लुतिरिति ।

ननु शङ्काविचिकित्सयोः कः प्रतिविशेषः ?, उच्यते, शङ्का सकलासकलपदार्थभाक्त्वेन द्रव्यगुणविषया लक्ष्यते, इयं तु क्रियाविषयैव विचिकित्सा, तामेव विवृणोति मतिविप्लुतिरिति, मतिर्मिथ्यात्वपुद्गला-नुविद्धा विप्लवते-भ्रमति नावतिष्ठते च, ते मिथ्यादर्शनभेदा विशेषमाश्रित्य सम्यक्त्वातिचाराः अभिधीयन्ते, आगमे तु विचिकित्सा विद्वज्जुगुप्सा वेत्यभिहितं, विद्वांसः-साधवस्तेषां जुगुप्सा-निन्दा अस्नानात् प्रस्वेद-दुर्गन्धितां निन्दति, को दोषः स्याद्यदि प्रासुकेन वारिणा प्रक्षालनं कुर्वीरन्निति ।

अन्यदृष्टिरित्यादि अन्यशब्दः प्रतियोग्यपेक्षः, अन्या चासौ दृष्टिरन्यदर्शनमन्यथापदार्थप्रणयनात्, तथाह-अर्हच्छासनव्यतिरिक्ता दृष्टिरन्यदृष्टिरसर्वज्ञप्रणीतवचनादिभिरिति, सा च द्विविधा-द्विप्रकारा, तत्राभिमुखं गृहीताऽभिगृहीता दृष्टिरिदमेव तत्त्वमिति बुद्धवचनं साङ्ख्य-कणादादिवचनं वा, अनभिगृहीता चेति, चः समुच्चये, नैकाभिमुख्येन गृहीता सर्वप्रवचनेष्वेव साधुदृष्टिः, सर्वमेव युक्त्युपपन्नमयुक्तिकं वा समतया मन्यते मौढ्यात् ।

तत्र तद्युक्तानामित्यादिना अभिगृहीतमिथ्यादृष्टेरियत्तां निरूपयति, तयाऽभिगृहीतमिथ्यादृष्ट्या युक्तास्तद्युक्ता मिथ्यादर्शनभाजो, मिथ्यादर्शनं ह्यनेकप्रकारमुपजायते मोहवैचित्र्याद् नयानामानन्त्याद् अतः स्थूलतर-कतिपयभेदोपदर्शनं क्रियते, तेषां तद्युक्तानां क्रियावादिनामिति क्रिया कर्त्तुरधीना न कर्त्रा विना क्रियायाः सम्भवः, तामात्मसमवायिनीं क्रियां

वदन्ति ये तच्छीलाश्च ते क्रियावादिनः आत्मास्तित्वादिप्रतिपत्तिलक्षणाश्च, ते चाशीत्यधिकशतसङ्ख्याः, समभिगम्याश्चामुनोपायेन–जीवाजीवास्रवबन्धसंवरनिर्जरापुण्यापुण्यमोक्षाख्यान् नव पदार्थान् विरचय्य परिपाट्या जीवपदार्थस्याधः स्वपरभेदावुपन्यसनीयौ, तयोरधो नित्या–नित्यभेदौ, तयोरप्यधः कालेश्वरात्मनियतिस्वभावभेदाः पञ्च न्यसनीयाः, ततो विकल्पानुत्पादयति–अस्ति जीवः स्वतो नित्यः कालत इत्येको विकल्पः, विकल्पार्थश्चायं–विद्यते खल्वयमात्मा चेतनरूपेण नित्यश्च कालवादिनः १, उक्तेनैवाभिलापेन द्वितीयो विकल्प ईश्वरकारणिनः २, तृतीयविकल्प आत्मवादिनः पुरुषमेवेदमित्यादि ३, नियतवादिनश्चतुर्थो विकल्पः ४, पञ्चमविकल्पः स्वभाववादिनः ५, एवं स्वत इत्यनेन लब्धाः पञ्च विकल्पाः, परत इत्यनेनापि पञ्चैव लभ्यन्ते, नित्यत्वापरित्यागेन चैते दश विकल्पाः १०, एवमनित्यत्वेनापि दशैव १०, एकत्रविंशतिः जीवपदार्थेन लब्धाः, अजीवादिष्वप्यष्टास्वेवमेव प्रतिपदं विंशतिर्विकल्पानां, अतो विंशतिर्नवगुणाः शतमशीत्युत्तरं क्रियावादिनामिति।

अक्रियावादिनां स्वरूपकथनं नामत एव क्रियते, तद्युक्तानामित्यनुवर्त्तते, आत्मनास्तित्वादिप्रतिपत्तिलक्षणा भवन्त्यक्रियावादिनः, न हि कस्यचिदवस्थितस्य पदार्थस्य क्रिया समस्ति, "[१]भूतिर्ये(यैं)षां क्रिया सैव, कारणं सैव चोच्यत" इति, एषां चतुरशीतिर्भेदाः, तेषां पुण्यापुण्यवर्जितपदार्थसप्तकन्यासः, तथैव जीवस्याधः स्वपरविकल्पभेदद्वयोपन्यासः, असत्त्वादात्मनो नित्यानित्यभेदौ तु न स्तः, कालादीनां तु पञ्चानां षष्ठी यदृच्छा न्यस्यते, पश्चाद्विकल्पाभिलापः–नास्ति जीवः स्वतः कालत इत्येको विकल्पः, एवमीश्वरादिभिरपि यदृच्छावसानैः, सर्वे षड् विकल्पाः, तथा नास्ति जीवः परतः कालत इति षडेव

१. 'भूतिः या एषां क्रिया सैव कारणं सैव चोच्यते।

विकल्पाः, एकत्र द्वादश, एवमजीवादिष्वपि षट्सु प्रतिपदं द्वादशैव विकल्पाः, एकत्र द्वादश सप्तगुणाश्चतुरशीतिर्विकल्पा नास्तिकानामिति ।

अज्ञानिकानामिति, कुत्सितं ज्ञानमज्ञानं तदेषामस्तीत्यज्ञानिकाः, अथवा अज्ञानेन चरन्ति तत्प्रयोजना वा, आज्ञानिका इति पाठः, असञ्चिन्त्यकृतबन्धवैफल्यादिलक्षणाः, सप्तषष्टिभेदाः,तत्र जीवादीन् नव पदार्थान् पूर्ववद् व्यवस्थाप्य पर्यन्ते चोत्पत्तिमुपन्यस्याधः सप्त सदसदादय उपन्यसनीयाः, सत्त्व १ मसत्त्वं २ सदसत्त्वं ३ अवाच्यत्वं ४ सदवाच्यत्वं ५ असदवाच्यत्वं ६ सदसदवाच्यत्व ७ मिति चैकैकस्य जीवादेः सप्त विकल्पाः, त एते नव सप्तकास्त्रिषष्टिः, उत्पत्तेस्तु चत्वार एवाद्या विकल्पाः, तद्यथा-सत्त्वमसत्त्वं सदसत्त्वमवाच्यत्वं चेति, ते त्रिषष्टिमध्ये क्षिप्ताः सप्तषष्टिर्भवति, को जानाति जीवः सन्नित्येको विकल्पः, एवमसदादयोऽपि वाच्याः, उत्पत्तिरपि किं सतोऽसतः सदसतोऽवाच्यस्येति वा को जानात्येतत् ?, न कश्चिदपीत्यभिप्रायः ।

वैनयिकानां चेति चशब्दः समुच्चये, विनयेन चरन्ति विनयो वा प्रयोजनमेषामिति वैनयिकास्ते चामीष्वष्टासु स्थानेष्वनवधृतलिङ्गा-चारशास्त्रविनयप्रतिपत्तिलक्षणा विनयप्रधानाः सपर्यां विदधति कायेन वाचा मनसा दानेन च, एभिश्चतुर्भिः प्रकारैः सुरनृपतियतिज्ञातिस्थविरा-धममातृपितृषु, एवं चाष्टकाश्चत्वारो द्वात्रिंशद्विकल्पा भवन्ति, एवमभिगृहीतमिथ्यादृष्टीनां सर्वसङ्ख्यया त्रीणि शतानि त्रिषष्ट्यधिकानि, अनभिगृहीतास्तु भोगसुखपराणां, आस्तां निःश्रेयससुखं, इदमेव पर्याप्तं यत् प्रकृष्टैश्वर्य्याभिजनादिषु नीरोगतादियुक्तं जन्मेति, सर्वदेवतासु पाखण्डिषु च तुल्यतामौदासीन्यं वा भावयतीति, एतत्सम्बन्धेनाह-प्रशंसासंस्तवौ सम्यग्दृष्टेरतीचारौ इति एषामुक्तलक्षणानां क्रियाऽ-क्रियावादिनामज्ञानिकानां वैनयिकानां च प्रशंसा स्तुतिरभिष्टवः पुण्यभाज एते सुलब्धमेभिर्जन्म सत्पथस्थाः सन्मार्गदर्शननिपुणा इत्यादि, संस्तवः

तैः सहैकत्र संवासात् परिचयः, परस्परालापादिजनितः, तथाहि–एकत्र वासेन तत्प्रक्रियाश्रवणात् तत्प्रक्रियादर्शनाच्चासंहार्यमतेरपि दृष्टिभेदः श्रूयते, किमुत संहार्यमतेः ? अत एव भगवद्भिः पार्श्वस्थादियथाच्छन्दकैरपि सार्द्धं निषिद्धमेकत्र वसनमेकरात्रावपि सम्यग्दृष्टेरुत्सर्गतः, तस्मादतीचारावैतौ मलीमसताहेतू तत्प्रशंसासंस्तवौ, सम्यग्दृष्टेर्भ्रंशहेतू वा ।

प्रसिद्धार्थवशादुपजातसन्देहः कश्चिदत्र आह–प्रशंसासंस्तवयोः कः प्रतिविशेष ? इति मन्यते–'शंसु स्तुतौ' (पा०धा०७२८), प्रशंसनं प्रशंसा, स्तुतिः 'ष्टुञ् स्तुतौ' (पा०धा०१०४३) संस्तवनं संस्तवः, सम्यक् स्तुतिरेव, अतस्तुल्यार्थत्वात् प्रश्नयति–कः प्रतिविशेष इति ?, अत्रोच्यते, ज्ञानेत्यादि ज्ञानं–आगमः क्रियावादिप्रभृतीनां प्रशंसा निरवद्यः प्रकृष्ट आगमः प्रमाणान्तरसंवादी न चाभिभवितुमपरैः शक्य इत्येवमुद्भावनं, प्रत्यक्षमेव तेषां परोक्षं वा, भावत इति, तदाक्षिप्तेन चित्तेन भक्तिप्रह्वेन तदीयगुणैर्नम्रतां नीतेनेति, तेषामेव दृष्टिर्दर्शनं स्वागमोक्तपदार्थश्रद्धानं तस्य प्रशंसा समक्षासमक्षं, प्रकृष्टमेषां सम्यग्दर्शनं सन्मार्गानुकूलमित्युद्भावभावनगुणा दाक्षिण्यसाङ्गत्यप्रियप्रथमाभिभाषितालडहतादयस्तेषामेषु प्रकर्षो दृश्यते गुणानामित्युद्भावनं भावतः प्रशंसा, अथवा ज्ञानदर्शने एव गुणौ तयोः प्रकर्षस्तदुद्भावनं–प्रकाशनं भावतः प्रशंसा प्रत्यक्षतः परोक्षतो वा, संस्तवस्त्वित्यादि, तुशब्दः संस्तवं विशिनष्टि, संस्तव इह संवासजनितः परिचयः संवसनभोजनालापादिलक्षणो, न स्तुतिः, प्रशंसयोक्तत्वात्, परिचयस्यात्र प्राधान्यं, स्तुतिस्तु प्रासंगिकी, तेषां च मध्ये संवसतः संस्तवो भवति । [लोके च प्रतीतः संपूर्वः स्तौतिः परिचये 'असंस्तुतेषु प्रसभं भयेष्वि'त्यादिषु, एकोऽपि हि शब्दो भिन्नार्थो गम्यते प्रयोक्तृवशाद् गोशब्दवत् ।] अतः संस्तवशब्दस्यार्थं परिचयमेव भाष्येण स्पष्टयति–सोपधमित्यादिना, उपधा छद्म माया, सहोपधया सोपधं, निरुपधं–निश्छद्म निर्मायं, परिचये

सति समक्षमेव सोपधमभूतान् गुणान् वक्ति, दाक्षिण्यात् जानानोऽपि परमार्थं [तन्मध्यसंवासपरिचयदोषात् तदीयप्रतिश्रयान्नपानोपजीवी दयापरा यूयममलबोधभाज इति वा परा शीलसम्पद् युष्मास्विति गुणवचनं प्रासंगिकमत्र, परिचयात्तु प्रसवो दोषाणां, तथा तदन्यश्रवणे तन्मध्यदर्शने वोन्मार्गप्रतिपत्तिः स्यात् कस्यचित् कदाचिदिति प्रत्यवायः, मिथ्या-दर्शनदाढ्यं वा जायेत तद्वर्गस्येति प्रत्यवायः], तथा निरुपधमेव भूतगुणाभिधानं जातुचित् कुर्यात् परिचयप्रीत्या, ततश्च त एव पूर्वका दोषाः समापतन्ति, अतः संवासात् परिचयलक्षणात् ज्ञानक्रियाभ्रंश इति दूरतः संस्तवः परिहार्य्यः ॥ एवं शङ्कादिसकलशल्यरहितं सम्यक्त्वं शेषगुणानामाधारीभवति अशुद्धं तु न प्रतीच्छति गुणान् विनाशयति चेति ॥७-१८॥

**ટીકાર્થ–** શંકા વગેરે શબ્દો દ્વન્દ્વ સમાસમાં પ્રથમ વિભક્તિથી બતાવ્યા છે. 'सम्यग्दृष्टेः' इति, સમ્યગ્દર્શનને ધારણ કરનારના અતિચારો છે. અતિચારો મોહનીયકર્મની વિચિત્રતાના કારણે આત્માના વિશેષ પ્રકારના પરિણામરૂપ છે. તે પાંચેય દ્વન્દ્વપદોને शङ्का ઇત્યાદિ વૃત્તિથી (=ભાષ્યથી) બતાવે છે.

## શંકા

'अधिगत' इत्यादि જેણે જીવ-અજીવાદિ તત્ત્વને સારી રીતે જાણ્યું છે તેવા પણ 'भगवतः' इति ભગવાન શ્રીવર્ધમાનસ્વામીના શાસનને જેણે ભાવથી સ્વીકાર્યું છે તેવા 'असंहार्यमतेः' इति અન્યના આગમોમાં કહેલી અસંગત પ્રક્રિયાઓથી જેની બુદ્ધિ ચલિત કરી શકાય તે સંહાર્યમતિ છે. જે સંહાર્યમતિ નથી તે અસંહાર્યમતિ. ભગવાન અરિહંતે રચેલા તત્ત્વોની શ્રદ્ધાથી જેની મતિ ચલિત ન કરી શકાય તેવા સમ્યગ્દષ્ટિને જીવાદિ પદાર્થોમાં સંદેહ થાય. જેમકે, આત્મા લોકાકાશપ્રદેશ પ્રમાણ છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય જીવ-પુદ્ગલોની અનુક્રમે ગતિ અને સ્થિતિના હેતુ છે=અપેક્ષાકારણ છે. ઇત્યાદિ અનેક પદાર્થો અત્યંત સૂક્ષ્મ

છે. તેથી અત્યંત લિંગથી અને આગમથી જાણી શકાય તેવા છે. કારણ કે પરમાણુઓ સૂક્ષ્મ અને અતીંદ્રિય છે તો પણ લિંગથી=કાર્યથી અથવા આગમથી જાણી શકાય છે.

'केवलागमग्राह्येषु' इति કેવળ એટલે એક, સહાયરહિત, મતિ આદિથી રહિત, જ્ઞાનાવરણના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થયેલું આત્મસ્વરૂપ અને સકળ જ્ઞેયપદાર્થોને ગ્રહણ કરનારું જ્ઞાન, અર્થાત્ કેવળજ્ઞાન. તેનાથી ગ્રહણ કરાય છે=જણાય છે. આગમ એટલે ગણિપિટક એવા બાર અંગો. તેનાથી જણાય છે. આથી આગમથી જાણી શકાય તેવા પ્રજ્ઞાપનીય પદાર્થોમાં "આત્મા અસંખ્ય પ્રદેશવાળો હોય કે ન હોય" આવા પ્રકારની શંકા થાય. આ વિષે આગમપાઠ આ પ્રમાણે છે- સંશય કરવો તે શંકા. સંશય મિથ્યાત્વ જ છે. કહ્યું છે કે- સૂત્રમાં કહેલ એક પણ પદની કે એક અક્ષરની પણ જે રુચિ કરતો નથી તે બીજાની રુચિ કરતો હોય તો પણ તેને મિથ્યાદૃષ્ટિ જાણવો.

## કાંક્ષા

કાંક્ષાના સ્વરૂપને જણાવવાની ઇચ્છાવાળા કહે છે–

"ऐहलौकिक-पारलौकिकेषु" इत्यादि, આ લોકમાં થનારા શબ્દાદિ વિષયો ઐહલૌકિક છે. બુદ્ધે ભિક્ષુઓને ક્લેશરહિત ધર્મનો ઉપદેશ આપ્યો છે. આ ધર્મ પણ ઘટે જ છે. તથા પરિવ્રાજક, ભૌત(=શરીરે રાખ લગાડે તેવા સાધુઓનો) અને બ્રાહ્મણોનો પણ ધર્મ ઘટે જ છે. સ્વર્ગમાં અને મનુષ્યજન્મમાં થનારા શબ્દાદિ વિષયો પારલૌકિક છે. ઐહલૌકિક-પારલૌકિક વિષયોમાં અભિલાષ, અર્થાત્ ઐહલૌકિક-પારલૌકિક વિષયોની આશંસા. આશંસા, પ્રીતિ, અભિલાષા, કાંક્ષા આ શબ્દોનો એક અર્થ છે.

અથવા (અન્ય) દર્શનોમાં કાંક્ષા અતિચાર છે. આ વિષે આગમપાઠ આ પ્રમાણે છે- અન્ય-અન્ય દર્શનનો સ્વીકાર કરવો=ઇચ્છા કરવી તે કાંક્ષા છે.

અતિચાર પ્રસ્તુત છે. એથી तत् શબ્દથી અતિચાર શબ્દનો પરામર્શ થાય. અતિચાર એટલે મલિનતા=ધૂંધળાપણું. કોની મલિનતા થાય ? સમ્યગ્દષ્ટિની મલિનતા થાય. સમ્યક્ત્વ નિર્મૂળ થતું નથી, અર્થાત્ સમ્યક્ત્વનો તદ્દન નાશ થતો નથી. કિંતુ સમ્યક્ત્વની મલિનતા થાય છે.

શાથી કાંક્ષા અતિચાર છે એવા પ્રશ્નથી આરંભ કરે છે- 'कुतः' इति શાથી કાંક્ષા અતિચાર છે ? કોઈ એમ માને કે જિનવચનની શ્રદ્ધા કરે જ છે. શ્રદ્ધા ન કરનારને મિથ્યાદર્શન હોય. આચાર્ય કહે છે- કાંક્ષા કરનાર અન્યશાસનના તત્ત્વનો અભિલાષી છે અને ગુણ-દોષનો વિચાર કરનારો નથી. સાંસારિકસુખ કે જે અલ્પ છે અને વિપાકે કટુ છે તેને પણ ઇચ્છે છે. આનો ભગવાને નિષેધ કર્યો છે. પ્રતિષેધ કરવાથી સમ્યક્ત્વને ભાવથી દૂષિત કરે છે. આથી સિદ્ધાંતનું ઉલ્લંઘન કરે છે. આ સિદ્ધાંત કયો છે ? (તે સિદ્ધાંત આ પ્રમાણે છે)-

(इहलोगट्ठयाए=)આ લોકના સુખ (લબ્ધિ આદિ પ્રગટાવવા) નિમિત્તે તપ ન કરવો, અર્થાત્ તપ કરીને આ લોકના ફળની આશંસા ન રાખવી. (परलोगट्ठयाए=)અન્ય જન્મમાં સુખ નિમિત્તે તપ ન કરવો. (कित्ति-वण्ण-सद्दसिलोगट्ठयाए=)સર્વ દિશાવ્યાપી કીર્તિ માટે, એક દિશાવ્યાપી ખ્યાતિરૂપ વર્ણવાદ માટે, અર્ધ દિશાવ્યાપી ખ્યાતિરૂપ શબ્દ માટે અને તે જ સ્થાને સ્તુતિ થવી વગેરે પ્રશંસા માટે તપ ન કરવો. (नन्नत्थ निज्जरट्ठयाए=)નિર્જરા સિવાય અન્ય કોઈ આશાએ તપ ન કરવો. (દશ.વૈ. અ.૯ ઉ.૪ સૂ.૪) કેવળ કર્મનિર્જરા માટે જ ધર્મ કરવો.

## વિચિકિત્સા

'विचिकित्सा नाम' इत्यादि વિચિકિત્સા એટલે મતિવિભ્રમ. યુક્તિથી અને આગમથી ઘટેલા પણ પદાર્થમાં મતિ ભમે. જેમકે- લોચ-મુંડન(=દીક્ષા) આદિ મહાન તપક્લેશની ભવિષ્યમાં ફળસંપત્તિ થશે કે પછી આ નિર્જરાફળથી રહિત માત્ર ક્લેશ જ છે ? નામ શબ્દ વાક્યની

શોભા માટે છે. 'इदमप्यस्ति' इत्यादि, અહીં (ખેતી આદિની) ક્રિયા ફળવાળી અને નિષ્ફળ એમ બંને પ્રકારની (જોવામાં આવે) છે. ખેડૂતોની ખેતી આદિ ક્રિયા ક્યારેક ફળવાળી અને ક્યારેક નિષ્ફળ થાય છે. આથી આ આ પ્રમાણે છે અને આ આ પ્રમાણે પણ છે. એ પ્રમાણે પરલોકની ક્રિયામાં પણ (ફળના) અસ્તિત્વમાં મતિ અસ્થિર થાય.

**પ્રશ્ન–** શંકા અને વિચિકિત્સામાં શો ભેદ છે ?

**ઉત્તર–** શંકા સર્વ પદાર્થો સંબંધી હોવાથી દ્રવ્ય-ગુણ સંબંધી જોવામાં આવે છે. વિચિકિત્સા ક્રિયાસંબંધી જ છે.

**ભાવાર્થ–** શંકામાં દ્રવ્ય-ગુણની શંકા હોય છે, વિચિકિત્સામાં ધર્મના ફળની શંકા હોય છે.

વિચિકિત્સાનું જ વિવરણ કરે છે- मतिविप्लुतिः इति, મિથ્યાત્વના પુદ્ગલોથી[1] યુક્ત મતિ ભમે છે=સ્થિર રહેતી નથી.

શંકા વગેરે બધાય મિથ્યાદર્શનના ભેદો છે. કોઇક વિશેષતાને આશ્રયીને સમ્યક્ત્વના અતિચારો કહેવાય છે.

આગમમાં તો અથવા વિચિકિત્સા એટલે વિદ્વાનોની જુગુપ્સા એમ કહ્યું છે. વિદ્વાન એટલે સાધુઓ. તેમની જુગુપ્સા=નિંદા કરવી. સાધુઓ સ્નાન નહિ કરતા હોવાથી પરસેવાના કારણે (શરીરમાં થયેલી) દુર્ગંધની નિંદા કરે, સાધુઓ પ્રાસુક પાણીથી સ્નાન કરે તો શો દોષ લાગે ?

## અન્યદૃષ્ટિપ્રશંસા-સંસ્તવ

'अन्यदृष्टिः' इत्यादि અન્ય શબ્દ પ્રતિયોગીની(=વિપક્ષની) અપેક્ષાવાળો છે. અન્ય એવી દૃષ્ટિ અન્યદૃષ્ટિ, પદાર્થ જેવા સ્વરૂપે છે તેનાથી બીજી

૧. ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં મિથ્યાત્વના અલ્પરસવાળા પ્રદેશોનો (દેશઘાતી સ્પર્ધકોનો) ઉદય હોય છે માટે "મિથ્યાત્વના પુદ્ગલોથી યુક્ત" એમ કહ્યું છે.

રીતે પદાર્થોને બતાવવાના કારણે અન્યદૃષ્ટિ છે. તે પ્રમાણે કહે છે- જૈનશાસનથી ભિન્નદૃષ્ટિ તે અન્યદૃષ્ટિ. અસર્વજ્ઞોએ રચેલા વચન આદિના કારણે અન્યદૃષ્ટિ છે.

તે અભિગૃહીત અને અનભિગૃહીત એમ બે પ્રકારે છે. તેમાં અભિમુખ એટલે સંમુખ, અર્થાત્ આગ્રહ. આ જ તત્ત્વ છે એમ આગ્રહથી ગ્રહણ કરાયેલી દૃષ્ટિ અભિગૃહીતદૃષ્ટિ. બુદ્ધવચન કે સાંખ્ય અને કણાદ આદિનું વચન અભિગૃહીત દૃષ્ટિ છે. કોઇ એકના આગ્રહ વિના ગ્રહણ કરાયેલી દૃષ્ટિ અનભિગૃહીત દૃષ્ટિ છે. અનભિગૃહીત દૃષ્ટિવાળો જીવ બધાય પ્રવચનોમાં(=દર્શનોમાં) "આ સારા છે" એવી દૃષ્ટિવાળો હોય. યુક્તિથી ઘટેલું કે યુક્તિથી નહિ ઘટેલું એ બધું ય મૂઢતાના કારણે સમાન રૂપે માને છે.

બે પ્રકારના અન્યદૃષ્ટિઓમાં 'तद् युक्तानाम्' ઇત્યાદિથી અભિગૃહીત અન્યદૃષ્ટિના પરિમાણનું નિરૂપણ કરે છે. 'तद् युक्त' એટલે અભિગૃહીતમિથ્યાદૃષ્ટિથી યુક્ત, અર્થાત્ મિથ્યાદર્શનને ભજનારા મિથ્યાદર્શનો મોહની વિચિત્રતાના કારણે અનેક પ્રકારના ઉત્પન્ન થાય છે. કારણ કે નયો અનંત છે. આથી કેટલાક સ્થૂલ ભેદો બતાવવામાં આવે છે.

**(૧) ક્રિયાવાદી-** 'क्रियावादिनाम्' इति ક્રિયા કર્તાને અધીન છે. કર્તા વિના ક્રિયાનો સંભવ નથી. આત્મામાં સમવાયસંબંધથી રહેલી તે ક્રિયાને કહે=ક્રિયાને કહેવાના સ્વભાવવાળા હોય તે ક્રિયાવાદી. ક્રિયાવાદીઓ આત્માનું અસ્તિત્વ આદિનો સ્વીકાર કરે છે. તે ૧૮૦ છે. ૧૮૦ ભેદો આ ઉપાયથી જાણવા- જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-પુણ્ય-પાપ-મોક્ષ એ નવ પદાર્થોને ક્રમશઃ ગોઠવીને જીવ પદાર્થની નીચે સ્વ અને પર એ બે ભેદો મૂકવા. તે બેની નીચે નિત્ય અને અનિત્ય એ બે ભેદો મૂકવા. તે બેની નીચે કાળ-ઈશ્વર-આત્મા-નિયતિ-સ્વભાવ એ પાંચ ભેદો મૂકવા. તે આ પ્રમાણે–

**જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-પુણ્ય-પાપ-મોક્ષ**

| સ્વથી | | પરથી | |
|---|---|---|---|
| **નિત્ય** | **અનિત્ય** | **નિત્ય** | **અનિત્ય** |
| (૧) કાળ | (૧) કાળ | (૧) કાળ | (૧) કાળ |
| (૨) ઈશ્વર | (૨) ઈશ્વર | (૨) ઈશ્વર | (૨) ઈશ્વર |
| (૩) આત્મા | (૩) આત્મા | (૩) આત્મા | (૩) આત્મા |
| (૪) નિયતિ | (૪) નિયતિ | (૪) નિયતિ | (૪) નિયતિ |
| (૫) સ્વભાવ | (૫) સ્વભાવ | (૫) સ્વભાવ | (૫) સ્વભાવ |

(જીવ વગેરે નવ તત્ત્વો x સ્વ અને પર=૧૮ ભેદો. તેના નિત્ય અને અનિત્ય બે ભેદ=૩૬. તેના કાળ વગેરે પાંચ ભેદો=૧૮૦ ભેદો કુલ થયા.)

પછી વિકલ્પોને ઉત્પન્ન કરે છે- જીવ સ્વથી નિત્ય છે કાળથી એમ એક વિકલ્પ છે. વિકલ્પનો અર્થ આ છે- કાળવાદીઓના મતે[1] આ આત્મા ચેતનરૂપે વિદ્યમાન છે. કહેલા જ અભિલાપથી ઈશ્વરને કારણ માનનારનો વિકલ્પ કહેવો. ત્રીજો વિકલ્પ- આ જે કંઈ છે તે પુરુષ જ છે ઈત્યાદિ આત્મવાદીનો વિકલ્પ કહેવો. ચોથો વિકલ્પ નિયતિવાદીનો કહેવો. પાંચમો વિકલ્પ સ્વભાવવાદીનો કહેવો. આ પ્રમાણે 'સ્વથી' પાંચ વિકલ્પો પ્રાપ્ત થયા. 'પરથી' પણ પાંચ વિકલ્પો પ્રાપ્ત થાય છે. 'નિત્યત્વ' સહિત આ દશ વિકલ્પો થયા. એ પ્રમાણે 'અનિત્યત્વ'થી પણ દશ વિકલ્પો થાય. બધા મળીને વીસ વિકલ્પો જીવપદાર્થથી પ્રાપ્ત થયા. અજીવાદિ આઠમાં પણ એ પ્રમાણે જ દરેક પદમાં વીસ વિકલ્પો થાય. આથી વીસને નવથી ગુણવાથી ૧૮૦ ભેદો ક્રિયાવાદીઓના છે.

(૨) **અક્રિયાવાદી–** અક્રિયાવાદીઓના સ્વરૂપનું કથન નામથી જ(=અત્યંત સંક્ષેપમાં જ) કરવામાં આવે છે. અક્રિયાવાદીઓ આત્મા

૧. કાળવાદીના મતે આ સંપૂર્ણ જગત કાળકૃત છે.

નથી ઇત્યાદિ સ્વીકારે છે=માને છે. વિદ્યમાન કોઇ પદાર્થની ક્રિયા નથી. "પદાર્થોની જે ઉત્પત્તિ તે જ ક્રિયા કહેવાય છે અને તે જ કારણ કહેવાય છે." તેમના ૮૪ ભેદો છે. તેમના પુણ્ય-પાપ સિવાય સાત પદાર્થો સ્થાપવા તેમ જ જીવની નીચે સ્વથી અને પરથી એ બે ભેદો મૂકવા. આત્મા ન હોવાથી નિત્ય-અનિત્ય એ બે ભેદો નથી. કાળ વગેરે પાંચ પછી છઠ્ઠી યદચ્છા મૂકવી. પછી વિકલ્પોનો અભિલાપ આ પ્રમાણે થાય. જીવ સ્વથી અને કાળથી નથી એ પ્રમાણે એક વિકલ્પ છે. એ પ્રમાણે યદચ્છા સુધીના ઇશ્વર વગેરે પદોથી વિકલ્પો કરવા. બધા છ વિકલ્પો થાય. તથા જીવ પરથી અને કાળથી નથી એ પ્રમાણે છ વિકલ્પો થાય. બધા મળીને બાર વિકલ્પો થયા. એ પ્રમાણે અજીવ વગેરે છ પદોમાં દરેક પદના બાર જ વિકલ્પો થાય. બાર ને સાતથી ગુણવાથી ૮૪ વિકલ્પો નાસ્તિકોના થાય.

(૩) **અજ્ઞાનિક–** 'अज्ञानिकानाम्' इति મિથ્યાજ્ઞાન તે અજ્ઞાન. તે જેમને છે તે અજ્ઞાનિકો[1] અથવા અજ્ઞાનથી વ્યવહાર કરે છે કે અજ્ઞાનના પ્રયોજનવાળા છે તે [2]અજ્ઞાનિક. અજ્ઞાનિકો વિચાર્યા વિના (અજ્ઞાનથી) કરેલો કર્મબંધ નિષ્ફળ જાય ઇત્યાદિને માનનારા છે. તેમના ૬૭ ભેદો છે. તેમાં જીવાદિ નવ પદાર્થોને પૂર્વની જેમ ગોઠવીને અંતે 'ઉત્પત્તિ' મૂકીને જીવાદિ પ્રત્યેકની નીચે સત્, અસત્ વગેરે સાત પદો સ્થાપવા. સત્ વગેરે સાત પદો આ પ્રમાણે છે- સત્ત્વ, અસત્ત્વ, સદસત્ત્વ, અવાચ્યત્વ, સદવાચ્યત્વ, અસદવાચ્યત્વ, સદસદવાચ્યત્વ. જીવાદિ એક એકના સાત વિકલ્પો છે. નવને સાતથી ગુણવાથી ૬૩ થાય. ઉત્પત્તિના પહેલા ચાર જ ભેદો છે. તે આ પ્રમાણે- સત્ત્વ, અસત્ત્વ, સદસત્ત્વ અને અવાચ્યત્વ. ૬૩માં ચાર નાખતા ૬૭ થાય. જીવ સત્ છે એમ કોણ જાણે છે? એ એક વિકલ્પ છે. એ પ્રમાણે અસત્ આદિ વિકલ્પો

---

૧. अतोऽनेकस्वरात् (સિદ્ધહેમ ૭-૨-૬) સૂત્રથી મત્વર્થીય इक પ્રત્યય છે.

૨. प्रयोजनम् (સિદ્ધહેમ ૬-૪-૧૧૭) સૂત્રથી પ્રયોજન અર્થમાં અથવા चरति (સિદ્ધહેમ ૬-૪-૧૧) સૂત્રથી चरति અર્થમાં इकण् પ્રત્યય છે.

કહેવા. ઉત્પત્તિ પણ સત્‌ની, અસત્‌ની, સદસત્‌ની કે અવાચ્યની થાય છે એને કોણ જાણે છે ? અર્થાત્ કોઈ નથી જાણતું.

(૪) **વૈનયિક–** 'वैनयिकानां च' इति જે વિનયથી વ્યવહાર કરે છે અથવા વિનય જેમનું પ્રયોજન છે તે વૈનયિકો તેમના વેષ, આચાર અને શાસ્ત્રો નિશ્ચિત હોતા નથી. તેઓ વિનયનો સ્વીકાર કરે છે. વિનયની પ્રધાનતાવાળા વૈનયિકો આ આઠ સ્થાનોમાં, કાયાથી, વચનથી, મનથી અને દાનથી પૂજા કરે છે. આ ચાર પ્રકારોથી દેવતા, રાજા, સાધુ, જ્ઞાતિ, વૃદ્ધ, અધમ, માતા અને પિતા એ આઠ સ્થાનોમાં પૂજા કરે છે. આ પ્રમાણે આઠને ચારથી ગુણવાથી ૩૨ વિકલ્પો થાય. આ પ્રમાણે અભિગૃહીત મિથ્યાદૃષ્ટિઓના બધા મળીને ૩૬૩ ભેદો થાય.

અનભિગૃહીત મિથ્યાત્વીઓ માને છે કે ભોગસુખમાં તત્પર બનેલાઓને મોક્ષસુખની જરૂર નથી. આ જ પૂર્ણ છે કે અતિશય ઐશ્વર્યવાળા કુટુંબાદિમાં આરોગ્ય આદિથી યુક્ત જન્મ થાય તે જીવો સાધુઓમાં સમાનતા કે ઉદાસીનતા ભાવે છે=રાખે છે.

આ સંબંધથી કહે છે- જેમનું લક્ષણ પૂર્વે કહ્યું છે તે ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનિક અને વૈનયિકોની પ્રશંસા અને સ્તુતિ (=અભિષ્ટવ) કરવી એ સમ્યગ્દૃષ્ટિના અતિચાર છે.

**પ્રશંસા–** આ પુણ્યશાળી છે, એમનો જન્મ સફળ છે, તેઓ સારા માર્ગમાં રહેલા છે, સુમાર્ગને જોવામાં નિપુણ છે, ઈત્યાદિ પ્રશંસા કરવી.

**સંસ્તવ–** સંસ્તવ એટલે તેમની(=અન્યદૃષ્ટિઓની) સાથે એક સ્થળે રહેવાથી પરસ્પર આલાપ આદિથી કરાયેલો પરિચય. એક સ્થળે રહેવાથી તેમની પ્રક્રિયા સાંભળવાથી અને તેમની પ્રક્રિયા જોવાથી જેની મતિ ચલિત ન કરી શકાય તેવાનો પણ દૃષ્ટિભેદ સંભળાય છે તો પછી જેની મતિ ચલિત કરી શકાય તેવા માટે શું કહેવું ? આથી જ ભગવાને સમ્યગ્દૃષ્ટિને ઉત્સર્ગથી પાસત્થાદિ અને યથાછંદોની સાથે પણ એક સ્થળે એક રાત પણ રહેવાનો નિષેધ કર્યો છે. તેથી મિથ્યાદૃષ્ટિની પ્રશંસા અને

સંસ્તવ આ બે અતિચાર સમ્યક્ત્વની મલિનતાના અથવા સમ્યક્ત્વથી ભ્રષ્ટ થવાના કારણ છે.

પ્રશંસા-સંસ્તવનો અર્થ સમાન(=એક) છે એવી પ્રસિદ્ધિ હોવાના કારણે જેને સંદેહ થયો છે એવો કોઈ અહીં કહે(=પૂછે) છે કે પ્રશંસા અને સંસ્તવમાં શો ભેદ છે ? એ એમ માને છે કે शंस् ધાતુ સ્તુતિ અર્થમાં છે. સ્તુ ધાતુ સ્તુતિ અર્થમાં છે. સંસ્તવ સમ્યક્ સ્તુતિ જ છે. આમ સમાન હોવાથી પ્રશ્ન કરે છે કે શો ભેદ છે ? અહીં (ઉત્તર) કહેવાય છે.

**પ્રશંસા–** 'ज्ञान' इत्यादि. જ્ઞાન એટલે આગમ. ક્રિયાવાદી વગેરેની પ્રશંસા કરે કે (તમારું) આગમ નિર્દોષ છે, શ્રેષ્ઠ છે, અન્ય પ્રમાણોની સાથે સંવાદવાળું છે, બીજાઓથી પરાભૂત ન કરી શકાય તેવું છે. આ પ્રમાણે તેમની સમક્ષ જ કે પરોક્ષ પ્રકાશન કરે.

'भावतः' इति, તેનાથી ખેંચાયેલ ભક્તિમાં આસક્ત અને તેમના ગુણોથી નમ્ર કરાયેલ એવા ચિત્તથી પ્રશંસા કરવી તે ભાવથી પ્રશંસા છે.

દર્શન એટલે તેમની જ પોતાના આગમમાં કહેલા પદાર્થોની શ્રદ્ધા. સમક્ષ કે પરોક્ષ તેની(=દર્શનની) પ્રશંસા કરવી. જેમકે એમનું સમ્યગ્દર્શન શ્રેષ્ઠ છે, સન્માર્ગને અનુકૂળ છે એમ પ્રકાશન કરવું.

દાક્ષિણ્ય, સત્સંગનો પ્રેમ, (સામે મળતા માણસને) પહેલાં બોલાવવો અને નિપુણતા વગેરે ગુણો તેમનામાં અધિક જોવામાં આવે છે એમ ભાવથી પ્રકાશન કરવું એ પ્રશંસા છે અથવા તેમના જ્ઞાન-દર્શનરૂપ ગુણોનું પ્રત્યક્ષ કે પરોક્ષ ભાવથી પ્રકાશન કરવું એ પ્રશંસા છે.

**સંસ્તવ–** 'संस्तवस्तु' इत्यादि, तु શબ્દ સંસ્તવને વિશેષ કરે છે, અર્થાત્ સંસ્તવ પ્રશંસાથી ભિન્ન છે એમ બતાવે છે. સંવાસથી ઉત્પન્ન કરાયેલ સંવસન-ભોજન-આલાપ આદિ રૂપ પરિચય સંસ્તવ છે, સંસ્તવ સ્તુતિ-રૂપ નથી. કારણ કે સ્તુતિ પ્રશંસાની સમાન છે. અહીં તેના પરિચયની પ્રધાનતા છે. સ્તુતિ તો પ્રસંગે થાય. તેઓની મધ્યમાં રહેનારને પરિચય થાય. લોકમાં સંપૂર્વક સ્તુ ધાતુ असंस्तुतेषु प्रसभं भयेषु ઇત્યાદિ સ્થળે

પરિચય અર્થમાં પ્રસિદ્ધ છે. એક પણ શબ્દ ગો શબ્દની જેમ પ્રયોગ કરનારના કારણે ભિન્ન અર્થવાળો જણાય છે.

હવે સંસ્તવ શબ્દના પરિચય જ અર્થને सोपधम् ઇત્યાદિથી સ્પષ્ટ કરે છે- ઉપધા એટલે માયા. ઉપધાથી સહિત તે સોપધ. નિરુપધ એટલે નિષ્કપટ=માયાથી રહિત. પરિચય થયે છતે લક્ષણથી(=ગુણોથી) રહિત અન્યને તેની સમક્ષ જ ગુણવાળો કહે, અર્થાત્ માયાથી બીજાઓને જેવા ન હોય તેવા કહે. પરમાર્થને જાણતો હોવા છતાં તેમની વચ્ચે વસવા રૂપ પરિચય દોષથી તેનું ઘર અને તેના અન્ન-પાણીના આધારે જીવનાર તે દાક્ષિણ્યતાથી તમે દયાળુ છો, નિર્મળ બોધવાળા છો અથવા તમારામાં ઉત્તમ શીલસંપત્તિ છે એમ ગુણ કથન પ્રસંગે કરે. પણ પરિચયથી દોષોની ઉત્પત્તિ થાય. તથા તેનાથી અન્ય બીજાઓ સાંભળે તો તેના દર્શનમાં[1] કોઇને ક્યારેક ઉન્માર્ગનો સ્વીકાર થાય એ અનર્થ થાય અથવા તેના વર્ગની મિથ્યાદર્શનમાં દૃઢતા થાય એ અનર્થ થાય તથા પરિચયના કારણે થયેલી પ્રીતિથી ક્યારેક માયા વિના જ સત્યગુણોનું કથન કરે. તેથી પૂર્વે કહેલા તે જ દોષો આવી પડે છે. આથી પરિચયરૂપ સંવાસથી જ્ઞાન-ક્રિયાનો નાશ થાય. માટે દૂરથી જ સંસ્તવનો ત્યાગ કરવો જોઈએ.

આ પ્રમાણે શંકાદિ સર્વશલ્યથી રહિત સમ્યક્ત્વ શેષગુણોનો આધાર થાય છે. અશુદ્ધસમ્યક્ત્વ ગુણોને સ્વીકારતું નથી અને ગુણોનો વિનાશ કરે છે. (૭-૧૮)

**टीकावतरणिका–** एवं तावदविशेषेण सम्यग्दृष्टेरतिचारा व्याख्याताः, सम्प्रत्यगारिण एव प्रतिव्रतमतिचारान् विवक्षुराह–

**ટીકાવતરણિકાર્થ–** આ પ્રમાણે અગારી-અણગારના ભેદ વિના સમ્યગ્દૃષ્ટિના અતિચારોનું વ્યાખ્યાન કર્યું. હવે અગારીના જ દરેક વ્રતના અતિચારોને કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે–

૧. तन्मध्यदर्शने એ સ્થળે दर्शनस्य मध्ये=मध्यदर्शने એમ સમજવું. राजदन्तादिषु (સિદ્ધહેમ ૩-૧-૧૪૯) એ સૂત્રથી મધ્યશબ્દનો પ્રથમ નિપાત થયો છે.

**બાર વ્રતોમાં પ્રત્યેક વ્રતના અતિચારોની સંખ્યા–**

## व्रतशीलेषु पञ्च पञ्च यथाक्रमम् ॥७-१९॥

**સૂત્રાર્થ–** પાંચ અણુવ્રતો અને સાત શીલવ્રતોમાં દરેકના પાંચ-પાંચ અતિચારો ક્રમશઃ નીચે મુજબ છે. (૭-૧૯)

**भाष्यं–** व्रतेषु पञ्चसु, शीलेषु च सप्तसु पञ्च पञ्चातिचारा भवन्ति यथाक्रममिति ऊर्ध्वं यद्वक्ष्यामः ॥७-१९॥

**ભાષ્યાર્થ–** પાંચ વ્રતોમાં અને સાત શીલોમાં પાંચ પાંચ અતિચારો થાય છે. તે અતિચારોને ક્રમ પ્રમાણે હવે પછી કહીશું. (૭-૧૯)

**टीका–** व्रतानि स्थूलप्राणातिपातनिर्वृत्त्यादीनि पञ्च शीलानि-दिग्देशादीनि सप्त, कृतद्वन्द्वानि, अनन्तरसूत्रादतिचारा इत्यनुवर्त्तते, तस्याभिसम्बन्धः पञ्च पञ्चेति वीप्सा वाक्येन, अतोऽयमर्थः- एकैकस्याणुव्रतस्य शीलस्य च दिगादेः प्रत्येकं पञ्च पञ्चातिचाराः समवसेयाः यथाक्रमं यथानुपूर्व्यं, यः क्रमो व्रतानां प्रागभिहितस्तेनैव क्रमेणातिचारा वक्ष्यमाणा बोद्धव्याः, व्रतेषु इत्यादि, भाष्यं, सामान्येनापि व्रताभिधाने सामर्थ्यादगारिणो यानि व्रतानि तेषु विषयभूतेषु पञ्चस्वित्यन्यूनातिरिक्तेषु शीलेषु च सप्तस्विति, चशब्दः समुच्चयार्थः, सप्तैव शीलानि, तेषु च पञ्च पञ्चेति नियमवचनं, प्रतिव्रतं प्रतिशीलं च पञ्चातिचारा भवन्ति, यथाक्रममिति व्यतिक्रमनिवृत्त्यर्थः, अन्यथा बन्धादयो मृषावादनिवृत्तेरप्यतिचाराः स्यु, मिथ्योपदेशादयोऽप्येवंव्यति-रेकेण प्राप्नुयुः, ऊर्ध्वं यद् वक्ष्याम इति नियमवचनाय प्रदर्शनं, यदु-परिष्टादतिचारजातमभिधास्यामः तदुक्तेषु व्रतेषु यथाक्रममिति ॥७-१९॥

**ટીકાર્થ–** સ્થૂલપ્રાણાતિપાતનિવૃત્તિ વગેરે પાંચ વ્રતો છે. દિગ્વિરતિ અને દેશાવગાસિક વગેરે સાત શીલો છે. વ્રત-શીલ શબ્દોનો દ્વન્દ્વ સમાસ કર્યો છે. અનંતર સૂત્રથી अतिचाराः એવી અનુવૃત્તિ ચાલે છે. તેનો સંબંધ पञ्च पञ्च એવા વીપ્સા વાક્યની સાથે છે. એથી અર્થ આ છે- એક એક

અણુવ્રતના અને દિગ્વિરતિ આદિ એક એક શીલના પાંચ પાંચ અતિચારો જાણવા. યથાક્રમ એટલે આનુપૂર્વી પ્રમાણે. પૂર્વ વ્રતોનો જે ક્રમ કહ્યો છે તે જ ક્રમથી અતિચારો કહેવાશે એમ જાણવું. व्रतेषु ઇત્યાદિ ભાષ્ય છે.

સામાન્યથી 'વ્રત' શબ્દ કહેવા છતાં સામર્થ્યથી અગારીના વ્રતો જાણવા. અગારીના પાંચ વ્રતોમાં અને સાત શીલોમાં. च શબ્દ સમુચ્ચય અર્થમાં છે. पञ्च पञ्च એ નિયમ વચન છે. દરેક વ્રતમાં અને દરેક શીલમાં નિયમા પાંચ અતિચારો થાય છે. પાંચથી ઓછા-વધારે નથી.

ક્રમનું ઉલ્લંઘન ન થાય એ માટે યથાક્રમ એમ જણાવ્યું છે. ક્રમનું ઉલ્લંઘન થાય તો બંધ વગેરે અતિચારો મૃષાવાદનિવૃત્તિ વ્રતના પણ થાય. એ પ્રમાણે મિથ્યોપદેશ વગેરે અતિચારો પણ ઉલટી રીતે પ્રાપ્ત થાય. "હવે પછી કહીશું" એમ નિયમવચન માટે જણાવ્યું છે. અહીં આ નિયમ છે કે અમે જે અતિચારસમૂહને કહીશું તે પૂર્વે કહેલા વ્રતોમાં અનુક્રમે કહીશું. (૭-૧૯)

**भाष्यावतरणिका–** तद्यथा–

**ભાષ્યાવતરણિકાર્થ–** તે આ પ્રમાણે–

**टीकावतरणिका–** तद्यथेत्यनेन सम्बन्धमाचष्टे, यथा तदेतदतीचारजातं क्रमेण व्रतादिषु सम्बध्यते सम्प्रति तथोच्यते, प्राक्तावत् स्थूलप्राणातिपातव्रतमित्युक्तं तस्यामी पञ्चातिचारा भवन्तीति निदर्शयति–

**ટીકાવતરણિકાર્થ–** तद्‌यथा એવા ઉલ્લેખથી સંબંધને કહે છે. આ અતિચારસમૂહનો ક્રમથી વ્રતાદિમાં જે રીતે સંબંધ કરાય છે તે પ્રમાણે હવે કહેવામાં આવે છે. પહેલાં સ્થૂલપ્રાણાતિપાતવ્રત કહ્યું છે. તેના પાંચ અતિચારો આ છે એમ બતાવે છે–

**પ્રથમ વ્રતના અતિચારો–**

**बन्धवधच्छविच्छेदातिभारारोपणान्नपाननिरोधाः ॥७-२०॥**

**સૂત્રાર્થ–** બંધ, વધ, છવિચ્છેદ, અતિભારારોપણ અને અન્નપાનનિરોધ એ પાંચ સ્થૂલપ્રાણાતિપાતવિરમણ વ્રતના અતિચારો છે. (૭-૨૦)

**भाष्यं—** त्रसस्थावराणां जीवानां बन्धवधौ, त्वक्छेदः काष्ठादीनां, पुरुषहस्त्यश्वगोमहिषादीनां चातिभारारोपणं, तेषामेव चान्नपाननिरोधः, अहिंसाव्रतस्यातिचारा भवन्ति ॥७-२०॥

ત્રસ-સ્થાવર જીવોનો બંધ અને વધ, કાષ્ઠ આદિનો ત્વક્છેદ, પુરુષ-હાથી-અશ્વ-ગાય-ભેંસ આદિની ઉપર અતિભારારોપણ અને તેમને જ અન્ન-પાનનો નિરોધ કરવો એ અહિંસાવ્રતના અતિચારો છે. (૭-૨૦)

**टीका—** तत्र बन्धनं बन्धः-संयमनं रज्जुदामनकादिभिः, हननं वधस्ताडनं कसादिभिः, छविः-शरीरं त्वक् वा तच्छेदः-पाटनं द्विधाकरणं भारः-भरणं अतीव बाढं सुष्ठु भारोऽतिभारः तस्यारोपणं स्कन्धपृष्ठादिषु स्थापनमतिभारारोपणं, अन्नम्-अशनादि पानं पेयमुदकादि तयोरदानं निरोधः, सर्व एव कृतद्वन्द्वा निर्दिष्टाः स्थूलप्राणातिपात-विरतेरतिचाराः, त्रसस्थावराणामित्यादि भाष्यं, त्रस्यन्तीति त्रसाः-द्वित्रिचतुःपञ्चेन्द्रियाः, तिष्ठन्तीति स्थावराः-स्थानशीला वृक्षादयो यथासम्भवमायोज्याः, द्रव्यभावप्राणैरजीवन् जीवन्ति जीविष्यन्ति चेति जीवाः तेषां त्रसस्थावराणां जीवानां, बन्धवधौ, तत्र बन्धः शङ्ख-पिपीलिकातिड्डुकादीनामपि सम्भवति स च प्रायो निष्प्रयोजन इति नानुष्ठेयोऽणुव्रतिना, उत्सर्गतो गृहिणा तादृशान्येव द्विपदचतुष्पदादीनि परिग्राह्याणि यान्यबद्धान्येवासते, असम्भवात्तादृशानामन्यत्र बन्धः सप्रयोजनः, सोऽपि सापेक्षो, दयावता नातिगाढगूढग्रन्थिः कार्यो दुर्विनीतपुत्रकदासीदाससेवकादीनां गोमहिषीतुरङ्गादीनां वा, वधोऽप्येवमेव, समुत्पन्नप्रयोजनस्तु सापेक्षो निर्दयप्रहारान् परिहरन् कसादिभिर्वयोऽपेक्षया कर्णवलनचपेटादिभिश्च साधयेत्, तथा निष्प्रयोजनश्छविच्छेदः परिहार्य एव, तदाह-'त्वक्छेदः काष्ठादीना'मिति । काष्ठशब्देन वृक्षपरिग्रहः आदिग्रहणात् भूमितेजःकरकद्विपदचतुष्पद-परिग्रहः, सप्रयोजनस्तु सापेक्षः, कर्णपाटनादिरङ्गुलिश्रवणनासिकाछेदो

वा मनाग्भयजननाय तस्करादीनां, पुरुष इत्यादि, पुरुषादयः कृतद्वन्द्वाः, आदिग्रहणात् खरकरभमेषच्छागपरिग्रहः यथासम्भवमेषामतिभारारोपणमतिचारः, उत्सर्गतो भाटकाद्याजीवः परित्याज्य एव, अन्यस्माद्दते जीवनोपायाद्, बलीवर्दादीनां यथोचितभारादपि किञ्चिन्न्यूनभारारोपणं, तृणपानीयाभ्यवहारोऽत्युष्णवेलायां च परिमोक्षणं, द्विपदानामप्येवमेव, तेषामेव चान्नपाननिरोध इति पञ्चमोऽतीचारः, तेषामिति, द्विपदचतुष्पदानामन्नपाननिरोधोऽप्रयोजनः परिहरणीय एव, सप्रयोजनं तु सापेक्षं कुर्यात् दुर्विनीतानामपत्यादीनां मन्दतीक्ष्णाशयानामुदन्यतां ज्वराद्यभिभूतानां चान्नपानं निरुणद्धि, स्वभोजनवेलायां तु ज्वरितादेरन्यान् नियमत एव तावत् भोजयित्वा स्वयं भुञ्जीतेत्युपदेशः, अहिंसाव्रतस्यातिचारा भवन्तीति अव्यतिकरं दर्शयतीति ॥७-२०॥

**ટીકાર્થ–** બાંધવું તે બંધ. દોરી-દોરડાદિથી કાબૂમાં રાખવું. મારવું તે વધ. ચાબૂકાદિથી મારવું. છવિ એટલે શરીર કે ચામડી. તેનો છેદ એટલે ફાડવું-બે વિભાગ કરવા. ભરવું તે ભાર. અતિશય ઘણો ભાર તે અતિભાર. તેને ખાંધ-પીઠ આદિ ઉપર મૂકવો તે અતિભારારોપણ. અન્ન એટલે અશન વગેરે. પાન એટલે પીવા યોગ્ય પાણી વગેરે. અન્ન-પાણી ન આપવા=નિરોધ કરવો તે અન્ન-પાન નિરોધ. આ બધા શબ્દોનો દ્વન્દ્વ-સમાસમાં નિર્દેશ કર્યો છે. આ અતિચારો સ્થૂલપ્રાણાતિપાતવિરતિના છે.

'त्रसस्थावराणाम्' ઇત્યાદિ ભાષ્ય છે. સ્વેચ્છાથી એક સ્થળેથી બીજા સ્થળે જાય તે બેઇંદ્રિય-તેઇંદ્રિય-ચઉરિંદ્રિય-પંચેંદ્રિય જીવો ત્રસ છે. એક જ સ્થળે રહેવાના સ્વભાવવાળા વૃક્ષ વગેરે સ્થાવર છે. યથાસંભવ યોજવા, એટલે કે ત્રસ-સ્થાવર એમ બેમાંથી જેનો જેમાં સમાવેશ થતો હોય તેને તેમાં ગણવા.

**જીવ–** દ્રવ્ય-ભાવ-પ્રાણોથી જીવ્યા હતા, જીવે છે અને જીવશે તે જીવ.

તે ત્રસ-સ્થાવર જીવોના બંધ અને વધ. તેમાં બંધ શંખ-કીડી-તીડ આદિનો પણ સંભવે છે અને તે પ્રાયઃ નિષ્કારણ છે. તેથી અણુવ્રતીએ તે ન કરવો જોઈએ. ગૃહસ્થે ઉત્સર્ગથી દ્વિપદ-ચતુષ્પદ વગેરે પ્રાણીઓ તેવા જ રાખવા કે જે બાંધ્યા વિના છૂટા રહેતા હોય. તેવા પ્રાણીઓનો સંભવ ન હોય તો સકારણ બંધ કરવો. તે પણ સાપેક્ષ કરવો. દયાળુ ગૃહસ્થે દુર્વિનીત પુત્ર-દાસી-દાસ-સેવક વગેરેને કે ગાય-ભેંસ-અશ્વ વગેરેને અતિગાઢ અને અતિગૂઢ ગાંઠથી ન બાંધવા જોઈએ.

વધ પણ એ પ્રમાણે જ છે. કારણ ઉત્પન્ન થાય તો સાપેક્ષપણે મારે. સોટી, ચાબુક આદિથી નિર્દયપણે પ્રહાર ન કરે, કિંતુ ઉંમર પ્રમાણે કાન મોડવા, થપાટ મારવી આદિથી કામ સાધી લે.

તથા કારણ વગર છવિચ્છેદનો પણ ત્યાગ જ કરવો. તેને કહે છે- त्वक्छेदः 'काष्ठादीनाम्' इति કાષ્ઠ શબ્દથી વૃક્ષનું ગ્રહણ કરવું. આદિ શબ્દના ગ્રહણથી ભૂમિ, તેઉ, કરા, દ્વિપદ અને ચતુષ્પદનું ગ્રહણ કરવું. કારણ ઉપસ્થિત થાય તો સાપેક્ષ રીતે કરે. ચોર વગેરેને ભય ઉત્પન્ન કરવા માટે અલ્પ કાન કાપવા વગેરે કે આંગળી-કાન-નાસિકાનો અલ્પ છેદ કરવો.

'पुरुष' इत्यादि પુરુષ વગેરે શબ્દોનો દ્વન્દ્વ સમાસ છે. આદિ શબ્દના ગ્રહણથી ગધેડો-ઊંટ-ઘેટો-બકરો વગેરેનું ગ્રહણ કરવું. આ પ્રાણીઓ ઉપર યથાસંભવ અધિકભાર મૂકવો તે અતિચાર છે. શ્રાવકે મુખ્યપણે ભાડા આદિથી આજીવિકાનો ત્યાગ જ કરવો જોઈએ. આજીવિકાનો બીજો ઉપાય ન હોય તો બળદ આદિ ઉપર યથોચિત ભારથી પણ કંઈક ઓછો ભાર મૂકવો જોઈએ. (સમયસર) ઘાસ ખવડાવવું અને પાણી પીવડાવવું. અતિશય ગરમીના સમયે છોડી દેવા. દ્વિપદો અંગે પણ એ પ્રમાણે જાણવું.

તેમને જ અન્ન-પાણીનો નિરોધ કરવો એ પાંચમો અતિચાર છે. 'तेषाम्' इत्यादि દ્વિપદ-ચતુષ્પદ પ્રાણીઓના અન્ન-પાનના નિરોધનો નિષ્કારણ ત્યાગ જ કરવો જોઈએ. કારણ હોય તો સાપેક્ષપણે કરે.

અવિનીત પુત્ર આદિને [1]મંદજઠરાગ્નિવાળાઓને તીક્ષ્ણ જઠરાગ્નિવાળાઓને, અતિશય તૃષાથી [2]પાણીની ઇચ્છા કરનારાઓને અને જ્વર આદિથી પરાભવ પામેલાઓને અન્નપાનનો નિરોધ કરે. પોતાના ભોજન સમયે તો તાવવાળા આદિ સિવાયના મનુષ્યોને અવશ્ય ભોજન કરાવીને પોતે ભોજન કરે એવો ઉપદેશ છે. પ્રસંગ વિના કરે તો અહિંસાવ્રતના અતિચારો થાય એમ સમજાવે છે=જણાવે છે. (૭-૨૦)

**टीकावतरणिका—** स्थूलमृषावादविरतेरतिचाराऽभिधित्सयेदमाह—

**ટીકાવતરણિકાર્થ—**સ્થૂલમૃષાવાદવિરમણવ્રતના અતિચારોને કહેવાની ઇચ્છાથી આ કહે છે—

**બીજા વ્રતના અતિચારો—**

**मिथ्योपदेशरहस्याभ्याख्यानकूटलेखक्रियान्यासापहार-साकारमन्त्रभेदाः ॥७-२१॥**

**સૂત્રાર્થ—** મિથ્યા ઉપદેશ, રહસ્ય અભ્યાખ્યાન, કૂટલેખક્રિયા, ન્યાસ અપહાર અને સાકાર મંત્રભેદ એ પાંચ સ્થૂલમૃષાવાદવિરમણવ્રતના અતિચારો છે. (૭-૨૧)

**भाष्यं—** एते पञ्च मिथ्योपदेशादयः सत्यवचनस्यातिचारा भवन्ति । तत्र मिथ्योपदेशो नाम प्रमत्तवचनमयथार्थवचनोपदेशो विवादेष्वतिसन्धानोपदेश इत्येवमादिः । रहस्याभ्याख्यानं नाम स्त्रीपुंसयोः परस्परेणान्यस्य वा रागसंयुक्तं हास्यक्रीडासङ्गादिभी रहस्येनाभिशंसनम् ।

૧. મંદાગ્નિવાળા આદિ મનુષ્યોના અન્નપાનના નિરોધથી શારીરિક દૃષ્ટિએ જરાય નુકસાન ન થાય બલ્કે લાભ થાય. મંદાગ્નિવાળાને અન્નપાનના નિરોધથી અગ્નિ પ્રદીપ્ત બને. તીક્ષ્ણ અગ્નિથી ખોટી વધારે ભૂખ લાગે. એથી તીક્ષ્ણાગ્નિવાળાને અન્ન-પાનના નિરોધથી લાભ થાય. અતિશય તૃષા પણ એક પ્રકારના રોગથી થાય. એથી તેને પણ અન્ન-પાનના નિરોધથી લાભ થાય.

૨. उदक શબ્દથી ઇચ્છા અર્થમાં (સિદ્ધહેમ ૩-૪-૨૩ સૂત્રથી क्यन् પ્રત્યય થયો, ૪-૩-૧૧૩ સૂત્રથી उदन् એવો આદેશ થયો. उदकमिच्छति=उदन्यति. વર્તમાનકૃદંત ષષ્ઠીબહુવચનમાં उदन्यतां રૂપ થાય.

कूटलेखक्रिया लोकप्रतीता । न्यासापहारो विस्मरणकृतपरनिक्षेपग्रहणम् । साकारमन्त्रभेदः पैशुन्यं गुह्यमन्त्रभेदश्च ॥७-२१॥

**ભાષ્યાર્થ–** આ પાંચ મિથ્યોપદેશ વગેરે સત્ય વચનના અતિચારો છે. તેમાં પ્રમત્તવચન, અયથાર્થવચનોપદેશ, વિવાદોમાં છેતરવાનો ઉપદેશ વગેરે મિથ્યાઉપદેશ છે.

સ્ત્રી-પુરુષને પરસ્પર અથવા અન્યને હાસ્યક્રીડાથી અને આસક્તિ આદિથી એકાંતમાં રાગસંયુક્ત કહેવું તે રહસ્યાભ્યાખ્યાન.

કૂટલેખક્રિયા લોકમાં પ્રતીત છે. ન્યાસાપહાર એટલે વિસ્મરણથી કરેલી પરથાપણને લેવી. સાકારમંત્રભેદ એટલે પૈશુન્ય અને ગુહ્યમંત્રભેદ. (૭-૨૧)

**टीका–** मिथ्योपदेशोऽसदुपदेशः, रहः-एकान्तं तत्र भवं रहस्यं, रहस्ये-एकान्ते अभ्याख्यानम्-अभिशंसनमसदभ्यारोपणं रहस्याभ्याख्यानं, कूटम्-असद्भूतं लिख्यत इति लेखः,करणं क्रिया, कूटलेखस्य क्रिया कूटलेखक्रिया, न्यस्यते-निक्षिप्यत इति न्यासः-रूपकाद्यर्पणं तस्यापहारः-अपलापः, यो यत्र द्रव्यापहारः परस्वस्वीकरणलक्षणः स न विवक्षितः, तस्यादत्तादानविषयत्वात्, यत् तत्र वचनं अपलापकं येन करणभूतेन न्यासोऽपह्नूयते-अपलप्यते तद्वचनं न्यासापहारः, आकारोऽङ्गुलिहस्त-भ्रूनेत्रक्रियाशिरःकम्पादिरनेकरूपः परशरीरवर्ती तेन तादृशाकारेण सहा-विनाभूतो यो मन्त्रो-गुप्तो गूढः पराभिप्रायःस्वयमुपलभ्य सहाकारं मन्त्रमसूययाऽऽविष्करोति एष साकारमन्त्रभेदः, भेदः-प्रकाशनं, मिथ्योपदेशादयः कृतद्वन्द्वाः पञ्चातिचाराः स्थूलानृतविरतेरिति ।

सम्प्रति भाष्यमनुश्रियते-'एत' इति सूत्रोक्ताः पञ्चेति पञ्चैव मिथ्योपदेशादयः, स्थूलमृषापरित्यागे न असत्यं वक्तव्यमिति, ततः सत्य-वचनस्यातिचारा भवन्ति, तत्र मिथ्येत्यादि, तत्र तेषु पञ्चस्वतिचारेषु मिथ्योपदेशस्तावत्, नामशब्दः क्रमावद्योतनः प्रमत्तस्य वचनं पर-

पीडाजननं, वाह्यन्तां खरोष्ट्राः हन्यन्तां दस्यव इति, न यथार्थं यथावस्थितः अयथावस्थितः तस्यार्थं अयथार्थं तस्य वचनम्-उपदेशः यथा अर्थः स्थितस्तया वचनोपदेशः साधुः, तद्विपरीतस्त्वयथार्थ-वचनोपदेशः । यथा परेण पृष्टः सन्देहापन्नेन अतथोपदेशः, विवादेष्वित्यादि विवादः-कलहः तत्रान्यतरस्यातिसन्धानोपायमुपदिशति, अतिसन्धानं छलनमादिशब्दाद् द्यूतग्रहणं, एवमादिरेवंप्रकारः सर्व एव मिथ्यो-पदेशोऽवसेयः ।

रहस्येत्यादि, रहस्येनाभ्याख्यानं स्त्रीपुंसयोः परस्परेणेति प्रतारणाद्वारेण, यदि वृद्धा स्त्री ततस्तस्यै कथयति-अयं तव भर्त्ता कुमार्यामतिसक्तः, अथ तरुणी तत एवमाह-अयं ते भर्त्ता प्रौढचेष्टितायां मध्यमवयसि योषिति प्रसक्तः, तथाऽयं खरकामः मृदुकाम इति वा परिहसति, तथा स्त्रियमभ्याख्याति भर्तुः पुरः पत्नी ते गर्हयत्येवमयं मां रहसि कामगर्दभः खली करोतीत्यादि । अन्यस्य वेति, दम्पतीव्यतिरिक्तस्य वैकैकस्य पुंसः स्त्रियो वा तत्कालयोग्यं रागसंयुक्तमिति दम्पत्योरन्यस्य वा येन रागः प्रहर्ष उत्पद्यते तेन तादृशा रहस्येनानेकप्रकारेण कर्मणाऽभिशंसनमिति, हास्येत्यादि अभ्याख्यातापि परिहासक्रीडानुबन्धात् तादृशं भाषते, नाभिनिवेशेन, हास्यं-परिहासः सैव क्रीडा आसक्तिः-आसङ्गोऽनुबन्धः, आदिशब्दः प्रकारवचनः, हास्यक्रीडाप्रकारैः, अथवा हास्यप्रकारैः क्रीडाप्रकारैर्वेति पृथगभिसम्बन्धः ।

कूटलेखक्रिया लोकप्रतीतेति अत्यन्तप्रसिद्धा सुज्ञाना । मुद्राक्षरादि-विन्यासः कूटलेखतुल्य इति,

न्यासापहार इत्यादि गोपायनाय स्वद्रव्यार्पणमन्यस्य स न्यासः तस्यापहारः-अपलापः सुश्लिष्टवचनेन, तथा विस्मरणकृतपरनिक्षेपग्रहणं, विस्मरणेन कृतं (? कृतस्य) परनिक्षेपस्य ग्रहणं, येन निक्षिप्तानि पञ्च शतानि, तस्य पञ्चशतसङ्ख्या विस्मृता, स चाधुना निक्षेपकमार्गणकाले

ब्रवीति-न सुष्ठु स्मरामि-किं चत्वारि शतान्यर्पितानि तव अथ पञ्च शतानीति, यदर्पितं तद्देहीति, निक्षेपकस्य गोपायिता प्रत्याह-चत्वार्येवेति, एवमादिना परेण निक्षिप्तस्य परविस्मरणकृतस्य ग्रहणं क्रियते स सत्यव्रतातिचार इति ।

साकारमन्त्रभेद इति आकारः-शरीरावयवसमवायिनी क्रियाऽन्तर्गत-क्रियासूचिका तेन विशिष्टेनाकारेण सहाविनाभूतो योऽभिप्रायः स साकारमन्त्रस्तस्य भेदः-प्रकाशनं, तदेव स्पष्टतरं कथयति-पैशुन्यं गुह्यमन्त्रभेदश्चेति, प्रीतिं शूनयतीति पिशूनः तद्भावः पैशुन्यं द्वयोः प्रीतौ सत्यामेकस्याकारैरुपलभ्य अभिप्रायमितरस्य तथा कथयति यथा प्रीतिः प्रणश्यति, गुह्यं-गूहनीयं न सर्वस्मै यत् कथनीयं मन्त्रणं मन्त्रो गुप्तभाषणं राजादिकार्यसम्बद्धं तस्य भेदः-प्रख्यापनम्, एवमेतत् तत् सत्यव्रत-मनतिचारं सम्यगनुपालनीयमिति ॥७-२१॥

**ટીકાર્થ–** મિથ્યા ઉપદેશ એટલે અસત્ય ઉપદેશ.

રહસ્ એટલે એકાંત. તેમાં થયેલ તે રહસ્ય. અભ્યાખ્યાન એટલે ખોટો આરોપ મૂકવો. એકાંતમાં ખોટો આરોપ મૂકવો તે રહસ્ય-અભ્યાખ્યાન.

કૂટ એટલે ખોટું. જે લખાય તે લેખ. ક્રિયા એટલે કરવું. ખોટો લેખ કરવો(=લખવો) તે કૂટલેખક્રિયા.

મૂકાય તે ન્યાસ, અર્થાત્ રૂપિયા આદિ આપવું. અપહાર એટલે અપલાપ. બીજાએ આપેલા રૂપિયા આદિનો (તેં નથી આપ્યા એમ) અપલાપ કરવો તે ન્યાસઅપહાર. જ્યાં પરના ધનને પોતાનું કરવા રૂપ જે દ્રવ્યાપહાર થાય છે તે દ્રવ્યાપહારની અહીં વિવક્ષા નથી. કારણ કે ન્યાસઅપહારમાં અપલાપ કરનારું વચન છે. કારણભૂત જે વચનથી ન્યાસનો અપલાપ કરાય છે તે વચન ન્યાસાપહાર છે.

આકાર અન્યના શરીરમાં રહેલ આંગળી, હાથ, ભવાં અને નેત્રની ક્રિયા, મસ્તકકંપ વગેરે અનેક પ્રકારનો છે. તેવા આકારની સાથે વ્યાપ્ત(=આકારની સાથે જ થનારો) જે પરનો ગૂઢ અભિપ્રાય, તે

સાકારમંત્ર. સાકારમંત્રને સ્વયં જાણીને અસૂયાથી પ્રગટ કરે તે સાકારમંત્ર ભેદ. ભેદ એટલે પ્રકાશિત કરવું. મિથ્યોપદેશ આદિ શબ્દોનો દ્વન્દ્વ સમાસ કર્યો છે. આ પાંચ અતિચારો સ્થૂલ અસત્યવિરતિના છે.

હવે ભાષ્યને અનુસરવામાં આવે છે–

આ એટલે સૂત્રમાં કહેલા. પાંચ એટલે મિથ્યોપદેશ વગેરે પાંચ જ. સ્થૂલ અસત્યના ત્યાગમાં અસત્ય ન બોલવું જોઈએ. તેથી આ અતિચારો સત્યવચનના છે. "तत्र मिथ्या" इत्यादि તે પાંચ અતિચારોમાં મિથ્યોપદેશ આ છે- પ્રમત્તનું પરને પીડા ઉત્પન્ન કરનારું વચન[1] મિથ્યોપદેશ છે. જેમકે ગધેડાઓને અને ઊંટોને વહન કરાવો=કામમાં જોડો, ચોરોને હણો.

અર્થ[2] (હકીકત) જે રીતે રહેલો છે તે પ્રમાણે વચનોપદેશ સત્ય છે. તેનાથી વિપરીત અયથાર્થ વચનોપદેશ છે. જેમકે સંદેહને પામેલા બીજાએ જે રીતે અર્થ પૂછ્યો તે પ્રમાણે ઉપદેશ ન આપે.

'विवादेषु' इत्यादि વિવાદ એટલે કલહ. અતિસંધાન એટલે છેતરવું. કલહમાં કોઈ એકને છેતરવાનો ઉપદેશ આપે. આદિ શબ્દથી જુગારનું ગ્રહણ કરવું. ઇત્યાદિ આવા પ્રકારનો સઘળો જ ઉપદેશ મિથ્યોપદેશ જાણવો.

'रहस्य' इत्यादि રહસ્યમાં=એકાંતમાં કહેવું તે રહસ્યાભ્યાખ્યાન. છેતરવાની બુદ્ધિથી સ્ત્રી અને પુરુષને પરસ્પર કહેવું. જેમકે- જો સ્ત્રી વૃદ્ધ હોય તો તેને કહે કે આ તારો પતિ કુમારીમાં આસક્ત છે. જો સ્ત્રી તરુણી હોય તો એમ કહે કે આ તારો પતિ પ્રૌઢચેષ્ટાવાળી એવી મધ્યમવયવાળી સ્ત્રીમાં આસક્ત છે અથવા આ તારો પતિ કઠોરકામ(=મૈથુન સેવવામાં બળવાન) છે કે મૃદુકામ(=મૈથુન સેવવામાં કમજોર) છે, એમ હસે. તથા પતિની આગળ સ્ત્રીને ખોટો આરોપ આપે. પતિને કહે કે તારી પત્ની તારી નિંદા કરે છે કે કામગર્દભ(=અતિશય

૧. न सत्यमपि भाषेत परपीडाकरं वचः । लोकेऽपि श्रूयते यस्मात् कौशिको नरकं गतः ॥ (યોગશાસ્ત્ર પ્ર.૨ શ્લો.૬૧)

૨. આ ટીકામાં न यथार्थं થી પ્રારંભી वचनम्-उपदेशः ત્યાં સુધીનો પાઠ મને અશુદ્ધ જણાય છે. તેથી તેટલો પાઠ સિદ્ધસેન ગણિકૃત ટીકામાંથી અહીં કાઉંસમાં લીધો છે એ પાઠ પ્રમાણે અનુવાદ કર્યો છે. [यथा अर्थः स्थितस्तथा वचनोपदेशः साधुः, तद्विपरीतस्त्वयथार्थवचनोपदेशः]

કામી) આ મને એકાંતમાં તિરસ્કારે છે. અથવા દંપતી સિવાય અન્ય કોઇ એક પુરુષને કે કોઇ એક સ્ત્રીને તત્કાળ જે યોગ્ય હોય તે કહે.

'रागसंयुक्तम्' इति દંપતીને કે અન્યને જેનાથી રાગ=અતિશય હર્ષ ઉત્પન્ન થાય તેવી અનેક પ્રકારની એકાંતમાં થયેલી ક્રિયાથી કહેવું, અર્થાત્ એકાંતમાં અનેક પ્રકારનું થયેલું હોય તે કહેવું.

'हास्य' इत्यादि કહેનાર પણ પરિહાસ-ક્રીડાના રાગથી(=સ્વભાવથી) તેવું બોલે, આગ્રહથી નહિ, અર્થાત્ આવું કહેવું જ એવો આગ્રહ ન હોય કિંતુ પોતાને પરિહાસ-ક્રીડામાં મજા આવતી હોય તેથી કહે. હાસ્ય એટલે પરિહાસ. પરિહાસ એ જ ક્રીડા તે પરિહાસક્રીડા. આસક્તિ એટલે આસંગ=અનુબંધ. (અનુબંધ એટલે પ્રેમ-સ્નેહ.)

આદિશબ્દ પ્રકારવચનવાળો છે, અર્થાત્ આદિશબ્દ પ્રકારના[1] અર્થમાં છે. આથી હાસ્યક્રીડાપ્રકારોથી એવો અર્થ થાય. અથવા હાસ્યપ્રકારોથી કે ક્રીડાપ્રકારોથી એમ જુદો સંબંધ છે.

કૂટલેખક્રિયા લોકમાં પ્રતીત હોવાથી અત્યંત પ્રસિદ્ધ છે અને સુખેથી સમજી શકાય તેવી છે. અન્યમુદ્રા અને અન્યાક્ષરાદિનો વિન્યાસ કૂટલેખ તુલ્ય છે. કૂટલેખક્રિયાના અન્યનામ, અન્યમુદ્રા, અન્યાક્ષર, અન્યબિંબ અને અન્યસ્વરૂપ એ પાંચ ભેદો છે.

**અન્યનામ–** સહી વગેરેમાં પોતાનું નામ લખવાને બદલે બીજાનું નામ લખવું અથવા અમુક વિગત લખે પોતે અને બીજાના નામે પ્રસિદ્ધ કરે.

**અન્યમુદ્રા–** જે મહોરછાપ કરવાની હોય તેના બદલે બીજી મહોરછાપ કરે.

**અન્યાક્ષર–** પોતાના હસ્તાક્ષરોથી લખવાના બદલે બીજાના હસ્તાક્ષરોથી લખે.

**અન્યબિંબ–** પોતાના જેવા અક્ષરો હોય તેનાથી જુદી જાતના અક્ષરોથી લખે.

---

૧. सामीप्ये च व्यवस्थायां प्रकारेऽवयवे तथा ।
चतुर्ष्वर्थेषु मेधावी आदि शब्दं तु कथयेत् (ષડ્દર્શન સમુચ્ચય કા.૪ની ટીકામાં)

**અન્યસ્વરૂપ–** જે વિગત લખવી જોઈએ તે ન લખતાં બીજી જ વિગત લખે, અર્થાત્ સત્ય લખવાના બદલે અસત્ય લખે.

'न्यासापहार:' इत्यादि રક્ષણ માટે પોતાનું દ્રવ્ય અન્યને આપે તે ન્યાસ. અપહાર એટલે સુશોભિત વચનથી અપલાપ કરવો. ન્યાસનો અપહાર તે ન્યાસાપહાર. તથા વિસ્મરણથી કરાયેલા પરના નિક્ષેપનું(=થાપણનું) ગ્રહણ કરવું. અહીં ભાવાર્થ આ છે- જેણે પાંચસો રૂપિયાની થાપણ મૂકી હોય, પછી તે ૫૦૦ રૂપિયાની થાપણ મૂકી છે એમ ૫૦૦ની સંખ્યા ભૂલી જાય. થાપણ માગવાના કાળે કહે- મને બરોબર યાદ નથી આવતું કે તને ૪૦૦ રૂપિયા આપ્યા છે કે ૫૦૦ રૂપિયા. જેટલા આપ્યા હોય તેટલા આપ. થાપણનું રક્ષણ કરનાર ઉત્તર આપે કે ચારસો જ આપ્યા છે. ઈત્યાદિથી બીજાએ મૂકેલી ભૂલાઈ ગયેલી થાપણને લેવી તે સત્યવ્રતનો અતિચાર છે.

'साकारमन्त्रभेद:' इति શરીરના અવયવોમાં જુદી ન પડે તે રીતે રહેલી અને અંતરમાં રહેલા અભિપ્રાયને સૂચવનારી ક્રિયા એ આકાર છે. તે વિશિષ્ટ આકારની સાથે સંબંધવાળો જે અભિપ્રાય તે સાકારમંત્ર છે. તેનો ભેદ=પ્રકાશન તે સાકારમંત્રભેદ. તેને જ અધિક સ્પષ્ટથી કહે છે- "पैशुन्यं गुह्यमन्त्रभेदश्च" इति પ્રીતિનો ઘાત કરે તે પિશુન. પિશુનનો ભાવ તે પૈશુન્ય. બેની પ્રીતિ હોય તેમાં આકારોથી એકના અભિપ્રાયને જાણીને બીજાને તે રીતે કહે કે જેથી પ્રીતિ નાશ પામે. ગુહ્ય એટલે ગુપ્ત રાખવા યોગ્ય કે જે બધાને ન કહી શકાય. મંત્ર એટલે રાજા વગેરેના કામસંબંધી ગુપ્તભાષણ. તેનો(=ગુપ્ત રાખવા યોગ્ય ગુપ્તભાષણનો) ભેદ=પ્રસિદ્ધિ કરવી તે ગુહ્યમંત્રભેદ.

આ પ્રમાણે આ સત્યવ્રત અતિચારરહિત સારી રીતે પાળવું જોઈએ. (૭-૨૧)

**टीकावतरणिका–** स्थूलादत्तादानविरतेरमी पञ्चातिचारा: परिहार्या:–

**ટીકાવતરણિકાર્થ–** સ્થૂલ અદત્તાદાન વિરતિના આ પાંચ અતિચારોનો ત્યાગ કરવો–

**ત્રીજા વ્રતના અતિચારો–**

**स्तेनप्रयोगतदाहृतादानविरुद्धराज्यातिक्रममानोन्मानप्रति-रूपकव्यवहाराः ॥७-२२॥**

**સૂત્રાર્થ–** સ્તેનપ્રયોગ, તદાહૃતાદાન, વિરુદ્ધરાજ્યાતિક્રમ, હીનાધિકમાનોન્માન અને પ્રતિરૂપકવ્યવહાર એ પાંચ સ્થૂલ અદત્તાદાન વિરતિના અતિચારો છે. (૭-૨૨)

**भाष्यं–** एते पञ्चास्तेयव्रतस्यातिचारा भवन्ति । तत्र स्तेनेषु हिरण्यादिप्रयोगः । स्तेनैराहृतस्य द्रव्यस्य मुधा क्रयेण वा ग्रहणं तदाहृतादानम् । विरुद्धराज्यातिक्रमश्चास्तेयव्रतस्यातिचारः । विरुद्धे हि राज्ये सर्वमेव स्तेययुक्तमादानं भवति । हीनाधिकमानोन्मानप्रतिरूपक-व्यवहारः । कूटतुलाकूटमानवञ्चनादियुक्तः क्रयो विक्रयो वृद्धिप्रयोगश्च । प्रतिरूपकव्यवहारो नाम सुवर्णरूप्यादीनां द्रव्याणां प्रतिरूपकक्रिया व्याजीकरणानि चेत्येते पञ्चास्तेयव्रतस्यातिचारा भवन्ति ॥७-२२॥

**ભાષ્યાર્થ–** આ પાંચ અતિચારો અસ્તેયવ્રતના છે. પાંચ અતિચારોમાં ચોરોમાં હિરણ્યાદિપ્રયોગ એ સ્તેનપ્રયોગ અતિચાર છે. ચોરોથી લવાયેલ દ્રવ્ય મફતમાં કે કિંમતથી લેવું તે તદાહૃતાદાન છે.

વિરુદ્ધરાજ્યાતિક્રમ અસ્તેયવ્રતનો અતિચાર છે. વિરુદ્ધ રાજ્યમાં સઘળું ગ્રહણ સ્તેયથી યુક્ત હોય છે. હીનાધિક માનોન્માન વ્યવહાર અને પ્રતિરૂપકવ્યવહાર અતિચાર છે.

કૂટતુલા-કૂટમાનથી વંચન આદિથી યુક્ત ક્રય-વિક્રય અને વૃદ્ધિપ્રયોગ એ હીનાધિકમાનોન્માન અતિચાર છે.

પ્રતિરૂપક વ્યવહાર એટલે સુવર્ણ, રૂપ્ય આદિ દ્રવ્યોની પ્રતિરૂપક ક્રિયા અને વ્યાજીકરણ આ પ્રમાણે આ પાંચ અસ્તેયવ્રતના અતિચારો છે. (૭-૨૨)

**टीका–** स्तेनाः-चौरास्तान् प्रयुङ्क्ते-हरत यूयं हरणक्रियायां प्रेरणमभ्यनुज्ञानं वा प्रयोगः तदाहृतादानमिति तच्छब्देन स्तेनपरामर्शः

तैराहृतम्-आनीतं कनकवस्त्रादि तस्यादानं-ग्रहणं मूल्येन मुधिकया वा, विरुद्धराज्यातिक्रम इति, विरुद्धयोर्नृपयो राज्यं तस्यातिक्रमं-अतिलङ्घनं आक्रमणं विरुद्धराज्यातिक्रमः, स चानेकप्रत्यपायः, हीनाधिकमानोन्मानमिति, हीनं-न्यूनं अधिकम्-अतिरिक्तं मानोन्मानं मानं-कुडवादि उन्मानं च-तुलादि, हीनं मानोन्मानमन्यदानकाले करोति, स्वयं पुनः गृह्णन्नधिकं करोति, प्रतिरूपकव्यवहारः प्रतिरूपकः-तत्सदृशः तस्य विविधं अवहरणं व्यवहारः-प्रक्षेपः यद् यत्र घटते व्रीह्यादिषु तैलादिषु पलञ्ज्यादि तत्तत्र प्रक्षिप्य विक्रीणीत इति ।

सम्प्रति भाष्यमनुश्रियते-एत इत्यादि गतार्थं, तत्रेत्यादि, तत्र तेषु अतिचारेषु स्तेनप्रयोगस्तावदयं-स्तेनेषु तस्करेषु सम्भवति हिरण्याद्यर्थः प्रयोगो हिरण्यादिप्रयोगः, हिरण्यं-रजतं घटिताघटितरूपमादिशब्दात् कनकं च, घर्घरादिभिर्ग्रन्थिं छित्त्वा गृह्णातीति, तथा क्षत्रखननकाद्येवंविधमुपकरणं नाणुव्रतिना निर्वर्त्तनीयं न विक्रेयमिति, स्तेनैरित्यादि तस्करोपनीतस्य द्रव्यस्य रजतादेर्मुधा-विना मूल्येन क्रयेण वा स्वल्पप्रदानेन ग्रहणं, तदाहृतादानमनेकप्रत्यपायमिति परिहार्यं, विरुद्धेत्यादि, विरुद्धराज्यातिक्रमः अतिक्रमो-व्यवस्थोल्लङ्घनं, व्यवस्था च परस्परविरुद्धराज्यकृतैव, चशब्दः समुच्चायकः, एष वा स्तेनव्रतस्यातिचारः, विरुद्धे हीत्यादि यस्माद्विरुद्धे राज्ये सर्वमादानंग्रहणं तृणकाष्ठादेरपि स्तेययुक्तं चौरतया सम्बन्धं भवति, तस्माद्विरुद्धराज्यातिक्रमो न कार्यः, हीनाधिकेत्यादि, समस्यातिचारद्वयं निर्दिष्टं भाष्यकारेण व्यवहारसम्बन्धनार्थं, हीनमानव्यवहारोऽधिकमानव्यवहारः हीनोन्मानव्यवहारोऽधिकोन्मानव्यवहारश्चेति, एतदेव विवृणोति-कूटतुलेत्यादिना प्रसिद्धटङ्कादिटङ्किता अकूटतुला ततोऽपरा कूटतुला, एवं मानमपि, आभ्यामपि कूटतुलाकूटमानाभ्यां वञ्चनं-दम्भनं छलनमादिशब्दाद्वञ्चनकायक्रियाग्रहणं तैर्युक्तः सम्बद्धः क्रयो-ग्रहणं

विक्रयो-मूल्येन दानं, सर्वमेतन्न कार्यं, 'वृद्धिप्रयोगश्चे'ति हीनाधिक-व्यवहारसामान्याद् वृद्धिप्रयोगोपन्यासः, स्वरूपकादि वृद्ध्याऽन्यस्य ददाति, सा च वृद्धिरन्याय्या न्याय्या च, तत्रान्याय्या परिहरणीया, दशैकादशिकाप्रभृतिः, यद्यप्युभयरुच्या सा क्रियते तथाऽप्यतितृष्णाभिभूत इत्यपोद्यते लोकेन, न्याय्या तु तत आदेयेति, प्रतिरूपकव्यवहारो नामेत्यादि नामशब्दः स्वरूपार्थः, प्रतिरूपकव्यवहारस्वरूपमिति, सुवर्णस्य प्रतिरूपकक्रिया यादृक् सुवर्णं तादृशमेव अपरं द्रव्यं वर्णगौरवादिगुणयुक्तं निष्पादयति, प्रयोगविशेषात्, तथा रूप्यं-रजतं कतिपयदिवसस्थायीति, आदिग्रहणात् किल घृतक्षीरदधितक्रताम्रकांस्यादिपरिग्रहः, व्याजीकरणानि चेति व्याजीकरणमपहृतानामन्यैर्गवादीनां सश्रृङ्गाणामग्निपक्वकालिङ्गी-फलस्वेदलानि श्रृङ्गान्यधोमुखानि प्रगुणानि तिर्यग्वलितानि वा यथारुचि शक्यन्ते कर्तुं, ततश्च अन्यत्वमिव प्रतिपद्यन्ते गवादयः, तथा कृतेषु श्रृङ्गेषु सुखेन च धार्यन्ते, अन्यहस्ते वा विक्रीयन्त इति व्याजः, छद्माछद्मरूपाणां छद्मरूपापादनं व्याजीकरणं, एवमेते पञ्चास्तेयव्रतस्यातीचारा भवन्तीति ॥७-२२॥

**ટીકાર્થ–** સ્તેન એટલે ચોર. ચોરને તમે ચોરી કરો એમ ચોરીની ક્રિયામાં પ્રેરણા કરવી કે સંમતિ આપવી તે સ્તેનપ્રયોગ. 'तदाहृतादानम्' इति, तद् શબ્દથી स्तेन નો પરામર્શ થાય છે. આહૃત એટલે લવાયેલ. આદાન એટલે લેવું. તેમનાથી=ચોરોથી લવાયેલ સુવર્ણ-વસ્ત્ર વગેરે મૂલ્યથી કે મફતમાં લેવું તે તદાહૃતાદાન. "हीनाधिकमानोन्मानम्" इति હીન એટલે ઓછું(=નાનું) અધિક એટલે વધારે=મોટું. માન એટલે કુડવ (પાશેરનું માપ) વગેરે. ઉન્માન[1] એટલે ત્રાજવું વગેરે. ઓછા વધારે માન-માપા એટલે હીનાધિક માનોન્માન. બીજાને આપવાનું હોય ત્યારે હીન(=નાના) માપ-તોલા રાખે, પોતાને જ્યારે લેવાનું હોય ત્યારે

૧. માન એટલે દૂધ વગેરેને માપવાનું સાધન. ઉન્માન એટલે ધાન્ય વગેરેને જોખવાનું સાધન.

અધિક(=મોટા) માપ-તોલા રાખે. 'प्रतिरूपकव्यवहारः' इति પ્રતિરૂપક એટલે તેની સમાન. વ્યવહાર એટલે પ્રક્ષેપ કરવો. સમાન વસ્તુને (શુદ્ધ વસ્તુમાં) નાખવી તે પ્રતિરૂપક વ્યવહાર. ફોતરા અને ચરબી વગેરે જે વસ્તુ ડાંગર આદિમાં અને તેલાદિમાં ઘટી શકે=ભેળવી શકાય તે વસ્તુ તેમાં નાંખીને વેચે.

હવે ભાષ્ય અનુસરવામાં આવે છે—

'एते' इत्यादि અર્થ સમજાઇ ગયો છે. 'तत्र' इत्यादि તે અતિચારોમાં સ્તેનપ્રયોગ અતિચાર આ છે- હિરણ્યાદિ પ્રયોગ ચોરોમાં સંભવે છે. હિરણ્યાદિ માટે પ્રયોગ તે હિરણ્યપ્રયોગ. હિરણ્ય એટલે ઘડેલી કે નહીં ઘડેલી ચાંદી. આદિ શબ્દથી સુવર્ણનું ગ્રહણ કરવું. અણુવ્રતધારી શ્રાવકે ઘર્ઘરિકા અને ખાત્રખનનક આદિ જેવા ઉપકરણો બનાવવા ન જોઇએ અને વેચવા પણ ન જોઇએ. ઘર્ઘરિકા ચોરીનું સાધન છે. તેનાથી ગાંઠ કાપીને (ધન) લે છે.

'स्तेनैः' इत्यादि, ચોરોથી લવાયેલ ચાંદી આદિ દ્રવ્ય મફતમાં કે અલ્પમૂલ્ય આપીને લેવું તે તદાહૃતાદાન છે. આમાં અનેક દોષો=અનર્થો રહેલા છે. માટે તેનો ત્યાગ કરવો જોઇએ.

'विरुद्ध' इत्यादि અતિક્રમ એટલે વ્યવસ્થાનું ઉલ્લંઘન. વ્યવસ્થા પરસ્પર વિરુદ્ધ રાજ્યથી કરાયેલી જ હોય છે. च શબ્દ સમુચ્ચય કરનાર છે અને આ અસ્તેય વ્રતનો અતિચાર છે. 'विरुद्धे हि' इत्यादि કારણ કે વિરુદ્ધરાજ્યમાં સઘળું ગ્રહણ, યાવત્ ઘાસ, કાષ્ઠ આદિનું પણ ગ્રહણ, ચોરીના સંબંધવાળું છે. તેથી વિરુદ્ધરાજ્યાતિક્રમ ન કરવો જોઇએ. 'हीनाधिक' इत्यादि બંનેની સાથે વ્યવહાર શબ્દનો સંબંધ કરવા માટે ભાષ્યકારે સમાસ કરીને બે અતિચારોનો નિર્દેશ કર્યો છે. હીનમાન વ્યવહાર, અધિકમાન વ્યવહાર, હીન ઉન્માન વ્યવહાર, અધિક ઉન્માન વ્યવહાર. આનું જ 'कुटतुला' ઇત્યાદિથી વિવરણ કરે છે. (કૂટ એટલે ખોટું અર્થાત્ ઓછું-વધારે.)

પ્રસિદ્ધ સિક્કા(=છાપ) આદિથી યુક્ત હોય તે અકૂટ(=સાચી) તુલા છે, તેનાથી વિપરીત કૂટતુલા છે. માન અંગે પણ એ પ્રમાણે જાણવું. આ બંનેથી વંચન=છેતરવું. આદિ શબ્દથી વચન અને કાયાની ક્રિયાનું ગ્રહણ કરવું. તેમનાથી યુક્ત=સંબંધવાળું ક્રય=ગ્રહણ અને વિક્રય= મૂલ્યથી આપવું. આ બધું ન કરવું જોઈએ. **સાર-** ખોટા માપ-તોલાથી ક્રય-વિક્રય કરીને બીજાને છેતરવા નહિ.

'वृद्धिप्रयोगश्च' इति સામાન્યથી વ્યાજનો ઓછો-વધારે જે વ્યવહાર ચાલતો હોય તેનાથી વધારે વ્યાજથી રૂપિયા મૂકવા=આપવા તે વૃદ્ધિપ્રયોગ છે. પોતાના રૂપિયા વગેરે વ્યાજથી બીજાને આપે તે વ્યાજ અન્યાયયુક્ત અને ન્યાયયુક્ત હોય. તેમાં દશ-અગિયાર વગેરે અન્યાયયુક્ત વ્યાજનો ત્યાગ કરવો. જો કે વ્યાજ ઉભયની રુચિથી નક્કી કરાય છે તો પણ વધારે વ્યાજ લેવામાં લોકમાં આ અતિશયતૃષ્ણાથી પરાજય પામેલો છે, અર્થાત્ અતિશય લોભી છે એવો અપવાદ થાય. તેની પાસેથી ન્યાયયુક્ત વ્યાજ તો લઈ શકાય.

'प्रतिरूपकव्यवहारो नाम' इत्यादि, નામ શબ્દ સ્વરૂપના અર્થમાં છે. તેથી प्रतिरूपकव्यवहारस्वरूपम् એવું પદ થાય. સુવર્ણની પ્રતિરૂપકક્રિયા એટલે સુવર્ણ જેવું હોય છે તેવું જ વર્ણ અને ભારેપણું વગેરે ગુણોથી યુક્ત સોના જેવું અન્ય દ્રવ્ય પ્રયોગવિશેષથી બનાવે. રૂપ્ય એટલે પરિમિત દિવસો સુધી રહેનારી ચાંદી. આદિ શબ્દના ગ્રહણથી ઘી-દૂધ-દહીં-તક્ર-તાંબું-કાંસુ વગેરેનું ગ્રહણ કરવું. 'व्याजीकरणानि च' इति, વ્યાજીકરણ એટલે બીજાઓથી અપહરણ કરાયેલા શિંગડાવાળા(=સંપૂર્ણ શિંગડાવાળા) ગાયો વગેરે પ્રાણીઓના શિંગડાઓને અગ્નિથી પકાવેલા કાલિંગી(=એક જાતની કાકડી કે તરબૂચ) ફળના રસવાળા(=ગરમ કરવાથી તેમાંથી ટપકતા જલબિંદુવાળા) કરવામાં આવે તેથી તે શિંગડાં ઈચ્છા પ્રમાણે નીચે મુખવાળા, સરળ તે તિર્છા વળેલા કરી શકાય, તેથી ગાય વગેરે પ્રાણીઓ જાણે બીજા હોય તેવા બની જાય છે.શિંગડાઓને

તેવા કર્યે છતે તે પ્રાણીઓ સુખેથી રાખી શકાય છે, અર્થાત્ તેનો સ્વામી તેને ઓળખી ન શકતો હોવાથી સુખે રાખી શકાય છે અથવા બીજાને વેચી શકાય છે. આ પ્રમાણે વ્યાજ=કપટ કરાય છે. જેમનું[1] સ્વરૂપ ઢંકાયું નથી તેવા પ્રાણીઓને ઢંકાયેલા સ્વરૂપવાળા કરવા તે વ્યાજીકરણ છે.

આ પાંચ અસ્તેયવ્રતના અતિચારો છે. (૭-૨૨)

**टीकावतरणिका–** चतुर्थाणुव्रतस्यातिचाराभिधित्सयेदमुच्यते–

**ટીકાવતરણિકાર્થ–** ચોથા વ્રતના અતિચારોને કહેવાની ઇચ્છાથી આ કહેવાય છે–

**ચોથા વ્રતના અતિચારો–**

**परविवाहकरणेत्वरपरिगृहीताऽपरिगृहीतागमनानङ्गक्रीडा-तीव्रकामाभिनिवेशाः ॥७-२३॥**

**સૂત્રાર્થ–** પરવિવાહકરણ, ઇત્વરપરિગૃહીતાગમન, અપરિગૃહીતાગમન, અનંગક્રીડા અને તીવ્રકામાભિનિવેશ એ પાંચ ચોથા વ્રતના અતિચારો છે. (૭-૨૩)

**भाष्यं–** परविवाहकरणमित्वरपरिगृहीतागमनमपरिगृहीतागमनमनङ्गक्रीडा तीव्रकामाभिनिवेश इत्येते पञ्च ब्रह्मचर्यव्रतस्यातिचारा भवन्ति ॥७-२३॥

**ભાષ્યાર્થ–** પરવિવાહકરણ, ઇત્વરપરિગૃહીતાગમન, અપરિગૃહીતાગમન, અનંગક્રીડા અને તીવ્રકામાભિનિવેશ આ પ્રમાણે આ પાંચ બ્રહ્મવ્રતના અતિચારો છે. (૭-૨૩)

**टीका–** एते ब्रह्मव्रतस्यातिचाराः कृतद्वन्द्वा निर्दिष्टाः, परविवाहकरणं इत्वरपरिगृहीतागमनं अपरिगृहीतागमनं अनङ्गक्रीडा तीव्रकामाभिनिवेशश्चेति, तत्र परविवाहकरणमिति स्वापत्यस्यागारिणाऽवश्यंतयैव विवाहः कार्यः, परविवाहकरणात्तु निवर्त्तते, गृहस्थश्च द्वाभ्यां प्रकारा–

१. छद्माछद्म પાઠ અશુદ્ધ જણાય છે, अछद्म એવો પાઠ હોવો જોઇએ. अछद्म પાઠના આધારે અનુવાદ કર્યો છે.

भ्यामब्रह्मणो निवर्तते, स्वदारसन्तोषप्रतिपत्त्या परपरिगृहीतदारानभिगमनेन वा, स्वदारासेवनमेव प्रथमोऽभ्युपैति, शेषान्निवर्त्तते, द्वितीयस्तु परपरिगृहीतदारसेवनान्निवर्त्तते, न स्वदारेभ्यो न वाऽपरिगृहीतवेश्यादिभ्यः, तयोर्यथासम्भवमतिचाराः स्वव्रतानुसारेणाभ्यूह्याः, तत्र स्वापत्यव्यतिरिक्तमन्यापत्यं परशब्देनोच्यते, तस्य विवाहकरणं-विवाहक्रिया कन्याफललिप्सया वा स्नेहसम्बन्धेन वा इति, इत्वरपरिगृहीतागमनं प्रतिपुरुषगमनशीला इत्वरी-वेश्याऽनेकपुरुषगामिनी भवति, तस्यै च यदाऽन्येन कश्चित् कालमभिगृह्य भाटी दत्ता भवति, तावन्तं कालमगम्याऽसौ निवृत्तपरदारस्य भवति, इत्वरी चासौ परिगृहीता चेति पुंवद्भावः, गमनम्-अभिगमो मैथुनासेवनम्, अथवा इत्वरं-स्तोकमल्पं परिगृहीतागमनं चेति, अपरिगृहीतागमनमिति वेश्यास्वैरिणीप्रोषितभर्तृकादिरनाथा अपरिगृहीता, तदभिगममाचरतः स्वदारसन्तुष्टस्यातिचारो, न तु निवृत्तपरदारस्य, अनङ्गः-कामः कर्म्मोदयात् पुंसः स्त्रीनपुंसकपुरुषासेवनेच्छा हस्तकर्म्मादीच्छा वा, योषितोऽपि योषितपुरुषासेवनेच्छा हस्तकर्म्मादीच्छा वा, नपुंसकस्य पुरुषस्त्रीसेवनेच्छा हस्तकर्म्मादीच्छा वा, स एवंविधोऽभिप्रायो मोहोदयादुद्भूतः काम उच्यते, नान्यः कश्चित् कामः, तेन तत्र क्रीडा-रमणमनङ्गक्रीडा, आहार्यैः काष्ठपुस्तफलमृत्तिकाचर्म्मादिघटितप्रजननैः कृतकृत्योऽपि स्वलिङ्गेन भूयः मृद्नात्येवावाच्यप्रदेशं योषितां, तथा केशाकर्षणप्रहारदानदन्तनखकदर्थनाप्रहारैर्मोहनीयकर्म्मावेशात् किल क्रीडति तथाप्रकारं कामी, सर्वेषामनङ्गक्रीडा बलवति रागे प्रसूयते, तीव्रकामाभिनिवेश इति तीव्रः-प्रकर्षप्राप्तः कामेऽभिनिवेशः तीव्रकामाभिनिवेशस्तावत्पर्यन्तं तच्चित्तता परित्यक्तान्यसकलव्यापारस्य तदध्यवसायिता मुखपोषोपस्थकक्षान्तरेष्वप्यतृप्ततया प्रक्षिप्य लिङ्गमास्ते मृत इव महतीं वेलां, निश्चलः चटकैरिव मुहुर्मुहुश्चटकायामारोहति योषिति, व्याजीकरणानि चोपयुङ्क्ते जातकलि-

मलकः, अनेन खल्वौषधप्रयोगेण गजप्रसेकी तुरगावमर्द्दी भवति पुरुष इत्ययमप्युभयोरतीचार इत्येते ब्रह्मव्रतातिचारा भवन्ति ॥७-२३॥

**ટીકાર્થ–** બ્રહ્મચર્યના આ અતિચારોનો દ્વન્દ્વ સમાસ કરીને નિર્દેશ કર્યો છે. પરવિવાહકરણ, ઇત્વરપરિગૃહીતાગમન, અપરિગૃહીતાગમન અનંગક્રીડા અને તીવ્રકામાભિનિવેશ.

તેમાં 'परविवाहकरणम्' इति, ગૃહસ્થ પોતાના પુત્રનો વિવાહ અવશ્ય કરે પણ બીજાનો વિવાહ કરવાથી નિવૃત્ત થાય=અટકે. ગૃહસ્થ બે રીતે અબ્રહ્મથી નિવૃત્તિ કરે. (૧) સ્વસ્ત્રીસંતોષને સ્વીકારીને અથવા (૨) પરપરિગૃહીતસ્ત્રીના ત્યાગથી. આ બેમાં પહેલો ગૃહસ્થ સ્વસ્ત્રીસેવન જ સ્વીકારે છે, અન્યસ્ત્રીનો ત્યાગ કરે છે. બીજો બીજાએ સ્વીકારેલી સ્ત્રીના સેવનથી નિવૃત્તિ કરે છે, સ્વસ્ત્રીથી કે બીજાએ નહિ સ્વીકારેલી વેશ્યા આદિથી નિવૃત્તિ કરતો નથી. તે બેના યથાસંભવ અતિચારો પોતાના વ્રતના અનુસારે વિચારવા. તેમાં પરશબ્દથી સ્વપુત્ર સિવાય અન્યપુત્ર કહેવાય છે. તેનો કન્યાફળને મેળવવાની ઇચ્છાથી કે સ્નેહસંબંધથી વિવાહ કરવો તે પરવિવાહકરણ છે.

'इत्वरपरिगृहीतागमनम्' इति ઇત્વરી એટલે દરેક પુરુષની સાથે મૈથુન સેવન કરવાના સ્વભાવવાળી. વેશ્યા અનેક પુરુષોની સાથે મૈથુન સેવન કરનારી હોય છે તેને જ્યારે બીજાએ થોડા કાળ સુધી ભાડુ આપ્યું હોય તેટલો કાળ પરસ્ત્રીથી નિવૃત્ત થનારને અગમ્યા છે, ઇત્વરી એવી આ પરિગૃહીતા છે. પુંવદ્ભાવથી इत्वरपरिगृहीता શબ્દ થયો. ગમન એટલે મૈથુનસેવન. (ઇત્વરપરિગૃહીતાની સાથે મૈથુન સેવવું તે ઇત્વર-પરિગૃહીતાગમન.) અથવા ઇત્વર એટલે થોડુ-અલ્પ. ઇત્વર એવું પરિગૃહીતાગમન તે ઇત્વરપરિગૃહીતાગમન.

'अपरिगृहीतागमनम्' इति વેશ્યા, કુલટા, જેનો પતિ પરદેશ ગયો હોય તેવી અને નાથરહિત સ્ત્રી અપરિગૃહીતા છે. તેની સાથે મૈથુન સેવવામાં સ્વસ્ત્રીસંતુષ્ટને અતિચાર થાય, પરસ્ત્રીથી નિવૃત્તને અતિચાર ન થાય.

'अनङ्गक्रीडा' इति અનંગ એટલે કામ. કર્મના ઉદયથી પુરુષને સ્ત્રી નપુંસક-પુરુષને સેવવાની ઇચ્છા અથવા હસ્તકર્મ આદિની ઇચ્છા, સ્ત્રીને પણ સ્ત્રી અને પુરુષને સેવવાની ઇચ્છા અથવા 'હસ્તકર્મ' આદિની ઇચ્છા, નપુંસકને પુરુષ અને સ્ત્રીને સેવવાની ઇચ્છા અથવા હસ્તકર્મ આદિની ઇચ્છા, મોહોદયથી ઉત્પન્ન થયેલો આવા પ્રકારનો અભિપ્રાય કામ કહેવાય છે. બીજો કોઇ કામ નથી. તેથી ત્યાં ક્રીડા કરવી=રમવું તે અનંગક્રીડા. સ્વલિંગથી કૃતકૃત્ય થવા છતાં કાષ્ઠ-વસ્ત્ર-ફળ-માટી-ચામડું વગેરેથી બનાવેલા મૈથુનસેવનના કૃત્રિમ સાધનોથી ફરી સ્ત્રીના યોનિપ્રદેશનું મર્દન કરે જ છે તથા કામી મોહનીયકર્મની તીવ્રતાના કારણે કેશ ખેંચવા, પ્રહાર આપવો(=કરવો) દાંત અને નખથી ક્ષત કરવો (વગેરે) કદર્થનાના પ્રકારોથી તે રીતે ક્રીડા કરે છે. રાગ બળવાન હોય ત્યારે બધાને અનંગક્રીડા ઉત્પન્ન થાય છે.

'तीव्रकामाभिनिवेशः' इति તીવ્ર એટલે પ્રકર્ષને પામેલો. કામમાં અભિનિવેશ=આસક્તિ તે તીવ્રકામાભિનિવેશ, અર્થાત્ (મૈથુન સેવે) ત્યાં સુધી તેમાં જ ચિત્ત રહેવું. અન્ય સઘળા વ્યાપારો છોડીને કામના જ અધ્યવસાયવાળા બનવું. તીવ્રકામાભિનિવેશવાળા પુરુષને કામનું સેવન કરવા છતાં તૃપ્તિ ન થાય એથી મુખ, યોનિ, ગુદા, બગલ (વગેરે)માં લિંગ રાખીને મરેલાની જેમ ઘણીવાર સુધી પડ્યો રહે. (અરરર ! કામની આ તે કેવી વિડંબના !) જેમ ચકલો ચકલી ઉપર વારંવાર આરૂઢ થાય તેમ સ્ત્રી ઉપર વારંવાર આરૂઢ થાય. જેને વીર્યરૂપ મળ ઉત્પન્ન થયું નથી એવો પુરુષ વાજીકરણનો(=જેનાથી વીર્ય અને બળ વધે તેવા ઔષધો વગેરેનો) ઉપયોગ કરે. આ ઔષધપ્રયોગથી પુરુષ ગજપ્રસેકી થાય. (જેમ હાથીના ગંડસ્થળમાંથી મદ ઝરે તેમ આનું વીર્ય ઝરે, અર્થાત્ અતિશય વીર્યવાળો થાય.) તુરગાવમર્દી થાય, અર્થાત્ ઘણા વીર્યવાળો થાય. આ પ્રમાણે આ અતિચાર પણ[1] (સ્વસ્ત્રીસંતોષી અને પરસ્ત્રીત્યાગી એ) બંનેનો છે. આ પ્રમાણે આ બ્રહ્મચર્યવ્રતના અતિચારો છે. (૭-૨૩)

૧. જેમ અનંગક્રીડા બંનેનો અતિચાર છે તેમ કામાભિનિવેશ પણ બંનેનો અતિચાર છે.

**टीकावतरणिका–** इच्छापरिमाणव्रतातिचारव्याचिख्यासयेदमाह–

**ટીકાવતરણિકાર્થ–** ઇચ્છાપરિમાણવ્રતના અતિચારને કહેવાની ઇચ્છાથી આ કહે છે–

**પાંચમા વ્રતના અતિચારો–**

## क्षेत्रवास्तु-हिरण्यसुवर्ण-धनधान्य-दासीदास-कुप्य-प्रमाणातिक्रमाः ॥७-२४॥

**સૂત્રાર્થ–** ક્ષેત્ર-વાસ્તુ, હિરણ્ય-સુવર્ણ, ધન-ધાન્ય, દાસી-દાસ અને કુપ્ય પાંચના પ્રમાણમાં અતિક્રમ (વધારો) એ પાંચ અતિચારો સ્થૂલપરિગ્રહવિરમણવ્રતના છે. (૭-૨૪)

**भाष्यं–** क्षेत्रवास्तुप्रमाणातिक्रमः, हिरण्यसुवर्णप्रमाणातिक्रमः, धन-धान्यप्रमाणातिक्रमः, दासीदासप्रमाणातिक्रमः, कुप्यप्रमाणातिक्रम इत्येते पञ्चेच्छापरिमाणव्रतस्यातिचारा भवन्ति ॥७-२४॥

**ભાષ્યાર્થ–** ક્ષેત્ર-વાસ્તુ પ્રમાણાતિક્રમ, હિરણ્ય-સુવર્ણ પ્રમાણાતિક્રમ, ધન-ધાન્ય પ્રમાણાતિક્રમ, દાસી-દાસ પ્રમાણાતિક્રમ અને કુપ્ય પ્રમાણાતિક્રમ. આ પ્રમાણે પાંચ ઇચ્છાપરિમાણવ્રતના અતિચારો છે. (૭-૨૪)

**टीका–** क्षेत्रवास्त्वादीनां कुप्यान्तानां कृतद्वन्द्वानां प्रमाणानि प्राक् संकल्प्य यानि विशिष्टकालावधिकानि गृहीतानि तेषामुल्लङ्घनमतिक्रमः, प्रमाणातिक्रम इति प्रत्येकमभिसम्बद्धं भाष्यकृद्दर्शयति–क्षेत्रवास्तु-प्रमाणातिक्रम इत्यादि तत्र क्षेत्रं–शस्योत्पत्तिभूमिः सेतुकेतुभेदाद् द्विविधं, तत्र सेतुक्षेत्रमरघट्टादिसेक्यं, आकाशपतितोदकनिष्पाद्यशस्यं केतुक्षेत्रं, वास्त्वगारं गृहमुच्यते, तदपि त्रिविधं–खातं–भूमिगृहकादि, उच्छ्रितं–प्रासादः खातोच्छ्रितं–भूमिगृहस्योपरि प्रासादादिसन्निवेशः, तेषां क्षेत्रवास्तूनां प्रमाणं प्रत्याख्यानकालेऽभिगृहीतम् एतावन्ति क्षेत्राणि वास्तूनि च विहाय शेषस्य प्रत्याख्यानं, यावच्चतुर्मासीं संवत्सरं

यावज्जीवं वा अधिकृत्य, कालाभ्यन्तरे संकल्पितप्रमाणातिरेक-क्षेत्रवास्तुग्रहणमिच्छापरिमाणातिचारः, हिरण्यं रजतं घटितमघटितं वाऽनेकप्रकारं पात्रादि, तथा सुवर्णमपि, एतद्ग्रहणाच्च इन्द्रनीलमरकताद्युपलकपरिग्रहः, सर्वेषामभिगृहीतप्रमाणातिक्रमोऽतिचारः, धनं गो-महिष्यजाविका-करभ-तुरग-करिप्रभृतिचतुष्पदपरिग्रहः, धान्यं व्रीहि-कोद्रव-मुद्ग-माष-तिल-गोधूम-यवप्रभृति सर्वमगारिणो परिमितं ग्राह्यम्, उपरि प्रमाणाद्ग्रहणमतिचारः, दासीदासाः कर्मकराः उपरुद्धिका वा परिणयनादिविधिना स्वीकृता वा पत्नीत्यादि सकलद्विपदाभिगृहीत-परिमाणातिक्रमोऽतिचारः, ततश्च हंस-मयूर-कुर्कुट-शुक-सारिकादीनां च प्रमाणातिरेकोऽतिचारः, कुप्यं-कांस्य-लोह-ताम्र-सीसक-त्रपु-मृद्भाण्डक-त्वचिसार-विकारोदन्तिका-काष्ठ-कुंडिका-पारि-मञ्चक-मञ्चिकादिप्रमाणातिरेकग्रहणमतिचार इत्येवमेते इच्छापरिमाणव्रत-स्यातिचाराः पञ्च भवन्तीति ॥७-२४॥

**ટીકાર્થ–** ક્ષેત્ર-વાસ્તુથી આરંભી કુપ્ય સુધીના શબ્દોનો દ્વન્દ્વ સમાસ કર્યો છે. ક્ષેત્ર-વાસ્તુ વગેરેના પ્રમાણોનો પહેલાં સંકલ્પ કરીને વિશિષ્ટ કાળ સુધી જે પ્રમાણો ગ્રહણ કર્યા હોય તે પ્રમાણોનું ઉલ્લંઘન કરવું એ અતિચાર છે. સૂત્રમાં રહેલ પ્રમાણાતિક્રમ શબ્દ ક્ષેત્ર-વાસ્તુ વગેરે પ્રત્યેક શબ્દની સાથે સંબંધવાળો છે. આને ભાષ્યકાર બતાવે છે–

'क्षेत्रवास्तुप्रमाणातिक्रमः' इत्यादि તેમાં-

**ક્ષેત્ર–** ક્ષેત્ર એટલે ધાન્યની ઉત્પત્તિની ભૂમિ. ક્ષેત્ર, સેતુ અને કેતુના ભેદથી બે પ્રકારનું છે. તેમાં અરઘટ્ટ આદિથી જે ક્ષેત્ર સિંચાય તે સેતુ છે. આકાશમાંથી પડેલા પાણીથી ધાન્ય ઉત્પન્ન કરી શકાય તેવું ક્ષેત્ર કેતુ છે.

**વાસ્તુ–** વાસ્તુ એટલે ઘર. તે પણ ત્રણ પ્રકારનું છે. ભોંયરું આદિ ખાત છે. મહેલ (વગેરે) ઉચ્છ્રિત છે. ભોંયરાની ઉપર મહેલ વગેરેની રચના ખાતોચ્છ્રિત છે. પ્રત્યાખ્યાનકાળે ચાર માસ, એક વર્ષ કે યાવજ્જીવ સુધી

અભિગ્રહ કર્યો હોય કે આટલાં ક્ષેત્રો અને વાસ્તુને છોડીને બાકીનાનું પચ્ચક્ખાણ. પછી ધારેલા કાળની અંદર સંકલ્પ કરેલા પ્રમાણથી અધિક ક્ષેત્ર-વાસ્તુનું ગ્રહણ કરવું એ ઇચ્છાપરિમાણનો અતિચાર છે.

**હિરણ્ય–** હિરણ્ય એટલે ઘડેલી કે નહિ ઘડેલી ચાંદી. ચાંદીના વાસણ વગેરે અનેક પ્રકારનું હિરણ્ય છે.

**સુવર્ણ–** સુવર્ણ પણ તે પ્રમાણે જાણવું. સુવર્ણના ગ્રહણથી ઇંદ્રનીલમણિ, મરકત(લીલા રંગનો)મણિ વગેરે રત્નોનું ગ્રહણ થઇ જાય છે. બધાના અભિગ્રહ કરેલા પ્રમાણથી ઉલ્લંઘન કરવું એ અતિચાર છે.

**ધન–** ધન શબ્દથી ગાય-ભેંસ-બકરી-ઘેટી-ઊંટ-અશ્વ-હાથી વગેરે ચતુષ્પદ પ્રાણીનું ગ્રહણ કરવું.

**ધાન્ય–** ચોખા-કોદરા-મગ-અડદ-તલ-ઘઉં-જવ વગેરે સઘળું ધાન્ય ગૃહસ્થે પરિમિત ગ્રહણ કરવું જોઇએ. સંકલ્પ કરેલા પ્રમાણથી અધિક ગ્રહણ કરવું એ અતિચાર છે.

**દાસી-દાસ–** દાસી-દાસ શબ્દથી કામ કરનારા નોકરો, ગુલામ તરીકે રાખેલા સ્ત્રી-પુરુષો, લગ્ન આદિ વિધિથી સ્વીકારેલી પત્ની વગેરે સઘળા દ્વિપદ પ્રાણીઓનું ગ્રહણ કરવું. અભિગ્રહમાં કરેલા પ્રમાણથી ઉલ્લંઘન કરવું એ અતિચાર છે. હંસ-મોર-કુકડો-પોપટ-મેના વગેરેનું પ્રમાણ વધે એ અતિચાર છે.

**કુપ્ય–** કાંસું-લોઢું-તાંબું-સીસું-કલઇ-માટીનાં વાસણો, વાંસ, બાંબુ, ઘાસ-કાષ્ઠ-કુંડી-લઘુ જલપાત્ર, ખાટલો-માંચી આદિનું પ્રમાણથી અધિક ગ્રહણ કરવું એ અતિચાર છે.

આ પ્રમાણે આ પાંચ અતિચારો ઇચ્છાપરિમાણવ્રતના છે. (૭-૨૪)

**ટીકાવતરણિકા–** एवमेते पञ्च पञ्चाणुव्रतातिचारानभिधाय सम्प्रति दिग्व्रतादीनां क्रमेणातिचारानभिधातुमिच्छन्नाह–तत्र दिग्व्रतस्य तावत्–

**ટીકાવતરણિકાર્થ–** આ પ્રમાણે પાંચ અણુવ્રતના અતિચારોને કહીને હવે ક્રમથી દિગ્વ્રતાદિના અતિચારોને કહેવા ઇચ્છતા સૂત્રકાર કહે છે- તેમાં દિગ્વ્રતના–

**છટ્ઠા વ્રતના અતિચારો–**

**ऊर्ध्वाधस्तिर्यग्व्यतिक्रमक्षेत्रवृद्धिस्मृत्यन्तर्धानानि ॥७-२५॥**

**સૂત્રાર્થ–** ઊર્ધ્વ, અધો અને તિર્યગ્ એ ત્રણ દિશાના પરિમાણમાં વ્યતિક્રમ, ક્ષેત્રવૃદ્ધિ અને સ્મૃત્યન્તર્ધાન એ પાંચ અતિચારો છે. (૭-૨૫)

**भाष्यं–** ऊर्ध्वव्यतिक्रमः, अधोव्यतिक्रमः, तिर्यग्व्यतिक्रमः, क्षेत्रवृद्धिः, स्मृत्यन्तर्धानमित्येते पञ्च दिग्व्रतस्यातिचारा भवन्ति । स्मृत्यन्तर्धानं नाम स्मृतेर्भ्रंशोऽन्तर्धानमिति ॥७-२५॥

**ભાષ્યાર્થ–** ઊર્ધ્વવ્યતિક્રમ, અધોવ્યતિક્રમ, તિર્યગ્વ્યતિક્રમ, ક્ષેત્રવૃદ્ધિ અને સ્મૃત્યન્તર્ધાન આ પ્રમાણે આ પાંચ દિગ્વ્રતના અતિચારો છે. સ્મૃત્યન્તર્ધાન એટલે સ્મૃતિનો નાશ(=ભૂલી જવું). (૭-૨૫)

**टीका–** ऊर्ध्वमधः तिर्यक् प्राक्परिगृहीतस्य परिमाणस्य, व्यतिक्रम इति, व्यतिक्रमः प्रत्येकमभिसम्बन्धनीयः, क्षेत्रवृद्धिः स्मृत्यन्तर्द्धानं चेति, सर्वे कृतद्वन्द्वाः दिक्परिमाणस्यातिचाराः-पञ्च दिग्व्रतस्यातिचारा भवन्ति, ऊर्ध्वं पर्वततरुशिखरारोहणादिपरिमाणं, अधश्चाधोलौकिक-ग्रामभूगृहकूपादिपरिमाणं, तिर्यगपि योजनमर्यादाभिग्रहव्यतिक्रमः, क्षेत्रवृद्धिरित्येकतो योजनशतपरिमाणमभिगृहीतमन्यतो दश योजनानि अभिगृहीतानि, दिशि तस्यामुत्पन्ने प्रयोजने योजनशतमध्यादपनीयान्यानि दश योजनानि तत्रैव स्वबुद्ध्या प्रक्षिपति संवर्द्धयत्येकत इति, क्षेत्र इति क्षेत्रवृद्धिरेषा, स्मृत्यन्तर्धानस्वरूपमाचष्टे, स्मृतेर्भ्रंशोऽन्तर्द्धानमिति, स्मृतिर्मूलं नियमस्येति ॥७-२५॥

**ટીકાર્થ–** ઊર્ધ્વ, અધો અને તિર્યગ્ પૂર્વે લીધેલા પરિમાણનો વ્યતિક્રમ. વ્યતિક્રમ શબ્દનો પ્રત્યેક શબ્દની સાથે સંબંધ કરવો તથા ક્ષેત્રવૃદ્ધિ અને

સ્મૃત્યન્તર્ધાન આ બધા શબ્દોનો દ્વન્દ્વ સમાસ કર્યો છે. આ પાંચ દિક્-પરિમાણના અતિચારો છે.

**ઊર્ધ્વ–** પર્વત-વૃક્ષ-શિખર ઉપર ચઢવા આદિનું પરિમાણ.

**અધો–** અધોલૌકિકગ્રામ-ભોંયરું-કૂવો આદિનું પરિમાણ.

**તિર્યગ્–** તિર્યગ્ પણ યોજનની મર્યાદાના અભિગ્રહનો વ્યતિક્રમ.

**ક્ષેત્રવૃદ્ધિ–** એક તરફ સો યોજન પરિમાણનો અભિગ્રહ કર્યો, બીજી તરફ દસ યોજનના પરિમાણનો અભિગ્રહ કર્યો. તે (દશ યોજનવાળી) દિશામાં દશ યોજનથી અધિક સુધી જવાનું પ્રયોજન ઉત્પન્ન થયું. સો યોજનમાંથી દશ યોજન લઇને તેમાં નાખીને એક તરફ વધારે. આ ક્ષેત્રવૃદ્ધિ છે.

**સ્મૃત્યન્તર્ધાન–** સ્મૃત્યન્તર્ધાનના સ્વરૂપને કહે છે- સ્મૃતિનો નાશ(=ભૂલી જવું) એ સ્મૃત્યન્તર્ધાન છે. નિયમનું મૂળ સ્મરણ છે. (જો ભૂલી જાય તો નિયમનું પાલન ન થાય માટે સ્મૃતિનાશ અતિચાર છે.)

[**પ્રશ્ન–** જો નિયમને ભૂલી જવું એ અતિચાર છે તો સ્મૃત્યન્તર્ધાન અતિચાર સર્વવ્રતોને લાગુ પડે છે. તો પછી એની ગણતરી સર્વવ્રતોમાં ન કરતા અહીં જ કેમ કરી ?

**ઉત્તર–** દરેક વ્રતના પાંચ અતિચાર ગણાવવાના હોવાથી પાંચની સંખ્યા પૂરી કરવા અહીં તેની ગણતરી કરવામાં આવી છે. બાકી આ અતિચાર સર્વવ્રતો માટે છે. શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્રની અર્થદીપિકા ટીકામાં કહ્યું છે કે- अयं चातिचारः सर्वव्रतसाधारणोऽपि पञ्चसङ्ख्यापूरणार्थमत्रोपात्तः] (૭-૨૫)

**टीकावतरणिका–** देशविरतेरतिचाराभिधानायाह–

**ટીકાવતરણિકાર્થ–** દેશવિરતિના અતિચારોને જણાવવા માટે કહે છે–

**સાતમા વ્રતના અતિચારો–**

**आनयनप्रेष्यप्रयोगशब्दरूपानुपातपुद्गलप्रक्षेपाः ॥७-२६॥**

**સૂત્રાર્થ–** આનયન, પ્રેષ્યપ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત અને પુદ્ગલપ્રક્ષેપ એ પાંચ દેશવિરતિ(=દેશાવગાશિક) વ્રતના અતિચારો છે. (૭-૨૬)

**भाष्यं–** द्रव्यस्यानयनं, प्रेष्यप्रयोगः, शब्दानुपातः, रूपानुपातः, पुद्गलप्रक्षेप इत्येते पञ्च देशव्रतस्यातिचारा भवन्ति ॥७-२६॥

**ભાષ્યાર્થ–**દ્રવ્યનું આનયન, પ્રેષ્યપ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત અને પુદ્ગલપ્રક્ષેપ આ પ્રમાણે આ પાંચ દેશવ્રતના અતિચારો છે. (૭-૨૬)

**टीका–** दिग्व्रतविशेष एव देशव्रतम्, इयांस्तु विशेषः-एकं यावज्जीवसंवत्सरचतुर्मासीपरिमाणं वा, देशव्रतं तु प्रतिदिवसं प्रतिप्रहर-मुहूर्तादिपरिमाणम्, अस्यातिचाराः पञ्च भवन्ति, द्रव्यस्यानयनमित्यादि विशिष्टावधिके भूदेशाभिग्रहे परतो गमनासम्भवात् स्वतो यदन्योऽवधीकृतदेशाद् बहिर्वर्त्तिनः सचित्तादिद्रव्यस्यानयने प्रयुज्यते, त्वयेदमानेयं, सन्देशकप्रदानादिनाऽऽनयने प्रयोगः आनयनप्रयोगः । आनयनप्रयोग इत्यन्ये पठन्ति । बलाद्विनियोगः प्रेष्यप्रयोगः । यथाऽभिगृहीतदेशव्यतिक्रमभयात् प्रेष्यं प्राहिणोति-त्वया अवश्यमेव गत्वा मम गवाद्यानेयं इदं वा तत्र कर्तव्यमिति प्रेष्यप्रयोगः, स्वगृहवृत्तिप्राकारकादिव्यवच्छिन्नभूदेशाभिग्रहे बहिः प्रयोजने उत्पन्ने स्वयमगमनाद् वृत्तिप्राकारप्रत्यासन्नवर्त्तीभूत्वा क्षुत्कासितादिशब्दकरणेन समवसितकान् बोधयति, ते च तच्छब्दश्रवणात्तदुपकण्ठमाढौकन्त इति देशव्रतातिचारः, अनुपातशब्दः प्रत्येकमभिसम्बध्यते, शब्दमनुपततीति शब्दानुपातः, स एव श्रोता पुरुषः, अथवा शब्दस्यानुपतनम्-उच्चारणं तादृग् येन परकीयश्रवणविवरमनुपतति शब्दः, तथा रूपानुपातः शब्दमनुच्चारयन्नुत्पन्नप्रयोजनः स्वशरीररूपं परेषां दर्शयति, तद्दर्शनाच्च तत्समीपमागच्छन्ति ते द्रष्टार इति रूपानुपातः, तथा पुद्गलक्षेपोऽतिचारः, पुद्गलाः-परमाण्वादयः, तत्संयोगाद् द्व्यणुकादयः स्कन्धाः सूक्ष्म-

स्थूलभेदा:, तत्र ये बादराकारपरिणता लोष्टेष्टकाष्ठशलाकादय: तेषां क्षेप:-प्रेरणं, कार्यार्थी हि विशिष्टदेशाभिग्रहे सति परतो गमनाभावात् लोष्टादीन् परेषां प्रतिबोधनाय क्षिपति, लोष्टादिपातसमनन्तरमेव च ते तत्समीपमनुधावन्तीत्येते पञ्च देशव्रतस्यातिचारा भवन्ति, यस्माद्-गमनागमनजनितप्राणव्यपरोपणपरिजिहीर्षया देशावकाशिकव्रतमभि-गृह्णतेऽगारिण:, तत्र च स्वयमुपमर्द्द: कृतोऽन्येन वा कारित इति न कश्चित् फले विशेष:, प्रत्युत स्वयंगमने कियानपि गुणो लक्ष्यते, ईर्यापथविशुद्धौ स्वयं निपुणत्वात्, परस्य च प्रमादवतो गमने भूतोपमर्द्दसम्भवादिति ॥७-२६॥

**ટીકાર્થ–** દિગ્વ્રતવિશેષ જ દેશવ્રત છે. આટલી વિશેષતા છે. એક વ્રત(=દિગ્વ્રત) યાવજ્જીવ, વર્ષ કે ચાતુર્માસ સુધીના પરિમાણવાળું છે. (બીજું=)દેશવ્રત તો દરરોજ, દરેક પ્રહર, દરેક મુહૂર્ત આદિના પરિમાણવાળું છે. આના અતિચાર પાંચ છે.

**આનયન–** 'द्रव्यस्यानयनम्' इत्यादि વિશિષ્ટ અવધિવાળા ભૂભાગથી આગળ ન જવાનો અભિગ્રહ કર્યા પછી આગળ જવાનો સંભવ ન હોવાથી પોતાનાથી બીજો અવધિ કરાયેલા ભૂભાગથી બહાર રહેલ સચિત્તાદિ દ્રવ્યને લાવવા માટે "આ તારે લાવવું" એમ સંદેશાદિથી પ્રેરણા કરાય તે આનયન પ્રયોગ છે. અહીં બીજાઓ आनायनप्रयोग એવો પાઠ કહે છે.

**પ્રેષ્યપ્રયોગ–** બળાત્કારથી (કાર્યમાં) જોડવા=પ્રેરણા કરવી તે પ્રેષ્યપ્રયોગ છે. જેમકે અભિગ્રહ કરેલા ભાગને ઓળંગવાના ભયથી મોકલવા યોગ્યને મોકલે. તારે અવશ્ય જઇને મારી ગાય આદિ લાવવું અથવા ત્યાં આ કાર્ય કરવું એ પ્રેષ્યપ્રયોગ છે.

**શબ્દાનુપાત–** પોતાના ઘરની વાડ કે કોટ આદિથી નિયત કરેલા ભૂમિપ્રદેશ સુધીનો અભિગ્રહ કર્યા પછી બહાર પ્રયોજન ઉત્પન્ન થતાં પોતે ન જઇ શકવાથી વાડ કે કોટ આદિની પાસે રહીને છીંક કે ઉધરસ

આદિનો શબ્દ કરીને સંબંધીઓને જણાવે. સંબંધીઓ તેના શબ્દને સાંભળીને તેની પાસે આવે.

અનુપાત શબ્દનો શબ્દ અને રૂપ એ બંનેની સાથે સંબંધ છે. જે શબ્દ તરફ જાય તે શબ્દાનુપાત. તે શ્રોતાપુરુષ જ શબ્દાનુપાત છે. અથવા શબ્દનું અનુપતન=ઉચ્ચારણ તે શબ્દાનુપાત. શબ્દનો તેવો ઉચ્ચાર કરે કે જેથી બીજાના કાનમાં શબ્દ પડે.

**રૂપાનુપાત–** પ્રયોજન ઉત્પન્ન થતાં શબ્દનો ઉચ્ચાર ન કરે કિંતુ પોતાના શરીરનું રૂપ(આકાર) બીજાઓને બતાવે, તેને જોવાથી તેને જોનારાઓ તેની પાસે આવે. આ રૂપાનુપાત છે.

**પુદ્ગલક્ષેપ–** પુદ્ગલક્ષેપ અતિચાર છે. પરમાણુ વગેરે પુદ્ગલ છે. પરમાણુઓના સંયોગથી બનેલા દ્વ્યણુક વગેરે સૂક્ષ્મ-સ્થૂલ ભેદવાળા સ્કંધો પુદ્ગલ છે. તેમાં બાદર આકાર રૂપે પરિણમેલા ઢેફું-ઈંટ-કાષ્ઠ-સળી વગેરેને ફેંકવું તે પુદ્ગલક્ષેપ છે. વિશિષ્ટ પ્રદેશથી આગળ નહિ જવાનો અભિગ્રહ થતાં કાર્યાર્થી આગળ જઇ ન શકવાથી બીજાઓને જણાવવા ઢેફું વગેરે ફેંકે. ઢેફું વગેરે પડ્યા પછી તુરત તેઓ તેની પાસે દોડી આવે છે. આ પ્રમાણે આ પાંચ દેશવ્રતના અતિચારો છે. કારણ કે ગમનાગમનથી થયેલ જીવવધનો ત્યાગ કરવાની ઇચ્છાથી ગૃહસ્થો દેશાવગાશિકવ્રત ગ્રહણ કરે છે. સ્વયંજીવહિંસા કરી હોય કે બીજાઓ દ્વારા કરાવી હોય તેમાં ફળમાં કોઇ ભેદ નથી. બલકે સ્વયં જવામાં કેટલોક પણ લાભ જણાય છે. કારણ કે પોતે જવાના માર્ગની વિશુદ્ધિમાં(=જોઇને ચાલવામાં) કુશળ છે. પ્રમાદવાળા બીજાના જવામાં જીવહિંસાનો સંભવ છે. (૭-૨૬)

**टीकावतरणिका–** एवं कथिता देशव्रतातिचाराः, अनर्थदण्डविरते-रतिचाराभिधित्सयेदमुच्यते–

**ટીકાવતરણિકાર્થ–** આ પ્રમાણે દેશવ્રતના અતિચારો કહ્યા. અનર્થદંડ-વિરતિના અતિચારો કહેવાની ઇચ્છાથી આ કહેવાય છે–

**આઠમા વ્રતના અતિચારો–**

**कन्दर्पकौकुच्यमौखर्यासमीक्षाधिकरणोपभोगाधिकत्वानि ॥७-२७॥**

**સૂત્રાર્થ–** કંદર્પ, કૌત્કુચ્ય, મૌખર્ય, અસમીક્ષ્યાધિકરણ અને ઉપભોગાધિકત્વ એ પાંચ અનર્થદંડ વિરતિના અતિચારો છે. (૭-૨૭)

**भाष्यं–** कन्दर्पः, कौकुच्यं, मौखर्यमसमीक्ष्याधिकरणमुपभोगाधिकत्वमित्येते पञ्चानर्थदण्डविरतिव्रतस्यातिचारा भवन्ति । तत्र कन्दर्पो नाम रागसंयुक्तोऽसभ्यो वाक्प्रयोगो हास्यं च । कौकुच्यं नाम एतदेवोभयं दुष्टकायप्रचारसंयुक्तम् । मौखर्यमसम्बद्धबहुप्रलापित्वम् । असमीक्ष्याधिकरणं लोकप्रतीतम् । उपभोगाधिकत्वं चेति ॥७-२७॥

**ભાષ્યાર્થ–** કંદર્પ, કૌત્કુચ્ય, મૌખર્ય, અસમીક્ષ્યાધિકરણ અને ઉપભોગાધિકત્વ આ પ્રમાણે આ પાંચ અનર્થદંડ વિરતિના અતિચારો છે. તેમાં કંદર્પ એટલે રાગથી સંયુક્ત અને અસભ્ય વચનપ્રયોગ તથા હાસ્ય. દુષ્ટકાયચેષ્ટાથી સંયુક્ત આ જ બે કૌત્કુચ્ય છે.

મૌખર્ય એટલે સંબંધ વગરનો પ્રલાપ. અસમીક્ષ્યાધિકરણ લોકમાં પ્રસિદ્ધ છે. ઉપભોગાધિકત્વ અતિચાર છે. (૭-૨૭)

**टीका–** कन्दर्पः प्रतीतः, कौकुच्यं कर्णनासिकौष्ठनयनकुत्सितसङ्कोचनादिक्रियायुक्तं मौखर्यं मुखेनात्मनोऽरीभावकरणं असमीक्ष्याधिकरणं उपभोगाधिकत्वमित्येते पञ्चानर्थदण्डविरतिव्रतस्यातिचारा भवन्ति, एतद् व्याचक्षते–तत्र कन्दर्पो नामेत्यादि तत्र तेषु पञ्चस्वतिचारेषु कन्दर्पस्तावद् वाग्व्यापारः तत्स्वरूपकथनं रागसंयुक्त इति, रागः कामानुषङ्गी स्नेहः तत्सम्बद्धः, सभार्हः सभ्यो न सभ्योऽसभ्यः अयुक्तो वाक्प्रयोगो हास्यं चेति, वाचः प्रयोग उच्चारणं वाक्प्रयोगः, हास्यं च हास्यमोहोदयादविस्पष्टवर्णश्रुतिरूपमिति, कौकुच्यं नामेत्यादि, नामशब्दोऽलङ्कारसार्थः, एतदेव वाचो व्यापारणं हसनं चोभयं द्वयमपि

दुष्टकायप्रचारसंयुक्तमिति दुष्टकायप्रवीचारो मोहनीयकर्मोदयसमावेशात् तद्युक्तं-तत्सम्बन्धमुभयमपि वागव्यापारोपसर्जनं कायव्यापारप्रधानं कौकुच्यमिति । मौखर्यमित्यादि, मुखरः-अनालोचितभाषी तुण्डिलः, तदेव व्याचष्टे-असम्बद्धबहुप्रलापित्वमिति, असम्बद्धमिति पूर्वापरेणा-घटमानं बहु प्रलपति तच्छीलश्च बहुप्रलापी तद्भावः बहुप्रलापित्वं यत्किञ्चिदसम्बद्धं जल्पति, न च स्वात्मनः कञ्चिदर्थं साधयतीति, असमीक्ष्याधिकरणमनालोच्याधिकरणमसमीक्ष्य कुर्वाणः स्वात्मानं नरकादिष्वधिकरोति येन तदधिकरणं, तच्च लोकप्रतीतमिति भाष्यं, यन्नात्मनः कञ्चिदुपकारं करोति परप्रयोजनमेव केवलं साधयति तदसमीक्ष्याधिकरणमात्मनोऽनुपयोगादिति विवेकिजनप्रतीतं, उपभोगाधि-कत्वं चेति, लोकप्रतीतमेवेत्यभिसम्बध्यते, स्नानामलका यावदुपयुज्यन्ते स्वात्मनः तावत् एव पेषयतीत्यादिक्रियालक्षण उपभोगस्ततोऽ-न्यस्याधिक्यमित्युपभोगाधिकत्वमित्यनर्थदण्डविरतेः पञ्चातिचारा भवन्तीति ॥७-२७॥

**ટીકાર્થ–** કંદર્પ પ્રસિદ્ધ છે. કાન-નાક-હોઠ-ચક્ષુનું અનુચિત રીતે સંકોચન કરવું વગેરે ક્રિયાથી યુક્ત હોય તે કૌકુચ્ય. મૌખર્ય એટલે મુખથી (ગમે તેમ બોલીને) પોતાનો શત્રુભાવ[1] કરવો, અસમીક્ષ્યાધિકરણ, ઉપભોગાધિકત્વ આ પ્રમાણે આ પાંચ અનર્થદંડ વિરતિવ્રતના અતિચારો છે. આને ભાષ્યકાર વિશેષથી કહે છે–

"तत्र कन्दर्पो नाम" इत्यादि પાંચ અતિચારોમાં કંદર્પ એટલે વાણીનો વ્યાપાર. તેના સ્વરૂપને કહે છે- "रागसंयुक्त" इति રાગથી સંયુક્ત. રાગ એટલે કામના સંબંધવાળો સ્નેહ. તેનાથી યુક્ત તે રાગસંયુક્ત. સભાને યોગ્ય હોય તે સભ્ય. જે સભ્ય ન હોય તે અસભ્ય=અયુક્ત. વાક્પ્રયોગ એટલે વાણીનું ઉચ્ચારણ. હાસ્ય હાસ્યમોહનીયના ઉદયથી અસ્પષ્ટ વર્ણના શ્રવણરૂપ છે.

૧. આ અર્થ શ્રાવક પ્રજ્ઞપ્તિપ્રકરણની ૨૧૧મી ગાથાની ટીકામાં બતાવ્યો છે.

**સાર–** હસવાપૂર્વક રાગવાળી અસભ્યવાણી બોલવી તે કંદર્પ છે.

"कौत्कुच्यं नाम" इत्यादि નામ શબ્દ વાક્યની શોભા માટે છે. મોહનીય કર્મોદયની તીવ્રતાથી થતી જે દુષ્ટકાયચેષ્ટા, તે દુષ્ટકાયચેષ્ટાથી સંયુક્ત એવી પૂર્વોક્ત હાસ્યવાળી વાણી બોલવી તે કૌત્કુચ્ય છે. આમાં વાણીનો ઉચ્ચાર ગૌણ હોય છે અને કાયાની ચેષ્ટા મુખ્ય હોય છે.

'मौखर्यम्' इत्यादि મુખર એટલે વિચાર્યા વિના બોલનારો વાચાળ મનુષ્ય. તેને જ કહે છે- 'असम्बद्धबहुप्रलापित्वम्' इति અસંબદ્ધ એટલે આગળ-પાછળના વચનની સાથે મેળ ન બેસે તેવું. જે બહુ બોલવાના સ્વભાવવાળો છે તે બહુપ્રલાપી. બહુપ્રલાપીનો ભાવ તે બહુપ્રલાપિત્વ. બહુપ્રલાપી મનુષ્ય સંબંધ વગરનું ગમે તેમ બોલે અને પોતાના આત્માનું કાર્ય ન સાધે.

'असमीक्ष्याधिकरणम्' इति વિચાર્યા વિના કરતો મનુષ્ય જેનાથી પોતાની આત્માને નરકાદિનો અધિકારી બનાવે તે અધિકરણ. તે લોકમાં પ્રસિદ્ધ છે એવું ભાષ્ય છે. પોતાના ઉપયોગમાં આવતું ન હોવાથી જે પોતાને કોઈ ઉપકાર ન કરે અને કેવળ પર કાર્યને જ સાધે તે અસમીક્ષ્યાધિકરણ છે. એ પ્રમાણે વિવેકીલોકમાં પ્રસિદ્ધ છે.

"उपभोगाधिकत्वं च" इति લોકમાં પ્રસિદ્ધ જ એવો સંબંધ કરવામાં આવે છે, અર્થાત્ ઉપભોગાધિકત્વ લોકમાં પ્રસિદ્ધ જ છે. સ્નાન માટે આમળા (વગેરે) પોતાને જેટલા ઉપયોગમાં આવે તેટલા જ પીસાવે ઇત્યાદિ ક્રિયારૂપ ઉપભોગ છે. તેનાથી અન્યનું(=અન્ય માટે) આધિક્ય તે ઉપભોગાધિકત્વ. આ પ્રમાણે અનર્થદંડ વિરતિના પાંચ અતિચારો છે. (૭-૨૭)

**टीकावतरणिका–** अनर्थदण्डानन्तरोद्दिष्टसामायिकातिचार-प्रसिद्ध्यर्थमिदमुच्यते–

**ટીકાવતરણિકાર્થ–** અનર્થદંડ પછી તુરત નામથી નિર્દેશ કરાયેલા સામાયિકના અતિચારોની પ્રસિદ્ધિ માટે આ કહેવાય છે–

**નવમા વ્રતના અતિચારો–**

## योगदुष्प्रणिधानानादरस्मृत्यनुपस्थापनानि ॥७-२८॥

**સૂત્રાર્થ–** મન, વચન, કાયા એ ત્રણ યોગોનું દુષ્પ્રણિધાન, અનાદર અને સ્મૃત્યનુપસ્થાપન એ પાંચ સામાયિક વ્રતના અતિચારો છે. (૭-૨૮)

**भाष्यं–** कायदुष्प्रणिधानं, वाग्दुष्प्रणिधानं, मनोदुष्प्रणिधानमनादरः, स्मृत्यनुपस्थापनमित्येते पञ्च सामायिकव्रतस्यातिचारा भवन्ति ॥७-२८॥

**ભાષ્યાર્થ–** કાયદુષ્પ્રણિધાન, વાગ્દુષ્પ્રણિધાન, મનોદુષ્પ્રણિધાન, અનાદર અને સ્મૃત્યનુપસ્થાપન આ પ્રમાણે આ પાંચ સામાયિકવ્રતના અતિચારો છે. (૭-૨૮)

**टीका–** युज्यन्ते इति योगाः-कायादयः प्रणिधानं प्रयोगः दुष्टं प्रणिधानं दुष्प्रणिधानं, दुष्प्रणिधानमिति शरीरावयवाः-पाणिपादादयस्तेषामनिभृततावस्थापनं कायदुष्प्रणिधानं, वर्णसंस्काराभावार्थानवगमचापलान्विता वाक्क्रिया वाग्दुष्प्रणिधानं, क्रोधलोभाभिद्रोहाभिमानेर्ष्यादिकार्यव्यासङ्गजातसम्भ्रमो दुष्टं प्रणिधत्ते मन इति मनोदुष्प्रणिधानं, अनादरः-अनुत्साहः, प्रतिनियतवेलायामकरणं सामायिकस्य, यथाकथञ्चित्प्रवृत्तिरनादरः अनैकाग्र्यं, स्मृत्यनुपस्थापनमुद्भ्रान्तचित्तता, स्मृतेरनुपस्थापनं स्मृत्यभावः, किंविषयायाः स्मृतेः ?, सामायिकप्रस्तावात् तद्विषयाया इति, सामायिकं मया कर्त्तव्यं न कर्त्तव्यमिति वा कृतं न कृतमिति वा स्मृतिभ्रंशः, स्मृतिमूलत्वाच्च मोक्षसाधनानुष्ठानस्येत्येते पञ्च सामायिकव्रतस्यातिचारा भवन्तीति ॥७-२८॥

**ટીકાર્થ–** યોજાય તે યોગો. કાયા વગેરે યોગો છે. પ્રણિધાન એટલે પ્રયોગ. દુષ્ટ પ્રણિધાન તે દુષ્પ્રણિધાન. (યોગોને અયોગ્ય રીતે જોડવા તે યોગદુષ્પ્રણિધાન).

હાથ-પગ વગેરે શરીરના અવયવોને અસ્થિર રાખવા તે કાયદુષ્પ્રણિધાન. વર્ણોની શુદ્ધિથી રહિત, અર્થ ન સમજાય તેવી, અને ચંચળતાથી(=ઉતાવળથી) યુક્ત વાણી ક્રિયા વાગ્દુષ્પ્રણિધાન છે. ક્રોધ-

લોભ-દ્રોહ-અભિમાન આદિ કાર્યમાં(=દોષોમાં) તત્પરતાને કારણે જેને સંભ્રમ(=ભય) ઉત્પન્ન થયો છે એવો તે દુષ્ટ મનને યોજે છે, અર્થાત્ દુર્ધ્યાન કરે છે. એથી મનોદુષ્પ્રણિધાન થાય છે. અનાદર એટલે ઉત્સાહનો અભાવ. નિયત સમયે સામાયિક ન કરવું. ગમે તેવી પ્રવૃત્તિ અનાદર છે, અર્થાત્ અનાદર એટલે એકાગ્રતાનો અભાવ. સ્મૃત્યનુપસ્થાપન એટલે ચિત્તનું ચોતરફ ભ્રમણ, અર્થાત્ સ્મૃતિનું અનુપસ્થાપન એટલે સ્મૃતિનો અભાવ. કોની સ્મૃતિનો અભાવ ? સામાયિક પ્રસ્તુત હોવાથી સામાયિક સંબંધી સ્મૃતિનો અભાવ. (અત્યારે) મારે સામાયિક કરવાનું છે કે નહિ ? મેં સામાયિક કર્યું કે નહિ ? એમ ભૂલી જાય. (ભૂલી જવું એ પણ અતિચાર છે.) કારણ કે મોક્ષના સાધનરૂપ અનુષ્ઠાનનું મૂળ સ્મરણ છે. આ પ્રમાણે આ પાંચ સામાયિક વ્રતના અતિચારો છે. (૭-૨૮)

**टीकावतरणिका—** कथिताः सामायिकातिचाराः, तत्समीपोद्देशभाजः खलु पौषधोपवास्य केऽतिचारा ? इत्याह—

**ટીકાવતરણિકાર્થ—** સામાયિકના અતિચારો કહ્યા. સામાયિકની પાસે જ નામથી નિર્દેશ કરાયેલા પૌષધોપવાસના અતિચારો કયા છે ? એવા પ્રશ્નના ઉત્તરમાં કહે છે—

**દશમા વ્રતના અતિચારો—**

**अप्रत्युपेक्षिताप्रमार्जितोत्सर्गादाननिक्षेपसंस्तारोपक्रमणानादर-स्मृत्यनुपस्थापनानि ॥७-२९॥**

**સૂત્રાર્થ—** અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિતમાં ઉત્સર્ગ, અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિતના આદાન અને નિક્ષેપ, અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિત સંસ્તારનું ઉપક્રમણ, અનાદર અને સ્મૃત્યનુપસ્થાપન એ પાંચ પૌષધોપવાસ (=પૌષધ) વ્રતના અતિચારો છે. (૭-૨૯)

**भाष्यं—** अप्रत्यवेक्षिताप्रमार्जिते उत्सर्गः, अप्रत्यवेक्षिताप्रमार्जितस्यादाननिक्षेपौ, अप्रत्यवेक्षिताप्रमार्जितः संस्तारोपक्रमः, अनादरः, स्मृत्यनुपस्थापनमित्येते पञ्च पौषधोपवासस्यातिचारा भवन्ति ॥७-२९॥

**ભાષ્યાર્થ–** અપ્રત્યુપેક્ષિત-અપ્રમાર્જિતમાં ઉત્સર્ગ, અપ્રત્યુપેક્ષિત-અપ્રમાર્જિતના આદાન અને નિક્ષેપ, અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિત સંસ્તારનો ઉપક્રમ, અનાદર અને સ્મૃત્યનુપસ્થાપન આ પ્રમાણે આ પાંચ પૌષધોપવાસના અતિચારો છે. (૭-૨૯)

**टीका–** प्रत्युपेक्षणं-चक्षुषा निरीक्षणं भूस्थण्डिलस्य सचित्तमिश्र-स्थावरजङ्गमजन्तुशून्यतोपलम्भाय, प्रमार्जनं वस्त्रप्रान्तादिना विशुद्धि-हेतोर्यथा युज्यमानम्, आगमोपयुक्तस्य प्रतिपन्नपौषधोपवासस्य अयं क्रियाकलापोऽगारिणः प्रतिनिर्दिश्यते, उत्सर्गः-त्यागो निष्ठ्यूतस्वेद-मलमूत्रपुरीषादीनां, प्रत्यवेक्षिते प्रमार्जिते चोत्सर्गः कार्यः, अथाप्रत्य-वेक्षिताप्रमार्जिते उत्सर्गं करोति ततः पौषधोपवासव्रतमतिचरतीति, आदानं-ग्रहणं पृष्ठिपीठफलकादीनां तदपि प्रत्यवेक्ष्य प्रमृज्य च कार्यमन्यथाऽप्रत्यवेक्षिताप्रमार्जितस्यादानं अतीचारो, निक्षेपश्च, तथा अप्रत्यवेक्षिते अप्रमार्जिते च भूदेशे संस्तारोपक्रमः, संस्तीर्यते यः प्रतिपन्नपौषधोपवासेन दर्भकुशकम्बलवस्त्रादिस्तस्योपक्रमकरणमनुष्ठानं भूदेशे, यद्वा दर्भादि संस्तीर्यते तत् प्रत्यवेक्ष्य प्रमृज्य चेति, अन्यथा-ऽतिचारः, अनादरः पौषधोपवासं प्रति, स्मृत्यनुपस्थापनं च प्राग्व्या-ख्यातम्, पौषधोपवासप्रतिपत्तिकर्त्तव्यक्रियायां तद्विषयमेव च स्मृत्यनुप-स्थापनमित्येते पञ्च पौषधोपवासस्यातिचारा भवन्तीति ॥७-२९॥

**ટીકાર્થ–** પ્રત્યુપેક્ષણ એટલે સચિત્ત અને મિશ્ર એવા સ્થાવર-ત્રસ જંતુઓથી રહિત ભૂમિપ્રદેશની પ્રાપ્તિ માટે(=ભૂમિપ્રદેશ જંતુઓથી રહિત છે કે એ જોવા માટે) ચક્ષુથી નિરીક્ષણ. વિશુદ્ધિ માટે વસ્ત્રના છેડા આદિથી યથાયોગ્ય પ્રમાર્જન કરવું. જેણે પૌષધોપવાસનો સ્વીકાર કર્યો છે તેવા આગમમાં ઉપયોગવાળા ગૃહસ્થ માટે આ ક્રિયાસમૂહનો નિર્દેશ કરવામાં આવે છે. ઉત્સર્ગ એટલે થૂંક-પરસેવો-મળ-મૂત્ર-વિષ્ઠાદિનો ત્યાગ કરવો. નિરીક્ષણ કરેલા અને પ્રમાર્જેલા સ્થળમાં ત્યાગ કરવો

જોઈએ. જો નિરીક્ષણ નહિ કરેલા અને પ્રમાર્જ્યા વિનાના સ્થળમાં ત્યાગ કરે તો પૌષધોપવાસવ્રતનું ઉલ્લંઘન કરે છે.

આદાન એટલે પાટલો, પાટિયું વગેરે લેવું. તે પણ નિરીક્ષણ કરીને પ્રમાર્જીને લેવું જોઈએ. અન્યથા અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિત આદાન અતિચાર થાય. નિક્ષેપ એટલે મૂકવું. નિક્ષેપ અંગે પણ આદાન પ્રમાણે જાણવું. તથા નિરીક્ષણ કર્યા વિનાના અને પ્રમાર્જ્યા વિનાના ભૂમિભાગમાં સંસ્તારનો ઉપક્રમ કરવો. પૌષધોપવાસને સ્વીકારનારા વડે દર્ભતૃણ-કાશતૃણ-કામળી-વસ્ત્ર વગેરે જે પથરાય તે સંસ્તાર(=સંથારો). તેને ભૂમિભાગમાં પાથરવું તે સંસ્તારોપક્રમણ. અથવા દર્ભતૃણ વગેરે જે પાથરવામાં આવે તે નિરીક્ષણ કરીને અને પ્રમાર્જીને પાથરવું જોઈએ. અન્યથા અતિચાર લાગે.

પૌષધોપવાસ પ્રત્યે અનાદર કરવો એ અતિચાર છે.

પૌષધોપવાસને સ્વીકારવાની ક્રિયાનું જ વિસ્મરણ થવું અને પૌષધોપવાસનું જ વિસ્મરણ થવું તે સ્મૃત્યનુપસ્થાપન છે.

આ પ્રમાણે આ પાંચ પૌષધોપવાસ વ્રતના અતિચારો છે. (૭-૨૯)

**टीकावतरणिका—** सम्प्रति प्रस्तावायातोपभोगपरिभोगातिचारान् वक्तुकाम आह—

**ટીકાવતરણિકાર્થ—** હવે પ્રસંગથી આવેલા ઉપભોગ-પરિભોગ પરિમાણવ્રતના અતિચારોને કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે—

**અગિયારમા વ્રતના અતિચારો—**

**सचित्तसम्बद्धसंमिश्राभिषवदुष्पक्वाहाराः ॥७-३०॥**

**સૂત્રાર્થ—**સચિત્તઆહાર, સચિત્તસંબદ્ધઆહાર, સચિત્તસંમિશ્રઆહાર, અભિષવઆહાર અને દુષ્પક્વઆહાર એ પાંચ ઉપભોગ-પરિભોગ-પરિમાણ વ્રતના અતિચારો છે. (૭-૩૦)

**भाष्यं—** सचित्ताहार, सचित्तसम्बद्धाहारः, सचित्तसंमिश्राहारः, अभिषवाहारः, दुष्पक्वाहार इत्येते पञ्चोपभोगव्रतस्यातिचारा भवन्ति ॥७-३०॥

**ભાષ્યાર્થ–** સચિત્તઆહાર, સચિત્તસંબદ્ધઆહાર, સચિત્તસંમિશ્ર-આહાર, અભિષવઆહાર અને દુષ્પક્વઆહાર આ પ્રમાણે આ પાંચ ભોગવ્રતના અતિચારો છે. (૭-૩૦)

**टीका–** भोजनकृतं उपभोगपरिभोगं विशिनष्टि सचित्ताहार इत्यादिना भाष्येण, चित्तं चेतना संज्ञानमुपयोगोऽवधानमिति पर्यायाः, सचित्तश्चासावाहारश्चेति सचित्ताहारः, सचित्त आहारो वा यस्य, सचित्त-माहारयति सचित्ताहारः, मूलकन्दलीकन्दार्द्रकादिसाधारणवनस्पतिप्रत्येक-तरुशरीराणि सचित्तानि तदभ्यवहारः, पृथिव्यादिकायानां वा सचित्तानां, तथा सचित्तेन सम्बद्धं कर्कटिकबीजकोकिलकादिना पक्वबदरो-दुम्बराम्रफलादि भक्षयतः सचित्तसम्बद्धाहारित्वं, तथा सचित्तेन संमिश्रः आहारः सचित्तसंमिश्राहारः, पुष्पफलव्रीहितिलादिना व्यतिमिश्रः मोदकादि खाद्यकस्य वा कुन्थुपिपीलिकादिसूक्ष्मजन्तुव्यतिमिश्रस्याभ्यवहारः-अभिषवाहार इति, सुरासौवीरकमांसप्रकारखादिमाद्यनेकद्रव्यसङ्घात-निष्पन्नः, सुरासीधुमधुवारादिरभिषवादिदृश्यद्रव्योपभोगो वा, सुरासीधु-वारादिरभिषवः, तादृशद्रव्योपभोगो वा दुष्पक्वं मन्दपक्वमस्विन्न-तन्दुलफललोष्टयवगोधूमस्थूलमण्डककङ्कटुकादि तस्याभ्यवहार ऐहिकप्रत्यपायकारी यावता चांशेन सचेतनस्तावता परलोकमप्युपहन्तीति ॥७-३०॥

**ટીકાર્થ–** ભોજનથી કરાયેલા ઉપભોગ-પરિભોગને सचित्ताहारः ઇત્યાદિથી વિશિષ્ટ કરે છે=અલગ કરે છે. ચિત્ત, ચેતના, સંજ્ઞાન, ઉપયોગ, અવધાન આ પ્રમાણે પર્યાયવાચી શબ્દો છે. સચિત્ત એવો આહાર તે સચિત્તઆહાર અથવા સચિત્ત આહાર જેનો છે તે સચિત્તાહાર. અથવા સચિત્તનો આહાર કરે તે સચિત્તાહાર. મૂળિયાં કંદલી (=કંદવિશેષ), જમીનકંદ, આદુ વગેરે સાધારણ વનસ્પતિ અને પ્રત્યેક વનસ્પતિના શરીરો સચિત્ત છે. તેનો આહાર કરવો અથવા પૃથ્વીકાયાદિ

સચિત્ત વસ્તુનો આહાર કરવો. સચિત્ત ઠળિયો-બીજ-ગોટલી આદિથી સંબદ્ધ એવા પાકેલા બોર, ઉદુંબર અને આમ્રફલ આદિનું ભક્ષણ કરનારને સચિત્તસંબદ્ધઆહાર અતિચાર લાગે. સચિત્તથી સંમિશ્ર આહાર તે સચિત્તસંમિશ્રઆહાર. પુષ્પ-ફળ-ચોખા-તલ આદિથી મિશ્ર મોદક વગેરેનું ભક્ષણ કરનારને અભિષવઆહાર અતિચાર લાગે અથવા કુંથુઆ અને કીડી આદિ સૂક્ષ્મ જીવોથી સંમિશ્ર હોય એવી ખાવા લાયક વસ્તુનો આહાર કરવો તે અભિષવઆહાર છે. અથવા સુરા, કાંજી, માંસના પ્રકારો અને ખાદિમ વગેરે અનેક દ્રવ્યોના સમૂહથી તૈયાર થયેલ [1]સુરા, સીધુ, મધુવાર વગેરે અભિષવ દ્રવ્યો છે. તેવા દ્રવ્યનો ઉપભોગ અભિષવઆહાર છે.

દુષ્પક્વ એટલે બરોબર નહિ પકવેલું. નહિ સીઝેલા ચોખા(=ભાત), ફળ, [2]લોષ્ટ, જવ, ઘઉં, સ્થૂલમંડક, કંકટુક(=કોરડુ મગ) વગેરે દુષ્પકવ આહાર છે. દુષ્પકવ આહાર આ લોકમાં અનર્થકારી છે અને જેટલા અંશે સચિત્ત હોય તેટલા અંશે પરલોકને પણ હણે છે. (૭-૩૦)

**टीकावतरणिका–** उक्तमुपभोगव्रतातिचारविधानं, तदनन्तरं व्याख्यातातिथिसंविभागातिचारप्रदर्शनार्थमिदमुच्यते–

**ટીકાવતરણિકાર્થ–** ઉપભોગપરિભોગના અતિચારો કહ્યા. હવે આના પછી કહેલા અતિથિસંવિભાગવ્રતના અતિચારોને બતાવવા માટે આ કહેવાય છે–

**બારમા વ્રતના અતિચારો–**

**सचित्तनिक्षेपपिधानपरव्यपदेशमात्सर्यकालातिक्रमाः**

**॥७-३१॥**

**સૂત્રાર્થ–** સચિત્તનિક્ષેપ, સચિત્તપિધાન, પરવ્યપદેશ, માત્સર્ય અને કાલાતિક્રમ એ પાંચ અતિથિસંવિભાગવ્રતના અતિચારો છે. (૭-૩૧)

૧. સુરા વગેરે દારૂના પ્રકારો છે.
૨. લોષ્ટ શબ્દનો અર્થ મારા જાણવામાં આવ્યો નથી.

**भाष्यं—** अन्नादेर्द्रव्यजातस्य सचित्ते निक्षेपः, सचित्तपिधानं, परस्येदमिति परव्यपदेशः, मात्सर्यं, कालातिक्रम इत्येते पञ्चातिथिसंविभागस्यातिचारा भवन्ति ॥७-३१॥

**ભાષ્યાર્થ—** અન્ન વગેરે દ્રવ્યસમૂહનો સચિત્તમાં નિક્ષેપ, સચિત્તપિધાન, આ બીજાનું છે એમ પરવ્યપદેશ, માત્સર્ય અને કાલાતિક્રમ આ પ્રમાણે આ પાંચ અતિથિસંવિભાગવ્રતના અતિચારો છે. (૭-૩૧)

**टीका—** अन्नादेरित्यादि भाष्यं, अन्नम्-ओदनखाद्यकादि, चतुर्विध आहारो वाऽशनादिः, तस्य सचित्तेषु व्रीहिगोधूमशाल्यादिषु निक्षेपः, तच्चान्नादि, कया बुद्ध्या निक्षिपति ?, अदानबुद्ध्या, एतज्जानात्यसौसचित्ते निक्षिप्ते न गृह्णते साधवः, इत्यतो देयं चोपस्थाप्यते नाददते साधव इति लाभोऽयं ममेति, सचित्तपिधानमिति सचित्तेन पिधानंस्थगनं सूरणकन्दत्रपुष्यादिना, तत्रापि तथाविधयैव बुद्ध्या सचित्तेन स्थगयति । परव्यपदेश इति, साधोः पौषधोपवासपारणकाले भिक्षायै समुपस्थितस्य प्रकटमन्नादि पश्यतः श्रावकोऽभिधत्ते-परकीयमिदं, नास्माकीनमतो न ददामीति, न चैष परमार्थः, परमार्थतस्तु तदीयमेव तत्, अथवा परस्य-अन्यस्येदमस्तीति तत्र गत्वा मार्गयत यूयमिति, मार्गितः सन् कुप्यति, सदपि मार्गितं न ददाति, अथवा तेन तावद् द्रमकेण मार्गितेन दत्तं किमहं ततोऽपि न्यून इति मात्सर्येण ददाति, परोन्नतिवैमनस्यं च मात्सर्यं, कषायदूषितेन वा चित्तेन ददतो मात्सर्यमिति, कालातिक्रम इति, उचितो यो भिक्षाकालः साधूनां तमतिक्रम्य अनागतं वा भुङ्क्ते पौषधोपवासी, स च कालातिक्रमो ग्रहीतुरप्रीतिकरः, अप्रस्तावदानं चेत्यतिचारः, इत्येते पञ्चातिथिसंविभागस्यातिचारा भवन्तीति ॥७-३१॥

**ટીકાર્થ—** अन्नादेः ઇત્યાદિ ભાષ્ય છે. અન્ન એટલે ભાત અને ખાજા વગેરે અથવા અશન વગેરે ચાર પ્રકારનો આહાર. તેને સચિત્ત ડાંગર,

ઘઉં, વિશેષ પ્રકારની ડાંગર વગેરેમાં મૂકવો તે સચિત્તનિક્ષેપ છે. કઈ બુદ્ધિથી મૂકે ? નહિ આપવાની બુદ્ધિથી મૂકે. તે એમ જાણે છે કે સચિત્તમાં નાખેલી વસ્તુને સાધુઓ લેતા નથી. આથી આપવા યોગ્ય વસ્તુને સચિત્તમાં મૂકી દેવી. સાધુઓ ન લે એ મને લાભ થાય.

'सचित्तपिधानम्' इति પિધાન એટલે ઢાંકવું. સચિત્ત સૂરણ-કંદ-કાકડી આદિથી આપવા યોગ્ય વસ્તુને ઢાંકવી તે સચિત્તપિધાન. આમાં પણ તેવા જ પ્રકારની બુદ્ધિથી સચિત્તથી ઢાંકે છે.

'परव्यपदेश' इति પૌષધોપવાસના પારણાના કાળે ભિક્ષા માટે ઉપસ્થિત થયેલા અને પ્રત્યક્ષ અન્ન વગેરેને જોતા સાધુને શ્રાવક કહે- આ બીજાનું છે, અમારું નથી, આથી હું આપતો નથી. આ સત્ય નથી, પરમાર્થથી તો તે તેનું જ છે અથવા કહે કે આ બીજાનું છે. આથી તમે ત્યાં જઈને માગો.

હોવા છતાં માગેલું ન આપે અથવા મગાયેલા તે ગરીબે આપ્યું તો શું હું તેનાથી પણ ઉતરતો છું ? આમ માત્સર્યથી આપે. અન્યની ઉન્નતિના કારણે વૈમનસ્ય થાય એ માત્સર્ય છે. અથવા કષાયથી દૂષિત થયેલા ચિત્તથી આપે તે માત્સર્ય.

'कालातिक्रमः' इति સાધુઓના યોગ્ય ભિક્ષાકાળને વીતાવીને કે ભિક્ષાકાળ થયા પહેલાં પૌષધોપવાસી ભોજન કરે. તે કાલાતિક્રમ ગ્રહણ કરનારને અપ્રીતિકર છે. અનવસરે આપવું એ અતિચાર છે. આ પ્રમાણે આ પાંચ અતિથિસંવિભાગના અતિચારો છે. (૭-૩૧)

**टीकावतरणिका—** शीलस्य सप्तधाऽतिचारानभिधाय सम्प्रति मारणान्तिकसंलेखनायाः केऽतिचारा भवन्तीत्याह—

**ટીકાવતરણિકાર્થ—** સાત પ્રકારના શીલના અતિચારોને કહીને હવે મારણાંતિક સંલેખનાના અતિચારો કયા છે એવા પ્રશ્નના ઉત્તરમાં કહે છે—

**સંલેખના વ્રતના અતિચારો—**

**जीवितमरणाशंसामित्रानुरागसुखानुबन्धनिदानकरणानि ॥७-३२॥**

**સૂત્રાર્થ–** જીવિતાશંસા, મરતાશંસા, મિત્રાનુરાગ, સુખાનુબંધ અને નિદાનકરણ આ પ્રમાણે આ પાંચ મારણાંતિક સંલેખનાના અતિચારો છે. (૭-૩૨)

**भाष्यं–** जीविताशंसा, मरणाशंसा, मित्रानुरागः, सुखानुबन्धो, निदानकरणमित्येते मारणान्तिकसंलेखनायाः पञ्चातिचारा भवन्ति ।

तदेतेषु सम्यक्त्वव्रतशीलव्यतिक्रमस्थानेषु पञ्चषष्टिष्वतिचारस्थानेषु अप्रमादो न्याय इति ॥७-३२॥

**ભાષ્યાર્થ–** જીવિતઆશંસા, મરણઆશંસા, મિત્રાનુરાગ, સુખાનુબંધ અને નિદાનકરણ આ પાંચ સંલેખનાના અતિચારો છે.

તેથી આ સમ્યક્ત્વવ્રત-શીલનું ઉલ્લંઘન કરવાના સ્થાન એવા પાંસઠ અતિચારસ્થાનોમાં અપ્રમાદ યોગ્ય છે. (૭-૩૨)

**टीका–** आशंसाशब्दं जीवितमरणाभ्यां सहाभिसम्बध्नन्नाह- जीवितासंशेत्यादि, संलेखनायाः-अन्ते प्रतिपन्नप्रत्याख्यानस्यामी भवन्त्यतिचाराः, जीवितं-प्राणधारणं तत्राशंसा-अभिलाषो, यदि बहुकालं जीवेयमिति, वस्त्रमाल्यपुस्तकवाचनादिपूजादर्शनात् लोकश्लाघा-श्रवणाच्चैवं मन्यते-जीवितमेव मे श्रेयः प्रत्याख्यातानशनस्यापि यत एवंविधा मदुद्देशेनेयं विभूतिर्वर्त्तत इति, मरणाशंसा त्वेतद्विपरीता, न कश्चित्तं प्रतिपन्नानशनं गवेषयति, न सपर्यति, न चाद्रियते, न कश्चित् श्लाघते, ततस्तस्यैवंविधः चित्ते परिणामो जायते-यदि शीघ्रं म्रियेयाहमपुण्यकर्म्मेति मरणाशंसा, मित्रानुराग इति, मेद्यन्तीति मित्राणि, स्नेहमत्यर्थं कुर्वन्ति सहजीवितमरणानि तेषु मित्रेष्वनुरागः-स्नेहो यस्तं तादृश्यामप्यवस्थायां न जहातीति मित्रानुरागोऽतिचारः, तथा पुत्रादिष्वपि योज्यं, मित्रस्योपकारमकृत्वा पुत्रादीन् वा स्थानेष्वनवस्थाप्य यदि न म्रियेयेति, सर्वसङ्गत्यागस्तस्यामवस्थायां कार्य इत्युपदेशः, सुखानुबन्ध इति, अनुभूतप्रीतिविशेषस्मृतिसमन्वाहरणं चेतसि सुखानुबन्धः ।

निदानकरणमिति निदानमवखण्डनं तपसः चारित्रस्य वा, यद्यस्य तपसो ममास्ति फलं ततो जन्मान्तरे चक्रवर्त्ती स्यामर्द्धभरताधिपतिर्महामाण्डलिकः सुभगो रूपवानित्यादि, एतच्चाधममनन्तसंसारानुब्धित्वात् परित्याज्य-मिति ॥ एते पञ्चषष्टिरतिचारा ज्ञेयाः परिहार्याश्च ज्ञात्वा, इत्थमगारिधर्म्म एवंप्रकारः । ननु सम्यक्त्वातिचारपञ्चकसम्भवात् सप्ततिरतीचाराः स्युरिति, उच्यते , सम्यक्त्वं हि मूलप्रासादपीठरचनावदाधारभूतमणु-व्रतादीनाम् अतस्तस्याधारत्वान्न व्रतशीलेष्वतिचारग्रहणं, तदेतेष्वित्यादिना उपसंहरति, तस्मादपायदर्शनादेतेषु पञ्चषष्टिष्वतिचारेषु प्रमादो न कार्यः, अप्रमादस्तु न्याय्य इति ॥७-३२॥

**ટીકાર્થ—** આશંસા શબ્દનો જીવિત-મરણ શબ્દોની સાથે સંબંધ કરતા ભાષ્યકાર કહે છે- जीविताशंसा इत्यादि, સંલેખનાના અંતે જેણે પ્રત્યાખ્યાન સ્વીકાર્યું છે તેને આ અતિચારો થાય છે. જીવિત એટલે પ્રાણધારણ કરવા. તેમાં હું બહુકાળ સુધી જીવું એવી આશંસા=અભિલાષા તે જીવિતાશંસા. વસ્ત્ર-માલ્ય-પુસ્તકવાંચન આદિ પૂજાને જોવાથી અને લોકપ્રશંસાને સાંભળવાથી તે એમ માને છે કે હું જીવું એ જ હિતકર છે, કારણ કે અનશનનું પ્રત્યાખ્યાન કરનારા પણ મારા નિમિત્તે આવા પ્રકારની આ વિભૂતિ વર્તે છે.

મરણાશંસા આનાથી વિપરીત છે. અનશન સ્વીકારનારા તેને કોઈ શોધતું નથી, તેની પૂજા થતી નથી. તેનો આદર થતો નથી. કોઈ તેની પ્રશંસા કરતો નથી. તેથી તેના ચિત્તમાં આવા પ્રકારનો પરિણામ થાય છે- પુણ્યહીન હું જલદી મરું. આ પ્રમાણે મરણાશંસા છે.

'मित्रानुराग' इति જેઓ સ્નેહ કરે તે મિત્રો. જેમના જીવન-મરણ સાથે થયા છે તે મિત્રોમાં અનુરાગ=સ્નેહ, જે સ્નેહ મિત્રને તેવી પણ અવસ્થામાં છોડતો નથી. આ પ્રમાણે મિત્રાનુરાગ અતિચાર છે. (મિત્રના ઉપલક્ષણથી) પુત્રાદિ વિષે પણ તે રીતે યોજવું. મિત્રને ઉપકાર કર્યા વિના અથવા પુત્રાદિને સ્થાનમાં સ્થાપ્યા વિના(=ઠેકાણે પાડ્યા વિના)

હું ન મરું (એમ વિચારે.) તેવી અવસ્થામાં સર્વસંગનો ત્યાગ કરવો જોઇએ એવો (જ્ઞાનીઓનો) ઉપદેશ છે.

'सुखानुबन्धः' इति અનુભવેલ પ્રીતિવિશેષનું ચિત્તમાં વારંવાર સ્મરણ કરવું.

'निदानकरणम्' इति નિદાન એટલે તપને કે ચારિત્રને કાપવું. જો મારા આ તપનું ફળ હોય તો હું અન્ય જન્મમાં ચક્રવર્તી, વાસુદેવ, મહામાંડલિક રાજા, ઐશ્વર્યવાળો કે રૂપવાન થાઉં ઇત્યાદિ નિદાનકરણ તુચ્છ છે, અનંતસંસારનો અનુબંધ કરનારું હોવાથી ત્યાજ્ય છે.

આ ૬૫ [૧]અતિચારો જાણવા યોગ્ય છે અને જાણીને ત્યાગ કરવા યોગ્ય છે. આ પ્રમાણે ગૃહસ્થધર્મ આવા પ્રકારનો છે.

**પ્રશ્ન–** સમ્યક્ત્વના પાંચ અતિચારોનો સંભવ હોવાથી સિત્તેર અતિચારો થાય.

**ઉત્તર–** મુખ્ય પ્રાસાદની પીઠરચનાની જેમ સમ્યક્ત્વ અણુવ્રત આદિના આધારરૂપ છે. આથી સમ્યક્ત્વ વ્રત-શીલોનો આધાર હોવાથી વ્રત-શીલોના અતિચારોમાં સમ્યક્ત્વના અતિચારોનું ગ્રહણ કર્યું નથી.

तदेतेषु ઇત્યાદિથી ઉપસંહાર કરે છે. તેથી=અનર્થો જોવામાં આવતા હોવાથી આ પાંસઠ અતિચારોમાં પ્રમાદ ન કરવો જોઇએ. અપ્રમાદ યોગ્ય છે. (૭-૩૨)

**भाष्यावतरणिका–** अत्राह- उक्तानि व्रतानि व्रतिनश्च । अथ दानं किमिति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–** અહીં કહે છે- વ્રતો અને વ્રતીઓ કહ્યાં. હવે દાન શું છે ? અહીં કહેવામાં આવે છે–

**टीकावतरणिका–** अत्राहोक्तमित्यादिना सम्बन्धमाचष्टे, अत्र व्रतेषु व्रतिषु च व्याख्यातेषु तदनुवादद्वारेण दानं प्राप्नोति, उक्तानि अभिहितानि लक्षणतो व्रतानि व्रतिनश्च, तदनन्तरमुद्दिष्टमथ दानं किमिति,

૧. બાર વ્રતના પાંચ પાંચ અને સંલેખનાના પાંચ એમ ૬૫ અતિચારો.

सद्वेद्यकर्म्माश्रवाभिधानक्रममाश्रित्य प्रश्नयति-दानं किंलक्षणमिति, तद्दानलक्षणं वक्तुकाम अत्रोच्यत इत्याह–

**ટીકાવતરણિકાર્થ–** 'अत्राहोक्तानि' ઇત્યાદિથી સંબંધને કહે છે. અહીં વ્રતોની વ્યાખ્યા કર્યે છતે તેની વ્યાખ્યા દ્વારા દાન પ્રાપ્ત થાય છે. લક્ષણને આશ્રયીને વ્રતો અને વ્રતીઓ કહ્યા. ત્યાર પછી નામથી નિર્દેશ કરેલું દાન શું છે ? શાતાવેદનીયકર્મના આશ્રવોના કથનના ક્રમને આશ્રયીને પ્રશ્ન કરે છે કે- દાનનું લક્ષણ શું છે ? તેથી દાનના લક્ષણને કહેવાની ઇચ્છાવાળા ભાષ્યકાર "અહીં કહેવામાં આવે છે" એમ કહે છે–

**દાનની વ્યાખ્યા–**

## अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम् ॥७-३३॥

**સૂત્રાર્થ–**ઉપકાર કરવા માટે પોતાની વસ્તુ આપવી તે દાન. (૭-૩૩)

**भाष्यं–** आत्मपरानुग्रहार्थं स्वस्य द्रव्यजातस्यान्नपानवस्त्रादेः पात्रेऽतिसर्गो दानम् ॥७-३३॥

**ભાષ્યાર્થ–** આત્મ-પરના અનુગ્રહ માટે પોતાના અન્ન-પાન-વસ્ત્રાદિ દ્રવ્યવિશેષનો પાત્રમાં ત્યાગ કરવો તે દાન છે. (૭-૩૩)

**टीका–** अपरे तूक्तं सम्बन्धमाचक्षते, अतिथिसंविभागे चोदनात् दानधर्मोऽगारिणः शेषधर्मवच्चोदितः, तत्र किंलक्षणं दानमित्याह-अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानं, अनुगृह्यतेऽनेनेति अनुग्रहः-अन्नादि-रुपकारकः प्रतिग्रहीतुः, दातुश्च प्रधानानुषङ्गिकफलः, प्रधानं मुक्तिरानुषङ्गिकं स्वर्गप्राप्तिः प्रच्युतस्येह सुकुलप्रत्यायातिविभवबोधिलाभादिः, सोऽर्थः-प्रयोजनं यस्य तदनुग्रहार्थम्-अनुग्रहप्रयोजनम्, अर्थशब्दस्य प्रयोजनवाचित्वात्, स्वस्येति स्वशब्द आत्मात्मीयज्ञातिधनादिषु वर्त्तते, इहात्मीयवचनः प्रयुक्तः, स्वं-आत्मीयं न्यायेन स्वीकृतं पूर्वजक्रमागतं न्यायवृत्त्या वा स्वसामर्थ्योत्पन्नं तस्यातिसर्ग्गः-त्यागः, न चोज्झनमात्रं त्यागशब्देनोच्यते, किं तर्हि ?, दानं, विशिष्टसम्प्रदानकमित्यर्थः, तच्च सम्प्रदानं द्विविधमर्हन्तो भगवन्तः साधर्मिकाश्च, तत्रार्हद्भयो दीयते

पुष्पबलिधूपचामरातपत्रकलशध्वजचन्द्रातपककिरीटाभरणादिः, साधर्मिकास्तु द्विप्रकाराः-साधवः श्रावकाश्च, साधवो यथोक्तज्ञानदर्शनक्रियानुष्ठानसम्पन्नाः, श्रावकाश्च सम्यक्त्वाणुव्रतादिद्वादशविधधर्मभाजस्तेभ्यो दानमन्नादेर्देशकालोपपन्नमिति, एवंविधसूत्रार्थप्रतिपादनाय आत्मपरानुग्रहार्थमित्यादिभाष्यम् । अनेन च भाष्येण विशुद्धबुद्धिमत्त्वं दातुराख्यायते, श्रद्धादिगुणयोगः उपायः प्रतिग्रहीता पात्रविशेषः देयं सम्पच्चेति, आत्मा च परश्चात्मपरौ तयोरनुग्रहः आत्मपरानुग्रहः सोऽर्थो यस्य तदात्मपरानुग्रहार्थम्, अनुग्रहः- उपकारः, स च विशुद्धया धिया ददतः कर्मनिर्जरणादिफलः समस्तीत्यनुग्रहग्रहणाद्विशुद्धबुद्धित्वं लभ्यते, अन्यथा अनुग्रहाभास एव स्यात्, तच्च निर्जरादिफलमुपायादृते न सम्पद्यत इत्युपायपरिग्रहः, देशकालपुरुषावस्थाः संप्रेक्ष्यागमानुसारिणा सता प्रमोदनिर्भरेण चेतसा रोमाञ्चकञ्चुकोपगूढवपुषा चाभ्युत्थानासनप्रदानवन्दनचरणप्रमार्जनसत्कारपूर्वकं समाधायैकाग्र्यमित्यादिरुपायः, आत्मेति दाता, श्रद्धाशक्तिसत्त्वक्षमाविनयवितृष्णतागुणसम्पन्नो ददामीत्येवम्परिणतः, परपदोपादानात् प्रतिग्रहीता ज्ञानक्रियान्वितो विजितेन्द्रियकषायः स्वाध्यायतपोध्यानसमाधिभाग् मूलोत्तरगुणसम्पदुपेतः पात्रमिष्यते, स्वस्य द्रव्यजातस्यान्नपानवस्त्रादेरित्यनेन देयनिर्देशः, स्वस्येत्यात्मीयस्य लोकविरुद्धचौर्यव्यवहाराद्यनुपात्तस्य द्रव्यजातस्येति द्रव्यविशेषस्य पुद्गलद्रव्यस्य जीवद्रव्यस्य च, पुद्गलद्रव्यस्यापि न सर्वस्य कुठारहलदात्रशस्त्रादेरनेकप्राणिदुःखहेतोः, किं तर्हि ?, अन्नपानवस्त्रादेः पुद्गलद्रव्यस्य, आदिग्रहणादौघिकौपग्रहिकसकलोपकरणपरिग्रहः, सर्वश्चाहारो भैषजवसत्युपधिर्वा साधोः परत एव लभ्यो भवत्युद्गमोत्पादनैषणाशुद्धः, स च दातुः प्रतिग्रहीतुश्चोपकारको निर्जराफलत्वात्, जीवद्रव्यस्यापि न सर्वस्य, दासदासीबलीवर्दवाहनादेः स्वयमेव दुःखितत्वात् क्लिश्यमानत्वात्, यथाह-

"जं ण य दुहियं ण य दुक्खकारणं होइ दिण्णमण्णेसिं ।
वट्टइ अणुग्गहे तं विहिज्ज दाणं असावज्जं ॥१॥"

द्विपदमपि गृहिणा प्रव्रज्याभिमुखं प्रव्रज्यार्हं पुत्रदौहित्रभ्रातृपत्नीप्रभृति स्वामिना दत्तमनुज्ञातं प्रव्राज्यम् ॥ एवमुक्तेन न्यायेन देशकालोपपन्नमचेतनं सचेतनं वा द्रव्यजातं पात्रे गुणवति देयम्, आधाकर्म्माद्यपि देशकालाद्यपेक्षं पात्रविनियुक्तं स्वर्गसुकुलप्रत्यायाति फलमेव भवति, पारम्पर्यात् मुक्तिफलमपीति ॥७-३३॥

**टीकार्थ–** બીજાઓ તો ઉક્ત સંબંધને (આ પ્રમાણે) કહે છે- અતિથિસંવિભાગવ્રતમાં જણાવ્યું હોવાથી ગૃહસ્થનો અન્ય ધર્મની જેમ દાન ધર્મ પણ જણાવ્યો છે. તેમાં દાનનું લક્ષણ શું છે તે કહે છે- અનુગ્રહ માટે પોતાની વસ્તુનો ત્યાગ તે દાન.

अनुग्रहार्थम् જેનાથી અનુગ્રહ(=ઉપકાર) કરાય તે અનુગ્રહ. અન્નાદિ (વસ્તુ) અનુગ્રહ છે, કેમકે અન્નાદિઅનુગ્રહ ગ્રહણ કરનારને ઉપકાર કરનારી થાય છે. દાતાને મુખ્ય અને આનુષંગિક ફળવાળો થાય છે. પ્રધાન ફળ મુક્તિ છે. આનુષંગિક ફળ સ્વર્ગની પ્રાપ્તિ છે. સ્વર્ગમાંથી ચ્યવેલાને અહીં સુકુળમાં જન્મ, વૈભવ અને બોધિલાભ આદિ અનુગ્રહ થાય છે. તે (અનુગ્રહ) અર્થ=પ્રયોજન જેનું છે તે અનુગ્રહાર્થ. અનુગ્રહાર્થ એટલે અનુગ્રહના પ્રયોજનવાળું. કારણ કે અનુગ્રહ શબ્દ પ્રયોજનવાચી (પ્રયોજનને કહેનારો) છે.

'स्वस्य' इति સ્વશબ્દ પોતે, પોતાનું, જ્ઞાતિ અને ધનાદિમાં વર્તે છે, અર્થાત્ સ્વશબ્દના પોતે, પોતાનું, જ્ઞાતિ અને ધન વગેરે અર્થો છે. અહીં 'પોતાનું' વચનવાળો પ્રયોજેલો છે. અહીં સ્વશબ્દનો પોતાનું એવો અર્થ છે. સ્વનું એટલે પોતાનું. ન્યાયથી ગ્રહણ કરેલું હોય અને પૂર્વજોના ક્રમથી આવેલું હોય તેવું પોતાનું. અથવા ન્યાયવાળા ધંધાથી પોતાના સામર્થ્યથી ઉત્પન્ન કરેલું હોય તેવું પોતાનું.

અતિસર્ગ એટલે ત્યાગ. અહીં ત્યાગ શબ્દથી માત્ર 'છોડી દેવું' એમ કહેવાતું નથી, તો શું કહેવાય છે ? દાન(=આપવું) કહેવાય છે, અર્થાત્ ત્યાગ એટલે વિશિષ્ટ સંપ્રદાન. તે સંપ્રદાન[1] અરિહંત ભગવંતો અને સાધર્મિકો છે. તેમાં અરિહંતોને પુષ્પ-નૈવેદ્ય-ધૂપ-ચામર-છત્ર-કળશ-ધ્વજા-ચંદરવો-મુગટ-આભરણ વગેરે અપાય છે. સાધર્મિકો સાધુઓ અને શ્રાવકો એમ બે પ્રકારના છે. યથોક્ત જ્ઞાન-દર્શન-ક્રિયાના આચરણથી યુક્ત હોય તે સાધુઓ છે. સમ્યક્ત્વ અને અણુવ્રતાદિ બાર પ્રકારના ધર્મને સેવનારા હોય તે શ્રાવકો છે. તેમને દેશ-કાળને અનુરૂપ દાન કરવું. આવા પ્રકારના સૂત્રાર્થનું પ્રતિપાદન કરવા માટે आत्मपरानुग्रहार्थम् ઇત્યાદિ ભાષ્ય છે.

આ ભાષ્યથી દાતાની 'વિશેષ બુદ્ધિ' જણાવવામાં આવે છે. શ્રદ્ધાદિગુણોનો યોગ દાનનો ઉપાય છે. ગ્રહણ કરનાર પાત્રવિશેષ છે. આપવા યોગ્ય સંપત્તિ છે.

(आत्मपरानुग्रहार्थम्=) આત્મ-પરનો અનુગ્રહ જેનો અર્થ(=પ્રયોજન) છે તે આત્મપરાનુગ્રહાર્થ. તે અનુગ્રહ વિશુદ્ધબુદ્ધિથી આપનારને કર્મનિર્જરા આદિ ફળવાળો થાય છે. આથી અનુગ્રહનું ગ્રહણ કરવાથી દાતા વિશુદ્ધ બુદ્ધિવાળો હોય એવો અર્થ પ્રાપ્ત થાય છે. અન્યથા અનુગ્રહનો [2]આભાસ જ થાય. નિર્જરા ફળ ઉપાય વિના પ્રાપ્ત ન થાય માટે અહીં ઉપાયનું ગ્રહણ કર્યું છે. દેશ-કાળ-પુરુષ અવસ્થાને જોઇને, આગમને અનુસરનારા બનીને, પ્રમોદથી પૂર્ણ ચિત્તથી, રોમાંચરૂપ વસ્ત્રથી આચ્છાદિત શરીરવાળા બનીને, અભ્યુત્થાન-આસનપ્રદાન-વંદન-ચરણપ્રમાર્જન-સત્કારપૂર્વક એકાગ્રતા કરીને ઇત્યાદિ ઉપાય છે.

'आत्मा' इति આત્મા એટલે દાતા. દાતા શ્રદ્ધા-શક્તિ-સત્ત્વ-ક્ષમા-વિનય-તૃષ્ણાનો અભાવ (વગેરે) ગુણોથી યુક્ત અને 'હું આપું' એમ આપવાના પરિણામવાળો હોવો જોઇએ.

૧. લેનારને પણ ઉપચારથી સંપ્રદાન કહેવાય, અથવા कर्माभिप्रेयः सम्प्रदानम् (સિ.હે. ૨-૨-૨૫) એ સૂત્રથી જેને આપવાનું હોય તેને સંપ્રદાન કહેવાય.

૨. અનુગ્રહ ન હોય છતાં અનુગ્રહ જણાય તે અનુગ્રહનો આભાસ છે.

'પર' એવા પદનું ગ્રહણ કર્યું હોવાથી ગ્રહણ કરનાર જ્ઞાન-ક્રિયાથી યુક્ત, ઇંદ્રિય-કષાયોનો વિજેતા, સ્વાધ્યાય-તપ-ધ્યાનને સેવનાર મૂલોત્તરગુણ રૂપ સંપત્તિથી યુક્ત હોય તેવું પાત્ર ઇચ્છાય છે. **स्वस्य द्रव्यजातस्यान्न-पानवस्त्रादेः**=પોતાના અન્ન-પાન અને વસ્ત્ર વગેરે દ્રવ્યવિશેષનો એવા ઉલ્લેખથી દેયનો નિર્દેશ કર્યો છે. **स्वस्य** એટલે પોતાનું. દેય વસ્તુ પોતાની હોવી જોઇએ. લોકવિરુદ્ધ વ્યવહારથી અને ચોરીને લીધેલી ન હોવી જોઇએ.

**द्रव्यजातस्य**=દ્રવ્યવિશેષનું દાન. પુદ્ગલદ્રવ્યનું અને જીવદ્રવ્યનું દાન. પુદ્ગલદ્રવ્યનું દાન પણ બધા જ પુદ્ગલદ્રવ્યનું દાન નથી કરવાનું. અનેક જીવોના દુઃખનું કારણ એવા કુહાડો-હળ-દાતરડું-શસ્ત્ર વગેરેનું દાન નથી કરવાનું. તો કોનું દાન કરવું ? અન્ન-પાન-વસ્ત્રાદિ પુદ્ગલ-દ્રવ્યનું દાન કરવું. આદિ શબ્દનું ગ્રહણ કર્યું હોવાથી આદિ શબ્દથી ઔધિક અને ઔપગ્રહિક સઘળા ઉપકરણોનું ગ્રહણ કરવું. ઉદ્ગમ-ઉત્પાદન-એષણાથી શુદ્ધ એવો સઘળો આહાર કે ઔષધિ-વસતિ-ઉપધિ સાધુને બીજાની પાસેથી જ મેળવવાની હોય છે. તે આહાર વગેરે દાતાને અને ગ્રાહકને ઉપકારક થાય છે. કેમકે નિર્જરા ફળવાળો છે. જીવદ્રવ્યનું પણ બધા ય જીવદ્રવ્યનું દાન નથી કરવાનું. દાસ-દાસી-બળદ-વાહન વગેરેનું દાન નથી કરવાનું. કારણ કે દાસ વગેરે પોતે જ દુઃખી હોવાથી પીડાઇ રહ્યા છે. કહ્યું છે કે "જે પોતે દુઃખી ન હોય, બીજાઓને દુઃખનું કારણ ન હોય તેવું બીજાઓને આપેલું અનુગ્રહમાં વર્તે છે=અનુગ્રહ કરનારું થાય છે. તેવું અસાવદ્ય દાન કરે." પ્રવ્રજ્યાની સન્મુખ થયેલ, પ્રવ્રજ્યાને યોગ્ય, ગૃહસ્થ સ્વામી વડે અપાયેલ અને (તીર્થંકરો વડે) અનુજ્ઞા અપાયેલ પુત્ર-દીકરીનો પુત્ર-ભાઇ-પત્ની વગેરે દ્વિપદ પણ દીક્ષા આપવા યોગ્ય છે. આ પ્રમાણે ઉક્ત નીતિથી દેશ અને કાળ પ્રમાણે સંગત એવા ચેતન કે અચેતન દ્રવ્યવિશેષને ગુણવાન પાત્રમાં આપવું. દેશ-કાળ આદિની અપેક્ષાએ પાત્રમાં યોજેલું(=આપેલું) આધાકર્મ આદિ દોષવાળું પણ સ્વર્ગ અને સુકુળમાં જન્મરૂપ ફળવાળું જ થાય છે અને પરંપરાએ મુક્તિરૂપ ફળવાળું પણ થાય. (૭-૩૩)

**टीकावतरणिका–** किञ्चेत्यनेन प्रस्तुतस्य दानधर्म्मस्य तरतमादतिशयभेदप्रतिप्रत्त्या फलनिरूपणायाह–

**ટીકાવતરણિકાર્થ–** પ્રસ્તુત દાનધર્મમાં ન્યૂનાધિકપણું હોવાથી ઘણા ભેદના સ્વીકારથી(=ઘણા ભેદોને સ્વીકારીને) किञ्च(=વળી) એ ભાષ્યથી દાનધર્મના ફળનું નિરૂપણ કરવા માટે કહે છે–

**દાનની ક્રિયા સમાન છતાં ફળમાં તફાવત–**

**विधिद्रव्यदातृपात्रविशेषात्तद्विशेषः ॥७-३४॥**

**સૂત્રાર્થ–** વિધિ, દ્રવ્ય, દાતા અને પાત્રની વિશેષતાથી દાન ધર્મમાં(=ફળમાં) તફાવત પડે છે. (૭-૩૪)

**भाष्यं–** विधिविशेषाद्, द्रव्यविशेषाद्, दातृविशेषात्पात्रविशेषाच्च तस्य दानधर्मस्य विशेषो भवति । तद्विशेषाच्च फलविशेषः । तत्र विधिविशेषो नाम देशकालसम्पच्छ्रद्धासत्कारक्रमाः कल्पनीयत्वमित्येवमादिः । द्रव्यविशेषोऽन्नादीनामेव सारजातिगुणोत्कर्षयोगः । दातृविशेषः–प्रतिग्रहीतर्यनसूया, त्यागेऽविषादः अपरिभाविता, दित्सतो ददतो दत्तवतश्च प्रीतियोगः, कुशलाभिसंधिता, दृष्टफलानपेक्षिता निरुपधत्वमनिदानत्वमिति । पात्रविशेषः सम्यग्दर्शनज्ञानचारित्रतपःसम्पन्नता इति ॥७-३४॥

॥ इति तत्त्वार्थाधिगमे स्वोपज्ञभाष्यसमेते सप्तमोऽध्यायः समाप्तः ॥७॥

**ભાષ્યાર્થ–** વિધિવિશેષથી, દ્રવ્યવિશેષથી, દાતૃવિશેષથી અને પાત્રવિશેષથી દાનધર્મમાં વિશેષતા થાય છે. દાનધર્મની વિશેષતાથી ફળમાં વિશેષતા થાય છે.

તેમાં દેશ-કાળ-સંપત્તિ-શ્રદ્ધા-સત્કાર-ક્રમ-કલ્પનીયપણું ઇત્યાદિ વિધિ વિશેષ છે.

દ્રવ્યવિશેષ એટલે અન્ન વગેરેના જ સાર-જાતિ-ગુણના ઉત્કર્ષનો સંબંધ.

દાતૃવિશેષ આ પ્રમાણે છે- ગ્રાહકમાં અસૂયાનો અભાવ, ત્યાગમાં વિષાદનો અભાવ, અપરિભાવિતા, આપવાને ઈચ્છનારનો, આપી રહેલાનો અને જેણે આપી દીધું છે તેનો પ્રીતિયોગ, કુશલ અભિસંધિતા દૃષ્ટફલાનપેક્ષિતા, ઉપધાનો અભાવ, નિદાનનો અભાવ વગેરે દાતૃ-વિશેષ છે.

પાત્રવિશેષ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપથી યુક્તતા. (૭-૩૪)

**टीका—** विध्यादयः कृतद्वन्द्वास्तेषां विशेषः-अतिशयः प्रकर्षा-प्रकर्षयोगः तस्माद्विध्यादिविशेषात् धर्मविशेषः, धर्मश्च विध्यादि-चतुष्टयापेक्षः, तथाहि-विध्यादिचतुष्टयप्रकर्षाद्देशकालोपपन्नकल्पनीय-दानादेकान्तेनैव निर्जरा प्रकर्षवर्तिनी, मन्दविध्यादिदानान्मंदा, मध्यादिदानान्मध्या, एतदेव भाष्येण विविच्य दर्शयति-विधि-विशेषादित्यादिना विधिविशेषादिति पञ्चम्याः प्रागुक्तं लक्षणं, विधानं विधिः-विशिष्टप्रकारः तदतिशयात् पुण्यनिर्जरातिशयः, तदतिशयात् स्वर्गफलविशेषः मुक्तिफलप्राप्तिर्वा, द्रव्यमन्त्रादि तद्विशेषात्, तथा दातृविशेषात् पात्रविशेषाच्च, तद्विशेष इति तच्छब्देन दानधर्मः परामृश्यते, दानं त्यागस्तदवाप्यो धर्मो दानधर्मः तस्य विशेषो-भेदः प्रकर्षाप्रकर्षलक्षणः, दानधर्मभेदाच्च फलभेदः, कारणानुरूपं कार्य-निष्पत्तेः, एवं समासतः सूत्रार्थो व्याख्यातः, सम्प्रति विशेषेण विवृणोति-तत्रेत्यादि, तत्र तेषु विध्यादिचतुर्षु विधिविशेषस्तावदयं, नामशब्दो वाक्यालङ्कृतौ, देशकालसम्पदिति व्यपगतस्थावरजङ्ग-मजन्तुको देशो दातुः प्रतिगृहीतुश्चेति देशसम्पत्, कालसम्पदपि न रात्रौ, दिवापि स्वार्थमुपक्लृप्तेऽशनादौ उचिते भोजनकाले परिवेषिकास्वितश्चेतश्च कडुच्छु(षो)कोखापटलकोद्दङ्किकाद्युपकरणव्यग्रकरासु सञ्चरन्तीषु पुरःपश्चात्कर्म्माभावात् कालसम्पत्, एवं वस्त्रपात्रादिदानमप्युचितकाल इति, श्रद्धा गुणवत्सु दानाभिलाषो दत्तमेभ्यो बहुफलं भवति, सत्कारोऽ-

भ्युत्थानासनप्रदानादिः, प्रहर्षपुरस्सरम्, देयगतस्तावत् क्रमो यो यत्र जनपदे प्रसिद्धः पेयादिरन्यो वा, वस्त्रादिषु पुनः रत्नाधिकक्रमः प्रकृष्टमध्यमजघन्यपात्रक्रमो वा, कल्पनीयत्वमुद्गमादिविशुद्धत्वमागम-विहितभक्ष्याभक्ष्यपेयापेयग्राह्याग्राह्यता च, आदिग्रहणात् स्वयमेव स्वहस्तेन श्रद्धासंवेगानन्दप्रविकसितवदननयनोऽत्यर्थमहमनुगृहीत इत्येष विधिः । द्रव्यविशेष इत्यादि द्रव्यविशेषो द्रव्यस्यातिशयप्रकृष्टता, अन्नशब्देन चाशनं गृहीतम्, आदिशब्दात् पानखाद्यस्वाद्यवस्त्रपात्रदण्डकौघोपग्रह-भेदोपधिपरिग्रहः, तदेषामन्नादीनां सारजातिगुणोत्कर्षयोगः सारः-अन्नस्याच्युतरसगन्धादित्वं जातिः शालिव्रीहिगोधूमादिका गुणाः सुरभि-लवणस्निग्धमधुरत्वादयो सुस्विन्नतादयो वा एषां सारादीनां उत्कर्षः-प्रकृष्टता तेन योगः-सम्बन्धः, एवं पानकादीनामपि, तथा वस्त्रपात्रदण्डकादीनां देशान्तरोत्पत्तिस्वरूपवर्णविशेषसंस्थानप्रमाण-परिमृजादिभेदेनोपयुज्यसारासारादयो वाच्याः, दातृविशेष इति, दातुर्विशेषः-अतिशयश्च परिणामजनितः, प्रतिग्रहीता गुणसम्पन्नो वक्ष्यमाणः, तत्रानसूया, क्षमावत्त्वं प्रसन्नचित्तता पुण्यवानहं यस्य मे गेहमनुविशन्ति तपस्विनः, न त्वक्षमा कार्या, प्रतिदिवसमेते मृगयन्ते निर्वेदिताः खल्वमीभिर्वयमिति, त्यागेऽविषाद इति, दत्तेऽन्नादावविषादः, विषादो विषण्णताऽश्रद्धा, यतोऽतिबहुदत्तं मयेदं गृहेऽपि चिन्तनीयमेव प्रयोजनं, दत्त्वैवं चिन्तनीयमिदमेवैकं मम स्वं यद् व्रतिनामुपयुक्तमिति, तथा अपरिभाविता परिभाविता-अनादरः न परिभाविता अपरिभाविता आदर इति, देशकालप्राप्तस्य परिग्रहीतुर्वर्द्धमानश्रद्धाप्रापितेनादरेण दानं दित्सत इत्यादि, साधुदर्शने याचने वा दातुमिच्छतः परमया प्रीत्या प्रहृष्टतया योगः, एवं ददतो दत्तवतश्च कालत्रयेऽपि प्रहर्षयोगः, कुशलाभिसंधितेति भावकुशलास्तु ज्ञानावरणादिकर्म्मांशास्तान् लुनातीति-छिनत्ति अपनयतीति कुशलः, अभिसंधिरभिप्रायः कुशलोऽभिसंधिर्यस्य,

कर्म्मनिर्जरापेक्षी, तद्भावः कुशलाभिसंधिता, दृष्टफलानपेक्षिता दृष्टफलं राज्यैश्वर्यसुखादि सर्वं वा सांसारिकं, स्वर्गाद्यपि दृष्टमेव, बहुशोऽनुभूतत्वात्, तन्नापेक्षते-न प्रार्थयते यः स दृष्टफलानपेक्षी तद्भावो दृष्टफलानपेक्षिता, निरुपधत्वमित्युपधा-भावदोषो मायाकषायजनितो यथा क्वचित् पटल-काद्युपकरणे देयस्यान्नादेरुपरि रचयति वर्णगन्धाढ्यमधस्तु निःसारमित्ये-वमादि तदभावान्निरुपधत्वमिति, निदानमुक्तलक्षणं स्वर्गमानुषजन्मविषयं तत्प्राप्त्यभिसंध्यभावात् निर्जरार्थमेव केवलं निर्निदानत्वमिति । पाति-रक्षति संसाराद्दातारं दुर्गतिभयप्रपातादात्मानं चेति पात्रं तस्य विशेषः-अतिशयः प्रकर्षवृत्तिता, कीदृशी पुनः सेत्याह-सम्यग्दर्शनज्ञान-चरित्रसम्पन्नतेति । तत्र सम्यक्त्वं नैसर्गिकाधिगमिकक्षायिकादिभेदात् प्रकर्षाप्रकर्षवृत्ति, ज्ञानमप्यात्मपरिणामो ज्ञानावरणीयादिक्षयोपशमादि-जन्यः, चारित्रमपि सामायिकादिभेदाद् बहुप्रकारं, एभिः सम्पन्नता-युक्तता सम्यक्त्वादिपरिणामभाक्त्वमित्येवं विध्यादिविशेषाद् विशिष्टं विशिष्टतरं विशिष्टतमं च मोक्षपर्यवसानं दानफलं भवति ॥७-३४॥

॥ श्रीहरिभद्रसूरिप्रारब्धायां श्रीयशोभद्रसूरिनिर्वाहितायां भाष्यानुसारिण्यां तत्त्वार्थटीकायां सप्तमोऽध्यायः समाप्तः ॥

**ટીકાર્થ–** વિધિ આદિ શબ્દોનો દ્વન્દ્વ સમાસ કર્યો છે. વિધિ આદિમાં ન્યૂનાધિકપણાના યોગથી ધર્મમાં ભેદ પડે છે. ધર્મ વિધિ આદિ ચારની અપેક્ષાવાળો છે. તે આ પ્રમાણે- વિધિ આદિ ચારની અધિકતાથી દેશ-કાળ પ્રમાણે સંગત અને કલ્પનીય દાનથી એકાંતે જ ઘણી નિર્જરા થાય. મંદવિધિ આદિથી કરેલા દાનથી અલ્પ નિર્જરા થાય. મધ્યવિધિ આદિથી કરેલા દાનથી મધ્ય નિર્જરા થાય. આને જ विधिविशेषाद् ઇત્યાદિ ભાષ્યથી વિવેચન કરીને બતાવે છે–

विधिविशेषाद् इति પાંચમી વિભક્તિનું લક્ષણ પૂર્વે (અ.૭ સૂ.૮ માં) કહ્યું છે. વિધિ એટલે વિશિષ્ટ રીતિ. વિધિની અધિકતાથી પુણ્ય-નિર્જરા

અધિક થાય. અધિક પુણ્ય-નિર્જરાથી સ્વર્ગરૂપ ફળવિશેષ થાય કે મુક્તિ ફળની પ્રાપ્તિ થાય.

અન્ન વગેરે દ્રવ્ય છે. તેના ભેદથી, દાતાના ભેદથી અને પાત્રના ભેદથી દાનધર્મમાં ભેદ થાય. 'तद् विशेष' इति, तद् શબ્દથી દાનધર્મનો પરામર્શ કરવામાં આવે છે. દાન એટલે ત્યાગ. દાનથી પ્રાપ્ત કરવા યોગ્ય ધર્મ તે દાનધર્મ. તેનો ન્યૂનતા-અધિકતારૂપ વિશેષ=ભેદ થાય. દાનધર્મના ભેદથી ફળમાં ભેદ થાય. કારણ કે કારણને અનુરૂપ કાર્યની સિદ્ધિ થાય. આ પ્રમાણે સંક્ષેપથી સૂત્રના અર્થનું વ્યાખ્યાન કર્યું. હવે ભાષ્યકાર વિશેષથી વિવરણ કરે છે–

'तत्र' इत्यादि, तत्र એટલે વિધિ આદિ ચારમાં વિધિવિશેષ આ છે- નામ શબ્દ વાક્યની શોભા માટે છે. 'देशकालसम्पद्' इति જેમાં સ્થાવર-ત્રસ જીવો નથી તેવો પ્રદેશ દાતા અને ગ્રાહકની દેશસંપત્તિ છે. કાળસંપત્તિ આ પ્રમાણે છે- રાત્રે દાન ન કરવું. દિવસે પણ પોતાના માટે અશન વગેરે બની જાય ત્યારે ભોજનના ઉચિત કાળે પીરસનારી બહેનો આમતેમ ફરતી હોય, પીરસનારી બહેનોના હાથમાં કડછી, થાળી ટોપલી[1], પાત્રવિશેષ વગેરે ઉપકરણ હોય આમાં પૂર્વકર્મ-પશ્ચાત્કર્મનો અભાવ હોવાથી આ કાળસંપત્તિ છે.

આ પ્રમાણે વસ્ત્ર-પાત્ર આદિનું દાન પણ ઉચિતકાળે કરવું જોઈએ.

**શ્રદ્ધા**=ગુણવાનોને દાન કરવાનો અભિલાષ. આમને આપેલું ઘણા ફળવાળું થાય.

**સત્કાર**=જેને આપવાનું છે તેનું હર્ષપૂર્વક અભ્યુત્થાન અને આસનપ્રદાન વગેરે કરવું તે સત્કાર છે.

---

૧. સંસ્કૃત શબ્દ કોષમાં पटल શબ્દ છે. તેનો વાંસની બનાવેલી ટોપલી અથવા ટોપલો અર્થ જણાવ્યો છે. પ્રાકૃત શબ્દ કોષમાં पडलक શબ્દ છે. તેનો પોટલી અર્થ જણાવ્યો છે. પણ તે અર્થ અહીં બંધબેસતો નથી.

**ક્રમ–** પહેલાં રાબડી આપવી વગેરે ક્રમથી આપવું અથવા જે દેશમાં આ સિવાય બીજો જે ક્રમ પ્રસિદ્ધ હોય તે ક્રમ છે. વસ્ત્રાદિમાં રત્નાધિકનો ક્રમ છે અથવા ઉત્તમ-મધ્યમ-જઘન્યપાત્રનો ક્રમ છે.

**કલ્પનીયપણું–** ઉદ્‌ગમાદિ દોષોની વિશુદ્ધિ અને આગમવિહિત ભક્ષ્ય-અભક્ષ્ય, પેય-અપેય, ગ્રાહ્યતા-અગ્રાહ્યતા એ કલ્પનીયપણું છે, અર્થાત્ જે ઉદ્‌ગમાદિ દોષોથી વિશુદ્ધ હોય તથા ભક્ષ્ય-પેય-ગ્રાહ્ય હોય તે કલ્પનીય છે.

આદિ શબ્દનું ગ્રહણ કર્યું હોવાથી આદિ શબ્દથી આ જાણવું- જાતે જ પોતાના હાથે શ્રદ્ધા-સંવેગ-આનંદથી વિકસિત મુખ-ચક્ષુવાળા બનીને હું અતિશય અનુગ્રહ કરાયો છું એમ માનતો દાન કરે. આ પ્રમાણે આ વિધિ છે.

द्रव्यविशेषः इत्यादि દ્રવ્યવિશેષ એટલે અતિશય ઉત્કૃષ્ટ દ્રવ્ય.

અન્ન શબ્દથી અશનનું ગ્રહણ કર્યું છે આદિ શબ્દથી પાન-ખાદિમ-સ્વાદિમ-વસ્ત્ર-પાત્ર-દંડ-ઓઘ-ઉપગ્રહના ભેદવાળી ઉપધિનું ગ્રહણ કરવું.

**સાર–** અન્નના રસ-ગંધ આદિના નાશનો અભાવ એ સાર છે.

**જાતિ–** કલમી ચોખા, ઘઉં વગેરે જાતિ.

**ગુણો–** સુગંધ, ખારો રસ, સ્નિગ્ધતા અને મધુરતા વગેરે ગુણો છે. અથવા સારી રીતે સીઝી જવું વગેરે ગુણો છે.

આ સારાદિના ઉત્કર્ષનો=ઉત્કૃષ્ટતાનો સંબંધ.

**તાત્પર્યાર્થ–** ઉચ્ચ પ્રકારના આહારનું દાન કરવું.

એ પ્રમાણે પાણી આદિ વિષે પણ જાણવું તથા વસ્ત્ર-પાત્ર-દંડાદિના દેશાંતરમાં ઉત્પત્તિ, સ્વરૂપ, વર્ણવિશેષ, આકાર, પ્રમાણ, સ્વચ્છતા વગેરેના ભેદથી ઉપયોગ મૂકીને=બરોબર વિચારીને સાર-અસાર વગેરે કહેવા.

'दातृविशेषः' इति દાતૃવિશેષ એટલે પરિણામથી ઉત્પન્ન કરાયેલી દાતાની વિશેષતા.

**ગ્રાહકમાં અસૂયાનો અભાવ–** ગુણસંપન્ન ગ્રાહક હવે કહેવાશે. તેમાં અસૂયાનો, દ્વેષનો (કે ક્રોધનો) અભાવ. ગ્રાહક ઉપર ક્ષમા રાખવી. હું પુણ્યશાળી છું કે જેથી મારા ઘરે સાધુઓ પ્રવેશે છે=પધારે છે એમ વિચારીને ચિત્ત પ્રસન્ન રાખવું. પણ સાધુઓ દરરોજ માગે છે, એમનાથી અમે ખેદ પમાડાયા છીએ એમ વિચારીને તેમના ઉપર ક્રોધ (કે દ્વેષ) ન કરવો.

**ત્યાગમાં વિષાદનો અભાવ–** અન્નાદિનું દાન કર્યા પછી મેં બહુ ઘણું આપી દીધું. ઘરનું પણ પ્રયોજન વિચારવું જ જોઇએ (=ઘરના નિર્વાહનો પણ વિચાર કરવો જોઇએ) એમ વિચારીને વિષાદ ન કરવો જોઇએ.વિષાદ, વિષણ્ણતા, અશ્રદ્ધા આ શબ્દોનો એક અર્થ છે. આપીને એક આ જ વિચારવું જોઇએ કે સાધુઓના ઉપયોગમાં જે આવ્યું હોય તે જ મારું છે.

**અપરિભાવિતા–** પરિભાવિતા એટલે અનાદર. પરિભાવિતા નહિ તે અપરિભાવિતા=આદર. દેશ-કાળ પ્રમાણે પધારેલા ગ્રાહકને વધતી શ્રદ્ધાથી પ્રાપ્ત કરાયેલા આદરથી દાન આપવું.

'दित्सतः' इत्यादि, સાધુના દર્શન થતાં કે સાધુ માગે ત્યારે આપવા ઇચ્છનારે અત્યંત અતિશય પ્રેમથી હર્ષ પામવો જોઇએ. એ પ્રમાણે વર્તમાનમાં આપી રહેલાએ અને ભૂતકાળમાં જેણે આપી દીધું છે તેણે પણ હર્ષ પામવો જોઇએ. હવે પછી આપવાનું છે. હમણાં અપાઇ રહ્યું છે, ભૂતકાળમાં આપી દીધું છે એમ ત્રણેય કાળમાં હર્ષ પામવો જોઇએ. (ભવિષ્યકાળ અંગે હું ધન્ય છું કે જેથી મને આવો લાભ મળશે. ભૂતકાળ અંગે હું ભાગ્યશાળી છું જેથી મને આવો લાભ મળ્યો એમ વિચારીને હર્ષ પામવો જોઇએ.)

**કુશલાભિસંધિતા–** જ્ઞાનાવરણીયાદિ કર્મોના અંશોને જે છેદે=દૂર કરે તે કુશલ. અભિસંધિ એટલે અભિપ્રાય. કુશલ અભિસંધિ જેનો છે તે કુશલાભિસંધિ. કુશલાભિસંધિ એટલે નિર્જરાની અપેક્ષાવાળો. કુશલાભિસંધિનો ભાવ તે કુશલાભિસંધિતા.

**દૃષ્ટફલાનપેક્ષિતા–** રાજ્ય, ઐશ્વર્ય અને સુખ વગેરે દૃષ્ટફળ છે અથવા સાંસારિક (સુખ વગેરે) બધું દૃષ્ટફળ છે. સ્વર્ગાદિ પણ દૃષ્ટ જ છે, કેમકે બહુવાર અનુભવ્યું છે. જે તેની અપેક્ષા ન રાખે=પ્રાર્થના ન કરે તે દૃષ્ટફલાનપેક્ષી. તેનો ભાવ તે દૃષ્ટફલાનપેક્ષિતા.

**ઉપધાનો અભાવ–** ઉપધા માયાકષાયથી કરાયેલ ભાવદોષ છે. જેમ કે ટોપલી(=છાબડી) વગેરે ઉપકરણમાં આપવા યોગ્ય અન્ન વગેરે વર્ણ-ગંધ આદિથી ઉત્તમ હોય તે નીચે રાખે અને નિઃસાર વગેરે ઉપર રાખે.

**નિદાનનો અભાવ–** નિદાનનું લક્ષણ પૂર્વે (અ.૭ સૂ.૩ માં) કહ્યું છે. સ્વર્ગ અને મનુષ્ય જન્મની પ્રાપ્તિનો અભિપ્રાય ન હોવાથી કેવળ નિર્જરા માટે જ દાન કરે. આથી નિદાનનો અભાવ છે.

જે દાતાનું સંસારથી અને પોતાનું દુર્ગતિભયના પ્રપાતથી(=દુર્ગતિમાં પડવાના ભયથી) રક્ષણ કરે તે પાત્ર. તેનો વિશેષ એટલે પ્રકર્ષવૃત્તિતા(=ઉત્કૃષ્ટ સ્થિતિ). પ્રકર્ષવૃત્તિતા કેવી છે તેને કહે છે- 'सम्यग्दर्शन-ज्ञान-चारित्रसम्पन्नता' इति તેમાં સમ્યક્ત્વ નૈસર્ગિક-અધિગમિક, ક્ષાયિકાદિના ભેદથી પ્રકર્ષ-અપકર્ષ સ્થિતિવાળું છે. જ્ઞાન પણ જ્ઞાનાવરણીયાદિના ક્ષયોપશમ આદિથી થતો આત્મપરિણામ છે. ચારિત્ર પણ સામાયિક આદિના ભેદથી ઘણા પ્રકારનું છે. એમનાથી સંપન્નતા=યુક્તતા, અર્થાત્ સમ્યક્ત્વાદિના પરિણામનો અનુભવ. આ પ્રમાણે વિધિ આદિના વિશેષથી દાનફળ વિશિષ્ટ, વિશેષ વિશિષ્ટ અને અતિશય વિશિષ્ટ છે અને તેનાથી અંતે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

## ભાવાનુવાદકારની પ્રશસ્તિ

આ પ્રમાણે પ.પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વડે શરૂ કરાયેલી (અને છઠ્ઠા અધ્યાયના ૨૩મા સૂત્રમાં विनयसम्पन्नता પદ સુધી પૂર્ણ કરાયેલી) પછી છઠ્ઠા અધ્યાય સુધી આચાર્ય શ્રી યશોભદ્રસૂરિ વડે પૂર્ણ કરાયેલી અને ત્યાર પછી(=સાતમા અધ્યાયથી બાકી રહેલી ટીકા) તેમના શિષ્ય વડે પૂર્ણ કરાયેલી તત્ત્વાર્થાધિગમ સૂત્રની **સાતમા**

**અધ્યાય**ની ડુપડુપિકા નામની ટીકાનો સિદ્ધાંત મહોદધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પરમ ગીતાર્થ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર ગચ્છસ્થવિર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પંચસૂત્ર, પંચવસ્તુ, પંચાશક, ધર્મબિંદુ, યોગબિંદુ, ઉપદેશપદ, ઉપદેશમાલા (પુષ્પમાલા), શ્રાદ્ધદિનકૃત્ય, વીતરાગસ્તોત્ર, શીલોપદેશમાલા, અષ્ટક પ્રકરણ, નવપદ પ્રકરણ, યોગદૃષ્ટિ સમુચ્ચય, શ્રાવકધર્મવિધિપ્રકરણ, ચૈત્યવંદન મહાભાષ્ય, યતિલક્ષણ સમુચ્ચય, ગુરુતત્ત્વવિનિશ્ચય, સંબોધ પ્રકરણ, પ્રશમરતિ પ્રકરણ, શ્રાવક પ્રજ્ઞપ્તિ આદિ અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજકૃત ગુર્જર (ગુજરાતી) ભાવાનુવાદ પૂર્ણ થયો.

# વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશે



## ખરસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન



Tejas Printers
AHMEDABAD M. 98253 47620